BAOU
Education for All

Dr. Babasaheb Ambedkar
Open University
(Established by Government of Gujarat)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

# એમ.એ.: ઈતિહાસ
## MAHIS-202
## દ્વિતીય સત્ર
# યુગ યુગીન ભારતનો સાંસ્કૃતિક વારસો





## સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. ૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય **ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**ની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડી રોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારણામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણવિષયક દર્શન યાદ આવે છેઃ **'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે તેવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળના ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનો પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

**'સ્વાધ્યાયઃ પરમં તપઃ'** ધ્યાનમંત્રને કેન્દ્રમાં રાખીને આ ઓપન યુનિવર્સિટી અહીં પ્રવેશ મેળવતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવા ગુણવત્તાલક્ષી અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિદ્યાર્થીને પ્રત્યેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને તેમની રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવાની ખેવના રાખતા કોઈપણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદ્ સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી અભ્યાસ સામગ્રીને પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં અપાય છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ જ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસર્સ દ્વારા તેનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવાં દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમનાં ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમ રત યુનિવર્સિટીના જ્ઞાનની પરબસમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાર્થના કરું છું.

અસ્તુ.

**કુલપતિશ્રી, પ્રો.ડૉ. અમી ઉપાધ્યાય**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, 'જ્યોતિર્મય પરિસર',

સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ.

# યુગ યુગીન ભારતનો સાંસ્કૃતિક વારસો


**નિદર્શન :**

| | |
|---|---|
| પ્રો. (ડૉ.) યોગેન્દ્ર પારેખ | નિયામકશ્રી, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સિઝ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |

**સંપાદન :**

| | |
|---|---|
| ડૉ.. સોનલ ચોધરી | અધ્યાપક અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ઈતિહાસ વિષય<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ. |

**સહ સંપાદન :**

| | |
|---|---|
| ડૉ. ગાયત્રી ગોહેલ | આસીસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિષય,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. અલ્પેશ પરમાર | આસીસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિષય,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રા. વંદન ગોર | આસીસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિષય,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |

**વિષય સમિતિઃ**

| | |
|---|---|
| ડૉ.. સોનલ ચોધરી | અધ્યાપક અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ઈતિહાસ વિષય<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ. |
| પ્રો. ડૉ.અરુણ વાઘેલા | પ્રોફેસર અને અધ્યક્ષ , ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી,<br>અમદાવાદ. |
| ડૉ. જીગીશ પંડ્યા | પ્રોફેસર અને અધ્યક્ષ , ઈતિહાસ વિભાગ, એસ.પી. યુનિવર્સીટી,<br>અમદાવાદ |

**વિષય પરામર્શકશ્રીઓઃ**

| | |
|---|---|
| પ્રો. વિશાલ જોષી | નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ, ઇતિહાસ વિષય, ભક્તકવિ નરસિંહ મહેતા<br>યુનિવર્સિટી, જુનાગઢ |
| ડૉ. સુરેશ પટેલ | એસોસીયેટ પ્રોફેસર, ઈતિહાસ વિષય, શેઠ પી. ટી. આર્ટસ એંડ સાયન્સ<br>કોલેજ, ગોધરા |

**લેખકશ્રીઓઃ**

| | |
|---|---|
| ડૉ. મોતીભાઈ દેવુ | આસીસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાત વિદ્યાપીઠ, સાદરા. |
| ડૉ. મયંક બારોટ | આસીસ્ટન્ટ પ્રોફેસર, સ્વામિનારાયણ કોલેજ, કડી. |
| ડૉ. એમ. એ. અજમેરી | આસીસ્ટન્ટ પ્રોફેસર, સરકારી વિનયન કોલેજ, બાવળા |
| ડૉ. હરેશ પંચાલ | આસીસ્ટન્ટ પ્રોફેસર, નવજીવન આર્ટસ એંડ કોમર્સ કોલેજ, દાહોદ |
| ડૉ. સંગીતા બાકોદરા | આસીસ્ટન્ટ પ્રોફેસર, પી. કે. કોટાવાલા આર્ટસ કોલેજ, પાટણ. |

**ભાષા પરામર્શકશ્રીઓઃ**

ડૉ.એ.એ. શેખ એસોસિયેટ પ્રોફેસર,
સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, જાદર

**પ્રકાશકઃ કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**

**પ્રથમ આવૃત્તિ – 2026**

ISBN : 978-93-5598-923-9

**સર્વાધિકાર સુરક્ષિત**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં ...હેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

# ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**MAHIS - 202**

**SEMESTER – 2**

## યુગ યુગીન ભારતનો સાંસ્કૃતિક વારસો


| | |
|---|---|
| એકમ : 1 ભારતનો સાંસ્કૃતિક વારસોઃ અર્થ, પ્રકાર અને તેના કેન્દ્રો | 01 |
| એકમ : 2 પ્રાચીન ભારતમાં શિલ્પ અને સ્થાપત્ય | 21 |
| એકમ : 3 પ્રાચીન ભારતમાં ચિત્રકલા | 36 |
| એકમ : 4 પ્રાચીન ભારતમાં સંગીતકળાનો વિકાસ | 50 |
| એકમ : 5 પ્રાચીન ભારતમાં યુદ્ધકલા | 63 |
| એકમ : 6 મધ્યકાલીન ભારતમાં નૃત્ય કલા | 76 |
| એકમ : 7 મધ્યયુગીન ભારતમાં કાપડ વણાટ | 84 |
| એકમ : 8 મધ્યયુગીન ભારતમાં અન્ય હસ્તકલા, પથ્થર અને લાકડાની કળા | 115 |
| એકમ : 9 મધ્યયુગીન ભારતમાં કાગળ, કલમ, હસ્તપ્રતો, તામ્રપત્રો, ફરમાનો બનાવવાની કલા | 140 |
| એકમ : 10 મધ્યકાલીન ભારતની ચિત્રકળા | 162 |
| એકમ : 11 બ્રિટિશકાલીન ભારતમાં રમતો | 189 |
| એકમ : 12 આધુનિક ભારતમાં વહાણ બાંધકામ ઉદ્યોગ | 233 |
| એકમ : 13 ગુજરાતનું ભરતગૂંથણ | 260 |
| એકમ : 14 ગુજરાતના આદિવાસીઓનો સાંસ્કૃતિક વારસો | 277 |
| એકમ : 15 ગુજરાતના નૃત્યો, ગરબા, રાસ હાલેણી, અન્ય લોક નૃત્યો | 302 |
| એકમ : 16 વિલુપ્ત થઈ રહેલી કેટલીક કલાઓ | 318 |

# <u>પાઠ્યક્રમ પરિચય</u>

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના એમ.એ. સેમ-02 ના ઈતિહાસ વિષયમાં પેપર-02 યુગ યુગીન ભારતનો સાંસ્કૃતિક વારસો આ પાઠ્યક્રમમાં આપનું સ્વાગત છે.

વિદ્યાર્થી મિત્રો, યુગ યુગીન ભારતનો સાંસ્કૃતિક વારસો આ પેપરમાં પ્રાચીન સમયથી લઈને આધુનિક યુગ સુધી ભારતની પરંપરા,કલા,સ્થાપત્ય,વેદ,ઉપનિષદ,પુરાણ,સાહિત્ય વગેરે વિશે તમે અભ્યાસ કરી શકશો.

આ પેપરનો અભ્યાસ કરવાથી તમારામાં ભારતીય નૃત્ય,સંગીત,ચિત્રકલા,હસ્તકલા,સાહિત્ય,વગેરે વિશે સર્જનાત્મકતા અને કલાત્મક અભિવ્યક્તિ વિકસે છે.

આ વિષય ભારતીય વારસાની મહાનતા દર્શાવે છે. જેમાં વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય ગૌરવ,સ્વાભિમાન,રાષ્ટ્રીય એકતા વિશે ઉજાગર થશે.

જેમાં ભારતીય યોગ, આર્યુવેદ, તત્વજ્ઞાન અને આધ્યાત્મિકતા જેવા વિષયો દ્વારા તમને જ્ઞાન મળશે.

આ પેપર તમને પોતાના મૂળ સંસ્કાર,ભાષાઓ,અને જીવનદ્રષ્ટિ સાથે જોડે છે. જેથી તમારામાં સામાજિક અને સાંસ્કૃતિક સબંધ મજબૂત થાય છે.

ઈતિહાસ, પુરાતત્વ, સંસ્કૃતિ,ભારતીય વિદ્યા,માનવશાસ્ત્ર વગેરે ક્ષેત્રોમાં સંશોધન કરવા માંગતા વિદ્યાર્થીઓ માટે આ પેપર બહુ મહત્વપૂર્ણ છે.

**એકમ - 1**

# ભારતનો સાંસ્કૃતિક વારસોઃ અર્થ, પ્રકાર અને તેના કેન્દ્રો

## :: રૂપરેખા ::

**1.0** ઉદ્દેશો

**1.1** પ્રસ્તાવના

**1.2** ભારતના સાંસ્કૃતિક વારસો અર્થ

**1.3** સાંસ્કૃતિક વારસાના પ્રકારો

**1.3.1** મૂર્ત સાંસ્કૃતિક વારસો- ભૌતિક સાંસ્કૃતિક વારસો

**1.3.1.1** સ્થાપત્ય કલા

**1.3.1.2** શિલ્પ કલા

**1.3.1.3** ચિત્રકલા

**1.3.2** અમૂર્ત સાંસ્કૃતિક વારસો

**1.3.2.1** સંગીત કલા વારસો

**1.3.2.2** નૃત્યકલા વારસો

**1.3.2.3** નાટ્યકલા વારસો

**1.3.2.4** તહેવારો અને ઉત્સવો

**1.3.2.5** મેળાઓ

**1.3.2.6** યુદ્ધકલા વારસો

**1.3.3** ભારતનો શિક્ષણ અને સાહિત્ય વારસો

**1.3.3.1** ભારતનો શિક્ષણ વારસો

**1.3.3.2** ભારતનો સાહિત્યનો વારસો

**1.4** ભારતના સાંસ્કૃતિક વારસાના કેન્દ્રો

**1.4.1** ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ - નવી દિલ્હી

**1.4.2** ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય કલા કેન્દ્ર - નવી દિલ્હી

**1.4.3** પ્રધાનમંત્રી સંગ્રહાલય અને પુસ્તકાલય - નવી દિલ્હી

**1.4.4** ઓલ ઈન્ડિયા રેડિયો

**1.4.5** સાંસ્કૃતિક સંશાધન અને પ્રશિક્ષણ કેન્દ્ર (CCRT)

**1.4.6** ભારતીય રાષ્ટ્રીય અભિલેખાગાર - નવી દિલ્હી

**1.4.7 રાષ્ટ્રીય સંગ્રહાલય - નવી દિલ્હી**

**1.4.8 સાહિત્ય અકાદમી - નવી દિલ્હી**

**1.4.9 લલિત કલા અકાદમી - નવી દિલ્હી**

**1.4.10 સંગીત-નાટક અકાદમી - નવી દિલ્હી**

**1.4.11 અન્ય કેન્દ્રો**

**(ક) તમારી જાતે ચકાસો**

**1.5 સારાંશ**

**1.6. ચાવીરૂપ શબ્દો**

**1.7. બહુ વૈકલ્પિક પ્રશ્નો**

**1.8. સ્વાધ્યાય**

**1.9. સંદર્ભ અને વિશેષ વાચન**

## 1.0 ઉદ્દેશો

આ એકમનો ઉદ્દેશ્ય ભારતના સાંસ્કૃતિક વારસાનો અર્થ, પ્રકારો અને તેના કેન્દ્રોનો અભ્યાસ કરવાનો છે.

- ભારતના સાંસ્કૃતિક વારસાનો અર્થ જાણશે.
- ભારતના સાંસ્કૃતિક વારસાના પ્રકારો વિશે માહિતી પ્રાપ્ત કરશે.
- અમૂર્ત સાંસ્કૃતિક વારસા વિશે જાણકારી મેળવશે.
- સાંસ્કૃતિક વારસાના કેન્દ્રો વિશે પરિચય મેળવશે.

## 1.1 પ્રસ્તાવના

માનવીની વિશેષતા તેની સંસ્કૃતિમાં રહેલી છે. વિશ્વના અલગ-અલગ દેશોની સંસ્કૃતિ જુદા-જુદા સ્વરૂપે પ્રગટ થતી હોય છે. એના મૂળભૂત તત્વો સમાન હોવા છતાં તેના આવિર્ભાવની વિવિધતા અનંત હોય છે. ભારતનું અને ભારતની પ્રજાનું સ્થાન વિશ્વના દેશોમાં અને પ્રજાઓમાં કંઈક વિશિષ્ટ રહેલું છે. વિશ્વની પ્રાચીન સંસ્કૃતિ ધરાવતા દેશોના ઇતિહાસ ઉપરથી લાગે છે કે સમગ્ર માનવ સંસ્કૃતિમાં એમણે કઈક વિશિષ્ટ અર્પણ કરેલું છે. આવા વિવિધ સ્રોતોને કારણે ઉન્નત બનેલી માનવ સંસ્કૃતિ સમગ્ર માનવ જાતનો એક અમૂલ્ય વારસો છે.

ભારતના ભાગે આ બધી પ્રજાઓનું અને સંસ્કૃતિઓનું સંમિલન કરવામાં આવ્યું હોય તેમ લાગે છે. છેક પ્રાચીન સમયથી આ દેશમાં અનેક જુદી જુદી પ્રજાઓ

જુદા જુદા રસ્તે આવેલી છે અને આ દેશની સંસ્કૃતિના ઘડતરમાં તેમણે કંઈકને કંઈક ફાળો આપ્યો છે. તેમને આત્મસાત કરવાની ભારતીય સંસ્કૃતિમાં એક વિશિષ્ટતા રહેલી છે અને પરિણામે ભારતીય સંસ્કૃતિ એક વિશિષ્ટ સંસ્કૃતિ બની રહી છે. વિવિધતામાં એકતા એ આ સંસ્કૃતિની વિશિષ્ટતા રહેલી છે. ભારતીય સંસ્કૃતિના આ અમૂલ્ય વારસાની વિગતે ચર્ચા અત્રે પ્રસ્તુત છે.

## 1.2 ભારતના સાંસ્કૃતિક વારસો અર્થ

વારસો એટલે સંસ્કૃતિની વિભિન્ન બાબતો એક પેઢી પોતાની બીજી પેઢીને વારસામાં આપતી જાય છે, તે પેઢીએ પોતે શીખેલ બાબતોનો ઉમેરો કરી તેની અનુગામી પેઢીને આપે, તેમ વિવિધ બાબતોનો ઉમેરો કરીને તેની અનુગામી પેઢીને આપે તે વારસો.

સાંસ્કૃતિક વારસો એટલે સંસ્કૃતિના મૂલ્યોના એવા પાસા કે જે માનવને તેના પૂર્વજો થકી પેઢી દર પેઢી અપાય છે.

સાંસ્કૃતિક વારસો એટલે માનવસર્જિત વારસો. માનવીએ પોતાની બુદ્ધિશક્તિ, જ્ઞાન, આવડત અને કલા-કૌશલ્ય વડે જે કોઈ સર્જ્યું કે મેળવ્યું છે તેને સાંસ્કૃતિક વારસો કહેવામાં આવે છે. વારસો એટલે આપણને આપણાં પૂર્વજો તરફથી મળેલી અમૂલ્ય ભેટ.

વારસો એ છે કે આપણને આપણાં પૂર્વજો પાસેથી મળે છે અને આપણી આસ-પાસ જે હાજર છે, તે કુદરતી અથવા માનવસર્જિત હોઇ શકે છે. બીજી રીતે તે પરિવાર, સમુદાય અને લોકોની આગવી ઓળખ એટલે સાંસ્કૃતિક વારસો.

સાંસ્કૃતિક વારસામાં રાજમહેલો, શિલાલેખો, સ્તૂપો, વિહારો, ચૈત્યો, મંદિરો, મસ્જિદો, મકબરાઓ, ગુંબજો, કિલ્લાઓ, દરવાજા, સ્મારકો વગેરેનો સમાવેશ થાય છે.

## 1.3 સાંસ્કૃતિક વારસાના પ્રકારો

સાંસ્કૃતિક વારસાના બે પ્રકાર પાડવામાં આવે છે.

1.3.1 મૂર્ત સાંસ્કૃતિક વારસો-ભૌતિક સાંસ્કૃતિક વારસો

1.3.2 અમૂર્ત સાંસ્કૃતિક વારસો

**મૂર્ત સાંસ્કૃતિક વારસો-ભૌતિક સાંસ્કૃતિક વારસો**

મૂર્ત સાંસ્કૃતિક વારસામાં આપણે નરી આંખે જોઈ શકીએ છીએ જેને ભૌતિક સાંસ્કૃતિક વારસો કહી શકાય.

મૂર્ત સાંસ્કૃતિક વારસામાં શિલ્પકલા, સ્થાપત્યકલા, ચિત્રકલા, કાષ્ઠકલા, વણાટકલા, ભરતગૂંથણકલા, જરીકલા, ધાતુકલા, અકીકકલા વગેરેનો સમાવેશ થાય છે.

**અમૂર્ત સાંસ્કૃતિક વારસો**

અમૂર્ત સાંસ્કૃતિક વારસો એટલે પૂર્વજો દ્વારા વારસામાં મળેલ પોતાના વંશજોના ઉત્તરાધિકારમાં હસ્તાંતરિત કરવાવાળી પરંપરાઓ તથા જીવંતભાવ જેમાં વાચિક પરંપરાઓ, પ્રદર્શન કલાઓ, સામાજિક પ્રથાઓ, રીતિઓ, ઉત્સવ, પ્રકૃતિ અને બ્રહ્માંડ એ સબંધિત જ્ઞાન અને પ્રથાઓનો સમાવેશ થાય છે.

અમૂર્ત સાંસ્કૃતિક વારસામાં વિવિધ લલિત કલાઓનો સમાવેશ થાય છે. તેમાં સંગીતકલા, નૃત્યકલા, યુદ્ધકલા, નાટ્યકલા, વેદપઠન વગેરેનો સમાવેશ થાય છે.

**1.3.1 મૂર્ત સાંસ્કૃતિક વારસો**

ભારતના સાંસ્કૃતિક વારસાના મૂર્ત પ્રકારના વારસામાં નીચે મુજબના વારસાનો સમાવેશ થાય છે.

**1.3.1.1 સ્થાપત્ય કલા**

ભારતીય સાંસ્કૃતિક વારસામાં મૂર્ત સાંસ્કૃતિક વારસામાં સ્થાપત્ય કલા વારસો મહત્વનો વારસો છે. તેમાં સ્તૂપ, ગુફા,સ્તંભ, અભિલેખ, મંદિર, રાજમહેલો, વાવો, કિલ્લાઓ, ભવન, સિક્કા, મૂર્તિઓ, વાસણ, દરવાજાઓ, પાળિયા, છતરડી વગેરેનો સમાવેશ થાય છે. નગરો, રસ્તાઓ, ગટર યોજના, સ્નાનગારો, જાહેર મકાનો, વગેરેનો પણ સમાવેશ થાય છે. ભારતના પ્રાચીન સાંસ્કૃતિક મૂર્ત વારસામાં હડપ્પીય સાંસ્કૃતિક વારસોમાં તે સમયનું નગર આયોજન, નગર રચના, જાહેર મકાનો, રસ્તાઓ, ગટર યોજના વગેરે સ્થાપત્યો આપણને જોવા મળે છે. પ્રાચીન ભારતના મૂર્ત સાંસ્કૃતિક વારસામાં હડપ્પા, મૌર્યકાલીન કલા, મૌર્યોતર કલા, ગુપ્તકાલીન કલા, ભારતમાં મંદિર નિર્માણની પરંપરા વર્ષોથી છે. ગુપ્તકાલમાં મંદિરોનું નિર્માણ થયું છે. દક્ષિણ ભારતીય કલા, મધ્યકાલીન ભારતના મૂર્ત સાંસ્કૃતિક વારસામાં દિલ્લી સલ્તનત કાલીન, મુગલ કાલીન કલા તથા આધુનિક ભારતમાં સાંસ્કૃતિક વારસો જોવા મળે છે.

### 1.3.1 મૂર્ત સાંસ્કૃતિક વારસો

ભારતના સાંસ્કૃતિક વારસાના મૂર્ત પ્રકારના વારસામાં નીચે મુજબના વારસાનો સમાવેશ થાય છે.

#### 1.3.1.1 સ્થાપત્ય કલા

ભારતીય સાંસ્કૃતિક વારસામાં મૂર્ત સાંસ્કૃતિક વારસામાં સ્થાપત્ય કલા વારસો મહત્વનો વારસો છે. તેમાં સ્તૂપ, ગુફા,સ્તંભ, અભિલેખ, મંદિર, રાજમહેલો, વાવો, કિલ્લાઓ, ભવન, સિક્કા, મૂર્તિઓ, વાસણ, દરવાજાઓ, પાળિયા, છતરડી વગેરેનો સમાવેશ થાય છે. નગરો, રસ્તાઓ, ગટર યોજના, સ્નાનગારો, જાહેર મકાનો, વગેરેનો પણ સમાવેશ થાય છે. ભારતના પ્રાચીન સાંસ્કૃતિક મૂર્ત વારસામાં હડપ્પીય સાંસ્કૃતિક વારસોમાં તે સમયનું નગર આયોજન, નગર રચના, જાહેર મકાનો, રસ્તાઓ, ગટર યોજના વગેરે સ્થાપત્યો આપણને જોવા મળે છે. પ્રાચીન ભારતના મૂર્ત સાંસ્કૃતિક વારસામાં હડપ્પા, મૌર્યકાલીન કલા, મૌર્યોતર કલા, ગુપ્તકાલીન કલા, ભારતમાં મંદિર નિર્માણની પરંપરા વર્ષોથી છે. ગુપ્તકાલમાં મંદિરોનું નિર્માણ થયું છે. દક્ષિણ ભારતીય કલા, મધ્યકાલીન ભારતના મૂર્ત સાંસ્કૃતિક વારસામાં દિલ્લી સલ્તનત કાલીન, મુગલ કાલીન કલા તથા આધુનિક ભારતમાં સાંસ્કૃતિક વારસો જોવા મળે છે.

**સ્થાપત્યના વિવિધ પ્રકારો**

સ્થાપત્યના વિવિધ પ્રકારો જોવા મળે છે. તેમાં સ્તૂપ સ્થાપત્ય, ચૈત્ય, વિહાર સ્થાપત્ય, ખડક સ્થાપત્ય, મંદિર સ્થાપત્ય, કિલ્લાઓ, મહેલો, ગૃહ, જળાશયો, વાવ વગેરે પ્રકારના સ્થાપત્યો જોવા મળે છે.

#### 1.3.1.2 શિલ્પ કલા

શિલ્પકલા એટલે વિવિધતાવાળો આકાર. મૂર્તિ, દર્પણ, રથ વગેરેને ઘાટ આપતી કલા માટે શિલ્પ શબ્દ વપરાયો છે. શિલ્પ એટલે કલાની વિદ્યા. ઘાટ આપવાની કલા એટલે શિલ્પ.

અંગ્રેજીમાં શિલ્પ માટે sculpture શબ્દ વપરાય છે. મંદિર, મહાલય, જળાશયની બાંધણી એ સ્થાપત્ય અને એમાં કંડારવામાં આવેલી બારીક અલંકૃત કોતરણી એટલે શિલ્પ.

પ્રાચીન ભારતમાં શિલ્પ કલાના બે પ્રકારના શિલ્પોના ઉલ્લેખો છે. પ્રવીણચંદ્ર પરીખ લિખિત 'ભારતીય પ્રાચીન શિલ્પકલા' પુસ્તકમાં પૂર્ણમૂર્ત અને અંશ મૂર્ત શિલ્પોનો ઉલ્લેખ છે. પૂર્ણ મૂર્ત શિલ્પ એટલે જે શિલ્પો ચારે બાજુએથી કોતરાયેલા હોય એટલે કે જેમની રચના એ રીતે કરવામાં આવી હોય કે તેમનું સમ્મુખ દર્શન, પાશ્વદર્શન અને

પશ્ચાત દર્શન તેમના સંપૂર્ણ સ્વરૂપે નજરે પડી શકે. બીજા પ્રકારના શિલ્પને અંશમૂર્ત શિલ્પ કહે છે. એમાં પશ્ચાત દર્શન કરાવવામાં આવતું નથી. આથી આ પ્રકારના શિલ્પ કોઈ એક ફલક પર ચોંટાડવામાં કે ઉપસાવવામાં આવ્યા હોય તેવા લાગે છે.

**1.3.1.3 ચિત્રકલા**

પ્રાચીન ભારતીય ચિત્રકલા વિશે પરિચય મેળવવા માટે તે વિશે સૌ પ્રથમ તેની વ્યાખ્યા, ચિત્રકલાના અંગો, ચિત્રકલાના વિષયો અને પ્રકાર, ચિત્રકલાની વિશેષતાઓ વિશે પણ જાણવું જરૂરી છે.

**ચિત્રકલાની વ્યાખ્યા**

ચીનુભાઈ નાયક લિખિત ભારતીય ચિત્રકલા એક રૂપરેખા પુસ્તકમાં ઉલ્લેખ કર્યા મુજબ ચિત્ર એટલે चितं त्रायते इति चित्रम એટલે કે ચિત્તનું રક્ષણ કરે તે ચિત્ર. અમરકોશના ટીકાકાર ભાનુજી દીક્ષિત અને બીજા ટીકાકારોના મત કહે છે કે चिंत राति इति चित्रम એટલે કે ચિત્તને ગ્રહણ અથવા આકર્ષણ કરે તે ચિત્ર. આ ઉપરથી એમ કહી શકાય કે ચિત્રકાર પોતાના હૃદયના ભાવોને ચિત્રકલામાં વ્યકત કરીને આપણાં ચિત્તને આકર્ષે છે. ચિત્ર જોનાર ભાવક પણ રસાનુભવ કરી પરમ આનંદની પ્રાપ્તિ કરે છે.

ચિત્ર તથા કલા આ બે શબ્દોના સંયોગથી ચિત્રકલાની ઉત્પત્તિ થઈ. જેનો શાબ્દિક અર્થ ચિત્રનો જ્ઞાતા અથવા ચિત્રનો આકાર. ચિત્રકલાની વ્યાખ્યામાં મનુષ્ય જયારે પોતાના હૃદયની ભાવનાઓની રેખાઓ દ્વારા પ્રગટ કરે છે તથા તેમાં સુંદરતાની છાપ હોય તેને સાધારણ બોલચાલની ભાષામાં ચિત્રકલા કહેવામાં આવે છે.

ચિત્રકલામાં કાગળ, પથ્થર, કપડાં તથા લાકડા પર બ્રશ, રંગ, કૂચડો, તુલિક વગેરેથી ચિત્ર અંકિત કરી કલાકાર પોતાની આંતરિક ભાવનાઓ અને કલ્પનાઓ દ્વારા કલાની અભિવ્યક્તિ કરે છે. અહીં ચિત્ર અથવા અભિવ્યક્તિ માનવને વધુ પ્રભાવિત કરે છે. પ્રાચીનકાલથી શરૂ કરી આધુનિકકાળ સુધી નર-નારી, પ્રકૃતિના ચિત્રોને આકર્ષિત રૂપમાં બનાવવામાં આવ્યા છે. પ્રાકૃતિક સૌંદર્ય જીવનના પ્રત્યેક ક્ષણે વિભિન્ન ચિત્ર કલાકારની કલ્પનાને સાકાર કરે છે. કેટલાક ચિત્રોમાં એટલી સ્વાભાવિક્તા અને વાસ્તવિકતા હોય છે. જે સાધારણ દર્શક એને વ્યાવહારિક જીવનમાં સમજવા લાગે છે. અજંતા તથા ઈલોરાની ગુફાઓ, રાજપૂતોની કલા, મુગલ શૈલી, પહાડી શૈલીમાં ચિત્ર, ચિત્રકલાના ઉત્તમ ઉદાહરણ છે.

**1.3.2 અમૂર્ત સાંસ્કૃતિક વારસો**

ભારતના સાંસ્કૃતિક વારસામાં અમૂર્ત વારસો વિવિધ રીતે જોવા મળે છે. તેમાં સંગીત કલા વારસો, નૃત્ય કલા વારસો, નાટ્યકલા વારસો, યુદ્ધ કલા વારસો, મેળાઓ, તહેવારો, ઉત્સવો વગેરેનો સમાવેશ થાય છે.

### 1.3.2.1 સંગીતકલા વારસો

અમૂર્ત વારસામાં સંગીત કલા વારસામાં પ્રાચીન ભારતથી સંગીત ક્ષેત્રે ભારતમાં વિકાસ થયેલો. હડપ્પીય સંસ્કૃતિના સમયગાળાથી શરૂ કરી આજ દિન સુધી સંગીતમાં વિવિધતા જોવા મળે છે. સંગીત કલા વારસા વિશેના વિવિધ પુરાવશેષો, શાસ્ત્રોમાં ઉલ્લેખોના આધારે ખ્યાલ આવે છે કે પ્રાચીન ભારતમાં સંગીતનો વિકાસ થયો હતો. સંગીત એ ગાયન, વાદન, વાદ્ય અને નૃત્ય સાથે જોડાયેલ છે. સંગીત શબ્દ એ વ્યક્તિગત તથા સમૂહગત બંને વિધિઓમાં ઉપયોગ થતો. પ્રાચીન ગ્રંથોમાં સંગીત એ ગાયન, વાદન અને નૃત્યનું સમગ્ર રૂપ માનવામાં આવે છે.

સંગીતના મુખ્ય ત્રણ અંગો છે. તેમ નૃત્ય, ગાયન અને વાદન. વાદ્ય કલાનું મહત્વ સૌથી વધુ છે. વાદનના ચાર પ્રકાર છે તેમાં તંતુ વાદ્ય, અવનધ્ય, સુષિર અને ધન વાદ્ય.

પ્રાચીન ભારતીય સંગીત કલાના વિકાસમાં જોઈએ તો સંગીતની વિદ્યાઓમાં શાસ્ત્રીય સંગીત, ઉપશાસ્ત્રીય સંગીત, સુગમ સંગીત, લોક સંગીતનો સમાવેશ થાય છે.

ભારતીય સંગીત કલાના સંગીતાચાર્યોમાં મુનિ યાજ્ઞ વલ્ક્ય, મુનિ નારદ, મુનિ ટુંબરું, મુનિ માતંગ, મુનિ ભરત, મુનિ કશ્યપ વગેરે સંગીતના આચાર્યો હતા. ભારતીય સંગીત કલા વારસોના વિવિધ ગ્રંથો છે તેમ નારદ અને નારદીય શિક્ષા, ભરત અને તેનું નાટ્ય શાસ્ત્ર, દતિલ મુનિ ષદતિલમ, મતંગનું બૃહદેશી, શાંગદેવનું સનગુટ રત્નાકર ગ્રંથ વગેરેનો સમાવેશ થાય છે.

સંગીત વારસામાં સંગીતના સ્વરો, રાગો, મંત્રોનો સમાવેશ થાય છે. ભારતના અમૂર્ત સાંસ્કૃતિક વારસાના સંગીત કલા વારસો વૈવિધ્ય સભર રીતે જળવાઈ રહ્યો છે.

### 1.3.2.2 નૃત્ય કલા વારસો

ભારતના અમૂર્ત સાંસ્કૃતિક વારસામાં નૃત્યકલા વારસો પ્રાચીન સમયથી તેનો વિકાસ ક્રમશઃ થતો આવ્યો છે.

નૃત્ય એટલે નૃત્ય જે માધ્યમથી ભાવજગતને પ્રેષણીય બનાવે છે તે છે મુદ્રા. મુદ્રાઓને ભારતીય સંસ્કૃતિમાં પવિત્રતાનું પ્રતીક માનવામાં આવે છે. મનુષ્ય મુદ્રાઓના માધ્યમથી દેવતાઓ સુધી પહોંચી શકે છે એવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવે છે. નાચવું, નાચ (ડાન્સ), નાટ્ય અને નૃતના સંગમને નૃત્ય કહેવામાં આવે છે.

નૃત્ય એટલે કોઈ ભાવ, કલ્પના, વિચાર કે વાર્તાને વ્યક્ત કરવા કે પછી ગતિનો જ આનંદ માણવા માટે સંગીતમય અને તાલબદ્ધ રીતે થતો અંગ વિન્યાસ.

નૃત્ય એ તાલ અને લય સાથે સૌંદર્યની અનુભૂતિ કરાવે છે. નૃત્યમાં ભાવોનું પ્રદર્શન લય પર આધારિત તથા તાલ બદ્ધ હોય છે.

ભારતીય નૃત્યોમાં વિવિધ પ્રકારના નૃત્ય વારસો જોવા મળે છે. તેમાં ભારતીય શાસ્ત્રીય નૃત્યમાં ભરત નાટ્યમ, કુચિપુડી, કથકલી, મોહિની અટ્ટમ, ઓડિસી, મણિપુરી, કથક વગેરેનો સમાવેશ થાય છે.

ભારતના નૃત્ય વારસામાં લોકનૃત્ય પણ વિશેષ ધ્યાન આકર્ષક છે. તેમાં છઉ, ગરબા, દાંડિયા રાસ, તરંગ મેલ, ઘુમ્મર તથા ગંગોર, કાલ બેલિયા, ચારબા, ભાંગડા, દાદરા, જવારા, મટકી, ગૌર મારિયા, આલકાપ, બિરહા, પાઈકા, બાગુરુંબા, ઝૂમહર, ડંડા-જાત્રા, બિહુ, થાંગટા, રાંગમા, ટિપ્પણી, મેરાયો, મેર નૃત્ય, ટીમલી નૃત્ય, રાસ વગેરે લોક નૃત્યનો વારસો જોવા મળે છે.

અમૂર્ત કલા વારસામાં લોક નૃત્યમાં ગરબા નૃત્ય એ વર્લ્ડ હેરિટેજમાં અમૂર્ત વારસા તરીકે સ્થાન મળ્યું છે.

**1.3.2.3 નાટ્યકલા વારસો**

અમૂર્ત સાંસ્કૃતિક વારસામાં ભારતીય નાટ્યકલા પ્રાચીન સમયથી ચાલી આવતી પરંપરા છે. નાટ્યકલા એટલે અભિનય દ્વારા નાટ્ય રચનાઓને મૂર્ત કરી આપવાની વિદ્યા. ભારતમાં ભરત મુનિએ નાટ્યશાસ્ત્ર નામનું સંશોધન કર્યું. તેમણે વિવિધ નાટકોનું સર્જન કર્યું. ભાસ નામના મહાન નાટ્યકારે અનેક નાટકના ગ્રંથો આપ્યા.

નાટક બે પ્રકારે જોવા મળતું તેમાં શાસ્ત્રીય નાટક અને લોક નાટ્ય. ભારતમાં વિવિધ પ્રાંતોમાં વિવિધ પ્રકારના લોક નાટ્યો વિવિધ સ્વરૂપે વિકસેલા વિવિધ પ્રદેશ મુજબ જોઈએ તો ગુજરાતમાં ભવાઇ, ઉત્તર પ્રદેશમાં રાસ, નૌટકી, ભાંડ, બિહારમાં બિદેશિયા, બંગાળમાં જાત્રા, ર્કિતનીયા નાટક વગેરે જોવા મળે છે.

નાટ્યકલા વારસાના વર્તમાન સમયમાં વિવિધ પ્રકાર કે શૈલીઓ જોવા મળે છે. તેમાં રંગભૂમિ, રેડિયો નાટક, શેરી નાટક, એકપાત્રીય અભિનય, સંગીત નાટક, લઘુ નાટિકા, એકાંકી વગેરે સ્વરૂપ જોવા મળે છે.

આ અમૂર્ત વારસાના ભારતમાં રચયિતા અને તેમની રચનાઓમાં જોઈએ તો કવિ કાલિદાસે મેઘદૂતમ, અભિજ્ઞાન શાકુન્તલમ, મધુસૂદનનું પદ્માવતી, બાણ ભટ્ટનું હર્ષ ચરિતમ, ભારતેન્દુ રચિત નીલ દેવી, સત્ય હરિચંદ્ર, અંધેરી નગરી, જય પ્રસાદ રચિત ચંદ્રાવલ, અજાતશત્રુ, રાજ્ય શ્રી, ચંદ્રગુપ્ત, કરુણાલય વગેરે રચનાઓ આપી છે.

ભારતના અમૂર્ત સાંસ્કૃતિક વારસાને વિશ્વ વારસામાં સ્થાન આપેલ હોય તેમાં સંસ્કૃત નાટ્યકલા કુડીપટ્ટમ, રામલીલા, વેદપાઠની પરંપરા, રમ્મન, મૂડિયેટ્ટુ, કાલબેલિયા, છઉ, લદાખનો બૌદ્ધ પાઠ, સંકીર્તન, નવરોજ, યોગ, કુંભ મેળો, ગરબો વગેરેને યુનેસ્કોએ વિશ્વ વારસાની યાદીમાં સમાવેશ કરેલ છે.

### 1.3.2.4 તહેવારો અને ઉત્સવો

અમૂર્ત વારસામાં ભારતીય સંસ્કૃતિમાં વિવિધ તહેવારો અને ઉત્સવોની પરંપરા પણ જોવા મળે છે. તેમાં ધાર્મિક તહેવારોમાં હિન્દુ તહેવારોમાં દીપાવલી, દેવ દિવાળી, હોળી ધૂળેટી, મકર સંક્રાન્તિ, જન્માષ્ટમી, નવરાત્રિ, દશેરા, દુર્ગાપૂજા, ગણેશ ચતુર્થી, રથયાત્રા વગેરે તહેવારો પણ અમૂર્ત વારસો છે.

### 1.3.2.5 મેળાઓ

ભારતના અમૂર્ત વારસામાં મેળાઓમાં કુંભમેળો, સોનપુર મેળો, ચિત્ર વિચત્રનો મેળો, શામળાજીનો મેળો, પુષ્કર મેળો, મરું સ્થાન પર્વ, કોલાયત મેળો, સૂરજ કુંડ શિલ્પ મેળો, ગંગા સાગર મેળો, ડાંગ દરબાર, અંબાજીના ભાદરવી પુનમનો મેળો, જૂનાગઢના ભવનાથનો શિવરાત્રીનો મેળો, રૂપાલનો વરદાયિની માતાનો પલ્લીનો મેળો વગેરે. વાર તહેવારે ભારત દેશમાં વિવિધ જગ્યાએ ધાર્મિક સ્થાને મેળાઓ ભરાય છે. લોક જીવનનું અનેરું પર્વ એટલે મેળાઓ. મેળા એ ભારતનો સાંસ્કૃતિક વારસો. આજે ભારતમાં વિવિધ સ્થળોએ ભરાતા મેળાઓ એ ધબકતું લોક જીવન છે. વિવિધ રાજ્યોમાં ધાર્મિક, ઐતિહાસિક, સાંસ્કૃતિક, પર્યાવરણીય વગેરે સ્થાનો પર મેળાઓ ભરાય છે.

### 1.3.2.6 યુદ્ધ કલા વારસો

પ્રાચીન ભારતીય યુદ્ધકલા વિશે ચર્ચા કરીએ તો ખ્યાલ આવે કે માનવજીવનનું પૃથ્વી પર અવતરણ અને તેની સાથે યુદ્ધ જોડાયેલું છે કારણ કે માનવે શરૂઆતથી વિવિધ પ્રકારે સંઘર્ષ કરવો પડતો હતો. શરૂઆતના તબક્કામાં જંગલી જીવ જંતુઓ સાથે સંઘર્ષ રહેતો. માનવે પોતાના આત્મરક્ષા માટે જંગલી જાનવરો જીવ જંતુઓથી રક્ષા માટે શસ્ત્રોનો ઉપયોગ પણ કરતો. શસ્ત્રોનું નિર્માણ એ યુદ્ધ માટેનું નિર્માણ હતું. પ્રાચીન ભારતીય યુદ્ધકલાના સાહિત્યમાં પણ ઉલ્લેખો થયેલા છે. તેમ વૈદિક સાહિત્યમાં યુદ્ધકલાના ઉલ્લેખો છે. ઋગ્વેદમાં દશરાજાઓના યુદ્ધનું વર્ણન આવે છે તેમાં યુદ્ધ કોની સાથે કેમ કરવું તેના વિશેના ઉલ્લેખો જોવા મળે છે. નારદપુરાણ, શુક્રનીતિ, કૌટિલ્યનું અર્થશાસ્ત્ર વગેરેમાં સારી રીતે સૈન્ય સંગઠન, યુદ્ધકલા, યુદ્ધનીતિ વગેરે વિશે ઉલ્લેખો મળે છે. તેના આધારે પ્રાચીન ભારતમાં યુદ્ધકલાનું મહત્વ તેની વિશેષતા વગેરેનો આપણને પરિચય પ્રાપ્ત થાય છે.

**પ્રાચીન ભારતીય યુદ્ધકલા**

પ્રાચીન ભારતીય યુદ્ધકલા વિશે વિસ્તૃત ખ્યાલ પ્રાપ્ત કરવા અંગે તેના વિશેના વિવિધ પાસાઓનો અભ્યાસ કરવો પડશે. તેમાં યુદ્ધકલા એટલે શું, પ્રાચીન ભારતીય યુદ્ધકલા જાણવાના સ્રોત, પ્રાચીન ભારતીય યુદ્ધકલાના વિવિધ વિભાગો, યુદ્ધકલાના પ્રકારો વગેરે વિશે ચર્ચા આ પ્રમાણે છે.

**યુદ્ધકલા એટલે શું? –**

યુદ્ધ કરવાની કલા એટલે યુદ્ધકલા. વ્યૂહરચના અને રણનીતિના સંયોજનને યુદ્ધકલા કહેવામાં આવે છે. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં સાંગ્રામિક - યુદ્ધકર્મને લગતા અધિકરણમાં સ્કંધાવાર - છાવણી, પ્રયાણ-કૂચ, યુદ્ધભૂમિ, વ્યૂહરચના, યુદ્ધકર્મ વગેરે વિશે વિગતવાર સૂચનાઓ આપેલી છે. છેવટે અધર્મી શત્રુઓ સામે પ્રયોજવાના તરહતરેહના પ્રયોગોની ભલામણ કરી છે. જેમાં ભૈષજય - ઓસડ અને મંત્રના અનેક અદ્ભૂત પ્રયોગ જણાવવામાં આવ્યા છે. સેનાના પદાતિદળ, અશ્વદલ, ગજદળ અને રથદળ એ લશ્કરના મુખ્ય અંગો હતા.

**યુદ્ધકલાના વિવિધ પ્રકારો**

૧. યુદ્ધકલા ૨. આયુધવિદ્યા ૩. વીરવિદ્યા ૪. શસ્ત્રવિદ્યા ૫. ધનુર્વેદ ૬. સ્વરક્ષાની કલા

ધર્મની રક્ષા માટે કમજોર અને નિર્દોષ લોકોની રક્ષા માટે લડવામાં આવે તે યુદ્ધ સ્વીકાર્ય ગણાય છે. મનુ અને કૌટિલ્યના અનુસાર યુદ્ધ ન કેવળ બાહ્ય આક્રમણ પરંતુ આત્મરક્ષા માટે પણ લડવામાં આવતા.

આ રીતે જોઈએ તો શાંતિ રાખવા માટે બધા ઉપાયો કરવા છતાં યુદ્ધ હંમેશા અંતિમ ઉપાય તરીકે ઉપયોગ કરવામાં આવતો. રામાયણ, મહાભારત અન્ય ગ્રંથોમાં તે સ્પષ્ટ છે કે પ્રાચીન હિન્દુ સમાજમાં શાંતિનું મહત્વ સમજવા માટે યુદ્ધથી બચવું અને વિવાદો દૂર કરવા માટે ચાર પગથિયાંવાળી પ્રક્રિયાનું પાલન કરવામાં આવે છે.

૧. સામ - શાંતિપૂર્ણ વાતચીત ૨. દાન- શત્રુને પ્રસન્ન કરવા માટે ઉપહાર દેવો ૩. ભેદ - છુપાયેલો ખતરો ૪. દંડ – બળનો પ્રયોગ

કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં યુદ્ધના ચાર પ્રકારો બતાવવામાં આવ્યા છે.

કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં યુદ્ધના વિવિધ પ્રકારો વિશે ઉલ્લેખો કર્યા છે. તેમાં પ્રકાશ યુદ્ધ એટલે કે સામ સામે લડાતું પ્રત્યક્ષ યુદ્ધ, કુટ યુદ્ધ એટલે કે છળકપટ, વ્યૂહરચના અને કૂટનીતિ દ્વારા લડાતું યુદ્ધ વગેરે ઉલ્લેખો જોવા મળે છે.

ભારતીય સંસ્કૃતિની વિવિધતા જોવા મળે છે. પ્રાચીન ભારતમાં યુદ્ધકલા એ પણ મહત્વની કલાઓમાં સ્થાન હતું. યુદ્ધ માટે ઉપયોગી કલારૂપો સામાન્ય રીતે શારીરિક સ્વાસ્થ્યના લાભો માટે ધાર્મિક સંસ્કાર તથા આત્મરક્ષાના એક સાધનના રૂપમાં ગણવામાં આવતી.

**1.3.3 ભારતનો શિક્ષણ અને સાહિત્ય વારસો**

ભારતના સાંસ્કૃતિક વારસામાં શિક્ષણ અને સાહિત્ય વારસો આપણને અદ્દભૂત મળ્યો છે. પ્રાચીન ભારતીય ઇતિહાસમાં જોઈએ ત્યારે ખ્યાલ આવે છે કે પ્રાચીન ભારતીય શિક્ષણ પદ્ધતિ,શિક્ષણના વિષયો, શિક્ષણની સંસ્થાઓ વગેરે વિશે જાણકારી પ્રાપ્ત થાય છે.

**1.3.3.1 ભારતનો શિક્ષણ વારસો**

પ્રાચીન ભારતીય શિક્ષણ પ્રણાલીમાં વૈદિક શિક્ષણ પ્રણાલી, બૌદ્ધ શિક્ષણ પ્રણાલી વગેરે વિશે વિગતે પર્ચા આ પ્રમાણે છે.

ગુરુકુળ પરંપરા : પ્રાચીન ભારતીય શિક્ષણમાં મુખ્ય આધાર ગુરુકુળ પર હતો તેમ વિદ્યાર્થીઓ ગુરુના આશ્રમમાં રહીને શિક્ષણ પ્રાપ્ત કરતાં હતા. તેમાં જીવન જીવવાની કળા, નૈતિકતા અનુશાસન સેવા, આત્મ નિયંત્રણ અને સમાજ સેવાનો સમાવેશ થતો. શિક્ષણ મૌખિક હતું. સંસ્કૃત મુખ્ય ભાષા હતી.

વિષયો : શિક્ષણ પ્રણાલીમાં વિષયોમાં વેદ-વેદાંગ, ગણિત, આયુર્વેદ, કલા, સંગીત, યુદ્ધકલાઓ, ખગોળશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, જ્યોતિષ વગેરે વિષયો પર શિક્ષણ આપવામાં આવતું.

વૈદિક શિક્ષણ પદ્ધતિ : વૈદિક શિક્ષણ પદ્ધતિમાં મૌખિક રૂપે થતું. તેમાં પ્રશ્નોતરી, વ્યાખ્યાન, વાદ-વિવાદ, અનુકરણ પદ્ધતિ, પ્રદર્શન વગેરે જેવી વિવિધ પદ્ધતિઓ દ્વારા શિક્ષણ આપવામાં આવતું હતું.

પ્રાચીન ભારતીય શિક્ષણ વારસામાં આપણને ગુરુ શિષ્ય પરંપરા જોવા મળતી. ગુરુકુળ પરંપરામાં વિદ્યાર્થીખો ગુરુના આશ્રમમાં રહીનુ અભ્યાસ કરતા હતા. તેમાં નૈતિકતા, અનુશાસન, સેવા, આત્મનિયંત્રણ સમાજસેવાનો સમાવેશ થતો. શિક્ષણ શ્રુતિ-સ્મૃતિ પરંપરાવાળું હતું. વિવિધ વિષયોનું અધ્યયન કરવામાં આવતું હતું. તેમાં વેદ-વેદાંગ, ગણિત, આયુર્વેદ, કલા, સંગીત, યુદ્ધકલાઓ, ખગોળશાસ્ત્ર, તર્કશાસ્ત્ર વગેરેનો સમાવેશ થતો. ચાર વેદોનું અધ્યયન કરવામાં આવતું હતું. વેદાંગમાં શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ અને જ્યોતિષ તથા યોગ, ધ્યાન, ચિંતન  વગેરે અભ્યાસક્રમનો ભાગ રહેતો.

બૌદ્ધ અને જૈન શિક્ષણ પરંપરામાં વિહાર, મઠ અને વિદ્યાપીઠો દ્વારા વિવિધ વિષયોનું શિક્ષણ આપવામાં આવતું.

પ્રાચીન ભારતીય શિક્ષણમાં નાલંદા વિદાપીઠ, તક્ષશિલા વિદ્યાપીઠ, વલ્લભી વિદ્યાપીઠ, વિક્રમશીલા વિદ્યાપીઠ વગેરે પ્રાચીન શિક્ષણ માટેની મહત્વની વિદ્યાપીઠો દ્વારા શિક્ષણ સંસ્થાઓનું મહત્ત્વનું યોગદાન રહ્યું. ભારતના સાંસ્કૃતિક વારસામાં શિક્ષણનો વારસો ખૂબ મહત્ત્વનો વારસો આપણન પ્રાપ્ત થયો છે.

**1.3.3.2 ભારતનો સાહિત્યનો વારસો**

ભારતના સાહિત્યિક વારસા વિશે વાત કરીએ તો વિવિધ પ્રાચીન ભારતીય સાહિત્ય પ્રાત થાય છે.

વૈદિક સાહિત્ય : વૈદિક સાહિત્યમાં ચાર વેદોનો વારસો મળ્યો છે. તેમાં ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ, અથર્વવેદનો સમાવેશ થાય છે. ઉપનિષદ, આરણ્યકો, સ્મૃતિ ગ્રંથ, ૧૮ પુરાણોનો વારસો મળ્યો છે.

મહાકાવ્યો : રામાયણ અને મહાભારત સ્વરૂપે બે મહાકાવ્યોનો વારસો પ્રાપ્ત થયો છે.

બૌદ્ધ સાહિત્ય : બૌદ્ધ સાહિત્યમાં ત્રીપિટકમાં વિનય પિટક, સુત્ત પિટક, અભિધમ્મ પિટકનો સમાવેશ થાય છે.

જાતક કથાઓ, મહાવંશ, અને દીપવંશ નામના ગ્રંથો મહત્ત્વના સાહિત્ય ગ્રંથો છે.

જૈન સાહિત્ય

જૈન ધર્મનું પણ વિપુલ પ્રમાણમાં સાહિત્ય રચાયું તેમાં મુખ્યત્વે સંસ્કૃત અને ઑર્ધ માગધીમાં મળે છે. આગમ થ્રંથો, આચારાંગ સૂત્ર, ભદ્રબાહુ ચરિત્ર જૈન સાહિત્ય મહત્વના ગ્રંથો છે.

અન્ય સાહિત્ય

પ્રાચીન ભારતના ઇતિહાસમાં જોઈએ તો ઘણા બધા કવિઓ અને લેખકોએ વિવિધ સાહિત્ય કૃતિઓની રચનાઓ કરી હતી તેમાં બાણભટ્ટનું હર્ષચરિત્ર, કૌટિલ્યનું અર્થશાસ્ત્ર, પતંજલિનું મહાભાષ્ય, વિશાખાદત્તનું મુદ્રારાક્ષસ, પાણિનીનું વ્યાકરણ, કાલિદાસના કાવ્યો અને નાટકોમાં તેમાં મેઘદૂતમ, ઋતુસંભવ, કુમારસંભવ, રઘુવંશમ જેવી ઉત્તમ રચનાઓ તથા નાટકોમાં અભિજ્ઞાન શાકુંતલમ, વિક્રમોર્વશીયમ અને માલવિકાગ્નિમિત્રમ્નો વારસો મળ્યો છે. ગણિત, ખગોળશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર, કૃષિ ભૂગોળ, કથાસરિત્સાગરનો સમાવેશ થાય છે. સંગમ સાહિત્ય વારસા દ્વારા દક્ષિણ ભારતના ઇતિહાસ વિશે જાણી શકાય છે.

## 1.4 ભારતના સાંસ્કૃતિક વારસાના કેન્દ્રો

ભારતમાં સાંસ્કૃતિક વારસાની જાળવણી અને સાચવણી કરનાર વિવિધ કેન્દ્રો છે. ભારતમાં સાંસ્કૃતિક વારસાના કેન્દ્રો વિશે પરિચય મેળવીએ તેમાં વિવિધ કેન્દ્રોનો સમાવેશ થાય છે. જેના દ્વારા વારસાને સાચવવાનું અને સંરક્ષણ કાર્ય થાય છે. ભારતના સાંસ્કૃતિક વારસાના કેન્દ્રોમાં મૂર્ત સાંસ્કૃતિક વારસાના કેન્દ્ર તરીકે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ, સંગ્રહાલયો તેમાં રાષ્ટ્રીય સંગ્રહાલય, રાષ્ટ્રીય આધુનિક કલા સંગ્રહાલય, ભારતીય સંગ્રહાલય, વિક્ટોરિયા મેમોરિયલ હોલ, રાષ્ટ્રીય વિજ્ઞાન સંગ્રહાલય પરિષદ, રાષ્ટ્રીય સાંસ્કૃતિક નિધિ, રાષ્ટ્રીય મિશન - રાષ્ટ્રીય સ્મારક અને પુરાવસ્તુ મિશન, રાષ્ટ્રીય પાંડુલિપિ મિશન, રાષ્ટ્રીય પુસ્તકાલય મિશન, રાષ્ટ્રીય ગાંધી વિરાસત મિશન, દરેક રાજ્યમાં રાજ્ય કક્ષાના વિવિધ કેન્દ્રો, તથા ખાનગી સંસ્થાઓ દ્વારા સાંસ્કૃતિક વારસાની જાળવણી કરતાં કેન્દ્રો છે. અમૂર્ત વારસાના કેન્દ્રોમાં જોઈએ તો રાષ્ટ્રીય નાટક વિદ્યાલય, ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય કલા કેન્દ્ર, સાહિત્ય અકાદમી, લલિતકલા અકાદમી, સંગીત નાટક અકાદમી, સાંસ્કૃતિક સંસાધન અને પ્રશિક્ષણ કેન્દ્ર, કલા ક્ષેત્ર ફાઉન્ડેશન, વિવિધ રાજ્યોમાં આવેલા કેન્દ્રો વગેરે દ્વારા અમૂર્ત વારસાની જાળવણીનું કાર્ય કરે છે. જયારે જ્ઞાન સ્રોત વિરાસતમાં જોઈએ તો રાષ્ટ્રીય અભિલેખાગાર, ભારતીય માનવ વિજ્ઞાન સર્વેક્ષણ, ગાંધીસ્મૃતિ અને દર્શન સમિતિ, રાષ્ટ્રીય પુસ્તકાલય, રાજા રામ મોહનરાય પુસ્તકાલય પ્રતિષ્ઠાન, કેન્દ્રીય સચિવાલય ગ્રંથાગાર, દાંડી સ્મારક, મંચ કલા તથા ભારતના વિવિધ રાજ્યોમાં આવેલ ગ્રંથાલયો, કેન્દ્રોનો સમાવેશ થાય છે.

ભારતના સાંસ્કૃતિક વારસાના કેટલાક કેન્દ્રોને જોવાનો પ્રયત્ન કરીએ જે આ પ્રમાણે છે :

### 1.4.1 ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ

ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ વિભાગ એ પ્રત્યક્ષ રૂપે સાંસ્કૃતિક મંત્રાલયને આધીન છે. ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ એ ભારતમાં આવેલ ભૌતિક અને મૂર્ત વારસાને સાચવણી જાળવણી અને સંરક્ષણનું કાર્ય કરે છે. ભારતીય પુરાતત્વ સર્વેક્ષણની સ્થાપના ઇ.સ.૧૮૬૧માં કરવામાં આવી હતી. ભારતીય પુરાતત્વ વિભાગના ૫ ક્ષેત્રીય નિદેશાલયો છે. જેમાં દિલ્હી, કોલકાતા, મુંબઈ, બેંગલોર, ભોપાલનો સમાવેશ થાય છે.

ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ સંસ્થાનું કાર્યમાં ઉત્ખનન માટેની ૬ શાખાઓ છે. મંદિર સર્વેક્ષણ પરિયોજનાઓ - ૨, ભવન સર્વેક્ષણ પરિયોજના-૧, પ્રાગઐતિહાસિક શાખા-૧, વિજ્ઞાન શાખા-૧, પુરાલેખ શાખા-૨ છે તેમાં સંસ્કૃત અને દ્રવિડ ભાષા માટે મૈસુરમાં અને અરબી તથા ફારસી માટે એક નાગપુરમાં છે.

ઉદ્યાન શાખા-૧ જેમાં આગ્રા, દિલ્હી, મૈસૂર અને ભુવનેશ્વરમાં ૪ વિભાગ છે. ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ એ રાષ્ટ્રની સાંસ્કૃતિક વિરાસતો અને પુરાતત્વ સંશોધન તથા સરંક્ષણ માટેનું પ્રમુખ સંસ્થાન છે. પ્રાચીન સ્મારક તથા પુરાતત્વીય સ્થળ અને અવશેષ અધિનિયમ ૧૯૫૮ નિયમો અનુસાર દેશમાં બધી જગ્યાએ પુરાતત્વીય ગધિવિધિએ નિયંત્રિત કરે છે.

પુરાવશેષ તથા બહુમૂલ્ય કલાકૃતિ અધિનિયમ ૧૯૭૨ ને પણ નિયંત્રિત કરે છે. છજીૈ એ પ્રશિક્ષિત પુરાતત્વવેતાઓ, સ્થાપત્યકારો, સરંક્ષકો, શિલાલેખો વગેરેને નિયુક્ત કરે છે. આ સંસ્થા અંતર્ગત દેશમાં સંગ્રહાલય, વિવિધ ઉત્ખનન શાખાઓ, શિલાલેખ શાખા, ભવન સર્વેક્ષણ પરિયોજના, મંદિર સર્વેક્ષણ પરિયોજના વગેરે કાર્ય કરે છે.

### 1.4.2 ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય કલા કેન્દ્ર

ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય કલા કેન્દ્ર એ ભારતના સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા સ્થાપિત એક સ્વાયત સંસ્થા છે. આ એક કેન્દ્રના રૂપે છે. જેમાં બધી જ કલાઓનું અધ્યયન અને જ્ઞાન આપવામાં આવે છે. જેમાં સ્થાપત્ય કલા, મૂર્તિકલા, ચિત્રકલા વગેરેનો સમાવેશ થાય છે. ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય કલા કેન્દ્ર છ વિભાગોમાં વિભાજિત છે. ૧.કલા નિધિ-પુસ્તકાલય ૨. કલાકોષ-વિવિધ ભારતીય ભાષાઓનો મૂળભૂત પાઠોનું પ્રકાશન અને અધ્યયન, ૩. જનપદ સંપદા- જીવન શૈલી સબંધિત, ૪. કલા દર્શન- આ વિભાગનું મુખ્ય કાર્ય ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય કલા- કેન્દ્રમાંથી નીકળવાની મુખ્ય શોધોને પ્રદર્શનીઓના માધ્યમથી દશ્ય રૂપમાં પરિવર્તિત કરવાનું. ૫. સાંસ્કૃતિક માહિતી વિજ્ઞાન- આનું કાર્ય પ્રોદ્યોગિકીના ઉપયોગ દ્વારા સંસ્કૃતિના સરક્ષણ અને એનો પ્રસાર કરવો. ૬. સૂત્રધાર- આ વિભાગ વ્યાવસાયિક ખંડ છે. જેમાં બધી જ ગતિ વિધિઓને સમાવીને અને સમર્પિત કરી આ રીતે કાર્ય કરે છે. આ કેન્દ્રનો કલામાં વિશેષજ્ઞો લિખિત, મૌખિક અને દશ્ય સ્રોત સામગ્રી માટેના મુખ્ય સંશોધન કેન્દ્રના રૂપમાં તેમજ સાથે સાથે કલાને સાચવવાનું કાર્ય કરે છે. આ કેન્દ્રની સ્થાપના ૧૯ નવેમ્બર ૧૯૮૫ ના રોજ તત્કાલીન પ્રધાનમંત્રી રાજીવ ગાંધીએ એક સમારોહમાં કરી હતી. ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય કલા કેન્દ્ર ટ્રસ્ટની રચના અને રજીસ્ટ્રેશન ૨૪ માર્ચ ૧૯૮૭ નવી દિલ્હીમાં કરવામાં આવી. આ કલા કેન્દ્ર દ્વારા વિવિધ પ્રકાશન કરવામાં આવ્યા છે.

### 1.4.3 પ્રધાનમંત્રી સંગ્રહાલય અને પુસ્તકાલય

પ્રધાનમંત્રી સંગ્રહાલય અને પુસ્તકાલયની શરૂઆત સ્થાપના નહેરુ મેમોરિયલ સંગ્રહાલય અને પુસ્તકાલય નામથી ઇ.સ.૧૯૬૪માં થઈ હતી. આ સંસ્થા ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલય આધીન છે. આ પ્રધાનમંત્રી સંગ્રહાલય અને

પુસ્તકાલયના નામથી ઓળખાય છે. ૧૯૭૪માં પુસ્તકાલયની સ્થાપના કરી. Prime Ministers Museum and Library (PMML) નામથી ઓળખાય છે. વર્તમાનમાં પ્રધાનમંત્રી સંગ્રહાલયને પુસ્તકાલય દ્વારા ભારતીય ઇતિહાસ અને તે સબંધિત ભારતમાં સાપ્તાહિક, માસિક વ્યાખ્યાનો, સેમિનારો, સંમેલનો, ચર્ચાઓ વગેરેનું આયોજન કરે છે. આ સંગ્રહાલય નવી દિલ્હીમાં તીન મૂર્તિ ભવન ખાતે બનેલું તેમાં ભારતના બધા વડાપ્રધાનોને સમર્પિત સંગ્રહાલય છે. આ સંગ્રહાલયમાં વડાપ્રધાનોના કાર્યકાળ દરમિયાન થયેલા મહત્વના કાર્યો, ફેરફારો, નિર્ણયો, બનેલી અગત્યની ઘટનાઓની માહિતીનો સમાવેશ થાય છે.

**1.4.4 ઓલ ઈન્ડિયા રેડિયો**

ભારતમાં જાહેર સેવા રેડિયો પ્રચાર-પ્રસાર છે. તે માહિતી અને પ્રસારણ મંત્રાલય, ભારત સરકાર આધીન છે. વિવિધ ભાષાઓમાં તે કાર્યક્રમનું નિર્માણ કરે છે. ઓલ ઈન્ડિયા રેડિયો દ્વારા શિક્ષણનો પ્રચાર-પ્રસાર, સાક્ષરતાનો વિસ્તાર, પર્યાવરણ, સ્વાસ્થ્ય, પરિવાર કલ્યાણ, કૃષિ, ગ્રામીણ વિકાસ વગેરે પર વધુ ધ્યાન આપે છે. ભારતીય સંસ્કૃતિની વિવિધતા પણ ધ્યાન આપે છે.

**1.4.5 સાંસ્કૃતિક સંસાધન અને પ્રશિક્ષણ કેન્દ્ર (CCRT)**

આ કેન્દ્રએ ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા શિક્ષણને સંસ્કૃતિ સાથે જોડાવા માટે સાંસ્કૃતિક સંસાધન અને પ્રશિક્ષણ કેન્દ્રની સ્થાપના ૧૯૭૯ માં કમલાદેવી ચટોપાધ્યાયના આદેશથી કરી હતી. સાંસ્કૃતિક સંસાધન અને પ્રશિક્ષણ કેન્દ્રનું મુખ્ય મથક નવી દિલ્લી છે અને ક્ષેત્રીય કેન્દ્રોમાં પશ્ચિમમાં ઉદયપુર, દક્ષિણમાં હૈદરાબાદ, પૂર્વમાં ગુવાહાટીની સ્થાપના કરી.

આ સંસ્થા વિદ્યાર્થીઓ, અધ્યાપકો, બિન શૈક્ષણિક કર્મચારીઓને ભારતના ક્ષેત્રીય સંસ્કૃતિઓ અને ભાષાઓની બહુલતાથી જાણકારી આપે છે. તથા સાંસ્કૃતિક વિરાસત યુવા નેતૃત્વ કાર્યક્રમનું આયોજન પણ કરે છે.

**1.4.6 ભારતીય રાષ્ટ્રીય અભિલેખાગાર- નવી દિલ્હી**

રાષ્ટ્રીય અભિલેખાગાર ભારત સરકારના કાયમી મૂલ્યના રેકોર્ડનું રક્ષક છે. ૧૧ માર્ચ ૧૮૯૧ ના રોજ કલકતા ખાતે ઇમ્પિરિયલ રેકોર્ડ ડિપાર્ટમેન્ટ તરીકે સ્થપાયેલ, જે વર્તમાનમાં નવી દિલ્હી ખાતે કાર્યરત છે. નેશનલ આર્કાઈવ્સ ઓફ ઈન્ડિયા એ કાયમી મૂલ્યના રેકોર્ડનું રક્ષક છે. રાષ્ટ્રીય અભિલેખાગારમાં વિવિધ જાહેર દસ્તાવેજો, ખાનગી કાગળો, પ્રાચ્ય દસ્તાવેજો, ફોટોગ્રાફીક રેકોર્ડસનો વિશાળ સંગ્રહ છે જે માહિતીનો અમૂલ્ય ખજાનો છે.

### 1.4.7 રાષ્ટ્રીય સંગ્રહાલય

રાષ્ટ્રીય સંગ્રહાલયની ૧૫ ઓગષ્ટ ૧૯૪૯માં સ્થાપના કરવામાં આવી હતી. જે ૧૮ ડિસેમ્બર ૧૯૬૦ના રોજ નવી દિલ્હીમાં રાષ્ટ્રીય સંગ્રહાલયનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. રાષ્ટ્રીય સંગ્રહાલય ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલય હેઠળ છે. રાષ્ટ્રીય સંગ્રહાલયમાં વિવિધ કલા કૃતિઓ પ્રદર્શિત છે. વિવિધ કાર્યક્રમો અને પ્રદર્શનોના માધ્યમ દ્વારા દર્શકો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરે છે. આ સંગ્રહાલય દ્વારા વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવે છે તેમાં વ્યાખ્યાનો, કાર્યશાળાઓ, બુલેટિન પ્રદર્શન, જ્ઞાન અને શિક્ષણ સબંધિત કાર્યક્રમો, સંગીતાત્મક પ્રદર્શનો, સંગોષ્ઠીઓ, કલા કૃતિઓને ડિજિટલ સ્વરૂપે પ્રસ્તુત કરવાનું કાર્ય કરે છે. રાષ્ટ્રીય સંગ્રહાલયમાં વિવિધ કલા કૃતિઓના પ્રદર્શનો છે. રાષ્ટ્રીય સંગ્રહાલયમાં પ્રાચીન વસ્તુઓ અને કલા કૃતિઓને એકત્રિત કરવામાં આવેલ છે. વિવિધ સમયગાળાની શિલ્પ કૃતિઓમાં શુંગ, મૌર્ય, ગાંધાર, ગુપ્ત, પાલ, ચાલુક્ય, ચૌલ વગેરે વિભાગોમાં છે. ચિત્રોના સંગ્રહમાં વિવિધ શૈલીના ચિત્રોને પ્રદર્શિત કરવામાં આવેલ છે.

### 1.4.8 સાહિત્ય અકાદમી નવી દિલ્હી

સાહિત્ય અકાદમી નવી દિલ્હી દ્વારા વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવે છે. સાંસ્કૃતિક વારસાને જાળવવમાં સાહિત્ય અકાદમીઓનો ફાળો ખૂબ મોટો રહ્યો છે. સાહિત્ય અકાદમીનું ઉદ્ઘાટન ભારત સરકાર દ્વારા ૧૨ માર્ચ ૧૯૫૪ના રોજ કરવામાં આવ્યું હતું. ભારતીય સાહિત્યના વિકાસ માટે કાર્ય કરવાવાળી એક રાષ્ટ્રીય સંસ્થા છે. વિવિધ સાહિત્યિક કૃતિઓને સાહિત્ય અકાદમી દ્વારા અનુવાદ પુરસ્કાર, શ્રેષ્ઠ બાળ સાહિત્ય માટે બાળ સાહિત્ય પુરસ્કાર, યુવા લેખકો માટે યુવા પુરસ્કાર વગેરે પુરસ્કાર દ્વારા સન્માન કાર્યક્રમોનું આયોજન પણ કરે છે. સાહિત્યોત્સવનું આયોજન, પ્રકાશન, પ્રદર્શન વગેરે કાર્યો કરે છે.

### 1.4.9 લલિત કલા અકાદમી

લલિત કલા અકાદમીની સ્થાપના ભારત સરકાર દ્વારા દિલ્હીમાં ૫ ઓગષ્ટ ૧૯૫૪ ના રોજ કરી હતી. ૧૧ માર્ચ ૧૯૬૦ ના રોજ તેનું રજિસ્ટ્રેશન થયું. લલિત કલા અકાદમી એક સંસ્થા છે જે વિવિધ કલાપ્રવૃત્તિ કરે છે. વિવિધ કાર્યશાળાઓ, પ્રદર્શનો, પ્રકાશન, કલાકારો માટે પ્રોત્સાહન આપવાનું કાર્ય કરે છે.

### 1.4.10 સંગીત નાટક અકાદમી

સંગીત નાટક અકાદમી દિલ્હીની સ્થાપના ઇ.સ.૧૯૫૩માં કરવામાં આવી હતી. તેનો ઉદ્દેશ્ય હતો ભારતની વિપુલ અમૂર્ત વારસાનું સરંક્ષણ અને પ્રોત્સાહન, વિવિધ સાંસ્કૃતિક અભિવ્યક્તિઓમાં સંગીત, નૃત્ય, નાટક વગેરે સ્વરૂપે કરવામાં આવે છે.

સંગીત નાટક અકાદમીની વ્યવસ્થા અકાદમીની સામાન્ય પરિષદ કરે છે. અકાદમીના અધ્યક્ષની નિયુક્તિ ભારતના રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે તેમનો કાર્યકાળ પાંચ વર્ષનો હોય છે.

### 1.4.11 અન્ય કેન્દ્રો

ભારતના સાંસ્કૃતિક વારસાના કેન્દ્રો ઉપરોક્ત ચર્ચા કરી તેના સિવાયના ઘણા બધા છે તેમાં દરેક રાજ્યમાં આવેલ રાજ્ય અભિલેખાગાર, રાજ્ય પુરાતત્વ ખાતું, રાજ્યની સાહિત્ય અકાદમી, સાહિત્ય પરિષદો, દરેક રાજ્યમાં આવેલ સરકારી, ખાનગી સંગ્રહાલયો, પુસ્તકાલયો, બિન સરકારી સંસ્થાઓ, વારસાને સાચવવામાં માટે વિવિધ સંશોધન માટે કાર્ય કરતી સંસ્થાઓ વગેરેનો સમાવેશ થાય છે.

**તમારી જાતે ચકાસો**

૧. ભારતના સાંસ્કૃતિક વારસાનો અર્થ સમજાવો.

૨. ભારતના સાંસ્કૃતિક વારસાના પ્રકારોની ચર્ચા કરો.

૩. મૂર્ત સાંસ્કૃતિક વારસા વિશે વિગતે નોંધ લખો.

૪. અમૂર્ત સાંસ્કૃતિક વારસા વિશે ચર્ચા કરો.

૫. ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ વિશે ચર્ચા કરો.

## 1.5 સારાંશ

ભારતના સાંસ્કૃતિક વારસાના વિવિધ પાસાઓના આધારે કહી શકાય કે સાંસ્કૃતિક વારસો એ પેઢી દર પેઢી માનવી દ્વારા આપવામાં આવે છે. મૂર્ત સાંસ્કૃતિક વારસો અને અમૂર્ત સાંસ્કૃતિક વારસો જે મહત્વના બે પ્રકાર છે. સંગીતકલા, નૃત્યકલા, યુદ્ધકલા, નાટયકલા વગેરે અમૂર્ત સાંસ્કૃતિક વારસો છે. જે ભારતમાં પ્રાચીન સમયથી સચવાયેલો છે. તેવી જ રીતે મૂર્ત સાંસ્કૃતિક વારસામાં આપણે નરી આંખે જોઈ શકીએ તેવો ભૌતિક વારસો જેમાં શિલ્પ, સ્થાપત્ય, ચિત્ર, વણાટ, ભરતકામ વગેરેનો સમાવેશ થાય છે. ભારતના સાંસ્કૃતિક વારસાને સાચવવા માટેના કેન્દ્રોમાં ખાસ કરીને ભારત સરકાર દ્વારા સાંસ્કૃતિક મંત્રાલય અને વિવિધ વિભાગો દ્વારા વિવિધ કેન્દ્રો છે. જેમાં ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ, રાષ્ટ્રીય સંગ્રહાલય, પ્રધાનમંત્રી સંગ્રહાલય, રાષ્ટ્રીય અભિલેખાગાર, ઇન્દિરા ગાંધી કલા કેન્દ્ર, સંગીત નાટક અકાદમી, લલિતકલા અકાદમી વગેરેનો સમાવેશ થાય છે. આમ, ભારતનો સાંસ્કૃતિક વારસો એ સમૃદ્ધ વારસો છે.

## 1.6. ચાવીરૂપ શબ્દો

- મૂર્ત - ભૌતિક
- સામ - શાંતિપૂર્વક વાતચીત
- અમૂર્ત- અભૌતિક
- ભેદ- છુપાયેલો ખતરો

## 1.7. બહુ વિકલ્પીય પ્રશ્નો

૧. મૂર્ત સાંસ્કૃતિક વારસામાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી.

(A) શિલ્પકલા (B) સ્થાપત્યકલા

(C) કાષ્ઠકલા (D) પરંપરાઓ

૨. નીચેનામાંથી કોનો સમાવેશ અમૂર્ત સાંસ્કૃતિક વારસામાં થાય છે.

(A) ઉત્સવો (B) શિલ્પકલા

(C) કાષ્ઠકલા (D) સ્થાપત્યકલા

૩. ઓલ ઈન્ડિયા રેડિયોનું ટૂંકું નામ કયું છે ?

(A) AIR (B) EIR

(C) AER (D) એક પણ નહિ

૪. સાંસ્કૃતિક સંસાધન અને પ્રશિક્ષણ કેન્દ્ર એટલે..

(A) CRCT (B) CCTR (C) CCRT (D) RTCR

૫.સાંસ્કૃતિક સંશાધન અને પ્રશિક્ષણ કેન્દ્રની સ્થાપના ક્યારે થઈ હતી ?

(A) ૧૯૭૯ (B) ૧૯૮૯ (C) ૧૯૯૯ (D) ૧૯૯૨

૬. ભારતીય રાષ્ટ્રીય અભિલેખાગાર ક્યાં આવેલું છે ?

(A) મુંબઈ (B) અમદાવાદ

(C) ચેન્નઈ (D) દિલ્હી

૭. લલિતકલા અકાદમી નવી દિલ્હીની સ્થાપના કયારે થઈ હતી ?

(A) ૧૯૫૪ (B) ૧૯૫૫ (C) ૧૯૬૨ (D) ૧૯૬૪

**ઉત્તરો :**

૧. (D) પરંપરાઓ ૨. (A) ઉત્સવો ૩.(A) AIR

૪. (C) CCRT ૫. (A) ૧૯૭૯ ૬. (D) દિલ્હી

૭. (A) ૧૯૫૪

## 1.8. સ્વાધ્યાય

૧. અમૂર્ત સાંસ્કૃતિક વારસાની યાદી તૈયાર કરો.

________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________

૨. મૂર્ત સાંસ્કૃતિક વારસાની યાદી તૈયાર કરો.

________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________

૩. ભારતના સાંસ્કૃતિક વારસાના કેન્દ્રોની નોંધ તૈયાર કરો.

________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________

## 1.9. સંદર્ભ અને વિશેષ વાચન


- નાયક, ચીનુભાઈ, ભારતીય ચિત્રકલા - એક રૂપરેખા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, ૧૯૯૭.
- ગૈરોલા વાચસ્પતિ, ભારતીય ચિત્રકલા કા સંક્ષિપ્ત ઇતિહાસ, લોકભારતી પ્રકાશન, ઇલાહાબાદ, ૧૯૮૫.
- ખાન એમ. એ, ભારતીય કલા, સંસ્કૃતિ એવમ વિરાસત, આદિ પબ્લિકેશન્સ, જયપુર, ૨૦૧૧.
- ઉપાધ્યાય ભગવત શરણ, ભારતીય કલા કા ઇતિહાસ, પીપુલ્સ પબ્લિશિંગ હાઉસ, નવી દિલ્લી, ૧૯૮૧.
- દેસાઇ રમણલાલ વસંતલાલ, ભારતીય સંસ્કૃતિ એક વિહંગાવલોકન, પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરા, ૧૯૫૪.

- દ્વિવેદી એસ. કે, પ્રાચીન ભારતીય યુદ્ધો કા ઇતિહાસ, ઓમેગા પબ્લિકેશન્સ, નવી દિલ્લી, ૨૦૧૮.
- સમીર કુમાર સિંહ, પ્રાચીન ભારતીય સમાજ એવં સંસ્કૃતિ, જ્ઞાનદા પ્રકાશન, નવી દિલ્લી, ૨૦૧૭.
- શ્રીવાસ્તવ પંકજ લતા, પ્રાચીન ભારત, એક્સિસ પબ્લિકેશન્સ, નવી દિલ્લી, ૨૦૧૧.
- શાસ્ત્રી હરિપ્રસાદ ગંગારામ, પ્રાચીન ભારત ભાગ-૧, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, ૧૯૬૯-૭૦
- કર્ણ નાગેશ્વર લાલ, કથક કે સાથ તબલા સંગતિ, કનિષ્કા પબ્લિશર્સ, નવી દિલ્હી, ૨૦૧૧.
- નાગર વિધિ, કથક નર્તન, બી. આર. રિધમસ, દિલ્હી, ૨૦૧૧.

એકમ - 2

# પ્રાચીન ભારતમાં શિલ્પ અને સ્થાપત્ય

## :: રૂપરેખા ::

**2.0** ઉદ્દેશો

**2.1** પ્રસ્તાવના

**2.2** પ્રાચીન ભારતમાં શિલ્પકલા

- **2.2.1** શિલ્પ કલા એટલે શું?
- **2.2.2** પ્રાચીન ભારતમાં શિલ્પ માટેની સામગ્રી
- **2.2.3** પ્રાચીન ભારતમાં શિલ્પના વિષયો
- **2.2.4** પ્રાચીન ભારતમાં શિલ્પ વિશેના સાહિત્યમાં ઉલ્લેખો
- **2.2.5** પ્રાચીન ભારતમાં શિલ્પના પ્રકારો
- **2.2.6** હડપ્પીય સંસ્કૃતિ સમય દરમ્યાનના શિલ્પો
- **2.2.7** વૈદિક યુગમાં શિલ્પો
- **2.2.8** મહાજનપદ કાલીન શિલ્પકલા
- **2.2.9** મૌર્યયુગ દરમ્યાન શિલ્પકલા
- **2.2.10** શુંગ યુગીન શિલ્પકલા
- **2.2.11** ગુપ્તકાલીન શિલ્પકલા

**2.3** પ્રાચીન ભારતમાં સ્થાપત્ય કલા

- **2.3.1** સ્થાપત્ય કલા એટલે શું?
- **2.3.2** સ્થાપત્યના વિવિધ પ્રકારો
- **2.3.3** સિંધુ ઘાટી સભ્યતા દરમ્યાન સ્થાપત્યકલા
- **2.3.4** વૈદિક કાલીન ભારતમાં સ્થાપત્યકલા
- **2.3.5** મૌર્ય કાલીન સ્થાપત્યકલા
- **2.3.6** મંદિર સ્થાપત્ય
- **2.3.7** કિલ્લાઓ (દુર્ગો)
- **2.3.8** પ્રાસાદ (મહેલ)

તમારી જાતે તપાસો

**2.4 સારાંશ**

**2.5 ચાવીરૂપ શબ્દો**

**2.6 તમારી પ્રગતિ ચકાસો**

**2.7. સ્વાધ્યાય**

**2.8. સંદર્ભ અને વિશેષ વાચન**

## 2.0 ઉદ્દેશો

પ્રસ્તુત એકમ પ્રાચીન ભારતમાં શિલ્પ અને સ્થાપત્ય કલાના ઉદ્દેશ્ય આ પ્રમાણે છે.

- શિલ્પ કલા એટલે શું? તેના વિશે જાણકારી પ્રાપ્ત થાય.
- પ્રાચીન ભારતીય શિલ્પ કલાના વિષયો વિશે માહિતી પ્રાપ્ત થાય.
- પ્રાચીન ભારતીય શિલ્પ કલા વિશેના સાહિત્યમાં ઉલ્લેખો વિશે જાણકારી મળે.
- પ્રાચીન ભારતીય શિલ્પ કલાના વિકાસ વિશે માહિતી પ્રાપ્ત થાય.
- પ્રાચીન ભારતીય સ્થાપત્ય કલા વિશે માહિતી પ્રાપ્ત થાય.
- પ્રાચીન ભારતમાં સ્થાપત્ય કલાના વિકાસ વિશે જાણકારી મળે.

## 2.1 પ્રસ્તાવના

ભારતીય સંસ્કૃતિમાં વિવિધ કલાઓનું મહત્વ છે. તેમાં શિલ્પ અને સ્થાપત્ય કલા પણ મહત્વનું સ્થાન ધરાવે છે. પ્રાચીન ભારતીય શિલ્પ અને સ્થાપત્ય કલામાં વિવિધતાસભર સમૃદ્ધ વારસો જોવા મળે છે. ભારતીય સંસ્કૃતિમાં ચૌદ વિદ્યાઓ અને ચોસઠ કલાઓ વિશિષ્ટતાઓ ધરાવતી હતી. જે કલાઓમાં જોઈએ તો સંગીત, નાટ્ય, ચિત્ર, શિલ્પ, સ્થાપત્ય વગેરે કલાઓ જોવા મળતી. તેમાં પ્રાચીન ભારતમાં શિલ્પ-સ્થાપત્ય કલા વિશેના ઉલ્લેખો અને નમૂનાઓ આપણને પ્રાપ્ત થાય છે. હડપ્પીય સંસ્કૃતિમાં વિવિધ શિલ્પો મળ્યા છે. આ એકમમાં શિલ્પ એટલે શું?, શિલ્પની સામગ્રી, શિલ્પના વિષયો, શિલ્પ વિશેના સાહિત્યમાં ઉલ્લેખો, વિવિધ સમય દરમ્યાનના શિલ્પો વિશે માહિતીગાર કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. સાથે સાથે સ્થાપત્ય કલા એટલે શું?, સ્થાપત્યનો સાહિત્યમાં ઉલ્લેખો, પ્રાચીન ભારતમાં વિવિધ સમય દરમ્યાનના સ્થાપત્યકલાનો વિકાસ વગેરે મુદ્દાઓ આવરી લઈ વિશેષ ચર્ચા કરવામાં આવી છે.

## 2.2 પ્રાચીન ભારતમાં શિલ્પ અને સ્થાપત્ય કલા

### 2.2.1 શિલ્પ કલા એટલે શું?

શિલ્પકલા એટલે વિવિધતાવાળો આકાર. મૂર્તિ, દર્પણ, વસ્ત્ર, ઘરેણાં અને રથ વગેરે ઘાટની કલાઓ માટે શિલ્પ શબ્દ વપરાયો છે. શિલ્પ એટલે કલાની વિદ્યા. ઘાટ આપવાની કલા એટલે શિલ્પ. અંગ્રેજીમાં શબ્દ શિલ્પ માટે જ saulpture વપરાય છે. મંદિર, મહાલય, જળાશયની બાંધણી એ સ્થાપત્ય અને એમાં કંડારવામાં આવેલી બારીક અલંકૃત કોતરણી એટલે શિલ્પ.

### 2.2.2 પ્રાચીન ભારતમાં શિલ્પ માટેની સામગ્રી

પ્રાચીન ભારતમાં શિલ્પ બનાવવા માટે વિવિધ સામગ્રીનો સમાવેશ થતો. તેમાં મુખ્યત્વે માટી, લાકડું, પથ્થર, ધાતુ, હાથીદાંત જેવા નક્કર કે ઘન પદાર્થોનો શિલ્પ માટે ઉપયોગ થતો. પ્રાચીન ભારતમાં શિલ્પકલાના અવશેષો કે શિલ્પો મળ્યા છે. હડપ્પા સંસ્કૃતિમાં મૂર્તિઓ મળી છે. આ શિલ્પો માટી, ધાતુ અને ચુનાના પથ્થર વાળા મળે છે. અશોકના સમયના મૌર્ય શિલ્પો મીરજાપુર જિલ્લામાં ચુનારમાંથી મળી આવ્યા છે. તેમાં પીળા, રંગના રેતીયા પથ્થરમાંથી બનાવેલ છે. આ પથ્થર દર્પણ જેવો સુંવાળો અને તેની સપાટી ઘસીને ચળકાટવાળી કરી શકાતી. મૌર્ય સમયના શિલ્પો સુવાળાં અને પાલિસ કરેલા ચકચકતા મળી આવ્યા છે. ઈ.સ. પૂર્વે બીજા-પહેલા સૈકામાં શિલ્પો વિશે જાણકારી મળે છે. તેમાં સાંચી-મધ્યભારત અને ભરહુતના મહાન સ્તૂપોના કઠેડાના શિલ્પો મળી આવ્યા છે. આ શિલ્પો ઘેરા રંગના લાલ પથ્થરમાંથી ઘડેલા છે.

### 2.2.3 પ્રાચીન ભારતમાં શિલ્પના વિષયો

પ્રાચીન ભારતીય શિલ્પકલામાં વિવિધ વિષયો શિલ્પોમાં જોવા મળે છે. તેમાં દેવ દેવીઓની મૂર્તિઓ, પુરાણકથાના પ્રસંગ ચિત્રો, રમકડાં, કામશાસ્ત્રના પ્રસંગો અને આસનો, યુદ્ધ પ્રસંગો, નૃત્યો, રાસ ગરબાના મંડળો, શાલભંજિકાઓ (પૂતળીઓ), પશુ-પંખી વગેરે તેમજ વૃક્ષ, વેલ, પુષ્પ, ફળ વગેરેની કોતરણીવાળા અનેક શિલ્પો મળે છે. સાધુ સંતોની, આચાર્યોની, સાધ્વીઓની પ્રતિમાઓ મળે છે. ભારતીય પ્રજાના રોજબરોજના જીવન વ્યવહારમાં પણ કલા પ્રત્યેની ઊંડી અભિરુચિ દેખાતી. દીપ લક્ષ્મીઓ, હિંડોળાની સાંકળો, સૂડીઓ, કાજળની અને કંકુની ડબ્બીઓ, પાન અને ચુના માટેની ડબ્બીઓ તથા નાની પેટીઓ તલવાર અને કટારની કલામય કોતરણીયુક્ત મુઠ્ઠો વગેરે અવશેષોમાં તે પ્રતિબિંબિત થઈ છે. શિલ્પમાં મૂર્તિ, ફૂલ, વેલ, જાળી, જરૂખો, પશુ-પંખી વગેરેના મુખ, અલંકૃત બારીક સાંકળી, ઘંટ વગેરેનો સમાવેશ થાય છે. આમ પ્રાચીન ભારતમાં શિલ્પના વિવિધ વિષયો જોવા મળતા. જે

શિલ્પનું નિર્માણ થતું તેમાં બ્રાહ્મણ, બૌદ્ધ, જૈન ધર્મના વિષયો, દેવ-દેવીઓ, યક્ષ-યક્ષિણીઓના શિલ્પો, પૌરાણિક કથાનકો, પ્રતિકો, પૂતળાઓ, રમકડાં, સુશોભનો, રૂપાંકનો, સમાજજીવનનું પ્રતિનિધિત્વ વગેરે વિષયોનો સમાવેશ થતો.

**2.2.4 પ્રાચીન ભારતમાં શિલ્પ વિશેના સાહિત્યમાં ઉલ્લેખો**

પ્રાચીન ભારતીય શિલ્પ કલાના ઉલ્લેખો વિવિધ સાહિત્યમાં જોવા મળે છે. તેમાં વૈદિક સાહિત્યમાં ઋગ્વેદમાં ઈન્દ્ર, વરુણ, સુર્ય, રુદ્ર, મુખ્ય દેવો વિશે વર્ણન આપેલ છે. બ્રાહ્મણગ્રંથો અને સૂત્ર ગ્રંથોમાં પણ વર્ણન આપેલ છે. રામાયણ-મહાભારતમાં દેવાલયો, રાજ મહાલયો, નગરો વિશે વાસ્તુકલાના ઉલ્લેખો જોવા મળે છે. ભગવાન વિશ્વકર્મા અને મયદાનવને દેવો અને દાનવોના શિલ્પીઓ તરીકે ઓળખવામાં આવે છે. પ્રતિમા નિર્માણ અંગે સાહિત્યમાં મુખ્ય પાંચ ધારાઓ પુરાણ, આગમ, તંત્ર, શિલ્પ શાસ્ત્ર અને પ્રતિષ્ઠા પદ્ધતિ હોય તેમ જણાય છે. પુરાણ અને આગમ સાહિત્યમાં શિલ્પકલા વિશેના ઉલ્લેખો છે. તેમાં મત્સ્ય, વિષ્ણુ, લિંગ, અગ્નિ, ગરુડ, સ્કંદ અને ભવિષ્ય પુરાણમાં ઉલ્લેખો છે. આગમ ગ્રંથોમાં પણ પ્રતિમા વિધાનની વિગતો આપેલી છે. તેમાં કામિકાગમ, સુપ્રભેદાગમ, વૈખાન સાગમ, કરણાગમ, અંશુમદભેદાગમમાં ઉલ્લેખો છે. શાસ્ત્રીય ગ્રંથોમાં મૂર્તિ વિધાનને લગતી ચર્ચા કરવામાં આવી છે.

પ્રવીણચંદ્ર પરીખ લિખિત 'ભારતીય પ્રાચીન શિલ્પકલા' પુસ્તકમાં ઉલ્લેખ મુજબ શિલ્પશાસ્ત્ર ભારતમાં બે પરંપરાઓ છે. ઉત્તરી અથવા નાગરી અને દક્ષિણી અથવા દ્રવિડ. નાગરી શૈલીમાં વાસ્તુ ગ્રંથોમાં વિશ્વકર્માનું, વાસ્તુ શાસ્ત્ર, ભોજ દેવનું સમરાંગણ સૂત્ર ભુવન દેવનું 'અપરાજિત પૃચ્છા' મહત્વના ગ્રંથો છે. દ્રવિડ શૈલીનો પ્રમુખ ગ્રંથ 'માનસર' છે. અગતસ્ય રચિત સકલાધિકાર, કશ્યપનો અંશુમદ ભેદાગમ, મયનો મયમત, શ્રી કુમારકૃત શિલ્પરત્ન ગ્રંથો મહત્વના છે. બૌદ્ધ ધર્મમાં પ્રતિમા નિર્માણ માટે ચિત્ર લક્ષણ, તારા લક્ષણ, દશતાલન્યગ્રોધ પરિમંડલ બુદ્ધ પ્રતિમા લક્ષણ, સાધનમાલા વગેરેમાં શિલ્પના ઉલ્લેખો છે.

જૈન ધર્મમાં પ્રતિમા વિધાનના ગ્રંથોમાં વાસ્તુ સાર, અપરાજિત પૃચ્છા, લોક પ્રકાશ, આચાર-દિનકર, નિર્વાણ કલિકા, રૂપમંડળ, રૂપાવતાર વગેરેમાં ઉલ્લેખ છે. વૈદિક સમયમાં મૂર્તિ વિધાન રચવાની પ્રક્રિયા વિશેના અનેક વર્ણનો છે. તેમાં શ્રી લક્ષ્મી, યક્ષ, સ્વસ્તિક, પૂર્ણ કુંભ, ચક્ર, યજ્ઞ સ્તંભ, સપ્ત રત્ન, સૂર્ય અને ચંદ્ર, કલ્પવૃક્ષ, ઊર્મિવેલા, સુમેરુ, કમળ, સમુદ્ર, નાગ, અર્ધ નારીશ્વર, કુમાર, ગણપતિ, અંબિકા, ત્રિવિક્રમ, દેવાસુર સંગ્રામ, પ્રતિકો વિશેના વર્ણનો સાહિત્યમાં જોવા મળે છે.

### 2.2.5 પ્રાચીન ભારતમાં શિલ્પના પ્રકારો

પ્રાચીન ભારતમાં શિલ્પકલાના બે પ્રકારના શિલ્પોના ઉલ્લેખો છે. પ્રવીણચંદ્ર પરીખ લિખિત 'ભારતીય પ્રાચીન શિલ્પકલા' પુસ્તકમાં પૂર્ણમૂર્ત અને અંશમૂર્ત શિલ્પોનો ઉલ્લેખ છે. પૂર્ણ મૂર્ત શિલ્પ એટલે જે શિલ્પો ચારે બાજુએથી કોતરાયેલા હોય એટલે કે જેમની રચના એ રીતે કરવામાં આવી હોય કે તેમનું સમ્મુખ દર્શન, પાર્શ્વદર્શન અને પશ્ચાત દર્શન તેમના સંપૂર્ણ સ્વરૂપે નજરે પડી શકે. બીજા પ્રકારના શિલ્પને અંશમૂર્ત શિલ્પ કહે છે. એમાં પશ્ચાત દર્શન કરાવવામાં આવતું નથી. આથી આ પ્રકારના શિલ્પ કોઈ એક ફલક પર ચોંટાડવામાં કે ઉપસાવવામાં આવ્યા હોય તેવા લાગે છે.

### 2.2.6 હડપ્પીય સંસ્કૃતિ સમય દરમ્યાનના શિલ્પો

પ્રાચીન ભારતીય શિલ્પકલામાં હડપ્પીય સંસ્કૃતિના સ્થળોએથી વિવિધ શિલ્પો મળ્યા છે. તેમાં મોહેં-જો-દડો, કાલીબંગા, લોથલ વગેરે સ્થળોથી મળેલા છે. તેમાં મળતી મુદ્રાઓ પરની માનવ તેમજ પશુઓની આકૃતિઓ જોતાં લાગે છે કે નૃત્ય કરતી સ્ત્રીની ધાતુ મૂર્તિ, ધ્યાન સ્થિત નેત્રોવાળા પુરુષનું અર્ધકાય શિલ્પ કે મુદ્રા પરની વૃષભ આકૃતિ વગેરે આ સમયની શિલ્પ કળા છે. ગેંડો, મગર, વાનર વગેરેના હડપ્પીય સંસ્કૃતિમાં શિલ્પો મળ્યા છે. તેમાં મુદ્રાઓ અને રેખાંકનો મહત્વના છે. માટીના પકવેલા શિલ્પો, પાષાણ અને ધાતુના શિલ્પો પણ પ્રાપ્ત થયા છે. તેમાં પશુ પતિ, માતૃદેવી, એક શૃંગ પશુ, નર્તકી, ધડ, યોગી વગેરે શિલ્પો પ્રાપ્ત થાય છે.

### 2.2.7 વૈદિક યુગમાં શિલ્પો

વેદકાળમાં શિલ્પકલાનો વિકાસ થયો હતો. તેનો ખ્યાલ ઋગ્વેદથી આવે છે. વૈદિક સાહિત્યમાં શિલ્પોનો ઉલ્લેખ મળે છે. મૂર્તિનો ઉલ્લેખો ઋગ્વેદમાં આવે છે. વૈદિકકાળમાં મહત્વપૂર્ણ શિલ્પી તક્ષા અથવા ત્વષ્ટ્ર, કાષ્ઠકર્મ સાથે સબંધિત શિલ્પી હતો. તે લાકડીના વિવિધ પ્રકારે લોકઉપયોગી ઉપકરણ બનાવતો. ઋગ્વેદમાં જે વિવિધ વ્યવસાયોની સૂચિનો ઉલ્લેખ છે. જે પ્રકારે વૈદિક સમાજમાં વૈદ્ય પોતાના જ્ઞાનના કારણે વિખ્યાત હતો. તે પ્રકારે રિભુ શિલ્પોના કારણે પોતાની વિશિષ્ટ જાણકારીના લીધે પ્રતિષ્ઠિત હતો. યજુર્વેદમાં લોહાર, કુંભાર વગેરે જે વિવિધ શિલ્પકારોને અભિવાદન કરવામાં આવતું. તેમાં તક્ષક અને રક્ષકાર પણ સામેલ છે.

ઋગ્વેદમાં હિરણ્યકાર શિલ્પીનો પણ સંકેત મળે છે. જેમાં સોનાના આભૂષણોનું નિર્માણ કરવું. વિવાહોના અવસર પર નિષ્ક (હાર), કુટીર (ભોગટીકા), કુંભ (સિરનું આભૂષણ), કરણ-શોભમ (ઓપશ-સિરના ઉપરનું અલંકરણ), રૂકસંહિતામાં ચર્મન (ચર્મકાર) શિલ્પી વર્ગનો ઉલ્લેખ મળે છે. જે ચામડાની વસ્તુ બનાવતો. શિલ્પી વિશે વૈદિક સાહિત્યમાં મહત્વનું સ્થાન હતું.

વૈદિક સમયમાં વિવિધ પ્રતિકોના ઉલ્લેખો મળે છે. જેમાં શ્રી લક્ષ્મી, યક્ષ, સ્વસ્તિક, પૂર્ણકુંભ, ચક્ર, યૂપ કે યજ્ઞ સ્તંભ, સપ્તરત્ન, સૂર્ય અને ચંદ્ર, કલ્પ વૃક્ષ અને ઊર્મિવેલા, સુમેરુ, કમલ, સમુદ્ર, નાગ, અર્ધનારીશ્વર, કુમાર, ગણપતિ, અંબિકા, ત્રિવિક્રમ વગેરે શિલ્પનાવિવિધ ઉદાહરણો મળે છે. આમ વૈદિક યુગમાં શિલ્પકલા વિશેના વિવિધ ઉલ્લેખોના આધારે તે સમયમાં શિલ્પનો વિકાસ થયો હશે તે જાણી શકાય છે.

**2.2.8 મહાજનપદ કાલીન શિલ્પકલા**

પ્રાચીન ભારતમાં ૧૬ મહાજનપદો હતા. તે સમયમાં શિલ્પકલાનો વિકાસ થયો. તેમાં વિવિધ શાસ્ત્રોનો વિકાસ થયેલો. આ કાળમાં ગંધર્વ વેદ- સંગીત, આયુર્વેદ, ધનુર્વેદ (યુદ્ધવિદ્યા), અને વસ્તુવિદ્યા (શિલ્પકલા) આ ચાર ઉપવેદ ગણાતા અને તેનો વિશિષ્ટ અભ્યાસ થતો. ડૉ.પ્રવિણચંદ્ર પરીખ લિખિત ‘ભારતીય પ્રાચીન શિલ્પકલા’ પુસ્તકમાં ઉલ્લેખ મુજબ પાલિ દિગ્ઘનિકાયમાં શિલ્પીઓની ૨૫ શ્રેણીઓની સૂચિ આપી છે. તેમાં વસ્તુ અને શિલ્પ સાથે સબંધ ધરાવતી શ્રેણીમાં મુખ્યત્વે કુંભકાર, રથિક, વત્થુ વિજ્જા (વાસ્તુવિદ્યા), ખેત વિજ્જા (ક્ષેત્રમાપન), વત્થુકમ્મ (વાસ્તુકર્મ), વત્થુ પરિકમ્મ (વાસ્તુપરિકર્મ) ગણાવ્યા છે. પાલિ સાહિત્યમાં પ્રસાદ, નગર અને પૂરદ્વારોના વર્ણનો છે.

**2.2.9 મૌર્યયુગ દરમ્યાન શિલ્પકલા**

મૌર્યકાલીન શિલ્પોમાં જોઈએ તો તેમાં અશોકના શિલાસ્તંભો અને તેના પરના પશુ શિલ્પો મહત્વના છે. યક્ષ-યક્ષિણીની મૂર્તિઓ પણ શિલ્પ કલાના ઉત્તમ નમુનાઓ છે. યક્ષ-યક્ષિણીની મૂર્તિઓમાં વેશભૂષા, આભૂષણો તેમાં યક્ષ-યક્ષિ બંનેના કાનમાં કુંડલ, હાર વગેરે પણ છે. સાંચીની વેદિકા અને તોરણો પર શિલ્પ છે. તેમાં બુદ્ધના જીવનની ઘટનાઓ તથા જાતક કથાઓ, યક્ષ-યક્ષિણીની મૂર્તિઓ, પશુ-પક્ષીની આકૃતિઓ, ફૂલવેલની ભાત વગેરે શિલ્પો જોવા મળે છે. ભરહુતની વેદિકા અને તોરણ પર જે શિલ્પો કંડારવામાં આવ્યા છે. તેમાં દેવયોનિ યક્ષ, દેવતા, નાગ, અપ્સરા વગેરે મનુષ્યવર્ગ રાજા, ધાર્મિક પુરુષ, પશુ, વૃક્ષ અને ફૂલ, ઉત્કીર્ણ મૂર્તિઓ, ઉત્કીર્ણ શિલા પટ્ટો જેમાં ૨૩ જાતક કથાઓ, છ ઐતિહાસિક દશ્યો, પૂજા ચિહ્નો, સ્તૂપ, ચક્ર, બોધિ વૃક્ષ, પાદુકા, ત્રિરતી, કલ્પ વૃક્ષ, લતા, રાજા પ્રાસાદ, પુણ્ય શાળા, વાહનો, નૌકા, અશ્વરથ, ગોરથ, વિવિધ વાદ્યો, ગાંધારશૈલી, મથુરા શૈલીના શિલ્પો જોવા મળે છે.

સારનાથના સ્તંભનું શીર્ષક સિંહધ્વજ જે ભારતની રાજ્ય મુદ્રા તરીકે સ્વીકાર્યું હોવાથી જાણીતું છે. ચારે દિશા તરફ મુખવાળા કોતરેલા સિંહો મૌર્યયુગમાં રામપૂરવાના સ્તંભ પરનો વૃષભ, પટના પાસેના લોહાનીપુરમાંથી મળેલ જૈન તીર્થંકરની પ્રતિમા ધડ કે સારનાથમાંથી મળેલા કેટલાક મસ્તકો મહત્વના છે.

મૌર્યકાલીન શિલ્પ કલામાં પૂર્ણમૂર્ત તથા અર્ધમૂર્ત કે અલ્પ મૂર્ત શિલ્પકૃતિની કલાનો વિકાસ થયો હતો. ધર્મ સંપ્રદાયોમાં પ્રતિમાપૂજા પ્રચલિત થઈ ત્યારે યક્ષ-યક્ષિણીઓની પ્રતિમા કૃતિઓની પૂર્ણમત શિલ્પકલા વિકાસ પામી તેમાં પટના, પરખમ, પવાયા, દિદારગંજ જેવા સ્થળોએ આ પ્રકારની પાષાણ પ્રતિમાઓના સુંદર નમૂના મળ્યા છે. ગાંધાર શૈલીમાં શિલ્પ કૃતિઓમાં બુદ્ધ બોધિસત્વોની પ્રતિમાઓ મહત્વની છે.

### 2.2.10 શુંગ યુગીન શિલ્પકલા

પ્રાચીન ભારતમાં શુંગ યુગીન શિલ્પકલા વિશે ચર્ચા કરીએ તો આ સમયમાં સાંચી અને ભરહુતમાં કંડારાયેલાં બૌદ્ધ જાતક કથાઓના પ્રસંગો મળે છે. બુદ્ધની પ્રતિમાને સ્થાને એમના પ્રતિકો જેવા કે બોધિવૃક્ષ સિંહાસન, ચરણપાદુકા, ધર્મચક્ર વગેરે મળે છે. ગૌતમ બુદ્ધ પહેલાના કેટલાક બુદ્ધ, દેવતા સુદર્શન યક્ષિ, યક્ષની આકૃતિઓ, ઈન્દ્ર, સૂર્યની પ્રતિમાઓના સુંદર શિલ્પો, હાથીદાંતના શિલ્પો બનાવવાની કલા આ યુગમાં હતી. ઓરિસ્સામાં ભુવનેશ્વર, પાસે ઉદયગિરિ અને ખંડગિરિ પર્વતોમાં રાણી ગુફા, અનંત ગુફા, ગણેશ ગુફા વગેરે ગુફાઓના સન્મુખ દર્શનની પટ્ટીઓ પર કોતરેલા શિલ્પોમાં કોઈ કન્યાના હરણ શિકાર વગેરે પ્રસંગોની કથા આલેખાયેલી છે. તે જૈન જાતક કથા છે. કે ઉદયન અને વાસવદત્તાનો પ્રસંગ બૌદ્ધ સાહિત્યમાં મળે છે.

### 2.2.11 ગુપ્તકાલીન શિલ્પકલા

ગુપ્તયુગમાં ભારતમાં શિલ્પકલાના વિવિધ શિલ્પો મળે છે. તેમાં મથુરા, સારનાથ, દેવગઢ, નાચના કુઠારા, ભૂમારા, ભીલસા, મંદસોર વગેરે સારનાથ, મથુરા કે અજંતાની બુદ્ધ મૂર્તિ, મથુરા-અકોટાની જિન મૂર્તિ, સારનાથની ગોવર્ધનધારી કૃષ્ણ પ્રતિમા, શિલ્પોમાં શિવ પાર્વતી, અર્ધ નારીશ્વર, ચતુર્ભુજ વિષ્ણુ, શેષશાયી વિષ્ણુ, આદિ વરાહ, વામન, ત્રિવિક્રમ, ગોવર્ધનધારી વિષ્ણુ વગેરે શિલ્પોના ઉલ્લેખો છે. દેવગઢના દશાવતારના મંદિરના શિલ્પ ફલકોમાં શેષશાયી વિષ્ણુ, ગરુડ પર સવાર થઈ ગજેન્દ્ર મોક્ષ માટે દોડી આવતા વિષ્ણુ કે બદરિકા શ્રમમાં તપ કરતાં નરનારાયણ, મંદસોરની ભવ્ય શૈવમૂર્તિ વગેરે મળે છે.

## 2.3 પ્રાચીન ભારતમાં શિલ્પ અને સ્થાપત્ય કલા

પ્રાચીન ભારતમાં સ્થાપત્ય કલા વિશે આ મુદ્દામાં વિશેષ ચર્ચા કરવામાં આવી છે, જે આ પ્રમાણે છે.

### 2.3.1 સ્થાપત્ય કલા એટલે શું?

સ્થાપત્ય આકાર આપવાની એક કલા છે. એનું કાર્ય ક્રમબદ્ધ અને વિભૂષિત પિંડોના સંયોજનથી લાગણી વ્યક્ત અને ઉત્તેજિત કરવાનું છે.

### 2.3.2 સ્થાપત્યના વિવિધ પ્રકારો

સ્થાપત્યના વિવિધ પ્રકારો જોવા મળે છે. તેમાં સ્તૂપ સ્થાપત્ય, ચૈત્ય, વિહાર સ્થાપત્ય, ખડક સ્થાપત્ય, મંદિર સ્થાપત્ય, કિલ્લાઓ, મહેલો, ગૃહ, જળાશયો, વાવ વગેરે પ્રકારના સ્થાપત્યો જોવા મળે છે.

### 2.3.3 સિંધુ ઘાટી સભ્યતા દરમ્યાન સ્થાપત્યકલા

પ્રાચીન ભારતમાં સ્થાપત્ય કલામાં નગરનિર્માણ યોજના, ભવન નિર્માણ કલાના અવશેષો પ્રાપ્ત થાય છે. તેના આધારે સ્થાપત્ય કલાનો પરિચય પ્રાપ્ત કરી શકાય છે. હડપ્પા સભ્યતાના જે સ્થળોના ઉત્ખનન થયું તેના આધારે જે નગરો મળ્યા છે. તેના આધારે ખ્યાલ આવે છે કે નગરનિર્માણ એક વિસ્તૃત યોજના હતી. હડપ્પાકાલીન જે જે સ્થળો ઉત્ખનન થયું છે ત્યાં આગળ સુનિયોજિત નગરયોજના નજરે પડે છે. નગરોમાં ચારે બાજુ મોટા માર્ગોનું નિર્માણ કરવામાં આવેલું. એક માર્ગ બીજા માર્ગથી જોડવામાં આવતો. નગરનિર્માણમાં ગટર વ્યવસ્થાનું નિર્માણ થયેલું. ગંદુ પાણી નિકાળવા માટે પાકી નાળી બનેલી. નાળીઓનું નિર્માણ વૈજ્ઞાનિક ઢબથી કરવામાં આવેલું, નાની ગટરો મોટી ગટરો સાથે જોડાણ કરેલ. નાળુ એ નગરની બહાર નિકાળવામાં આવતું. નગરોના ખંડેરોના ખોદકામમાં નગર યોજનામાં પશ્ચિમ ભાગમાં નાનો ગઢ જોવા મળે છે. મકાન પાકી ઈંટોના છે. એમ ન્હાવાની ઓરડી અને પાણીના નિકાલ માટેની મોરીની જોગવાઈ હોય છે. સ્નાનાગાર અને કોઠાર જેવા મકાનો પણ પ્રાપ્ત થયેલા. હડપ્પા, મોહેંજો દડો, કાલીબંગા, લોથલ આ બધા નગરોમાં પદ્ધતિસરનું નગર આયોજન, માર્ગો અને તેમ સરખી દિશા ધરાવતી ગલીઓ અને આડગલીઓની બે બાજુએ સુઆયોજિત ઘર હતા. ઘરની વચ્ચેનો ચોક, ત્રણ-ચાર રહેવાના ખંડ, સ્નાનાગાર, રસોડાનું બનેલું ભૂગર્ભ મોરીની ઉત્તમ પદ્ધતિ હતી. નગર આયોજનમાં હડપ્પા, મોહેંજો દડો, કાલીબંગામાં પદ્ધતિસર બાંધેલા ઘરો માર્ગો ધરાવતું નીચલું શહેર હતું. આમ, સિંધુઘાટી સભ્યતા દરમ્યાન સ્થાપત્યકલા જોવા મળે છે.

### 2.3.4 વૈદિક કાલીન ભારતમાં સ્થાપત્ય કલા

વૈદિક કાલીન ભારતમાં સ્થાપત્ય વિશેના વિવિધ ઉલ્લેખો વૈદિક સાહિત્યમાં જોવા મળે છે. ડૉ. પ્રિયબાળા શાહ લિખિત 'પ્રાચીન ભારતીય શિલ્પ અને સ્થાપત્ય' પુસ્તકમાં ઉલ્લેખ મુજબ ઋગ્વેદકાળમાં 'પરિધિ', 'લોગ' અને 'સ્થૂણા' સાથેના દાટવાના ઢગની પ્રથા હતી. શતપથ બ્રાહ્મણમાં સ્મશાનનો ઉલ્લેખ છે. જેમ કે મૃત્યને માટે કલ્યાણ કરે છે. એને માટે સ્મશાન કરે છે, ગૃહો કરે છે. વૈદિક કાળમાં યજ્ઞને પ્રાધાન્ય આપવામાં આવતું. તેમાં ધાર્મિક વસ્તુના રૂપમાં માત્ર યજ્ઞ વેદી અને યજ્ઞ શાળાનો ઉલ્લેખ મળે છે. યજ્ઞ-વેદીઓ માટી, ભુસુ અને ગોબરનું મિશ્રણ કરીને બનાવવામા

આવતી હતી. તૈતિરીય સંહિતામાં પક્ષી, રથ અથવા માનવ વગેરે આકારની વેદિકા બનાવવાના ઉલ્લેખો છે. વેદો ઉપરાંત અષ્ટાધ્યાયી, મહાકાવ્યો તથા પાલિગ્રંથોમાં પણ નગરો અને નિવાસના ભાવનોના નિર્માણ વિશેના ઉલ્લેખ મળે છે. અષ્ટાધ્યાયીમાં કાપિશી, તક્ષશિલા, સાંકાશ્ય, કાંપિલ્ય વગેરે નગરોના ઉલ્લેખો મળે છે. તથા નગરોની સુરક્ષા માટે બનાવેલ ખાઈ, દ્વાર, રાજપ્રાસાદનો ઉલ્લેખ મળે છે. અષ્ટાધ્યાયીમાં કોષ્ઠાગાર, ભંડારગાર, રાજ સભા વગેરે શબ્દોનો ઉલ્લેખ આવે છે. રામાયણમાં સ્થપતિ, વર્ધકિ, તક્ષક, સૂત્રધાર વગેરે કારીગરો તથા મહાભારતમાં વિશ્વકર્મા તથા મય જેવા શ્રેષ્ઠ શિલ્પીઓનો ઉલ્લેખ છે. રામાયણમાં નાંદેય, પાર્વત્ય, વન્ય અને કૃત્રિમ નામના ચાર તથા મહાભારતમાં ધન્વ, મહિ, ગિરિ, માનુષ્ય, મૃદુ, વન નામના છ દુર્ગોનું વર્ણન મળે છે. આમ, વૈદિક યુગમાં સ્થાપત્ય કલા વિશે વિવિધ સાહિત્યમાં ઉલ્લેખો મળે છે.

**2.3.5 મૌર્યકાલીન સ્થાપત્ય કલા**

મૌર્યકાલીન ભારતમાં સ્થાપત્ય કલા વિશે માહિતી પ્રાપ્ત કરતાં મહત્વના બે સ્રોત છે તેમ કૌટિલ્યનું અર્થશાસ્ત્ર અને મેગસ્થનિસનું ઇન્ડિકા નામના ગ્રંથમાં ઉલ્લેખ છે. બૌદ્ધ સાહિત્યમાં દીપવંશ, મહાવંશ, બોધિવંશ, દિવ્યવદાન વગેરે અને જૈનોમાં ભદ્રબાહુનું કલ્પસૂત્ર, હેમચંદ્ર કૃત પરિશિષ્ટપર્વનું વિદેશીઓના વૃત્તાંત મહત્વના સ્રોત છે. મૌર્યકાલથી ભારતમાં સ્થાપત્ય કલાનો વિકાસ થયેલો તેના પુરાવાઓ મળ્યા છે. તેમાં કુમ્રહારનો રાજપ્રાસાદ, બુલંદી બાગની રક્ષણ દિવાલ તથા નાગાર્જુનની પહાડીઓ પર બનેલી પથ્થરની ગુફાઓ મહત્વની છે. મૌર્યકાલીન નગર યોજનાની બાબતમાં અર્થશાસ્ત્રમાં ઉલ્લેખ છે કે ચારે બાજુ ઊંડી ખાઈ અને ઊંચું પ્લેટફોર્મ હોવું જોઈએ. પ્રાકારમાં યથાસ્થાન દરવાજો, કોષ, અને ટાવર હોવું જોઈએ, પ્રાકાર પર એટલી પહોળી માર્ગ દેવપથ હોવા જોઈએ, નગર સ્થાપત્યમાં મહાપથ, રથ્યા, વીથિઓ દ્વારા વિવિધ વિભાગોમાં વહેચાયેલું હોવું જોઈએ. મેગસ્થનિસે પણ ‘ઇન્ડિકા’ નામના ગ્રંથમાં પાટલીપુત્રનું વર્ણન કર્યું છે.

અશોક મૌર્યના સમયમાં બૌદ્ધ ધર્મની પૂજા માટે સ્તૂપ બાંધવામાં આવ્યા. સ્તૂપની રચના અંડાકાર હોય છે. આ અંડાકાર ભાગ એ નક્કર બનાવવામાં આવતો. આ અંડાકારને કેટલીક વાર વેદિકાઓ પર ઊભો કરવામાં આવતો. તે ઉપર કઠેડાવાળી હર્મિકા કરવામાં આવતી. આ હર્મિકાની મધ્યમાં છત્ર મૂકવામાં આવતું. અશોકના સમયમાં લોરિયા નંદનગઢ ગામમાંથી અશોકનો લેખયુક્ત એક સ્તંભ અને પંદર સ્તૂપો મળી આવ્યા છે. સાંચી અને સારનાથમાં સૌ પ્રથમ સ્તૂપો બંધાવ્યાનો જશ મૌર્ય સમ્રાટ અશોકને મળે છે. અશોકના સમયમાં શિલ્પ સ્થાપત્યમાં અશોકના સ્તંભો, પટણાના સ્તંભ સભાગૃહના અવશેષો, બિહારની ડુંગરોમાંની ગુફાઓ, સાંચી અને સારનાથના

સ્તૂપની છત્રીઓ, સ્થાપત્ય કલાના નમૂનાઓમાં સાંચીનો સ્તૂપ, આ સ્તૂપ અને તેની આસપાસના સ્થાપત્યોમાં તોરણો એટલે શિલ્પ સ્થાપત્યનો ઉત્કૃષ્ઠ નમૂનો. મથુરાની આસપાસના કેટલાક જૈન સ્થાપત્યો પણ પ્રાપ્ત થયા છે. સાધુ સાધ્વીના યોગ્ય રહેઠાણ માટે મઠ બંધાતા હતા. ધ્યાન, જપ, પ્રાર્થના માટે મંદિરો બંધાતા અને મંદિરોમાં ચૈત્ય તેમજ સભાગૃહો પણ રચવામાં આવતા.

ગુફા સ્થાપત્યમાં જોઈએ પહાડો કોતરી મંદિરો અને મઠ ઊભા કર્યા છે. જેમાં સાધુઓ શાંતિથી એકાંતવાસ કરતા હતા. ગુફા સ્થાપત્યમાં અજંતા, ઈલોરાની ગુફાઓ મહત્વની છે. ઓરિસ્સામાં આવેલી ખંડગિરિ તથા ઉદયગિરિ નામની પર્વતમાળામાં કોતરાયેલ પાંત્રીસ ગુફાઓ મહત્વની છે. પાંત્રીસ ગુફાઓમાંથી ગણેશ ગુફા, અનંત ગુફા, જય વિજય ગુફા તથા હાથી ગુફા બહુ જાણીતી ગુફાઓ છે. સ્તૂપોમાં ભરહુતનો સ્તૂપ, સાંચીનો સ્તૂપ, અમરાવતી સ્તૂપ વગેરે સ્તૂપો મહત્વના સ્તૂપોમાં છે. ગુફાઓમાં ઉદયગિરિ અને ખંડગિરિની ગુફાના અથવા હાથી ગુફાના અભિલેખના આધારે ખ્યાલ આવે છે કે તેનું નિર્માણ સમ્રાટ ખારવેલના સમયમાં જૈન સાધુઓના નિવાસ કરવા માટે કરાયું હતું. ખંડગિરિ ગુફાઓ નાની અને ઉદયગિરિની ગુફાઓ મોટી છે. ઉદય ગિરિમાં ઓગણીસ અને ખંડગિરિમાં સોળ ગુફાઓ છે. બાઘની ગુફાઓ મધ્યપ્રદેશના ગ્વાલિયરના વિંધ્યપર્વતની શૃંખલામાં પથ્થરમાં બૌદ્ધ વિહાર મળે છે.

**2.3.6 મંદિર સ્થાપત્ય**

ભારતમાં મંદિર નિર્માણની પરંપરા પણ વર્ષોથી છે. વૈદિક સાહિત્યમાં તથા શતપથ બ્રાહ્મણ અને આય સ્તમ્બ શ્રોત સૂત્રમાં યજ્ઞ શાળાને ચટાઈથી ચારે બાજુથી ઢાંકવાનો ઉલ્લેખ છે. તેમાં તૈતિરીય સંહિતામાં આ પ્રકારને સ્થાનને ગર્ભગૃહ કહેવામાં આવે છે. મંદિર સ્થાપત્ય ધાર્મિક પ્રયોજન માટે છે. તેના વિશે વિષ્ણુ ધર્મોતર પુરાણમાં પણ ઉલ્લેખ છે. ગુપ્ત કાલમાં મંદિરોનું નિર્માણ થયેલું તેના પુરાવાઓ મળ્યા છે. ગોપનું મંદિર, મધ્યભારતમાં આવેલ અજયગઢના નચનામાં આવેલું પાર્વતી મંદિર, નગોડ ખાતેના ભૂમરામાં આવેલું શિવ મંદિર, બીજાપુર જિલ્લામાં ઐહોલ ખાતે આવેલું લાડખાનું મંદિર, ભીતર ગાવનું ઈંટેરી મંદિર ઊંચું પિરામિડ જેવુ છે. બોધ ગયાનું મહાબોધિ મંદિર ઈંટોનું બનેલું છે. ગુપ્તકાલીન મંદિર : ગુપ્ત કાળમાં ઈંટો દ્વારા નિર્માણ પામેલ મંદિરો સ્થાપત્ય કલાના સવર્શ્રેષ્ઠ ઉદાહરણ છે. કાનપુર પાસે ભીતર ગાવમાં વિષ્ણુ મંદિર, બરેલીનું શિવ મંદિર, સિરપુરનું લક્ષ્મણ મંદિર, સાંચીનું મંદિર, ભૂમરાનું શિવ મંદિર, દેવગઢનું દશાવતાર મંદિર મહત્વના છે. ગુપ્તકાલીન મંદિરોના લક્ષણોમાં ૧. આગળ સ્તંભ યુક્ત છીછરો મુખ મંડપ ધરાવતું સપાટ છાવણવાળું ચોરસ મંદિર, ૨. ગર્ભગૃહની આસપાસ ઢાંકેલા પ્રદક્ષિણા પથવાળા અને આગળ

સ્તંભ યુક્ત મુખ મંડપ ધરાવતું નીચા અને બેઠા ઘાટનું શિખરવાળું ચોરસ મંદિર, ચાંપાકાર પછીતને નળાકાર છાવણવાળું ચોરસ મંદિર.

ચાલુક્ય મંદિરો :

દક્ષિણ ભારતમાં પણ મંદિર નિર્માણની પ્રવૃત્તિ થઈ હતી. તેમાં મુખ્યત્વે બીજાપુર જિલ્લાના ઐહોલ, બાદામી હતા. બાદામીના મંદિરોમાં મહાકુટેશ્વરનું મંદિર અને માલગીટ્ટી શિવાલય મહત્વના છે.

**2.3.7 કિલ્લાઓ (દુર્ગો)**

અર્થશાસ્ત્ર પ્રમાણે કિલ્લો શહેરની ફરતે હોય છે. કિલ્લો ત્રણ પહોળી ખાઈઓથી વીટળાયેલો હોય છે. ખાઈની અંદર માટી ભરેલી હોય છે.

**2.3.8 પ્રાસાદ (મહેલ)**

અશોકનો મહેલ પાટલીપુત્રમાં હતો. તેનું વર્ણન મેગસ્થનિસે કરેલું છે. મહેલમાં હંમેશા ચિત્રશાળા, સંગીતશાળા, નાટ્ય મંડપ કરવામાં આવતા. ગુપ્તકાલમાં વૈષ્ણવ ધર્મના મંદિરોનું નિર્માણ થયું. શરૂઆતમાં મંદિરો સપાટ છતવાળા, વર્ગાકાર ગર્ભગૃહ અને આગળ સ્તંભવાળો અર્ધ મંડપની યોજના હતી. તેના પછી ઊંચા અને ગર્ભગૃહ અને અર્ધ મંડપ તથા વચ્ચે સભામંડપ અને અંતમાં શિખર બનતું.

વાસ્તુવિદ્યા સંબંધિત બૃહતસંહિતા વગેરે પ્રાચીન શાસ્ત્રોમાં મંદિર, વાસ્તુની માત્ર બે શૈલીઓ હતી. તેમાં નાગર અને દ્રવિડનો ઉલ્લેખ છે. જેમાં માનસાર, મય મત, કશ્યપ, શિલ્પ, તંત્ર સમુચ્ચય, ઈશાન શિવ ગુરુદેવ પદ્ધતિ વગેરે ગ્રંથોમાં નાગર અને દ્રવિડની સાથે વેસર નામની એક અન્ય શૈલીનો ઉલ્લેખ મળે છે.

નાગર શૈલી જે આરી પરંપરા, વિશ્વકર્મીય પરંપરા અથવા ઉત્તર ભારતીય પરંપરા પણ કહેવામાં આવે છે. વિસ્તારના મુખ્ય રૂપમાં ઉતરાપથમાં હિમાલયથી લઈ વિંધ્યપર્વત સુધી વિસ્તાર હતો. ઉતરાપથમાં નાગરશૈલીમાં અનેક મંદિર કાલંજર, દેવગઢ, ખજુરાહો, ભેડાઘાટ, અજયગઢ, આબાનેરી, ઓસિયા, દેલવાડા, ગોપ, પ્રભાસ પાટણ, મોઢેરા, વૈજનાથ વગેરે સ્થાને આવેલ મંદિરો મહત્વના છે. દ્રવિડ શૈલીના મંદિરમાં આર્ય પરંપરા, મધ્ય પરંપરા, દક્ષિણ ભારતીય પરંપરા કહેવામાં આવે છે. આ વિસ્તાર દક્ષિણ ભારતમાં કૃષ્ણા નદીથી લઈ કન્યા કુમારી સુધી તેમ ઈલોરા, મહાબલીપુરમ, કાંચીવરમ, ગુંડિમલ્લમ, તંજોર વગેરે દ્રવિડ શૈલીના મંદિરો સામાન્ય રીતે વિશાળ પ્રાંગણમાં નિર્માણ કરવામાં આવતા શિખર, વિશાળ પ્રવેશ દ્વાર, જેના દ્વારા દ્રવિડ શૈલીનું મંદિરને ઓળખી શકાય. વેસર શૈલી એ નાગર અને દ્રવિડ શૈલીની મિશ્રિત આ પરવર્તી ચાલુકયોના સમયમાં વિકસિત થઇ.

**તમારી જાતે તપાસો :**

૧. શિલ્પકલા એટલે શું?

૨. સ્થાપત્યકલા એટલે શું?

૩. પ્રાચીન ભારતમાં શિલ્પ માટેની વિવિધ સામગ્રીની ચર્ચા કરો.

૪. વૈદિક યુગના શિલ્પો વિશે ચર્ચા કરો.

## 2.4 સારાંશ

આમ, પ્રાચીન ભારતીય શિલ્પ અને સ્થાપત્ય કલામાં ઉપરોક્ત મુજબ જોઈએ તો શિલ્પ એ ઘાટ આપવાની કલા છે. પ્રાચીન ભારતમાં શિલ્પોના નિર્માણમાં વિવિધ પદાર્થો, સામગ્રીનો સમાવેશ થતો. સમયાંતરે શિલ્પોના વિવિધ વિષયોનો સમાવેશ થતો. પ્રાચીન ભારતમાં વિવિધ તબક્કા મુજબ શિલ્પોના અવશેષો પ્રાપ્ત થયા છે. હડપ્પા સંસ્કૃતિથી લઈને ગુપ્ત યુગ સુધીના શિલ્પકલાના વિવિધ નમુનાઓ પ્રાપ્ત થયા છે. પ્રાચીન ભારતીય સ્થાપત્યકલામાં પણ હડપ્પા સંસ્કૃતિમાં વાસ્તુકલાનો વિકાસ થયેલો જણાય છે. હડપ્પા સંસ્કૃતિના જે સ્થળોનું ઉત્ખનન કરવામાં આવેલું તેના દ્વારા જે નગરો મળ્યા છે. તેની વ્યવસ્થા અને બાંધકામ દ્વારા ખ્યાલ આવે છે. વૈદિક સાહિત્યમાં વિવિધ ઉલ્લેખો મળે છે. મૌર્યયુગ અને ગુપ્તયુગમાં વિવિધ સ્તૂપો, ભવનો, વિહારો, ચૈત્યો, મંદિરોના નિર્માણ દ્વારા, ગુફાઓ દ્વારા પ્રાચીન ભારતીય સ્થાપત્ય કલા કેટલી સમૃદ્ધ હતી તેનો પરિચય મળે છે.

## 2.5 ચાવીરૂપ શબ્દો

- શાલભંજિકાઓ - પૂતળીઓ
- નિષ્ક – હાર
- કુટીર- ભોગટીકા
- કુંભ - સિરનું આભૂષણ

## 2.6. બહુવૈકલ્પિક પ્રશ્નો

૧. ઘાટ આપવાની કલાને કયા નામે ઓળખવામાં આવે છે.

(A) ચિત્રકલા (B) યુદ્ધકલા

(C) શિલ્પકલા (D) નૃત્યકલા

૨. મીરજાપુર જિલ્લાના ચુનારમાંથી કોના સમયના શિલ્પો મળ્યા છે. ?

(A) ચંદ્રગુપ્ત મૌર્ય (B) બિંદુસાર

(C) અશોક (D) કનિષ્ક

૩. પ્રાચીન ભારતીય શિલ્પકલામાં વિવિધ વિષયોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે.

(A) પશુ-પંખી (B) વૃક્ષ

(C) પુષ્પ (D) ઉપરના તમામ

૪.ઇન્દ્ર, વરુણ, સૂર્ય વગેરે દેવો વિશે વર્ણન વૈદિક સાહિયમાં કયા વેદમાં આપ્યું છે.

(A) ઋગ્વેદ (B) સામવેદ

(C) યજુર્વેદ (D) અથર્વવેદ

૫. અશોકના સમયમાં બૌદ્ધ ધર્મની પૂજા માટે કયા સ્થાપત્યનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

(A) સ્તૂપ (B) વિહાર

(C) મંદિર (D) મસ્જિદ

૬. ઓરિસ્સામાં આવેલી ખંડગિરિ તથા ઉદયગિરિ નામની પર્વતમાળામાં કોતરાયેલ કેટલી ગુફાઓ છે.

(A) પાંત્રીસ (B) ત્રીસ (C) પંદર (D) દશ

૭. અશોકનો મહેલ પાટલીપુત્રમાં હતો તે વિશેનું વર્ણન કયા ગ્રંથમાં કરવામાં આવેલું છે.

(A) અર્થશાસ્ત્ર (B) ઇન્ડિકા

(C) ત્રિપિટક (D) દિવ્યવદાન

**ઉત્તરોઃ** ૧. (C) શિલ્પકલા ૨. (C) અશોક ૩. (D) ઉપરના તમામ
૪. (A) ઋગ્વેદ ૫. (A) સ્તૂપ ૬. (A) પાંત્રીસ
૭. (B) ઇન્ડિકા

## 2.7. સ્વાધ્યાય

૧. શિલ્પકલાના વિવિધ સાહિત્યમાં ઉલ્લેખો વિશે ચર્ચા કરો.

૨. શિલ્પના પ્રકારો જણાવો.

૩. મૌર્યયુગ દરમ્યાન શિલ્પકલાના વિકાસ વિશે જણાવો.

૪. મૌર્યકાલીન સ્થાપત્યકલા વિશે ચર્ચા કરો.

૫. ગુપ્તકાલીન મંદિર વિશે ચર્ચા કરો.

## 2.9. સંદર્ભ અને વિશેષ વાચન


- પરીખ પ્રવીણચંદ્ર, ભારતીય પ્રાચીન શિલ્પકલા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય અમદાવાદ, ૧૯૭૮.
- શાહ, પ્રિયબાળા, પ્રાચીન ભારતીય શિલ્પકલા અને સ્થાપત્ય, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, ૧૯૬૮.

- ખાન એમ. એ, ભારતીય કલા, સંસ્કૃતિ એવમ વિરાસત, આદિ પબ્લિકેશન્સ, જયપુર, ૨૦૧૧.
- ઉપાધ્યાય ભગવત શરણ, ભારતીય કલા કા ઇતિહાસ, પીપુલ્સ પબ્લિશિંગ હાઉસ, નવી દિલ્લી, ૧૯૮૧.
- દેસાઇ રમણલાલ વસંતલાલ, ભારતીય સંસ્કૃતિ એક વિહંગાવલોકન, પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરા, ૧૯૫૪.
- વાજપેયી કુસુમ, પ્રાચીન ભારત કા ઇતિહાસ, વાસ્તુકલા એવમ સંસ્કૃતિ, ઈશિકા પબ્લિશિંગ હાઉસ, જયપુર, ૨૦૧૩.
- શ્રી વાસ્તવ, પંકજ લતા, પ્રાચીન ભારત, એક્સિસ પબ્લિકેશન્સ, નવી દિલ્લી, ૨૦૧૧.
- ગોયલ પ્રીતિપ્રભા, ભારતીય સંસ્કૃતિ, રાજસ્થાની ગ્રંથાગાર જોધપુર, ૨૦૦૮.
- વેદાલંકાર હરીદત્ત, ભારત કા સાંસ્કૃતિક ઇતિહાસ, આત્મારામ એન્ડ સન્સ, નવી દિલ્લી, ૨૦૦૮.

**એકમ - 3**

# પ્રાચીન ભારતમાં ચિત્રકલા

## :: રૂપરેખા ::


**3.0** ઉદ્દેશો

**3.1** પ્રસ્તાવના

**3.2** પ્રાચીન ભારતીય ચિત્રકલા

  **3.2.1**. ચિત્રકલાની વ્યાખ્યા

**3.3** ચિત્રકલાના અંગો

**3.4** ચિત્રકલાના પ્રકારો

**3.5** પ્રાચીન ભારતીય ચિત્રકલાના સ્રોત

**3.6** પ્રાચીન ભારતીય સાહિત્યમાં ચિત્રકલાનો ઉલ્લેખ

**3.7** પ્રાગૈતિહાસિક ચિત્રકલા

  **3.7.1.** પ્રાગૈતિહાસિક ચિત્રકલાના વિષયો

**3.8** ભિમબેટકાના ચિત્રો

**3.9** હડપ્પીય સભ્યતામાં ચિત્રકલા

**3.10** વેદકાલીન ચિત્રકલા

**3.11** બૌદ્ધ કાલીન ચિત્રકલા

  **3.11.1.** ગુપ્તકાલીન ચિત્રકલા

  **3.11.2.** અજંતાની ગુફામાં આવેલ ચિત્રકલા

  **3.11.3.** બાઘની ગુફાના ચિત્રો

  **3.11.4.** બાદામી ગુફાના ચિત્રો

  **3.11.5.** ઈલોરાની ગુફામાં આવેલ ચિત્રો

  **3.11.6.** સિતનવાસન ગુફાના ચિત્રો

તમારી જાતે તપાસો

**3.12** સારાંશ

**3.13** ચાવીરૂપ શબ્દો

**3.14** બહુવિકલ્પીય પ્રશ્નો

### 3.15 સ્વાધ્યાય

### 3.16 સંદર્ભ અને વિશેષ વાચન

## 3.0 ઉદ્દેશો

આ એકમમાં પ્રાચીન ભારતમાં ચિત્રકલાના ઉદેશ્ય આ પ્રમાણે છે.

- પ્રાચીન ભારતીય ચિત્રકલાનો પરિચય કેળવવો.
- પ્રાચીન ભારતીય ચિત્રકલાના વિષયો અને વિશેષતાઓ વિશે જાણકારી મેળવવી.
- પ્રાચીન ભારતીય ચિત્રકલામાં પ્રાગૈતિહાસિક ચિત્રકલા વિશે માહિતી પ્રાપ્ત કરવી.
- પ્રાચીન ભારતીય ચિત્રકલામાં અજંતાની ચિત્રકલા વિશે જાણકારી મેળવવી.
- ભિમબેટકાના શૈલ ચિત્રો વિશે જાણકારી મેળવવી.

## 3.1 પ્રસ્તાવના

પ્રાચીન ભારતીય કલાઓમાં વિવિધ પ્રકારની કલાઓ વિશે ચર્ચા કરવામાં આવેલી છે. વિવિધ સાહિત્યિક પુરાવાઓ અને પુરાવશેષિય પુરાવાઓના આધારે પ્રાચીન ભારતમાં કઈ કઈ કલાઓ અસ્તિત્વ ધરાવતી હતી અને ઉદ્ભવ થયો હતો તેના વિશે માહિતી પ્રાપ્ત થાય છે. ભારતીય ચિત્રકલાના ઇતિહાસમાં પ્રાગૈતિહાસિક યુગથી શરૂ કરી તબક્કા મુજબ અલગ અલગ શૈલીમાં ચિત્રોનું આલેખન થયેલ જોવા મળે છે. પ્રાગૈતિહાસિક યુગથી ચિત્રોના નમૂના આપણને પ્રાપ્ત થયા છે. ભારતમાં ચિત્રકલાને સમજવા માટે પ્રાપ્ત થયેલ વિવિધ સ્થળોથી ભીતચત્રો જે ખૂબ જ મહત્વના સાબિત થયા છે. ભિમબેટકાના શૈલચિત્રો, અજંતાની ચિત્રકલા, હડપ્પીય સંસ્કૃતિ દરમ્યાન વાસણો પર અંકિત ચિત્રો, વિવિધ ગુફાઓમાં દીવાલ પર અંકિત કરેલ ચિત્રોએ ભારતીય ચિત્રકલાનો વિકાસ બતાવે છે. ચિત્રકલાના છ અંગોમાં રૂપભેદ, પ્રમાણ, ભાવ, લાવણ્ય યોજના, સાદશ્ય, વર્ણિકાભંગ મહત્વના છે. ભારતીય ચિત્રકલાની વિશેષતાઓમાં ધાર્મિકતા, અંતઃ પ્રકૃતિના યોગી- સાધકની દૃષ્ટિએ અંકન, યોગ પૂજન, માનવેતર પ્રકૃતિનો સમન્વય તથા મુદ્રાઓ, સામાન્ય પાત્રો, અલંકારિતા, નામ, રેખા તથા રંગ વગેરે ભારતીય ચિત્રકલાની વિશેષતા રહી છે.

## 3.2 પ્રાચીન ભારતમાં ચિત્રકલા

પ્રાચીન ભારતીય ચિત્રકલા વિશે પરિચય મેળવવા માટે તે વિશે સૌ પ્રથમ તેની વ્યાખ્યા, ચિત્રકલાના અંગો, ચિત્રકલાના વિષયો અને પ્રકાર, ચિત્રકલાની વિશેષતાઓ વિશે પણ જાણવું જરૂરી છે તેના વિશે આ પ્રમાણે છે.

### 3.2.1. ચિત્રકલાની વ્યાખ્યા

ચીનુભાઈ નાયક લિખિત ''ભારતીય ચિત્રકલા એક રૂપરેખા'' પુસ્તકમાં ઉલ્લેખ કર્યા મુજબ ચિત્ર એટલે **चिंत त्रायते इति चित्रम** એટલે કે ચિતનું રક્ષણ કરે તે ચિત્ર. ''અમરકોશ''ના ટીકાકાર ભાનુજી દીક્ષિત અને બીજા ટીકાકારોના મત કહે છે કે **चितं राति इति चित्रम** એટલે કે ચિતને ગ્રહણ અથવા આકર્ષણ કરે તે ચિત્ર. ''વિષ્ણુધર્મોતર'' પુરાણમાં ચિત્ર કર્મમાં એવો યત્ન કરવો કે જેથી ચિત્ર આકર્ષણ થઈ શકે. આ ઉપરથી એમ કહી શકાય કે ચિત્રકાર પોતાના હૃદયના ભાવોને ચિત્રકલામાં વ્યક્ત કરીને આપણાં ચિત્તને આકર્ષે છે. ચિત્ર જોનાર ભાવક પણ રસાનુભવ કરી પરમ આનંદની પ્રાપ્તિ કરે છે.

ચિત્રકલાની વ્યાખ્યામાં મનુષ્ય જયારે પોતાના હૃદયની ભાવનાઓ રેખાઓ દ્વારા પ્રગટ કરે છે તથા તેમાં સુંદરતાની છાપ હોય તેને સાધારણ બોલચાલની ભાષામાં ચિત્રકલા કહેવામાં આવે છે.

ચિત્રકલામાં કાગળ, કપડાં તથા લાકડા પર બ્રશ, રંગ, કૂચડો, તુલિક વગેરેથી ચિત્ર અંકિત કરી કલાકાર પોતાની આંતરિક ભાવનાઓ અને કલ્પનાઓ દ્વારા કલાની અભિવ્યક્તિ કરે છે. અહી ચિત્ર અથવા અભિવ્યક્તિ માનવને વધુ પ્રભાવિત કરે છે. પ્રાચીનકાળથી શરૂ કરી આધુનિકકાળ સુધી નર-નારી, પ્રકૃતિના ચિત્રોને આકર્ષિત રૂપમાં બનાવવામાં આવ્યા છે. પ્રાકૃતિક સૌંદર્ય જીવનના પ્રત્યેક ક્ષણે વિભિન્ન ચિત્ર કલાકારની કલ્પનાને સાકાર કરે છે. કેટલાક ચિત્રોમાં એટલી સ્વાભાવિક્તા અને વાસ્તવિકતા હોય છે. જે સાધારણ દર્શક એને વ્યાવહારિક જીવનમાં સમજવા લાગે છે. અજંતા તથા ઈલોરાની ગુફાઓ, રાજપૂતોની કલા, મુગલ શૈલી, પહાડી શૈલીમાં ચિત્ર ચિત્રકલાના ઉત્તમ ઉદાહરણ છે.

## 3.3 ચિત્રકલાના અંગો

ભારતીય ચિત્રકલાના હાર્દ સમજવા માટે ચિત્રકલાના આવશ્યક અંગો સમજવા પણ મહત્વના છે તેમાં છ અંગો વિશે વાત્સ્યાયનના કામ સૂત્ર ઉપરથી જય મંગલા ટીકામાં જોવા મળે છે. તેમાં રૂપભેદ, પ્રમાણ, ભાવ, લાવણ્ય યોજના, સાદૃશ્ય અને વર્ણિકાભંગ આ ચિત્રકલાના છ અંગો છે. આ છ અંગો વિશે જોઈએ તો : રૂપભેદ એટલે રૂપનો ભેદ, પ્રમાણ એટલે વસ્તુ તથા વિષયનું અનુપાત, ભાવ એટલે રંગોની સાથે ચમક અને પ્રકાશનું નિર્માણ, લાવણ્ય યોજના એટલે ભાવનાઓની શાલીનતા, સાદૃશ્ય વિધાન એટલે વિષયની સાદૃશ્યતાનું ચિત્રણ, વર્ણિકાભંગ એટલે મોડલિંગના પ્રભાવથી સામ્યતા માટે લીધેલ રંગોનું મિશ્રણ.

### 3.4 ચિત્રકલાના પ્રકાર

પ્રાચીન ભારતીય ચિત્રકલાના પ્રકારમાં જોઈએ તો ભીત ચિત્ર, ચિત્ર પટ્ટ, ચિત્ર ફલક આ ત્રણ પ્રકાર મહત્વના હતા. તેમ ભીત ચિત્ર એટલે જે દીવાલો પર બનાવવામાં આવતા અને વિશેષ રૂપે જોઈએ તો અજંતાની ચિત્રાવલી તેનું ઉત્તમ ઉદાહરણ છે. ચિત્ર પટ્ટ એટલે જે કપડાં પર અને ચામડા પર બનાવવામાં આવતા અને તેને લપેટીને રાખતા ક્યારેક ક્યારેક દીવાલ પર ટીંગાડવામાં આવતા. ચિત્ર ફલક એટલે જે લાકડું, કિંમતી પથ્થર, હાથીદાંત પર ચિત્ર બનાવવામાં આવતા. આમ, પ્રાચીન ભારતમાં ચિત્રકલા એ વિવિધ પ્રકારે જોવા મળતી હતી.

### 3.5 પ્રાચીન ભારતીય ચિત્રકલાના સ્રોત

ભારતીય ચિત્રકલાના વિવિધ સ્રોત દ્વારા ઇતિહાસ જાણી શકાય છે. તેમાં ધાર્મિક ગ્રંથ, ઐતિહાસિક ગ્રંથ, શિલાલેખ, સિક્કા-મુદ્રાઓ, પ્રાચીન ખંડેરો, યાત્રીઓના વૃતાંત, આત્મકથા, રાજાઓનો ઇતિહાસ વગેરેનો સમાવેશ થાય છે.

ધાર્મિક ગ્રંથોમાં જેવા કે વેદ, પુરાણ, ઉપનિષદ, રામાયણ, મહાભારત, જૈનો તથા બૌદ્ધો દ્વારા લિખિત પ્રાચીન ગ્રંથ જે તે સમયમાં રચના થઈ હોય તેના દ્વારા માહિતી પ્રાપ્ત થાય છે. રામાયણ, મહાભારત, બૌદ્ધ કથાઓમાં કલાની ચર્ચા કરવામાં આવી છે. ઐતિહાસિક ગ્રંથોમાં પ્રાચીનકાળમાં રાજા દ્વારા પોતાના રાજકાળ દરમ્યાનની ઘટનાઓ લખાવવામાં આવતી. પ્રાચીન પુસ્તકો તથા લેખ નષ્ટ થઈ ચૂક્યા છે પરંતુ અનેક એવા આધારો છે જેના દ્વારા કલા વિષયક જ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે.

શિલાલેખ- શિલાઓ પર અંકિત શિલાલેખોમાં પ્રાચીન લેખ બાંદામી, અજંતા, બાઘ વગેરે ગુફાઓમાંથી પ્રાપ્ત થયા છે. જેમાં કલાની વિવિધ શૈલીઓ વિશે માહિતી મળે છે. મહારાજા અશોકના સમયમાં એક લેખ અલાહાબાદના કિલ્લામાંથી પ્રાપ્ત થયેલ જેમાં મૌર્ય કાલીન મૂર્તિકલા વગેરે વિષય સબંધિત માહિતી છે.

### 3.6 પ્રાચીન ભારતીય સાહિત્યમાં ચિત્રકલાનો ઉલ્લેખ

ભારતીય ચિત્રકલાનો ઇતિહાસ જાણવા માટે જે ચિત્રો પ્રાપ્ત થયા છે. તેમાં ચિત્રકલાનો ઉલ્લેખ છે તેવા સાહિત્યમાં "ચિત્રલક્ષણ" ચિત્રકલાના જન્મ સબંધિત ભારતમાં એક સુંદર પૌરાણિક કથા પરંપરાગત રૂપથી પ્રચલિત છે. જે ગ્રંથનું નામ છે ચિત્ર લક્ષણ. આ ગ્રંથ તિબેટમાં તંજૂર ગ્રંથમાળા અંતર્ગત પ્રકાશિત થયેલ. આ ગ્રંથમાં વિશ્વકર્મા તથા રાજા નગ્નજિત જે (ગાંધાર સીમા પ્રાંત) દ્વારા નિર્દિષ્ટ ચિત્રકલાના લક્ષણોનો સંગ્રહ છે. આ ગ્રંથમાં પ્રથમ અધ્યાયમાં જણાવ્યા પ્રમાણે રાજા નગ્નજિત જે

વિશ્વકર્માનો શિષ્ય હતો. બ્રહ્મા સમક્ષ જયારે રાજાએ ચિત્ર વિદ્યાની દીક્ષા લેવાની ઈચ્છા પ્રગટ કરી ત્યારે બ્રહ્માએ વિશ્વકર્મા પાસે તેને ચિત્ર વિદ્યા શીખવા કહ્યું.

ઋગ્વેદમાં ચામડા પર બનાવેલ અગ્નિ દેવતાના ચિત્રનો ઉલ્લેખ છે. મહાભારતમાં ઉષા-અનિરુદ્ધની એક સુંદર પ્રેમકથાના પ્રંસગમાં ચિત્રકથાનો ઉલ્લેખ છે. રામાયણકાળમાં ચિત્ર, વાસ્તુ, સ્થાપત્ય કલાનો વિકાસ થયો. તેના વિશે રામાયણના વિવિધ કાંડમાં તેનો ઉલ્લેખ છે. વ્યાકરણ આચાર્ય પાણિની કૃત અષ્ટાધ્યાયીમાં રાજયોના અંક અને લક્ષણોના પ્રંસગોમાં પશુ, પક્ષી, વૃક્ષ, પર્વત વગેરેના લક્ષણોની ચર્ચા કરવામાં આવેલી છે. આચાર્ય ભરતમુનિ રચિત ''નાટ્યશાસ્ત્ર''માં કલાઓ સબંધિત ચર્ચા કરેલી છે તેમ રંગો વિશે ચર્ચા કરેલી છે. કાલિદાસ કૃત ''મેઘદૂત'' નામના ગ્રંથમાં વિરહણી યક્ષણી દ્વારા પોતાના પ્રવાસી સ્વામીની યક્ષના ચિત્ર બનાવવાની ચર્ચા છે. પાલીભાષામાં બૌદ્ધ ગ્રંથ વિનયપિટકમાં રાજા પસેનિદના ચિત્રિત રંગમહેલનું વર્ણન આવેલું છે. આ મહેલોમાં મોટા ચિત્રકારો પણ હતા. જે રંગીન આકૃતિઓ તથા અલંકારિક આલેખનોથી સુસજ્જિત હતો.

## 3.7 પ્રાગૈતિહાસિક ચિત્રકલા

ભારતીય ચિત્રકલાના જુદા જુદા તબક્કા જોવા મળે છે. પ્રાગૈતિહાસિક યુગમાં ચિત્રો મોટા ભાગે પથ્થરની ગુફાઓમાં આલેખાયેલા છે. પુરાપાષાણકાલ અને મધ્યપાષાણ કાળમાં માનવ પથ્થરનો પ્રયોગ કરતાં હતા. માનવો ઓજારો અને હથિયારોમાં પાષાણની સાથે લાકડી તથા માટીનો પ્રયોગ કરતાં હતા. ઉત્તર પાષાણ કાળમાં માનવ કયા ક્ષેત્રમાં કેટલી પ્રગતિ કરી; તે આજે પણ જોઈ શકાય છે. આ કાળમાં અવશેષો ઓછા મળે છે. કેટલાક મળે છે તેનાથી સ્પષ્ટ થાય છે કે માનવે ચિત્રકલામાં ઘણી પ્રગતિ કરી હતી. જેના ઉત્તમ ઉદાહરણ બેલારી, હોશંગાબાદ, રાયગઢ, સિહનપુર, બુંદેલખંડ, મીરજાપુર, હરણી હરણ, બુઢાર, બિહાર વગેરે સ્થાનથી મળેલ નમુનાઓ દ્વારા પ્રાપ્ત થાય છે. રમણલાલ દેસાઇ લિખિત પુસ્તક ''ભારતીય સંસ્કૃતિ-એક વિહંગાવલોકન''માં ઉલ્લેખ મુજબ પ્રાગૈતિહાસિક ચિત્રકલામાં ભારતીય પ્રાચીન માનવીમાં અન્ય દેશોની માફક કલાભાવના પણ ખીલી હતી. એમ ગુફાની દીવાલો પરના ચિત્રો અને કોતરકામ કહી આપે છે. ગુફામાં પ્રાચીન ચિત્રકલાના નમૂના ઠીક પ્રમાણમાં આપણને મળી આવ્યા છે. દક્ષિણમાં વાઈનાડની ઇડાકલ ગુફાઓ વાયવ્ય સરહદ ઉપર આવેલી કૈમૂર પર્વતની ગુફાઓ, કલાટ પાસેની બલૂચિસ્તાનની ગુફાઓ, મીરજાપુર પાસેના પર્વતો ઉપરના કોતરેલા ચિત્રો, બેલારીના કોતરેલા ચિત્રો, બુંદેલખંડ તથા વાઘેલખંડ સરખા મધ્ય ભારતના

પ્રદેશોમાંની ગુફાઓના ચિત્રકામ, કે ચિત્રરચના પ્રાગૈતિહાસિક મનુષ્યની કલાના નમૂના તરીકે મહત્વનું સ્થાન ધરાવે છે.

### 3.7.1 પ્રાગૈતિહાસિક ચિત્રકલાના વિષયો

ભારતીય પ્રાગૈતિહાસિક ચિત્રકલાના વિષયોમાં જોવા જઈએ તો આ સમય દરમ્યાન ભારતીય ચિત્રકલાની પ્રાથમિક અવસ્થા હતી. ચિત્રોના વિષયો પણ મર્યાદિત હતા તેમ શિકારની શોધમાં ઓજારો અને હથિયારો સાથે ફરતા મનુષ્યોના ચિત્રો, પશુઓને ભાલા, તીર અથવા બરછીથી વીંધતા હોય તેવા ચિત્રો ગુફાઓની દીવાલો પર, છત પર દોરવામાં આવતા.

પ્રાગૈતિહાસિક કાળમાં ચિત્રકારનો ઉદેશ્યમાં માનવ પોતાની આસપાસનું વાતાવરણની સ્મૃતિ બનાવી રાખવા માટે પોતાના વિજયને ઇતિહાસમાં મૂર્તરૂપ દેવાના ઉદેશ્યથી ચિત્રકૃતિઓનું નિર્માણ કરવામાં આવેલ. તે શિકાર કરતાં પહેલા પશુઓના ચિત્ર બનાવતો ત્યારબાદ શિકાર કરતો તેને તેમાં સફળતા મળતી. તેને વિશ્વાસ હતો કે જે પશુનું ચિત્ર દોરે છે તે શિકારના સમયે તેના પાસે સરળતાથી આવી શકે છે. એવા ચિત્રો પણ મળ્યા છે જેમાં તીર, ભાલા, અથવા માર્યા ગયેલા પ્રાણીઓને દર્શાવવામાં આવ્યા છે. શિકાર કરવા જતાં પહેલા શિકારી પ્રાણી ઉપર કેવી રીતે હુમલો કરતો તેવા ચિત્રમાં ચિત્રિત કરેલ પ્રાગૈતિહાસિક કાળના ચિત્રો મળે છે જે લગભગ લાલ, કાળા અને પીળા, સફેદ રંગથી બનેલા છે.

## 3.8 ભિમબેટકાના ચિત્રો

મધ્યપ્રદેશની રાજધાની ભોપાલથી લગભગ ૪૦ કિ.મી. દક્ષિણમાં ભિમબેટકા નામ પહાડમાં પ્રાચીન ગુફાઓ પ્રાપ્ત થઈ છે. ભિમબેટકા શૈલચિત્રોના સ્થળને યુનેસ્કો દ્વારા ૨૦૦૩માં વિશ્વ વારસાના સ્થળ તરીકે ઘોષિત કરેલ છે. ભિમબેટકાના બનાવેલા ચિત્રો ઉત્તર પાષાણ કાલીન, મધ્ય પાષાણ કાલ, તામ્ર પાષાણ કાળ, પ્રારંભિક ઐતિહાસિક અને મધ્ય યુગકાળ સબંધિત છે. મોટાભાગના ચિત્રો મધ્ય પાષાણ કાળ સબંધિત છે. આ ચિત્રોમાં સામાન્ય રીતે માનવ આકૃતિઓમાં પ્રાગૈતિહાસિક માનવના દિન - પ્રતિદિન જીવનને દર્શાવવામાં આવ્યું છે. વિવિધ પ્રકારના પશુઓમાં જેવા કે હાથી, જંગલી ભેંસ, હિરણ, મોર, સાપ, ચિત્રિત કરેલ છે. ચિત્રકલામાં શિકારના દશ્યો અને પશુઓના યુદ્ધના દશ્યો પણ દર્શાવ્યા છે. જેમાં મનુષ્યો દ્વારા ધનુષ, તીર, ભાલા, ઢાલ, તલવાર જેવા હથિયારો ધારણ કરેલ દર્શાવ્યા છે. ચિત્રકલાના વિષયવસ્તુમાં નૃત્ય, સંગીત, વગાડવું, પશુઓની લડાઈ, બાળકો રમતા હોય, ભોજન બનાવતી મહિલાઓ, સમૂહમાં નૃત્ય કરતાં હોય એવા સામાજિક જીવન સબંધિત ચિત્રો અંકિત કરેલા છે.

## 3.9 હડપ્પીય સભ્યતામાં ચિત્રકલા

હડપ્પીય સંસ્કૃતિમાં ચિત્રકલામાં માટીના વાસણો પરના ચિત્રો મહત્વના છે. હડપ્પીય સંસ્કૃતિના ભારતમાંથી જે સ્થળો મળ્યા છે તેમાં માટીના વાસણો પ્રાપ્ત થયા છે. લોથલમાંથી મળેલા માટી પાત્રો પર ચીતરવા માટેના રંગો, ગેરુ, ખડી અને કાળા કાથાનો ઉપયોગ થતો. રંગોને પાણી સાથે મેળવી પ્રવાહી બનાવીને હાથના આંગળાથી લૂગડાનું પોતું બોળીને તેમજ અણીદાર દાંતા પર માથાના વાળ વીંટીને પીંછી બનાવી પાત્રની ઉપલી સપાટી પર જાડું પાતળું ચિતરામણ કરાતું. ગુજરાતમાં રંગપુર, લોથલ, રોજડી, લાખાબાવળ, સુરકોટડા, ધોળાવીરા વગેરે સ્થળોથી હડપ્પા સંસ્કૃતિના અવશેષો સારા પ્રમાણમાં મળ્યા છે. આદ્ય ઈતિહાસ કાળમાં ચિત્રોમાં સજીવ પ્રાણીઓ અને રેખાકીય આલેખન જોવા મળે છે. સજીવ સૃષ્ટિમાં મનુષ્યો અને પશુ પંખીનું આલેખન મહત્વનું છે. આ સમયની ચિત્રશૈલી, વિષયો તથા સામગ્રીની દૃષ્ટિએ જોઈએ તો એ સમયના માનવ જીવનના પ્રતિક છે. તેના વિષયોમાં મુખ્યત્વે જાનવર, તેનો શિકાર કરતાં મનુષ્યો, આંતરિક યુદ્ધ કરતાં મનુષ્યો વગેરેના ચિત્રો મહત્વપૂર્ણ છે. રમણલાલ વસંતલાલ દેસાઈ લિખિત ''ભારતીય સંસ્કૃતિ- એક વિહંગાવલોકન'' પુસ્તકમાં ઉલ્લેખ મુજબ હડપ્પીય સંસ્કૃતિ સમય દરમ્યાન મુદ્રા ચિત્રો આપણને જોવા મળે છે. ઘડિયાળના નામે આજે પણ ઓળખાતા નદીના મગરની છબી રેખાંકનોમાં સારા પ્રમાણમાં મળી આવે છે. એ પ્રાણી તે સમયે સિંધુ નદીમાં વસવાટ કરી રહ્યું હતું. રીંછ, વાનર, શ્વાન, ખિસકોલી અને પોપટના ચિત્રો પણ એ મુદ્રાઓમાં મળી આવે છે. મોટા શિંગડાવાળું હરણ તથા ટપકી શોભિત કાશ્મીરી સાબર પણ એમ દેખાય છે. ઉંદર, નોળિયો, ગરોળી, ઘો, કાંચિડા, કાચબાના ચિત્રો પણ સારા પ્રમાણમાં અંકિત થયેલા છે. માછલીના ચિત્રો પણ જોવા મળે છે. ઘેટાં, બકરા, ડુક્કર, કૂતરા, ઘોડો, નંદી, ઊંટ, વાઘ, ગેંડા, પાડા, હાથી અને બિલાડી પણ ચિત્રમાળામાં સ્થાન પામ્યા છે.

## 3.10 વેદકાલીન ચિત્રકલા

પ્રાચીન ભારતીય ચિત્રકલામાં વેદકાલીન ચિત્રકલા વિશે અહીં ચર્ચા કરવામાં આવી છે. જયારે અક્ષર જ્ઞાન નહોતું ત્યારે ચિત્રો દ્વારા એકબીજાને સંકેત કે સંદેશ આપવાનું કામ ચાલતું. જયારે પરિવારનો સભ્ય કયાંય જાય તો ચિત્રની મદદથી પોતાના પરિવારને માટે સંદેશ કે સંકેત છોડવામાં આવતો. જે પરિવારવાળા સમજી શકતા હતા. ચિત્રો દ્વારા સમજાવવાની પ્રથા આજે પણ ચાલુ છે. ચિત્રકલાનો ઉદ્ભવ યજ્ઞ વેદીઓની રેખા કૃતિઓથી થયો છે. જેનો આધાર ઋગ્વેદમાં કલાના મૂળ સ્રોત છે. ઋગ્વેદમાં ચામડા પર બનાવેલ અગ્નિ દેવતાના ચિત્રનો ઉલ્લેખ છે. આ ચિત્રને યજ્ઞની સામે લટકાવવામાં આવતા. યજ્ઞની પૂર્ણાહુતિ પછી ચિત્રને લપેટીને રાખવામાં

આવતા. ઋગ્વેદમાં ભૃગુઋષિના વંશજોને લાકડા પર કલાકારીમાં દક્ષ બતાવેલ. ભારતીય સંસ્કૃતિમાં ચાર વેદ એ મૂળ આધાર ગ્રંથો છે તેમાં વેદની સંહિતામાં ઉલ્લેખિત રાજવીઓ, નગરો અને અન્ય બાબતોના પુરાવશેષિય પુરાવા મળતા ન હોવાથી વેદની સંહિતાનો સમય આદ્ય ઇતિહાસ કાળનો મનાય છે. ચિત્રકલાનો ઉલ્લેખ વેદ સાહિત્યમાં યજ્ઞના કર્મકાંડ સાથે સંકળાયેલા છે. યજ્ઞ માટે વેદિ તૈયાર કરનાર યાજ્ઞિકો ચિત્રકાર્ય કરતાં હશે એમ મનાય છે. વેદકાલીન સમાજની ધર્મભાવનામાં યજ્ઞ કેન્દ્રસ્થાને હોવાની શક્યતા છે. ચિત્રકલાનો ધાર્મિક સબંધ યજ્ઞ સાથે જોડાયેલ છે.

## 3.11 બૌદ્ધકાલીન ચિત્રકલા

ભારતમાં બૌદ્ધકાલીન ચિત્રકલાનો પરિચય જોઈએ તો બૌદ્ધધર્મનો પ્રભાવ તથા પ્રસાર પ્રચાર શ્રીલંકા, જાવા, બર્મા, નેપાળ, તિબેટ , જાપાન, ચીન વગેરે દેશોની કલા પર પ્રત્યક્ષ રૂપથી પડયો. આ બધા જ દેશોમાં ચિત્રકલા, મૂર્તિકલા, અને વાસ્તુકલાના અવશેષોથી પ્રમાણિત થાય છે કે જયાં બૌદ્ધ ધર્મનો પ્રચાર થયો ત્યાં ત્યાં ચિત્રકાર પણ પ્રાપ્ત થયા. ભારત તથા પાડોશી દેશોમા ચિત્રકલા જોઈ શકાય છે. જેમ જેમ લોકોમાં બૌદ્ધ ધર્મ પ્રત્યે જિજ્ઞાસા વધતી ગઈ તેમ તેમ બૌદ્ધ ગુરુઓએ ચિત્રકલાને ધર્મના પ્રચાર હેતુ અપનાવવા લાગ્યા. લાંબા લાંબા પટ્ટ ચિત્રો પર ભગવાન બુદ્ધના જીવન કવન તથા ઉપદેશ અંકિત કરેલ છે. બૌદ્ધ સાધુ લાંબી યાત્રામાં તેને સરળતાથી વાળીને લઈ જઈ શકતા હતા. બૌદ્ધ સાધુઓએ તિબેટ, ચીન, જાપાનમાં ગૌતમ બુદ્ધના ધર્મ, જીવન તથા જ્ઞાનનો પ્રચાર-પ્રસાર કરવા માટે ભિક્ષુઓ દ્વારા પટ ચિત્ર વધુ માત્રામાં બનાવેલા તેનો ઉપયોગ કર્યો.

બૌદ્ધ કાલીન ચિત્રકલા નીચે પ્રમાણે વિવિધ સમય દરમ્યાન વિકાસ પામી તેની ચર્ચા કરવામાં આવી છે.

મૌર્ય કાલીન ચિત્રકલા - ભારતીય ચિત્રકલાના વિકાસમાં મૌર્યવંશ દરમ્યાન જે ચિત્રકલાનો વિકાસ થયો છે. અશોકના સમયમાં બૌદ્ધ ધર્મનો પ્રચાર પ્રસાર કરવા માટે ચિત્રકલાએ મહત્વનું માધ્યમ હતું. મૌર્યકાળમાં જોગિમારાની ગુફાઓનું નિર્માણ થયેલ. આ ગુફાઓ મધ્યપ્રદેશમાં સરગુજા રાજ્ય અંતર્ગત છે. આ ગુફાના ચિત્રો જોવાથી ખ્યાલ આવે છે કે આ ચિત્રોની શૈલી સમકાલીન ભરહુત અને સાંચીની મૂર્તિ કલા સાથે મળતી આવે છે. આ ગુફા ભીતચિત્ર એ ભારતીય ચિત્રકલાનું પ્રાચીન ઐતિહાસિક ઉદાહરણ છે. આ ચિત્રોમાં લીલા ફળોથી બનેલ વનસ્પતિ રંગ તથા લાલ, પીળો અને સફેદ ખનીજ રંગોનો પ્રયોગ કરેલ છે. આ ચિત્રોની કિનારી લાલ

રંગથી બનાવવામાં આવી છે. આંખો સફેદ રંગથી અને વાળ કાળા રંગથી બનાવવામાં આવેલ છે.

### 3.11.1 ગુપ્તકાલીન ચિત્રકલા

ભારતીય ચિત્રકલાના વિકાસમાં ગુપ્ત સમય દરમ્યાન ભારતીય ચિત્રકલાનો ઉદય થઈ ચૂક્યો હતો. કલાના ક્ષેત્રમાં ગુપ્તવંશ એ મહત્વનો વંશ ગણવામાં આવે છે. અજંતામાં જે ચિત્રો બન્યા તેમાં ગુપ્તકાલીન સમયમાં પણ ચિત્રોનું નિર્માણ થયેલું. તેમ ગુફા નંબર ૧,૨,૯,૧૦,૧૬ અને ૧૭ નંબરની ગુફાઓમાં ચિત્ર સુરક્ષિત છે. અજંતાની ચિત્રકલાએ બુદ્ધના જીવન સાથે સબંધિત છે. અજંતાની કીર્તિએ તેના ચિત્રોની વિશિષ્ટતાના કારણે સમૃદ્ધ અને સુંદરતા પર આધારિત છે.

### 3.11.2 અજંતા ગુફામાં આવેલ ચિત્રકલા

અજંતા એ મહારાષ્ટ્ર રાજ્યમાં આવેલ છે. તે ગુફાઓ સહ્યાર્દી પર્વતમાળાની ટેકરીઓમાં કંડારેલી છે. ઔરંગાબાદ - જલગાંવથી આ ટેકરીઓ તળેટીમાં અજિંઠા નામનું ગામ આવેલું હોવાથી તેને અજંતા ગુફા તરીકે ઓળખાય છે. અજંતાની ગુફા નંબર ૯ અને ૧૦ માં ઉચ્ચ પ્રકારની ચિત્રકલા છે. યક્ષ, બોધિસત્વ તથા જાતકકથાના દશ્યો તથા બેઠેલા બુદ્ધ પણ છે. જોગીમાંરા ગુફામાં મગરની આકૃતિઓ છે. તેમાં વિનય પિટક, થેરાથેરીની કથાઓ તથા મહાવીરની કથાઓના દશ્યો છે. અજંતા એ બુદ્ધ ચિત્રકલાનું મુખ્ય કેન્દ્ર હતું. અજંતાની ચિત્રકલાનો ઈતિહાસ જોઈએ તો અલગ અલગ તબક્કા મુજબ જોવા મળે છે. તેમાં અજંતાની ચિત્રકલાનું નિર્માણ મૌર્ય, શુગ, વાંકાટક અને ગુપ્ત વગેરે અનેક રાજવંશોના સમય દરમ્યાન થયેલું એટલે કે ઇ. સ. પૂર્વે ૩૦૦ થી ઇ. સ ૭૦૦ સુધી સતત નિર્માણ થયું. જેમાં પ્રથમ સદીથી લઈ સાતમી સદી સુધી અજંતાની કલાકૃતિઓ વિશેષ રૂપથી નિર્માણ થયેલ એવું અનુમાન કરવામાં આવે છે. શરૂઆતથી ગુફાઓનું નિર્માણ જે બે સદીઓ પહેલા થઈ ચૂક્યું હતું. આ પ્રકારની ગુફાઓમાં છઠ્ઠી અને દશમી ગુફાનું નામ પહેલા આવે છે. શુંગ યુગીન દક્ષિણ ભારતમાં બૌદ્ધકલાનો વિકાસ થઈ ચૂક્યો હતો. એનું પ્રમાણ ૧૦ મી ગુફાના ચિત્રો જોઈએ તો તેનો ખ્યાલ આવે છે કે શુંગ યુગીન કલા એ વિકસિત શૈલી પર આધારિત હતી.

અજંતાની ચિત્રકલાના ત્રીજી સદીથી ઇ. સ. છઠ્ઠી સદી સુધીનો સમયગાળો દરમ્યાન દક્ષિણ ભારતમાં વાંકાટક રાજવંશ રાજવીઓની સતા હતી. છઠ્ઠી સદીથી આઠમી સદી દરમ્યાન દક્ષિણમાં બાદામીના ચાલુક્ય રાજવંશની સતા પ્રવર્તતી હતી. ગુફા ૧ અને ૨ ના ચિત્રો આ સમય દરમ્યાન તૈયાર કરવામાં આવ્યા હતા.

### 3.11.3 અજંતા ચિત્રકલાનું વિષય વસ્તુ

અજંતાની ચિત્રકલામાં વિષય વસ્તુ જોઈએ તો ગૌતમ બુદ્ધ અને તેમના જીવન વિશેના ચિત્રો મુખ્યત્વે છે. ગૌતમ બુદ્ધના અનેક પ્રસંગો તેમાં વર્ણવ્યા છે. પૂર્વ જન્મ જાતક કથાઓના પ્રસંગો આલેખવામાં આવેલા છે.

### 3.11.4 બાઘ ગુફાના ચિત્રો

બાઘ ગુફા જે મધ્યપ્રદેશમાં ગ્વાલિયર પાસે વિધ્યાચલ પર્વતમાળામાં છે. આ ગુફાઓ વિંધ્યાચલ પર્વતના દક્ષિણ ઢાળ પર વાઘ નદીના કિનારે લગભગ ૧૫૦ ફૂટ ઊંચાઈ પર છે. બાઘ ગુફાઓમાં સૌથી સારું ચિત્ર ચોથી અને પાંચમી ગુફાની બહાર દીવાલ પર અને ગુફાની સામે દીવાલ પર સુરક્ષિત છે. બાઘની ગુંફન ચિત્રોમાં ગાયિકાના બે મંડળોના ચિત્ર અંકિત કરેલ છે.

### 3.11.5 બાદામી ગુફાના ચિત્રો

વાત્યપિપૂરમ નામના સ્થાન જે આધુનિક બાદામી છે. આ ગુફાઓ બીજાપુર જિલ્લા અંતર્ગત મહારાષ્ટ્ર પ્રાંતની નજીક છે. બાદામીના ચાર ગુફા મંદિરોમાં આ ચિત્રકલા ઉત્તમ ઉદાહરણરૂપ  સુરક્ષિત છે.

### 3.11.6 ઈલોરાના ચિત્રો

ચીનુભાઈ નાયક લિખિત "ભારતીય ચિત્રકલા એક રૂપરેખા" પુસ્તકમાં ઉલ્લેખ કર્યા મુજબ ઈલોરાની ગુફાઓ અજંતાથી આશરે ૯૬ કિ.મી. દૂર આવેલી છે. સહ્યાર્દી પર્વત માળાની ટેકરીઓમાં કંડારેલી આ ગુફાઓની સંખ્યા ૩૪ છે. તેમ ૧૨ બૌદ્ધ ગુફાઓ, ૧૭ હિન્દુ ગુફાઓ, ૫ જૈન ગુફાઓ છે.

ઈલોરાની ગુફા ચિત્રોમાં હિન્દુ અને જૈન ધર્મના ચિત્રો આલેખાયેલા જોવા મળે છે. કૈલાશ અને ગણેશ ગુફાઓમાં હિન્દુ દેવ દેવીઓના ચિત્રો પણ આલેખાયેલા છે.  શિવનું ચિત્ર પણ છે.

### 3.11.7 સિતનવાસન ગુફાના ચિત્રો

આ ગુફા તમિલનાડુમાં તંજોર નજીક પદદુકોટાઈથી ઉત્તર પશ્ચિમ દિશામાં લગભગ ૧૬ કી. મી અંતરે આવેલ છે. આ ગુફાઓના ચિત્રોનું નિર્માણ સાતમી સદીમાં રાજા મહેન્દ્ર વર્માએ કરાવ્યું હતું. આ ગુફામાં જૈન મંદિર છે. ચિત્રોમાં કમળ બનાવેલ અને મધ્ય સરોવરનું ચિત્ર છે. કમળનું ફૂલ ખીલેલ હોય તેવું ચિત્ર છે. વચ્ચે માછલી, હંસ, હાથીની સાથે ત્રણ દિવ્ય વ્યક્તિ ચિત્રિત છે.

**તમારી પ્રગતિ ચકાસો**

૧. પ્રાચીન ભારતીય ચિત્રકલાના અંગો જણાવો.

૨. પ્રાચીન ભારતીય ચિત્રકલાના વિષયો વિશે ચર્ચા કરો.

૩. પ્રાગૈતિહાસિક ચિત્રકલા વિશે જણાવો.

૪. અજંતાની ચિત્રશૈલી વિશે નોંધ લખો.

૫. પ્રાચીન ભારતીય ચિત્રકલાના સાહિત્યમાં ઉલ્લેખો જણાવો.

## 3.12 સારાંશ

આમ, પ્રાચીન ભારતીય ચિત્રકલા વિશે વિવિધ માહિતી મેળવી તેના આધારે કહી શકાય કે પ્રાચીન ભારતમાં ચિત્રકલાનો વિકાસ તબક્કા પ્રમાણે થયેલો જોવા મળે છે. પ્રાગૈતિહાસિક યુગમાં ચિત્રકલા વિશે જાણકારી પ્રાપ્ત થાય છે. પુરાપાષાણ કાળ, મધ્યપાષાણ કાળ દરમ્યાન ચિત્રકલા વિકસી તેના પુરાવાઓ પ્રાપ્ત થયા છે. ભિમબેટકાના શૈલ ચિત્રો, અજંતા, ઈલોરા, બાઘ, સિતનવાસન ગુફાના ચિત્રો, વેદકાલીન સાહિત્યમાં ચિત્રકલાના ઉલ્લેખો મળે છે. વિવિધ સમય દરમ્યાન ચિત્રકલાના વિષયોમાં પણ વિવિધતા જોવા મળે છે. હડપ્પીય સંસ્કૃતિ, વૈદિક સંસ્કૃતિ, બૌદ્ધકાલીન ચિત્રકલા વગેરે દ્વારા પ્રાચીન ભારતમાં જે ચિત્રકલાનો વિકાસ થયો તેનો ખ્યાલ આવે છે. આમ, ચિત્રકલાનો વિકાસ પ્રાચીન ભારતમાં સારા પ્રમાણમાં થયેલો જોવા મળે છે.

## 3.13 ચાવીરૂપ શબ્દો

- પટ્ટ - કેનવાસ, કાપડ
- રૂપ ભેદ - દેખાવનો ભેદ

## 3.14 બહુવિકલ્પીય પ્રશ્નો

૧. પ્રાચીન ભારતીય ચિત્રકલાના કેટલા અંગો છે.

(A) છ (B) પાંચ (C) ચાર (D) ત્રણ

૨. ચિત્રકલામાં રંગોની સાથે ચમક અને પ્રકાશનું નિર્માણ એટલે શું?

(A) રૂપભેદ (B) પ્રમાણ

(C) ભાવ (D) વર્ણિકાભંગ

૩. ભિમબેટકાના શૈલચિત્રો કયા રાજ્યમાં આવેલા છે.

(A) મહારાષ્ટ્ર (B) મધ્યપ્રદેશ

(C) ગુજરાત (D) તમિલનાડુ

૪.અજંતાની ગુફાઓ કયા રાજ્યમાં આવેલી છે.

(A) મધ્યપ્રદેશ (B) ગુજરાત

(C) રાજસ્થાન (D) મહારાષ્ટ્ર

૫. સિતન વાસન ગુફા કયા આવેલી છે.

(A) દક્ષિણ ભારત (B) ઉત્તર ભારત

(C) પશ્ચિમ ભારત (D) પૂર્વ ભારત

૬.ઈલોરાની ગુફાઓ કઈ પર્વત માળામાં આવેલી છે.

(A) સહ્યાદ્રી (B) વિંધ્ય

(C) અરવલ્લી (D) હિમાલય

૭.લાકડું, કિમતી પથ્થર, હાથી દાંત પર ચિત્ર અંકિત કરવામાં આવેલું તેને શું કહેતા ?

(A) ભીત ચિત્ર (B) ચિત્રપટ્ટ

(C) ચિત્રફલક (D) ઉપરનામાંથી એક પણ નહીં

**ઉત્તરો :**

૧. (A) છ ૨. (C) ભાવ ૩. (B) મધ્યપ્રદેશ

૪. (D) મહારાષ્ટ્ર ૫. (A) દક્ષિણ ભારત ૬. (A) સહ્યાદ્રી

૭. (C) ચિત્રફલક

## 3.15 સ્વાધ્યાય

૧. વેદકાલીન ચિત્રકલા વિશે નોંધ લખો.

૨. બાઘ ગુફાના ચિત્રોની ચર્ચા કરો.

૩. ઈલોરાની ગુફાના ચિત્રો વિશે ચર્ચા કરો.

## 3.16. સંદર્ભ અને વિશેષ વાચન


- નાયક, ચીનુભાઈ, ભારતીય ચિત્રકલા – એક રૂપરેખા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, ૧૯૯૭.
- ગૈરોલા વાચસ્પતિ, ભારતીય ચિત્રકલા કા સંક્ષિપ્ત ઇતિહાસ, લોકભારતી પ્રકાશન, ઇલાહાબાદ, ૧૯૮૫.
- ખાન એમ. એ, ભારતીય કલા, સંસ્કૃતિ એવમ વિરાસત, આદિ પબ્લિકેશન્સ, જયપુર, ૨૦૧૧.
- ઉપાધ્યાય ભગવત શરણ, ભારતીય કલા કા ઇતિહાસ, પીપુલ્સ પબ્લિશિંગ હાઉસ, નવી દિલ્લી, ૧૯૮૧.
- દેસાઇ રમણલાલ વસંતલાલ, ભારતીય સંસ્કૃતિ એક વિહંગાવલોકન, પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરા, ૧૯૫૪.

**એકમ - 4**

# પ્રાચીન ભારતમાં સંગીતકળાનો વિકાસ

## :: રૂપરેખા ::

**4.0** ઉદ્દેશો

**4.1** પ્રસ્તાવના

4.2 સંગીત એટલે શું?

**4.3** સંગીતની ઉત્પત્તિ

**4.4** સંગીતના મુખ્ય અંગો અને વાદ્યો

**4.5** સંગીતની વિદ્યાઓ

**4.6** પ્રાચીન ભારતીય સંગીતકલાના સંગીતાચાર્યો

**4.7** પ્રાચીન ભારતીય સંગીતના ગ્રંથો

**4.8** સંગીતના સ્વરો, રાગો, મંત્રો

**4.9** હડપ્પીય સંસ્કૃતિ કાલમાં સંગીતકળા

**4.10** વૈદિકયુગમાં સંગીતકલા

**4.11** બૌદ્ધકાલીન સંગીતકલાનો વિકાસ

**4.12** જૈન ગ્રંથોમાં સંગીતનો ઉલ્લેખ

**4.13** મૌર્યકાલીન સંગીત કળાનો વિકાસ

**4.14** ગુપ્તકાલ દરમ્યાન સંગીતકલાનો વિકાસ

**તમારી જાતે ચકાસો**

**4.15** સારાંશ

**4.16** ચાવીરૂપ શબ્દો

**4.17** બહુ વિકલ્પીય પ્રશ્નો

**4.18** સ્વાધ્યાય

**4.19** સંદર્ભ અને વિશેષ વાચન

## 4.0 ઉદ્દેશો

આ એકમમાં 'પ્રાચીન ભારતમાં સંગીત કળાનો વિકાસ'ના ઉદ્દેશ્ય આ પ્રમાણે છે.

- પ્રાચીન ભારતીય સંગીતની ઉત્પતિ વિશે જાણકારી પ્રાપ્ત થાય.
- સંગીતની વિભાવના વિશે સમજ પ્રાપ્ત થાય.

- હડપ્પાકાલીન સંગીતના વિકાસ વિશે ખ્યાલ આવે.
- વેદકાલીન સંગીતના વિકાસ વિશે સમજણ કેળવાય.
- મૌર્યયુગીન સંગીતના વિકાસ વિશે માહિતી પ્રાપ્ત થાય.

## 4.1 પ્રસ્તાવના

પ્રાચીન ભારતમાં સંગીતનો વિકાસ ક્રમશઃ જોવા મળે છે. તેમાં હડપ્પા સંસ્કૃતિના સમયગાળાથી શરૂ કરી હર્ષવર્ધન સુધીના સમયગાળા દરમ્યાન સંગીત વિશે વિવિધ પુરાવશેષો, શાસ્ત્રોમાં ઉલ્લેખો વગેરેના આધારે ખ્યાલ આવે છે કે પ્રાચીન ભારતમાં સંગીતનો વિકાસ થયો હતો. સંગીતએ ગાયન, વાદ્ય અને નૃત્ય સાથે જોડાયેલ છે. જેમ જેમ મનુષ્યએ સામાજિક અસ્તિત્વને વિકસિત અને સ્થાપિત કર્યું તે રીતે ભાષાઓ, સંસ્કૃતિઓ અને જીવન જીવવા માટેના વિવિધ આયામો સાથે સાથે સંગીતનો વિકાસ કરવાની શરૂઆત કરી. આ પ્રકારે સંગીત ક્ષેત્રનો ભારતમાં અલગ અલગ વિશેષતાઓની સાથે વિકાસ થયો. સંગીતની ઉત્પત્તિ વિશે વિવિધ ધારણાઓ તથા વિવિધ શાસ્ત્રોમાં તેનો ઉલ્લેખ મળે છે. હડપ્પાકાલીન સમયમાં, વૈદિક યુગમાં, બૌદ્ધ અને જૈન કાળમાં સંગીત, મૌર્ય, ગુપ્ત યુગમાં સંગીતના વિકાસ તેના પ્રકારો, તત્વો, વાદ્યો, સ્વરો, રાગો, અંગો વગેરે વિશે આ એકમમાં ચર્ચા કરવામાં આવી છે.

## 4.2 સંગીત એટલે શું?

સમ+ગીત, સમનો અર્થ સમાન, બરાબર રીતથી અને ગીતનો અર્થ છે ગાવું અર્થાત ઉત્તમ રીતે ગાવું એનું નામ સંગીત. સંગીત સ્વરના માધ્યમે અભિવ્યક્ત થતી લલિતકલા છે. સંગીત શબ્દ એ વ્યક્તિગત તથા સમૂહગત બંને વિધિઓમાં ઉપયોગ થતો. પ્રાચીન સંસ્કૃત વાઙ્મયમાં સંગીતની વ્યુત્પતિગત સમ્યકગીતમ કહેવામાં આવતું. ઉત્પત્તિની દૃષ્ટિએ સમ્યક ગીતમનો બોધ એ પ્રચાર અંતર્ગત સંગીત, ગીત, વાદ્ય, નૃત્યના અભિન્ન સાહચર્ય જ્ઞાપક રહે છે. નાટ્યશાસ્ત્ર અનુસાર ગીત નાટકના પ્રમુખ અંગોમાંથી મહત્વનું અંગ છે. વાદન અને નર્તન બંને તેના અનુગામી છે. કાલિદાસના મેઘદૂતમાં સંગીતાર્થના ઉપાદાનોમાં ગીત, વાદ્ય, નૃત્ય તથા નાટ્યનો ઉલ્લેખ સહચરી કલાઓના રૂપમાં છે. વિષ્ણુધર્મોતર પુરાણમાં વાદ્ય તથા નૃત્યને ગીતના અનુવર્તી માનવામાં આવ્યું છે. કલાના સમ્યક અધ્યયન માટે ગીત તથા વાદ્યનું જ્ઞાન આવશ્યક મનાતું.

## 4.3 સંગીતની ઉત્પત્તિ

સંગીતની ઉત્પતિ વિશે ચર્ચા કરીએ તો તેમાં આદિ માનવએ અનુભવ કર્યો કે પ્રકૃતિના વિવિધ ધ્વનિઓ વિદ્યમાન છે. જેને સાંભળવાથી મન પ્રફુલ્લિત બને છે અને પહેલા તેને અનુભવ્યું કે આપણું શરીર પણ એવી ધ્વનિઓ પેદા કરી શકે છે. આ સાંભળીને મન પ્રફુલ્લિત બને છે. પ્રકૃતિના આ વાતાવરણમાં કેટલીક ધ્વનિઓ તો પશુ-પક્ષીના અવાજ સ્વરોની નકલ કરીને મનુષ્ય સ્વર નિકાળતો હતો. આ ઉદ્દેશ્ય માટે પોતાના સ્વયં અવાજનો ઉપયોગ કર્યો. આસપાસની પ્રાકૃતિક વસ્તુઓનો ઉપયોગ કરીને ઉપકરણ બનાવ્યા. જેમાંથી ધ્વનિઓ નીકળી જે ધીરે ધીરે અન્ય વિવિધ ઉદ્દેશ્યોનો પણ ઉપયોગ કરવા લાગ્યા. ભારતીય સંગીતની ઉત્પત્તિની બાબતમાં ભારતીય માનવને જ્ઞાન વગેરે છ વસ્તુઓ આદિ-અનાદિથી માનવામાં આવે છે. સંગીતનો સબંધ વેદો સાથે છે. સંગીતની ઉત્પત્તિ ભગવાન શિવ તથા બ્રહ્માજી દ્વારા માનવામાં આવે છે. નાટ્યશાસ્ત્રના રચયિતા મહર્ષિ ભરતએ નાટ્યનો પ્રારંભ બ્રહ્માજીને માને છે. સંગીત મકરંદના રચયિતા નારદે સંગીતની ઉત્પત્તિ બ્રહ્માથી તેમ માને છે. સંગીત રત્નાકરના રચયિતા આચાર્ય સારંગ દેવએ સંગીતોત્પતિ સદાશિવથી માની છે.

શિવપુરાણના મતાનુસાર નારદજીએ અનેક વર્ષો સુધી યોગ સાધના કરી ત્યારે શંકરજીએ તેના પર પ્રસન્ન થઈ સંગીતકલા આપી. સંગીતનો ઉદ્ભવ માનવ જાતિના ઉદ્ભવ સાથે થયો.

સંગીતનો ઉદ્ભવ વેદોના સમયથી માનવામાં આવે છે. શાસ્ત્રીય સંગીતનું પ્રારંભનું વિવેચન સામ-સંહિતામાં મળે છે. પ્રાચીનકાળથી માનવી પોતાની ભાવાત્મક અનુભૂતિઓને વ્યક્ત કરવા માટે કોઈને કોઈ માધ્યમ આપનાવતો હતો. સંગીત આ અભિવ્યક્તિનું મુખ્ય સાધન હતું.

પ્રાચીન ગ્રંથોમાં સંગીત એ ગાયન, વાદન અને નૃત્યનું સમગ્ર રૂપ માનવામાં આવે છે. ભારતીય પરંપરા અને માન્યતા અનુસાર સંગીતની ઉત્પતિ વેદોના નિર્માતા બ્રહ્માથી માનવામાં આવે છે. બ્રહ્મા દ્વારા ભગવાન શંકરને આ કલા પ્રાપ્ત થઈ. ભગવાન શંકર તથા શિવે દેવી સરસ્વતીને આપી જે જ્ઞાન અને કલાની અધિષ્ઠાત્રી દેવી કહેવાઈ. નારદે સંગીત કલાનું જ્ઞાન દેવી સરસ્વતી પાસેથી પ્રાપ્ત કરી સ્વર્ગમાં ગંધર્વ-અપ્સરાઓને શિક્ષણ પ્રદાન કરી અહીથી કલાનો પ્રચાર પૃથ્વી લોક પર ઋષિઓ દ્વારા કરવામાં આવ્યો.

## 4.4 સંગીતના મુખ્ય અંગો અને વાદ્યો

સંગીતના મુખ્ય ત્રણ અંગો છે. ૧.નૃત્ય, ૨.ગાયન, ૩.વાદનમાં વાદ્ય કલાનું મહત્વ સૌથી વધુ છે. ગીત, વાદ્ય, નૃત્ય ત્રણેયના મૂળ તત્વ સ્વર તથા લય છે.

વાદનના ચાર પ્રકાર છે. ૧. તત ૨. અવનદ્ધ ૩. સુષિર ૪.ધન વાદ્ય

વેદકાલીન વાદ્યો : વેદકાલીન વાદ્યોમાં જોઈએ તો વેદકાલીન સાહિત્યમાં વાદ્યોના ચાર પ્રકારનો ઉલ્લેખ કર્યો છે.

૧. તતમ - એટલે કે તારવાળા ૨. સુષિરમ - ફૂંકથી વાગે એવા ૩. અનવદ્ય - ચામડાથી મઢેલા એટલે ચર્મ વાદ્યો ૪. ધન- ધાતુના બનેલા

તત વાદ્ય - તત વાદ્યમાં વીણા સાત પ્રકારના હોય છે તેના વિશેના વિવિધ ઉલ્લેખો છે. ૧. બ્રહ્મ વીણા- એક તારની ૨. નકુલ વીણા- બે તારની ૩. તિતંત્રી વીણા - ત્રણ તારની ૪. ચિત્ર વીણા- સાત તારની ૫. વીપંચી વીણા- નવ તારની વીણા ૬. મત કોકિલા - એક વીસ તારની વીણા ૭. શત તંત્રની વીણા - સો તારની વીણા

સુષિરવાદ્યોઃ સુષિર વાદ્યો ફૂંકથી વગાડવામાં આવે છે. ૧. વંશ ૨. શૃંગ, ૩. તુણવ - બંસરી પાવિકા, બકુર, વેણુ, મુરલી, મધુકરી, કાહલી, શંખ

અનવદ્ય વાદ્યો - ચામડા થી મઢેલા – ડમરુ, આડંબર, મૃદંગ, પટહ, ઠક્કરી, દુંદુભિ, ભૂમિ દુંદુભિ- યજ્ઞ ક્ષેત્રમાં એક જગ્યાએ ભૂમિમાં ખાડો કરી તેનું મોઢું ચામડાથી મઢવાનું હોય છે.

ધન વાદ્યો - ધન વાદ્યોમાં તાલ, ઘંટા, આધાટિ વગેરેનો સમાવેશ થાય છે.

## 4.5 સંગીતની વિદ્યાઓ

પ્રાચીન ભારતીય સંગીત કલાના વિકાસમાં જોઈએ તો સંગીતની વિદ્યાઓમાં ૧. શાસ્ત્રીય સંગીત, ૨.ઉપશાસ્ત્રીય સંગીત ૩. સુગમ સંગીત, ૪. લોક સંગીતનો સમાવેશ થાય છે.

## 4.6 પ્રાચીન ભારતીય સંગીતકલાના સંગીતાચાર્યો

પ્રાચીન ભારતીય સંગીતકલાના આચાર્યોમાં જોઈએ તો મુનિ યાજ્ઞવલ્કય, મુનિ નારદ, ટુંબરું, મતંગ, ભરત, કશ્યપ વગેરે સંગીતના આચાર્યો હતા.

## 4.7 પ્રાચીન ભારતીય સંગીતના ગ્રંથો

પ્રાચીન ભારતીય સંગીતના ગ્રંથોમાં જોઈએ તો નારદ અને નારદીય શિક્ષા, ભરત અને તેનું નાટ્ય શાસ્ત્ર, દત્તિલ મુનિ ષદત્તિલમ, મતંગનું બૃહદેશી, શાંગદેવનું સંગીત રત્નાકર ગ્રંથ વગેરેનો સમાવેશ થાય છે.

## 4.8 સંગીતના સ્વરો, રાગો અને મંત્રો

પ્રાચીન ભારતીય સંગીતના વિકાસમાં સંગીતના સ્વરો, રાગો અને મંત્રો વિશે ચર્ચા આ પ્રમાણે છે :

સ્વરોની સંખ્યા સાત છે. સાત સ્વર ૧. કૃષ્ટ સ્વર એટલે ઉચ્ચારવો - મ ૨. પ્રથમ- ગ ૩. દ્વિતીય- રે ૪. તૃતીય- સા ૫. ચતુર્થ- ની ૬. માન્દ્ર- ધ ૭. અતિસ્વાર્થ- પ

પ્રાચીન ભારતીય સંગીતમાં મુખ્ય છ રાગો છે. જે આ પ્રમાણે છે. ૧. શ્રી ૨. વસંત ૩. ભૈરવ, ૪.પંચમ ૫. મેઘ ૬. નટ નારાયણ

સ્વરના દેવ - ઉચ્ચ-ઉદાત- અગ્નિ, નીચો- અનુદાત- સોમ, સ્વરિત- સવિતા

મંત્રો - વૈદિક સમયમાં યજ્ઞ પ્રંસગો સંગીતમાં મંત્રોનો ઉપયોગ થતો તેને છંદ કહેતા. છંદોમાં નક્કી કરેલા અક્ષરોના માત્રામેળ છે. જેને જુદા જુદા પ્રકારે ગાયત્રી, ત્રિષ્ટુભ, બૃહતી, જગતી, અનુષ્ટુભ વગેરે હતા.

## 4.9 હડપ્પીય સંસ્કૃતિ કાળમાં સંગીતકલા

પ્રાચીન ભારતીય સંગીતકલાના વિકાસમાં જોઈએ તો હડપ્પા સંસ્કૃતિ દરમ્યાન સંગીતકલાનો વિકાસ થયો હતો. તેના વિશેના પુરાવશેષો પ્રાપ્ત થયા છે. તેમાં હડપ્પન ઉત્ખનોમાંથી નૃત્ય પુરુષની ખંડિત મૂર્તિ પ્રાપ્ત થઈ. એ પ્રકારે મૂર્તિ મોહેં-જો-દડોમાંથી પ્રાપ્ત થઈ. કાંસાની મૂર્તિ પણ નૃત્ય વિષયક જાણકારી કરાવે છે. આ પ્રકારની કલાત્મક પ્રતિમાઓના આધારે કહી શકાય કે તત્કાલીન જીવનમાં સંગીતકલા પ્રચલિત હતી. ધાર્મિક, સામાજિક પ્રસંગોમાં ગીત, વાદ્ય, નૃત્ય દ્વારા લોકો મનોરંજન કરતાં, ગીત અને નૃત્યની સાથે સાથે મુખ્ય વાદ્ય યંત્રોની જાણકારી પણ આ સભ્યતામાંથી પ્રાપ્ત થાય છે. ઢોલ, દુંદુભિ, ઝાંઝ, કરતાલ વગેરે મુખ્ય વાદ્ય યંત્રો હતા. જે હડપ્પા સભ્યતા કાલીન લોકો ઉપયોગ કરતાં હતા.

## 4.10 વૈદિકયુગમાં સંગીતકલા

ભારતમાં પ્રાચીન સમયમાં સંગીતકલાનો વિકાસ વૈદિક યુગમાં થયો તેના વિશેની માહિતી વૈદિક સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. ગાયન માટે વૈદિક સાહિત્યમાં ગીત સંજ્ઞા મળે છે. ગાયનનું પ્રતિનિધિત્વ સામ ગાયન કરે છે. યજ્ઞ જેવા અવસરો પર સામ ગાયન મહત્વનું ગણવામાં આવે છે. સામનો છંદોબદ્ધ ગીતોથી ગાયન થાય છે.

સામનો ગાયક ઉદ્ગાતા કહેવામાં આવતો. વેદોમાં વાદનની સંગીતની સાથે ગાયન થતું. ગાયનની સાથે તંત્ર સુષિર અવનદ્ય વાદ્યોનું વાદન થતું. યજ્ઞોના અવસર પર ઉદગાતાઓની પત્નીઓ પણ ગાયનની સંગતિ વિભિન્ન વીણાઓ દ્વારા કરતી.

બ્રાહ્મણ અને ક્ષત્રિય બંને દ્વારા યજ્ઞના અવસર પર વીણાવાદન કરવું આવશ્યક ગણાતું. વૈદિક સાહિત્યમાં ગાયનના અનેક સ્વરૂપ પ્રચલિત હતા. તેમાં ગાથા, નારાશંસી, ઉકથ વગેરે પ્રશિસ્ત ગાયન અનુરૂપ હતા. અશ્વમેઘ યજ્ઞમાં જ્યારે ઘોડા છોડવામાં આવતા ત્યારે વીણા વગાડી રાજાઓની મહિમા દર્શાવતી ગાથાઓ ગવાતી જેવા ઉલ્લેખો મળે છે. જ્યાં આગળ રાજાઓની પ્રશસ્તિના રૂપમાં ગાથાઓનું ગાન કરવામાં આવતું ત્યાં આગળ દેવતાઓ સમાન પણ ગાથાઓનો ઉલ્લેખ મળે છે.

વેદકાલીન વાદ્ય યંત્રોમાં જોઈએ તો સંગીતાત્મક ધ્વનિ તથા ગતિને પ્રગટ કરવાના ઉપકરણને વાદ્ય કહેવામાં આવતું. આ રીતે જોઈએ તો પ્રાચીન કાળમાં માનવકંઠ પણ વાદ્ય માનવામાં આવતું પરંતુ કંઠ વાદ્ય એ ઈશ્વર નિર્મિત છે. મુખ્યત્વે ઋષિઓએ મનુષ્ય નિર્મિત વાદ્યોનું અધ્યયન, મનન તથા વર્ણન કર્યું છે.

વેદકાળમાં સંગીતાચાર્યોમાં મુનિ યાજ્ઞવલ્ક્ય, મુનિ નારદ, ટુંબરું, માતંગ, કોહલ, ભરત, કશ્યપના ઉલ્લેખો છે.

વેદકાળમાં નૃત્યકલામાં સામવેદના ગીતો જન સુખાકારી લાવવા સારું તથા ધાન્ય વધુ પકવવા સારું ગાવામાં આવતા હતા,તેની સાથે નૃત્ય પણ કરવામાં આવતું હતું તેવા ઉલ્લેખો છે. સામવેદનો એક ભાગ ગાન છે જેને સામગાન કહેવામાં આવે છે.

ભારતીય સંગીતની પ્રાચીનતા વેદો સાથે સબંધિત છે. સામવેદનો સંબંધ સંગીત સાથે છે. સામવેદની ઋચાઓ ભારતીય સંગીતની સૌથી પહેલા છે તેનું ઉદાહરણ છે. વૈદિકકાલના શરૂઆતમાં એક સ્વરની સાથે સામગાન ગાવામાં આવતું ત્યારબાદ બે સ્વરોના ઉપયોગ કરીને સામગાન ગાવાનો સંદર્ભ મળે છે. ત્યારબાદ ત્રણ સ્વરોની સાથે સામગાન ગાવામાં આવતું. સામગાનના આ ત્રણ સ્વરોને ઉદાત,

અનુદાત અને સ્વરિત નામથી ઓળખવામાં આવે છે. સામગાનના ચાર પ્રકાર છે. ૧. ગ્રામગેયગાન- સામુદાયિક ગાયન માટે ૨. આરણ્યગેયગાન- વાન પ્રસ્થાશ્રમિઓ અને સંન્યાસીઓ માટે ૩. ઊહગાન- યજ્ઞ સંગીત ૪. ઉહ્યગાન તથા રહસ્યાત્મક ગાન- દીક્ષાઓ માટે હતું. આધ્યાત્મિક વાતાવરણમાં ગવાતું હતું. તેમાં ગંભીર અને ગહન શૈલીનો ઉપયોગ થતો હતો.

સંગીત વિશેના ઉલ્લેખો બ્રાહ્મણ ગ્રંથો, શિક્ષા, પુરાણો, મહાકાવ્યોમાં પણ છે. શિક્ષા ગ્રંથોમાં નારદીય શિક્ષા, પાણિની શિક્ષા અને યાજ્ઞવલ્કય શિક્ષા છે જેમાં સ્વરની ઉત્પત્તિ, વૈદિક સ્વર, વૈદિક કર્મકાંડમાં સંગીત સિવાય પણ તત્કાલીન સામાજિક સંગીત, લૌકિક ગાનના સ્વર તથા વૈદિક સ્વરોના નામ, પ્રાચીન ભારતમાં સંગીત ગંધર્વમાં વિવિધ પારિભાષિક શબ્દની જાણકારી મળે છે.

બ્રાહ્મણગ્રંથોમાં સંગીત વિશેના ઉલ્લેખો છે. કૌશિતકી બ્રાહ્મણ ગ્રંથમાં યજ્ઞ દરમ્યાન મહિલાઓ દ્વારા વાદ્ય સંગીત વગાડવાનો ઉલ્લેખ મળે છે. આ ગ્રંથ અનુસાર ગાયન અને નૃત્ય યજ્ઞો જેવા કે અશ્વમેઘ અને પુરુષાર્થ યજ્ઞમાં અનિવાર્ય બાબત હતી. પુરાણોમાં પણ સંગીત વિશેના ઉલ્લેખો છે. વિષ્ણુ ધર્મોતર પુરાણમાં વાદ્ય તથા નૃત્યને ગીતના અનુવર્તી માનવામાં આવ્યું છે. કલાના સમ્યક અધ્યયન માટે ગીત તથા વાદ્યનું જ્ઞાન આવશ્યક મનાતું. શિવ પુરાણમાં ઉલ્લેખ મુજબ નારદજીએ અનેક વર્ષો સુધી યોગ સાધના કરી ત્યારે શંકર ભગવાને તેના પર પ્રસન્ન થઈ સંગીતકલા આપી.

મહાકાવ્યોમાં સંગીત વિશેના ઉલ્લેખો મળે છે તેમાં રામાયણમાં સંગીત વિશે જોઈએ તો ગાંધર્વ સંજ્ઞા તથા યુદ્ધ વખતે સંગીત, યુદ્ધ ગાંધર્વની સંજ્ઞા પ્રાપ્ત થાય છે. ગાયન કલા માટે ગંધર્વ સંજ્ઞા હતી. ગાયન સંગીતનું પ્રમુખ અંગ છે.

મહાકવિ વાલ્મિકીને સાંગીતિક રચનાઓમાં સૌંદયની સારી જાણકારી હતી. સંગીત અને કલા વિજ્ઞાનને રામાયણ કાળમાં ઉચ્ચ સ્તર પ્રાપ્ત કર્યું હતું. સંગીતની રચનાઓને રામાયણ કાળમાં ગીત તરીકે ઓળખવામાં આવતી હતી. મહાભારતમાં સંગીત વિશેના ઉલ્લેખો છે. તેમાં ગીત, વાદન અને નૃત્યનો પ્રયોગ જનજીવનના અભિન્ન અંગ રૂપે હતો. ગીત, નૃત્ય, નાટ્ય વગેરેનો વિશેષ પ્રયોગ ઉત્સવો અને અવસર પર કરવામાં આવતો.

## 4.11 બૌદ્ધકાલીન સંગીતકલાનો વિકાસ

બૌદ્ધકાલીન સંગીતકલા વિશેની માહિતી વિવિધ બૌદ્ધ ગ્રંથોમાંથી મળે છે. બૌદ્ધકાલીન સાહિત્ય અને ચિત્રોમાંથી સંગીત વિશે માહિતી પ્રાપ્ત થાય છે. બૌદ્ધગ્રંથોમાં પાલિ ભાષામાં લખવામાં આવેલી ત્રિપિટકોમાં મહત્વપૂર્ણ જાણકારી પ્રાપ્ત

થાય છે. જાતક ગ્રંથોમાં તત્કાલીન વ્યવસાયોની સૂચિ ઉપલબ્ધ છે. જેમાં નટ, નર્તક, ગાયક, ભેરી વાદક તથા નાટકકાર વગેરેનો ઉલ્લેખ છે. નર્તિકાનું સંગીતજ્ઞના રૂપમાં વિશેષ સન્માન હતું. ગંગમાલ જાતકમાં ઉલ્લેખ છે કે રાજકુમારીના વિવાહ વખતે ગાન તથા નૃત્ય માટે નર્તકીઓને નિમંત્રિત કરવામાં આવતી. બૌદ્ધકાળમાં સંગીત તથા નાટ્યને રાજ્યાશ્રય પ્રાપ્ત હતો. રાજસભામાં ગાયક, વાદક તથા નર્તક નિયુક્ત કરવામાં આવતા. તત્કાલીન લોકોત્સવો પર ગીત, વાદ્ય, નૃત્ય કરવામાં આવતું. બૌદ્ધકાલીન વાદ્યોમાં તત, વિતત, ઘન તથા સુષિર આ ચાર વાદ્યોનો ખાસ ઉલ્લેખ કરવામાં આવેલો. તતવાદ્યમાં વીણા, પરિવાદિની, વિપંચી, વલ્લકી, મહતી, નકુલી, કચ્છપી તથા તુંબવીણાનો ઉલ્લેખ છે.

## 4.12 જૈન ગ્રંથોમાં સંગીતનો ઉલ્લેખ

જૈન ગ્રંથોમાં ખાસ કરીને આગમ ગ્રંથો તથા ટીકાગ્રંથોમાં પ્રાચીન ભારતના સંગીત વિષયક ઉલ્લેખો છે. ઠાણાંગ સુત્તમાં વેદત્રયી અંતર્ગત સામવેદનો નિર્દેશ કરવામાં આવેલો છે. કલ્પસૂત્રમાં સંગીત સબંધિત માહિતી મળે છે. અનુયોગ દ્વાર સુત્તમાં સ્વર, ગીત, વાદ્ય વગેરે ગાંધર્વના વિષયમાં વિવરણ મળે છે. જૈન ગ્રંથોમાં વાદ્યોનો ઉલ્લેખ પણ છે. તેમાં શંખ, સિગ, શંખિયા, ખરમૂહી, પેયા, પીરિપિરિયા, પણવ, પટહ, ભેરી, ઝલ્લરી, દુંદુભિ, વીણા, નકુલ, મુકુન્દ વગેરે વાદ્યો વિષે માહિતી પ્રાપ્ત થાય છે.

## 4.13 મૌર્યકાલીન સંગીતકલાનો વિકાસ

પ્રાચીન ભારતીય સંગીતકલાના વિકાસમાં મૌર્યકાલીન સંગીત વિશેના ઉલ્લેખ વિવિધ સાહિત્યોમાં પ્રાપ્ત થાય છે. તેમાં કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં મૌર્યકાળમાં સંગીત નાગરિકના જીવનનું અભિન્ન અંગ હતું. રાજા માટે વિદ્યાઓ વેદત્રયીનું સ્થાન હતું. સંગીતકલાનો પ્રચાર તત્કાલીન ગ્રામો તથા જનપદમાં હતો અને કલાને રાજ્યાશ્રય મળતો. રાજ્ય તરફથી સંગીત તથા નાટ્ય શાળાઓ માટે વ્યવસ્થા કરવામાં આવતી. ગીત, વેણુ, મૃદંગ કલાઓ માટે શિક્ષણ દેવાવાળા આચાર્યોને શાસન દ્વારા યોગ્ય મતાનુસાર પુરસ્કાર આપવામાં આવતો. સંગીતકલાને મૌર્યકાલીન સમયમાં રાજનીતિક દૃષ્ટિના ઉપયોગથી મૌર્યકાલીન મુખ્ય વિશેષતા માનવામાં આવતી હતી. મૌર્યકાળમાં ચંદ્રગુપ્ત મૌર્ય, સંગીતપ્રેમી હતો. ચાણક્યે કરેલા સંગીતના ઉલ્લેખો મુજબ જે લોકો સંગીતના જાણકાર હોય, ગાઈ શકતા હોય, વાદ્યો વગાડી શકતા હોય, નૃત્ય કરી શકતા હોય, વીણા, વેણુ, મૃદંગ વગેરે વાદ્યો વગાડી શકતા હોય અને તે ગણિકાઓ તથા નૃત્યકારોને શીખવી શકતા હોય આવા બધાને રાજ્યાશ્રય મળવો જોઈએ અને રાજ્યે જ તેમના ભરણ પોષણની જવાબદારી સ્વીકારવી જોઈએ.

## 4.14 ગુપ્તકાલ દરમ્યાન સંગીતકલાનો વિકાસ

પ્રાચીન ભારતમાં ગુપ્તકાલ દરમ્યાન સંગીતનો વિકાસ થયો તેના વિશે જોઈએ તો ચંદ્રગુપ્ત, સમુદ્રગુપ્ત, ચંદ્રગુપ્ત દ્વિતીય વિક્રમાદિત્ય, કુમારગુપ્ત વગેરેના સમયમાં કલાઓનો વિકાસ થયો. તેમાં સંગીતકલાનો પણ વિકાસ કર્યો. ગુપ્તકાળમાં નાટકકાર ભાસ, કાલિદાસ, ભારવિ, આર્યભટ્ટ, વરાહમિહિર, વાત્સાયાયન જેવા મહાન વ્યક્તિઓએ સાહિત્ય, ગણિત, જ્યોતિષશાસ્ત્ર વગેરેમાં મહત્વપૂર્ણ યોગદાન હતું. આ ગ્રંથોમાં સંગીતનો ઉલ્લેખ કર્યો છે. તેમાં સમુદ્રગુપ્ત સ્વયં સંગીત પ્રેમી અને કુશળ વીણાવાદન હતો. રાજદરબારોમાં સંગીત ઉત્સવોનું આયોજન કરવામાં આવતું. ગુપ્ત સમ્રાટ સમુદ્રગુપ્ત પ્રયાગના સ્તંભલેખમાં પોતાને સંગીતજ્ઞ બતાવે છે. ગુપ્તયુગમાં તત્કાલીન સમાજમાં સંગીતને મહત્વપૂર્ણ સ્થાન પ્રાપ્ત થયું. સંગીતના ત્રણ અંગો ગાયન, નૃત્ય, વાદન લોકપ્રિય હતું. સંગીતને રાજયશ્રય મળતો. સમુદ્રગુપ્તના સિક્કાઓ પર વીણા વાદન કરતો હોય તેવા સમ્રાટના ચિત્રાંકન મળે છે. સંગીતકલાનું વિધિવત શિક્ષણ આપવામાં આવતું હતું. ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યના સમયમાં સંગીતનો વિકાસ થયો તેનું મુખ્ય કારણ એ હતું કે વિક્રમાદિત્ય સંગીતનો આદર કરતો અને વિદ્વાનો, કવિઓ, કલાકારોને આદર કરતો. તેમણે ભારતીય સંગીતની વિવિધ પ્રવૃતિઓને સંગઠિત કરી. વિક્રમાદિત્યના સમયમાં મહાકવિ કાલિદાસ થઈ ગયા. કાલિદાસની વિવિધ રચનાઓમાં શકુંતલા વિશ્વ સાહિત્યનું અનુપમ સંગીતમય નાટક છે. કાલિદાસે નાટક લખ્યા છે અને કાવ્યો પણ રચ્યા છે.

**તમારી જાતે તપાસો**

૧. સંગીત એટલે શું?

૨. સંગીતકલાની ઉત્પત્તિ વિશે ચર્ચા કરો.

૩. હડપ્પાકાલીન સંગીતકલાના વિકાસ વિશે ચર્ચા કરો.

૪. ગુપ્તયુગ દરમ્યાન સંગીતકલાના વિકાસ વિશે ચર્ચા કરો.

૫. સંગીતના વાદ્યો વિશે ચર્ચા કરો.

## 4.15 સારાંશ

આમ, પ્રાચીન ભારતમાં સંગીતકલાનો વિકાસ વિવિધ તબક્કામાં થયો હતો. સંગીતની ઉત્પત્તિ વિશેના વિવિધ ખ્યાલો અને તેનો વિકાસ ક્રમશઃ થયો. તેના વિશે ઉપરોક્ત માહિતી પ્રાપ્ત કરી. સંગીત એટલે સ્વરના માધ્યમે અભિવ્યક્ત થતી લલિત કલા છે. સંગીતનો ઉદ્ભવ વેદોના સમયથી માનવામાં આવે છે. શાસ્ત્રીય સંગીતનું પ્રારંભનું વિવેચન સામ-સંહિતામાં મળે છે. બૌદ્ધ અને જૈન ગ્રંથોમાં સંગીતકળાના

વિકાસ વિશેની માહિતી પ્રાપ્ત થાય છે. મૌર્યયુગમાં અશોકના સમયમાં તથા ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં સંગીતનો વિકાસ થયો. તેમાં કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં વિવિધ ઉલ્લેખો મળે છે. ગુપ્તકાલમાં સંગીતનો વિકાસ થયો. સમ્રાટ સ્વયં સંગીત પ્રેમી હોવાના કારણે અને કલાકારોને માન, સન્માન અને આદર ભાવ આપતા હતા. વિવિધ સાહિત્યિક રચનાઓમાંથી પણ પ્રાચીન ભારતીય સંગીતકલાના વિકાસ વિશે માહિતી પ્રાપ્ત થાય છે.

## 4.16 ચાવીરૂપ શબ્દો

- તતમ - એટલે કે તારવાળા
- સુષિરમ - ફૂંક થી વાગે એવા
- અનવદ્ય - ચામડાથી મઢેલા એટલે ચર્મ વાદ્યો
- ધન- ધાતુના બનેલા

## 4.17 બહુવિકલ્પીય પ્રશ્નો

૧. સ્વરના માધ્યમે અભિવ્યક્ત થતી લલિતકલા એટલે

(A) સંગીત (B) શિલ્પ

(C) સ્થાપત્ય (D) ચિત્ર

૨. સંગીતના મુખ્ય કેટલા અંગો છે?

(A) એક (B) બે

(C) ત્રણ (D) ચાર

૩. સંગીતના મુખ્ય અંગોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી?

(A) નૃત્ય (B) ગાયન

(C) વાદન (D) શિલ્પ

૪. વાદનના કેટલા પ્રકાર છે?

(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ

૫. તારવાળા વાદ્યને કયા નામે ઓળખવામાં આવે છે?

(A) તતમ (B) સુષિરમ

(C) અનવદ્ય (D) ધન

૬. ફૂંકથી વાગે એવા વાદ્યને કયા નામે ઓળખવામાં આવે છે?

(A) તતમ (B) સુષિરમ

(C) અનવદ્ય (D) ઘન

૭.સંગીત રત્નાકર ગ્રંથના રચયિતા કોણ છે?

(A) ભરત (B) દત્તિલ મુનિ

(C) માતંગ (D) શાંગદેવ

૮. બૃહદેશી ગ્રંથના રચયિતા કોણ છે?

(A) ભરત (B) દત્તિલ મુનિ

(C) મતંગ (D) શાંગદેવ

૯. વેદોમાં કયો વેદ સંગીતનો વેદ છે?

(A) ઋગ્વેદ (B) યજુર્વેદ

(C) સામવેદ (D) અથર્વવેદ

ઉત્તરો : ૧-(A) સંગીત ૨-(C) ત્રણ ૩-(D) શિલ્પ

૪-(C) ચાર ૫-(A) તતમ ૬- (B) સુષિરમ

૭- (D) શાંગદેવ ૮- (C) મતંગ ૯-(C) સામવેદ

## 4.18 સ્વાધ્યાય

૧.પ્રાચીન ભારતીય સંગીતના આચાર્યો વિશે યાદી તૈયારી કરો.

૨.વૈદિક યુગમાં સંગીતના વિકાસ વિશે ચર્ચા કરો.

___

___

___

૩.બૌદ્ધકાલીન સંગીત વિશે ચર્ચા કરો.

___

___

___

___

___

૪. જૈન ગ્રંથોમાં સંગીતના ઉલ્લેખ વિશે ચર્ચા કરો.

___

___

___

___

## 4.19. સંદર્ભ અને વિશેષ વાચન


- ખાન એમ. એ, ભારતીય કલા, સંસ્કૃતિ એવમ વિરાસત, આદિ પબ્લિકેશન્સ, જયપુર, ૨૦૧૧.
- ઉપાધ્યાય ભગવત શરણ, ભારતીય કલા કા ઇતિહાસ, પીપુલ્સ પબ્લિશિંગ હાઉસ, નઈ દિલ્લી, ૧૯૮૧.
- દેસાઇ રમણલાલ વસંતલાલ, ભારતીય સંસ્કૃતિ એક વિહંગાવલોકન, પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરા, ૧૯૫૪.
- શ્રી વાસ્તવ, પંકજ લતા, પ્રાચીન ભારત, એક્સિસ પબ્લિકેશન્સ, નવી દિલ્લી, ૨૦૧૧.
- ગોયલ પ્રીતિપ્રભા, ભારતીય સંસ્કૃતિ, રાજસ્થાની ગ્રંથાગાર જોધપુર, ૨૦૦૮.

- વેદાલંકાર હરીદત્ત, ભારત કા સાંસ્કૃતિક ઇતિહાસ, આત્મારામ એન્ડ સન્સ, નવી દિલ્લી, ૨૦૦૮.
- શર્મા ભગવત શરણ, ભારતીય સંગીત કા ઇતિહાસ, સંગીત કાર્યાલય હાથરસ, ૨૦૧૦.
- પરાંજપે સરચંદ્ર શ્રીધર, ભારતીય સંગીત કા ઇતિહાસ, ચૌખંભા વિદ્યાભવન, વારાણસી, ૧૯૬૯.

**એકમ - 5**

# પ્રાચીન ભારતમાં યુદ્ધકલા

## :: રૂપરેખા ::

**5.0 ઉદ્દેશ્યો**

**5.1 પ્રસ્તાવના**

**5.2 પ્રાચીન ભારતમાં યુદ્ધકલા**

**5.3 યુદ્ધ કલા એટલે શું?**

**5.4 યુદ્ધ કલાના વિવિધ પ્રકારો**

**5.5 પ્રાચીન ભારતીય યુદ્ધકલા જાણવા માટેના સ્રોત**

**5.5.1. પુરાતત્વીય સ્રોત**

**5.5.2. સાહિત્યિક સ્રોત**

**5.6 પ્રાચીન ભારતીય યુદ્ધકલાના વિવિધ વિભાગો**

**5.7 પ્રાચીન ભારતીય યુદ્ધકલા**

**તમારી જાતે તપાસો**

**5.8 સારાંશ**

**5.9 ચાવીરૂપ શબ્દો**

**5.10 બહુવિકલ્પીય પ્રશ્નો**

**5.11 સ્વાધ્યાય**

**5.12 સંદર્ભ અને વિશેષ વાચન**

## 5.0 ઉદ્દેશ્યો

પ્રાચીન ભારતમાં યુદ્ધકલા એકમના ઉદ્દેશ્ય આ પ્રમાણે છે.

- પ્રાચીન ભારતીય યુદ્ધકલાનો પરિચય પ્રાપ્ત કરવો.
- પ્રાચીન ભારતીય યુદ્ધકલાના સ્રોત વિશે જાણકારી મેળવવી.
- પ્રાચીન ભારતીય યુદ્ધકલાના વિવિધ પ્રકારો વિશે માહિતી મેળવવી.
- પ્રાચીન ભારતીય યુદ્ધકલાની પદ્ધતિ વિશે જાણકારી મેળવવી.

## 5.1 પ્રસ્તાવના

પ્રાચીન ભારતીય યુદ્ધકલા વિશે ચર્ચા કરીએ તો ખ્યાલ આવે કે માનવજીવનનું પૃથ્વી પર અવતરણ અને તેની સાથે યુદ્ધ જોડાયેલું છે. કારણ કે માનવે શરૂઆતથી વિવિધ પ્રકારે સંઘર્ષ કરવો પડતો હતો. શરૂઆતના તબક્કામાં જંગલી જીવ જંતુઓ સાથે સંઘર્ષ રહેતો. માનવ પોતાના આત્મરક્ષા માટે જંગલી જાનવરો જીવ જંતુઓથી રક્ષા માટે શસ્ત્રોનો ઉપયોગ પણ કરતો. શસ્ત્રોનું નિર્માણ એ યુદ્ધ માટેનું નિર્માણ હતું. પ્રાચીન ભારતીય યુદ્ધકલાના સાહિત્યમાં પણ ઉલ્લેખો થયેલા છે. તેમ વૈદિક સાહિત્યમાં યુદ્ધકલાના ઉલ્લેખો છે. ઋગ્વેદમાં દશરાજાઓના યુદ્ધનું વર્ણન આવે છે. તેમાં યુદ્ધ કોની સાથે કેમ કરવું તેના વિશેના ઉલ્લેખો જોવા મળે છે. નારદપુરાણ, શુક્રનીતિ, કૌટિલ્યનું અર્થશાસ્ત્ર વગેરેમાં સારી રીતે સૈન્ય સંગઠન, યુદ્ધકલા, યુદ્ધનીતિ વગેરે વિશે ઉલ્લેખો મળે છે. તેના આધારે પ્રાચીન ભારતમાં યુદ્ધકલાનું મહત્વ તેની વિશેષતા વગેરેનો આપણને પરિચય પ્રાપ્ત થાય છે.

## 5.2 પ્રાચીન ભારતમાં યુદ્ધકલા

પ્રાચીન ભારતીય યુદ્ધકલા વિશે વિસ્તૃત ખ્યાલ પ્રાપ્ત કરવા અંગે તેના વિશેના વિવિધ પાસાઓનો અભ્યાસ કરીએ ત્યારે તેમાં યુદ્ધકલા એટલે શું ? પ્રાચીન ભારતીય યુદ્ધકલા જાણવાના સ્રોત, પ્રાચીન ભારતીય યુદ્ધકલાના વિવિધ વિભાગો, યુદ્ધકલાના પ્રકારો વગેરે વિશે ચર્ચા આ પ્રમાણે છે :

## 5.3 યુદ્ધ કલા એટલે શું?

યુદ્ધ કરવાની કલા એટલે યુદ્ધકલા. વ્યૂહરચના અને રણનીતિના સંયોજનને યુદ્ધકલા કહેવામાં આવે છે. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં સાંગ્રામિક - યુદ્ધકર્મને લગતા અધિકરણમાં સ્કંધાવાર - છાવણી, પ્રયાણ-કૂચ, યુદ્ધભૂમિ, વ્યૂહરચના, યુદ્ધકર્મ વગેરે વિશે વિગતવાર સૂચનાઓ આપેલી છે. છેવટે અધર્મી શત્રુઓ સામે પ્રયોજવાના તરહતરેહના પ્રયોગોની ભલામણ કરી છે. જેમાં ભૈષજય - ઓસડ અને મંત્રના અનેક અદભૂત પ્રયોગ જણાવવામાં આવ્યા છે. સેનામાં પાયદળ, અશ્વદળ, ગજદળ અને રથદળ એ લશ્કરના મુખ્ય અંગો હતા.

## 5.4 યુદ્ધ કલાના વિવિધ પ્રકારો

૧. યુદ્ધકલા

૨. આયુધવિદ્યા

૩. વીરવિદ્યા

૪. શસ્ત્રવિદ્યા

૫. ધનુર્વેદ

૬. સ્વરક્ષાની કલા

યુદ્ધ ધર્મની રક્ષા માટે કમજોર અને નિર્દોષ લોકોની રક્ષા માટે લડવામાં આવે તો યુદ્ધ સ્વીકાર્ય ગણાય છે. મનુ અને કૌટિલ્ય અનુસાર યુદ્ધ ન કેવળ બાહ્ય આક્રમણ સામે, આત્મરક્ષા માટે પણ લડવામાં આવતા.

શાંતિ સ્થાપવા માટે બધા ઉપાયો કરવા છતાં યુદ્ધ હંમેશા અંતિમ ઉપાય તરીકે ઉપયોગમાં લેવામાં આવતું. રામાયણ, મહાભારત વગેરે ગ્રંથોમાં તે સ્પષ્ટ છે કે પ્રાચીન હિન્દુ સમાજમાં શાંતિનું મહત્વ સમજવા માટે યુદ્ધથી બચવું અને વિવાદો દૂર કરવા માટે ચાર પગથિયાં વાળી પ્રક્રિયાનું પાલન કરવામાં આવે છે.

૧. સામ- શાંતિપૂર્ણ વાતચીત

૨. દામ - શત્રુને પ્રસન્ન કરવા માટે ઉપહાર દેવો- ધન આપવું

૩. ભેદ - છુપાયેલો ખતરો

૪. દંડ - બળનો પ્રયોગ

કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં યુદ્ધના પ્રકારો બતાવવામાં આવ્યા છે :

કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં યુદ્ધના વિવિધ પ્રકારો વિશે ઉલ્લેખો કર્યા છે. તેમાં પ્રકાશ યુદ્ધ એટલે કે સામ સામે લડાતું પ્રત્યક્ષ યુદ્ધ. કૂટ યુદ્ધ એટલે કે, છળકપટ, વ્યૂહરચના અને કુટ નીતિ દ્વારા લડાતું યુદ્ધ વગેરે ઉલ્લેખો જોવા મળે છે.

અર્થશાસ્ત્રમાં ત્રણ પ્રકારના વિજયની ચર્ચા કરી છે. તેમ ધર્મા વિજય એટલે કે ધર્મનો વિજય, લાલચ પર વિજય એટલે કે લોભ વિજય, રાક્ષસી વિજય એટલે કે અસુર વિજયનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

કલાઓમાં ભારતીય સંસ્કૃતિમાં વિવિધતા જોવા મળે છે. પ્રાચીન ભારતમાં યુદ્ધકલાને પણ મહત્વની કલાઓમાં સ્થાન હતું. યુદ્ધ માટે ઉપયોગી કલા સામાન્ય રીતે શારીરિક સ્વાસ્થ્યના લાભો માટે ધાર્મિક સંસ્કાર તથા આત્મરક્ષાના એક સાધનના રૂપમાં ગણવામાં આવતી.

## 5.5 પ્રાચીન ભારતીય યુદ્ધકલા જાણવા માટેના સ્રોત

પ્રાચીન ભારતીય યુદ્ધકલા જાણવા માટેના સ્રોતો : પ્રાચીન ભારતીય યુદ્ધકલા જાણવા માટેના સ્રોતોમાં પુરાતાત્વિક સ્રોત અને સાહિત્યિક સ્રોતમાંથી માહિતી પ્રાપ્ત થાય છે.

### 5.5.1 પુરાતત્વીય સ્રોત

પ્રાચીન ભારતીય યુદ્ધકલા વિશે જાણકારી પ્રાપ્ત કરવા માટેના સ્રોતોની વાત કરીએ તો તેમાં અભિલેખો, સિક્કાઓ, સ્મારક અને અવશેષો વગેરે મહત્વના છે. પ્રાચીન ભારતીય અભિલેખોમાં જોઈએ તો સમ્રાટ અશોકનો કલિંગ અભિલેખ, હાથી ગુફાનો અભિલેખમાં સમુદ્રગુપ્ત અને ખારવેલના વિજયની જાણકારી મળે છે. ગિરનારનો અભિલેખ, નાસિક, પુનામાંથી પ્રાપ્ત અભિલેખોમાં પણ મહત્વપૂર્ણ બાબતો જોવા મળે છે. સિક્કાઓ પણ પ્રાચીન ભારતીય સંસ્કૃતિની જાણકારી માટેનો મહત્વનો સ્રોત છે. સિક્કાઓ દ્વારા રાજા પોતાના દેશની વેશભૂષા, અસ્ત્ર શસ્ત્ર તથા સૈનિક વગેરે વિશેની માહિતી  મળે છે.

સ્મારકો અને તેના અવશેષો દ્વારા પ્રાચીન ભારતીય યુદ્ધકલા વિશે જાણી શકાય છે. રાજાઓ વહીવટકર્તાઓ પોતાના રાજયને સુરક્ષાના હેતુથી તેનું નિર્માણ, કિલ્લેબંધી, સૈન્ય વ્યવસ્થા વગેરે સ્મારકોની રચના કરતાં જેના પરથી ખ્યાલ આવી શકે છે.

### 5.5.2 સાહિત્યિક સ્રોત

પ્રાચીન ભારતીય યુદ્ધકલા વિષેની માહિતી વિવિધ સાહિત્યમાંથી પણ પ્રાપ્ત થાય છે. યુદ્ધકલા વિષેની માહિતી આપતા સ્રોતમાં જોઈએ તો ધાર્મિક સાહિત્યમાં વૈદિક સાહિત્ય, ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ, અથર્વવેદ, બ્રાહ્મણગ્રંથ, ઉપનિષદ, વેદાંત, સૂત્રગ્રંથ, ધનુર્વેદ, રામાયણ, મહાભારત, પુરાણ, બૌદ્ધ સાહિત્ય, જૈન સાહિત્યમાં યુદ્ધકલા તથા યુદ્ધનીતિ વિશેના વર્ણનો દ્વારા તેનો ખ્યાલ આવી શકે છે. યુદ્ધ સાહિત્યમાં જોઈએ તો પાણિનીકૃત અષ્ટાધ્યાયી, કાલિદાસનું રઘુવંશ, વિશાખાદત્તનું મુદ્રારાક્ષસ, બાણ ભટ્ટનું હર્ષ ચરિત વગેરેમાં  યુદ્ધ તથા યુદ્ધકલા તેના શિક્ષણ વિશેની માહિતી પ્રાપ્ત થાય છે. ઐતિહાસિક ગ્રંથોમાં કૌટિલ્યનું અર્થશાસ્ત્ર, શુક્રનીતિસર, વૈશમ્પાયન દ્વારા વર્ણીત નીતિપ્રકાશિકામાં યુદ્ધ વિશેની જાણકારી આપવામાં આવી છે. વિદેશી સાહિત્ય તથા યાત્રા વૃત્તાંતમાં જોઈએ તો ઈરાની યાત્રા સાહિત્ય, યુનાની  સાહિત્ય, ચીની સાહિત્ય, અરબી સાહિત્યમાં યુદ્ધોનો ઉલ્લેખો

જોવા મળે છે. યુનાની લેખકોએ ભારતીય યુદ્ધ પદ્ધતિ વિશે લખ્યું છે ચીની યાત્રીઓ માં ફાહયાન અને હ્યુ-એન- સાંગના યાત્રા વૃતાંતમાં પણ ઉલ્લેખો છે.

## 5.6 પ્રાચીન ભારતીય યુદ્ધકલાના વિવિધ વિભાગો

પ્રાચીન ભારતમાં યુદ્ધસંચાલન માટેના વિવિધ વિભાગો પાડવામાં આવતા જેના દ્વારા લશ્કરને વ્યવસ્થિત રીતે તાલીમ, સુરક્ષા યોજના વગેરે માટે સરળતાથી રહી શકે તેમ યુદ્ધ સમિતિ તથા પરિષદ, મુખ્ય લશ્કરી કાર્યાલય, યોદ્ધિક નાણાં વિભાગ, આયુદ્ધાગારનો સમાવેશ થાય છે. વિવિધ વિભાગો દ્વારા લશ્કરી શાસન પદ્ધતિને વ્યવસ્થિત રીતે ગોઠવી શકાતી.

કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં લશ્કરના છ પ્રકાર બતાવ્યા છે. ૧. ભૃતબળ- વેતનભોગી સેના ૨. શ્રેણીબળ- વિવિધ પ્રદેશોમાં રાખવામાં આવતી સેના ૩. મિત્રબળ - મિત્ર રાજ્યોની સેના ૪. શત્રુબલ - શત્રુ રાજાની સેના ૫.અટવીબળ - જંગલની સુરક્ષા માટે નિયુક્ત સેના ૬. મૂળ સેના અથવા મૌલબલ - જે રાજધાનીની રક્ષા કરવાવાળી સેના.

મેગસ્થનિસ અનુસાર સેના પર યુદ્ધ કાર્યાલયનું નિયંત્રણ હતું. તેમાં ત્રીસ સભ્યો હતા. પાંચ-પાંચના છ બોર્ડમાં વિભાજિત હતા. તેમાં દરેક વિભાગનો એક કાર્ય પ્રભારી હતો. પેદલ સેના, અશ્વારોહી સેના, યુદ્ધ રથ, યુદ્ધના હાથી, સૈનિક સેના, નાવિક સેના વિશેના ઉલ્લેખો છે.

પ્રાચીન ભારતીય યુદ્ધકલામાં વપરાતા શસ્ત્રો વિશે પણ જાણકારી મળે છે. તેમાં જોઈએ તો ધનુષ, બાણ, તલવાર, ક્ષુરવર્ગ એટલે પરશુ, કટાર, યંત્રપાષાણ, ગદા, તોમર, ફરસા વગેરેનો સમાવેશ થાય છે. પ્રાચીન ભારતીય યુદ્ધકલામાં યુદ્ધ કરવા માટે સૌ પ્રથમ તો દુશ્મન વચ્ચે શક્તિ, દેશ, કાળ, યુદ્ધકલા, સેનાની ઉન્નતિનો સમય, આક્રમણની શંકા, લાભ, આપતિ વગેરે બાબતો જાણીને દુશ્મની અપેક્ષા કરતાં વધુ સેના લઈ જઈ આક્રમણ કરવું જોઈએ. યુદ્ધ કરવા માટેની એક સંપૂર્ણ તૈયારી કરવામાં આવતી. શક્તિસંપન રાજા શૂર, બળવાન, નિરોગ, શસ્ત્ર ચલાવવામાં નિપુણ જે સેના પર ર્નિભર રહેવા રાજા કરતાં વધુ પ્રભાવશાળી અને સારી રીતે જીત પ્રાપ્ત કરી શકે. યુદ્ધ ત્યારે જરૂર કરવામાં આવતું જ્યારે બધી તૈયારીઓ પછી યુદ્ધ કરવા જતાં સમયે એક સમય વ્યૂહરચના તૈયાર કરવામાં આવતી. તેમાં સેના માટે માર્ગ, ગતિ, નદી-નાળા પાર કરવા, પાણીવાળા રસ્તામાં કેવી રીતે પસાર થવું, કેમ્પની રચના વગેરે બાબતોને કેન્દ્રમાં રાખવામાં આવતી હતી. યુદ્ધવિધિમાં જોઈએ

તો વિવિધ પ્રકારના યુદ્ધો વિશેના ઉલ્લેખો છે તેમ પ્રકાશ યુદ્ધ, કૂટ યુદ્ધ, તૃષણી યુદ્ધ, મહાભારતનું જે યુદ્ધ થયું તેમાં ધર્મ યુદ્ધ પર ભાર મૂકવામાં આવ્યો છે.

ધનુર્વેદ શાસ્ત્રોમાં પ્રયોગના આધારે યુદ્ધના સાત વિભાગોમાં વહેચવામાં આવે છે.

૧. ધનુષવિદ્યા ૨. ચક્રયુદ્ધ ૩. કૂટ યુદ્ધ, ૪. તલવાર યુદ્ધ, ૫. ક્ષુરિકા યુદ્ધ ૬. ગદા યુદ્ધ ૭. બાહુયુદ્ધનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

માર્શલ આર્ટ એ યુદ્ધ કરવા સબંધિત કલા તરીકે ઓળખવામાં આવે છે. યુદ્ધકલા માટે કે યુદ્ધ પદ્ધતિ માટે મહત્વપૂર્ણ નીચેની બાબતોનો સમાવેશ થાય છે. લશ્કરી સંસ્થા, યુદ્ધનીતિ, સમરતંત્ર, યુદ્ધના સાધનોને કેન્દ્રમાં રાખી યુદ્ધ પદ્ધતિ ઘડવામાં ધ્યાનમાં રાખવામાં આવે છે.

## 5.7 પ્રાચીન ભારતીય યુદ્ધકલા

પ્રાચીન ભારતમાં યુદ્ધકલાનો અભ્યાસ કરીએ તો ખ્યાલ આવે છે કે વિવિધ સ્રોતોના આધારે કહી શકાય કે આ સમયમાં ભારતમાં યુદ્ધકલાનો વિકાસ થયેલો હતો. આ સમય દરમ્યાન સુરક્ષા વ્યવસ્થા માટે હથિયાર તથા કિલ્લાનું નિર્માણ વગેરેમાં વિકાસ થયેલો. સિંધુઘાટી સભ્યતાના અવશેષોના આધારે ખ્યાલ આવે છે કે જેમાં મકાન, વાસણો, તોલમાપના સાધનો પ્રાપ્ત થાય છે. સિંધુ સભ્યતા સમય દરમ્યાન ધાતુયુગની શરૂઆત સાથે યુદ્ધકલાનો પણ વિકાસ થયેલો જણાય છે.

હડપ્પા સંસ્કૃતિ સમય દરમ્યાન વિશાળ સામ્રાજયની સ્થાપના પાછળ વિશાળ લશ્કરી શક્તિની ભૂમિકા મહત્વની રહી હતી કારણ કે લશ્કરી શક્તિ વિના તે શક્ય નથી. સિંધુ ઘાટી સભ્યતા ચાર વિભાગોમાં વિભાજિત હતી. ૧. વિદ્વાન વર્ગ, ૨. યોદ્ધા વર્ગ, ૩. વ્યાપારી વર્ગ, ૪. સેવક વર્ગ. આ ચાર વિભાગોના આધારે ખ્યાલ આવે છે કે લશ્કરી કાર્યવાહી માટે યોદ્ધા વર્ગ માટેનો એક અલગ વિસ્તાર હતો. હડપ્પીય સંસ્કૃતિ સમય દરમ્યાનના પુરાવશેષોના આધારે ખ્યાલ આવે છે કે હથિયારો મોટાભાગે તાંબા-કાંસા દ્વારા નિર્માણ પામેલા. જેમાં કુહાડી, ખંજર, ધનુષબાણ, બરછી, ભાલા, છરી, ગદા વગેરેનું નિર્માણ થયેલું. આ બધા જ હથિયારો જોઈએ તો સ્વરક્ષણ કે યુદ્ધ કરવા માટેના ઓજારો હતા.

હડપ્પીય સભ્યતાના સમય દરમ્યાન યુદ્ધકલા વિશે માહિતી પ્રાપ્ત કરીએ તો કિલ્લેબંધીની પ્રથાનો વિકાસ શરૂ થઈ ગયો હતો. ધાતુયુગની શરૂઆતથી આ પ્રથા શરૂ થઈ ગઈ હતી. સિંધુ સભ્યતાના નગરો ચારે બાજુથી ખાઈઓ અને કિલ્લાઓ

સુરક્ષાની દષ્ટિકોણથી બાંધવામાં આવ્યા હતા. સિંધુ ખીણની સંસ્કૃતિ દરમ્યાન લશ્કરી સંગઠન શસ્ત્ર યુદ્ધ પ્રણાલીનો વિકાસ થયો હતો.

વેદકાલીન સમય દરમ્યાન ભારતમાં યુદ્ધકલાનો વિકાસ થયો તેની માહિતી વિવિધ વૈદિક સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. સાહિત્યિક ઉલ્લેખોના આધારે કહી શકાય કે વૈદિક સમય દરમ્યાન ભારતમાં દશરાજ યુદ્ધોનું વર્ણન આવે છે. દશ રાજાઓ વચ્ચેનું યુદ્ધ એ ઋગ્વેદમાં પ્રસિદ્ધ છે. આ યુદ્ધ બે રાજપુરોહિતો વચ્ચેનું સંઘર્ષનું પરિણામ હતું.

વિશ્વામિત્રએ વશિષ્ઠ સાથે બદલો લેવા માટે દશ રાજાઓ પૂરું, ધ્રુવ, અણુ તુવર્શ, મદ્દુકૂલ વગેરે સાથે લશ્કરી કરાર કર્યા અને ભરતવંશના રાજા સુદાસ પર હુમલો કર્યો. સુદાસ પાસે લશ્કરી શક્તિ હતી અને તે બહાદુર સૈનિક હતો. આ ઉલ્લેખોના આધારે કહી શકાય કે વેદકાલીન સમયમાં યુદ્ધ પ્રણાલીનો વિકાસ થયેલો હતો. વેદકાલીન સમયમાં સામાજિક સંસ્થા પણ અગત્યની ભૂમિકા રહી તેમાં સંસ્થાના કાર્ય આધારે ચાર વર્ણનો ઉલ્લેખો આવે છે. ૧. બ્રાહ્મણ ૨. ક્ષત્રિય, ૩.વૈશ્ય અને ૪. શુદ્ર આ વર્ગ વિભાજન સતત ચાલતા યુદ્ધોના કારણે થયેલું. બાહ્ય આક્રમણથી રક્ષા કરવાનું કાર્ય ક્ષત્રિયોને સોંપવામાં આવેલું. બ્રાહ્મણ વર્ગ શાસ્ત્ર ધર્મની સાથે સાથે રાજાઓને યુદ્ધ ક્ષેત્રમાં યોગ્ય સલાહ આપતો. સૂત્ર સાહિત્યમાં ઉલ્લેખ મુજબ યુદ્ધ દરમ્યાન પુરોહિતો રથના પશ્ચિમ છેડે રહી ઋગ્વેદિક મંત્રોનું સમય મુજબ ઉચ્ચારણ કરતો હતો. લશ્કરી શિક્ષણ અને દીક્ષા વૈદિક સાહિત્યમાં ઉલ્લેખ મુજબ આ સમય દરમ્યાન લશ્કરી શિક્ષણ અને દીક્ષાની વ્યવસ્થાઓ હતી.

ઋગ્વેદમાં બે પ્રકારના શસ્ત્રોનો ઉલ્લેખ છે ૧. આક્રમક અને ૨. રક્ષણાત્મક. ધનુષબાણ એ આર્યોનું મુખ્ય શસ્ત્ર હતું. યુદ્ધ વિદ્યાનું નામ એટલા માટે ધનુર્વેદ કહેવામાં આવે છે.

ધનુર્વેદ અનુસાર ચાર પ્રકારના શસ્ત્રો હતા. ૧. મુનલ- ફેંકનારા ૨. અમુનલ- ન ફેંકનારા ૩. મુક્ત મુનલ- બંને પ્રકારે વપરાય ૪. મંત્ર મુનલ- જે મંત્રો દ્વારા ફેંકનારા ઋગ્વેદ યુગમાં યુદ્ધક્ષેત્રમાં રણ વાદ્યોના પ્રયોગનો ઉલ્લેખ મળે છે. આ વાદ્ય ભયંકર રૂપથી વાગતું હતું. યજ્ઞ કરતાં વખતે ઉત્સવોમાં પણ તેનો ઉપયોગ થતો. યુદ્ધ મેદાનમાં ધ્વજનો ઉપયોગ મેદાનમાં થતો. યુદ્ધ મેદાનમાં આર્ય લશ્કર ગીત ગાતા, ઝંડા ફરકાવતા, રણ વાદ્યોની સાથે દુશ્મન સામે યુદ્ધ કરતા કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં શસ્ત્રો રાખવા તથા તેને સાચવનાર વગેરે કાર્યો આધારે તે વ્યક્તિને આયુદ્ધાગારધ્યક્ષ કહેવામાં આવતો.

યુદ્ધમાં સ્થિત યંત્ર અને ચલણ યંત્ર પણ મહત્વના હતા તેમ જોઈએ તો - સ્થિત યંત્ર અને ચલનયંત્ર ૧. બહુમુખી- કિલ્લાની દિવાલોની ઊંચાઈથી ગોળા ફેંકનારા ૨. યાનક- પૈડાં પર રાખવાવાળું લાંબુ યંત્ર ૩. પર્જન્ય- ફાયર બ્રિગેડ ૪. ઘાતી- નગરની બહાર સ્થાપિત જેનો સ્પર્શ કરવા માત્રથી મૃત્યુ થઈ જાય. ૫. સંઘાતી- લાંબુ ઉચ્ચે વાસ પર બનેલ યંત્ર જે મહેલોમાં અજવાળું આપે અને કિલ્લાની અંદર આગ પણ લગાવી શકે.

કૌટિલ્યએ અર્થશાસ્ત્રમાં ધનુષ્યનું વર્ણન ચાર પ્રકારે કર્યું છે તેમાં ૧. કાર્મુક ૨. ધનુ ૩. કોદંડ ૪. દ્રવ્રણ. અર્થશાસ્ત્રમાં પાંચ પ્રકારના બાણની ચર્ચા કરી છે તેમ ૧. રેણું, ૨. શલાકા ૩. શર ૪. નારાચ ૫. દંડાસનનો સમાવેશ થાય છે.

કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં વિવિધ સેનાના પ્રકાર વિશેનો ઉલ્લેખો છે. મૌલબળ, શ્રેણી બળ, ભૃતકબળ, અમિત બળ, મિત્રબળ, અટવિ બળ. લશ્કરી સેનાઓમાં પાયદળ સેના, રાજ સેના, અશ્વ સેનાની ચર્ચા કરી છે. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં લશ્કરી શિક્ષણ તાલીમ માટેના ઉલ્લેખો છે. તેમાં ઘોડાની અને હથિયારોની પણ તાલીમ આપવામાં આવતી. ઘોડાની ચાલના આધારે પાંચ વિભાગોમાં વહેંચી તાલીમ આપવામાં આવતી. ૧. બલ્ગન ૨. નીચેગત ૩. લંગન, ૪. ધોરણ, ૫. નારોષ્ટ.

હાથીઓને સાત પ્રકારે વિભાજિત કરી તેને તાલીમ આપવામાં આવતી. ૧. ઉપસ્થાન, ૨. સંદર્તન ૩. સંયાન ૪. બધાબધ ૫. હસ્તી યુદ્ધ ૬. નગરાયણ ૭. સાગ્રામિક

કૌટિલ્યના અર્થશાસ્ત્ર અનુસાર યુદ્ધ સમય દરમ્યાન યુદ્ધમાં વાદ્યો અને સંકેત આપીને દુશ્મનોનું મનોબળ તોડવા માટેનો ઉલ્લેખ છે. રાજદૂત પ્રણાલી, ગુપ્તચર પ્રણાલી વિશેના ઉલ્લેખો પણ જોવા મળે છે.

મેગસ્થિનિશ અનુસાર મૌર્યકાલમાં લશ્કરી તાલીમના બે પ્રકાર હતા (૧) ઘોડા-હાથીઓ તથા રથો પર બેસીને અસ્ત્ર શસ્ત્ર ચલાવવાની તાલીમ અને (૨) સામાન્ય સૈનિકોને સૈન્ય વિજ્ઞાનની જાણકારી આપવી.

ગુપ્તકાલીન સમયમાં યુદ્ધકલાની વાત કરીએ તો ગુપ્ત રાજાઓ નાના-મોટા રાજ્યો જીતીને પોતાના સામ્રાજ્યનો વિસ્તાર વધાર્યો હતો. અશાંતિના સમયમાં લશ્કરી મદદ લેવામાં આવતી. રાજ્યોના શાસકને સામંત કહેવામાં આવતો.

વિવિધ ગુપ્ત લેખોના આધારે સામંત શાસકો માટે મહારાજ, મહાસેનાપતિ, મહાસામંતની પદવીઓ આપવામાં આવતી. છ પ્રકારની સેનાની ચર્ચા કરવામાં આવી છે. તેમાં અશ્વસેના, હસ્તી સેના, પેદલસેના, જય સેના, સ્ત્રી સેનાનો સમાવેશ થતો.

**લશ્કરી પદાધિકારીઓ**

૧. બલાધિકૃત - સેનાનો સર્વોચ્ચ અધિકારી

૨. રણભણ્ડાધિપતિ - સૈનિક અથવા સચિવ

૩. મહાદંડનાયક- મુખ્ય ન્યાયાધીશ

૪. મહાશવપતિ- અશ્વારોહી સેનાનો નિરીક્ષક

૫. મહાપિલુપતિ- ગજ સેનાનો અધ્યક્ષ

૬. મહા સામંત- સામંતીય પદ ધારણ કરવા વાળો

ગુપ્તકાલ સમયમાં યુદ્ધ સમિતિનું નિર્માણ કરવામાં આવેલું તેમ યુવરાજ, પુરોહિત, પ્રધાનમંત્રી, નાણાંમંત્રી, પરરાષ્ટ્રમંત્રી, યુદ્ધમંત્રી અને અન્ય મંત્રીઓ વિશેના ઉલ્લેખો જોવા મળે છે.

આમ, પ્રાચીન ભારતમાં હડપ્પીય સભ્યતા, વેદકાલીન સભ્યતા, મૌર્યકાલ, ગુપ્તકાલ વગેરેમાં યુદ્ધકલા તથા યુદ્ધો વિશેના ઉલ્લેખો અને તેના વિવિધ પ્રકારો, શસ્ત્રોના પ્રકારો વગેરે વિશે માહિતી પ્રાપ્ત થાય છે અને તેના આધારે પ્રાચીન ભારતીય યુદ્ધકલા વિશે જાણી શકીએ છીએ. પ્રાચીન ભારતીય યુદ્ધકલા માટેના વિવિધ સ્રોત પણ એટલા જ ઉપયોગી છે.

**તમારી જાતે તપાસો**

૧. યુદ્ધકલા એટલે શું?

૨. યુદ્ધોના વિવિધ પ્રકારો જણાવો.

૩. પ્રાચીન ભારતીય યુદ્ધકલા વિશે જાણવાના સ્રોત વિશે ચર્ચા કરો

૪. પ્રાચીન ભારતીય યુદ્ધકલા વિશે પુરાતત્વીય સ્રોતોની ચર્ચા કરો.

## 5.8 સારાંશ

આમ, પ્રાચીન ભારતીય યુદ્ધકલા વિશે વિવિધ સાહિત્યિક અને પુરાવસ્તુકીય સ્રોતોના આધારે માહિતી પ્રાપ્ત થાય છે. વિવિધ સાહિત્યિક ઉલ્લેખોમાં યુદ્ધકલા, સેના, સુરક્ષા વગેરે વિશે માહિતી આપવામાં આવેલી છે. પ્રાચીન ભારતીય સાહિત્યમાં યુદ્ધના વિવિધ પ્રકારો દર્શાવવામાં આવ્યા છે. તેમાં સમયાંતરે યુદ્ધ કોણે, ક્યારે અને કેમ કરવામાં આવતું વગેરે બાબતો વિશે પણ જાણકારી પ્રાપ્ત થાય છે. ભારતીય સંસ્કૃતિમાં વિવિધ કલાઓને મહત્વ આપવામાં આવતું. તેમ પ્રાચીન સમયમાં યુદ્ધકલાને પણ મહત્વ આપવામાં આવતું હતું. રાજા-મહારાજાઓ સુરક્ષા માટે પણ ક્યાંકને કયાંક સંઘર્ષમાં ઊતરવું પડતું તેના માટે તાલીમ બદ્ધ, સશસ્ત્ર  સજ્જ, સૈન્યની જરૂર પડતી. આ તમામ બાબતો માટે યુદ્ધકલા જરૂરી હતી. આમ, પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં યુદ્ધકલાએ મહત્વની કલા કહી શકાય.

## 5.9 ચાવીરૂપ શબ્દો

૧. લાલચ-લોભ   ૨. ભેદ-છુપાયેલો ખતરો

## 5.10 બહુ વિકલ્પીય પ્રશ્નો

૧. નીચેનામાંથી કયો પ્રકાર યુદ્ધકલામાં સમાવિષ્ટ નથી ?

(A) આયુધવિદ્યા   (B) વીર વિદ્યા

(C) શસ્ત્ર વિદ્યા   (D) અર્થ વિદ્યા

૨. યુદ્ધ પ્રક્રિયામાં શાંતિ પૂર્ણ વાતચીતને શું કહેવામાં આવે છે ?

(A) સામ   (B) દામ

(C) ભેદ   (D) દંડ

૩. યુદ્ધ પ્રક્રિયાના પગથિયામાં ભેદ એટલે શું?

(A) શાંતિપૂર્ણ વાતચઈડ્ડ   (B) શત્રુને પ્રસન્ન કરવા માટેનો ઉપહાર

(C) છુપાયેલો ખતરો   (D) બળનો પ્રયોગ

૪. ખુલ્લુ યુદ્ધ એટલે કેવા પ્રકારનું યુદ્ધ ?

(A) પ્રકાશ યુદ્ધ   (B) મંત્ર યુદ્ધ

(C) કૂટ યુદ્ધ   (D) ગદા  યુદ્ધ

૫. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં નીચેનામાંથી કયા વિજયની ચર્ચાનો સમાવેશ થતો નથી.

(A) ધર્મ વિજય (B) લોભ વિજય

(C) રાક્ષસી વિજય (D) વીર વિજય

૬. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં લશ્કરના પ્રકારોના ઉલ્લેખ છે, તેમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી.

(A) મિત્ર બલ (B) શત્રુબલ

(C) ભૃત્યબલ (D) વાયુ બલ

૭. જંગલની સુરક્ષા માટે નિયુક્ત સેના એટલે ?

(A) આંટાકબલ (B) શત્રુ બલ

(C) ભૃત્યબલ (D) મિત્ર બલ

૮. ધનુર્વેદ શાસ્ત્રમાં યુદ્ધને કેટલા વિભાગોમાં વહેંચવામાં આવ્યું છે.

(A) ચાર (B) પાંચ (ઝ) છ (D) સાત

૯. આક્રમણ અને રક્ષણાત્મક આ બે પ્રકારના શસ્ત્રોનો ઉલ્લેખ નીચેનામાંથી કયા શાસ્ત્રમાં કરવામાં આવ્યો છે.

(A) ઋગ્વેદ (B) ધનુર્વેદ

(C) ઇન્ડિકા (D) અર્થશાસ્ત્ર

૧૦. ધનુર્વેદ અનુસાર ચાર પ્રકારના શસ્ત્રો હતા તેમાં મુનલ એટલે શું?

(A) ન ફેંકનારા (B) ફેંકનારા

(C) બંને પ્રકારના (D) મંત્રો દ્વારા ફેંકનારા

૧૧. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં ધનુષ્યના કેટલા પ્રકારનો ઉલ્લેખ છે.

(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ

૧૨. સેનાના સર્વોચ્ચ અધિકારીને કયા નામે ઓળખવામાં આવતો હતો.

(A) બલાધિકૃત (B) મહા દંડનાયક

(C) મહા શવપતિ (D) મહાસામંત

**ઉત્તરો :**

| | | |
|---|---|---|
| ૧. (D) અર્થ વિદ્યા | ૨. (A) સામા | ૩. (C) છુપાયેલો ખતરો |
| ૪. (A) પ્રકાશ યુદ્ધ | ૫. (D) વીર વિજય | ૬. (D) વાયુ બલ |
| ૭. (A) આંટાકબલ | ૮. (D) સાત | ૯. (A) ઋગ્વેદ |
| ૧૦. (B) ફેંકનારા | ૧૧. (C) ચાર | ૧૨. (A) બલાધિકૃત |

## 5.11 સ્વાધ્યાય

૧. પ્રાચીન ભારતીય યુદ્ધકલા વિશેના સાહિત્યિક ઉલ્લેખો જણાવો.

૨. પ્રાચીન ભારતીય યુદ્ધના વિવિધ વિભાગોની ચર્ચા કરો.

૩. વેદકાલીન સમય દરમ્યાન યુદ્ધકલા વિશે માહિતી આપો.

૪. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં યુદ્ધ વિશેના ઉલ્લેખોની ચર્ચા કરો.

## 5.12. સંદર્ભ અને વિશેષ વાચન


- ખાન એમ. એ, ભારતીય કલા, સંસ્કૃતિ એવમ વિરાસત, આદિ પબ્લિકેશન્સ, જયપુર, ૨૦૧૧.
- ઉપાધ્યાય ભગવત શરણ, ભારતીય કલા કા ઇતિહાસ, પીપુલ્સ પબ્લિશિંગ હાઉસ, નવી દિલ્લી, ૧૯૮૧.
- દેસાઇ રમણલાલ વસંતલાલ, ભારતીય સંસ્કૃતિ એક વિહંગાવલોકન, પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરા, ૧૯૫૪.
- દ્વિવેદી એસ. કે, પ્રાચીન ભારતીય યુદ્ધો ક ઇતિહાસ, ઓમેગા પબ્લિકેશન્સ, નવી દિલ્લી, ૨૦૧૮.
- સમીર કુમાર સિંહ, પ્રાચીન ભારતીય સમાજ એવં સંસ્કૃતિ, જ્ઞાન દા પ્રકાશન, નવી દિલ્લી, ૨૦૧૭.
- શ્રીવાસ્તવ પંકજ લતા, પ્રાચીન ભારત, એક્સિસ પબ્લિકેશન્સ, નવી દિલ્લી, ૨૦૧૧.
- શાસ્ત્રી હરિપ્રસાદ ગંગારામ, પ્રાચીન ભારત ભાગ-૧, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, ૧૯૬૯-૭૦.

**એકમ - 6**

# મધ્યકાલીન ભારતમાં નૃત્ય કલા

## :: રૂપરેખા ::

**6.0** ઉદ્દેશો

**6.1 પ્રસ્તાવના**

**6.2 નૃત્ય કલા એટલે શું ?**

**6.3 નૃત્યના પ્રકાર**

**6.3.1 શાસ્ત્રીય નૃત્ય**

**6.3.2 લોક નૃત્ય**

**6.4 મધ્યકાલીન ભારતમાં નૃત્યકલા**

**6.4.1 ભરત નાટ્યમ નૃત્ય**

**6.4.2 કથકલી**

**6.4.3 મણિપુરી**

**6.4.4 ઓડિસી**

**6.4.5 કથક નૃત્ય**

**તમારી જાતે ચકાસો**

**6.5 ચાવીરૂપ શબ્દો**

**6.6 બહુ વિકલ્પીય પ્રશ્નો**

**6.7 સ્વાધ્યાય**

**6.8 સંદર્ભ અને વિશેષ વાંચન**

## 6.0 ઉદ્દેશો

આ એકમના ઉદેશ્યમાં મધ્યકાલીન ભારતમાં નૃત્યકલાનો અભ્યાસ કરવાનો છે. જે એકમના અધ્યાપનથી આટલી સમજ કેળવાશે.

- નૃત્યકલા એટલે શું તેની સમજ આપવી.
- મધ્યકાલીન ભારતમાં નૃત્યકલાનો પરિચય કરાવવો.
- ભરત નાટ્યમ અને કથકલી વિશે સમજ કેળવાશે.
- મણિપુરી અને ઓડિસી નૃત્યનો પરિચય મેળવશે.

## 6.1 પ્રસ્તાવના

ભારતીય સંસ્કૃતિના ઈતિહાસમાં જોઈએ તો વિવિધ કલાઓનો ઉદ્ભવ થયેલો. તે કલાઓના માધ્યમ દ્વારા ભારતના લોકો પોતાની સંસ્કૃતિની એક આગવી ઓળખ ઊભી કરી છે. આવી વિવિધ કલાઓમાં સંગીત, નૃત્ય, નાટય વગેરે કલાઓનો સમાવેશ થાય છે. આ એકમમાં નૃત્ય કલા વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. નૃત્ય કલા એ પ્રાચીન સમયથી ચાલી આવી રહી છે. તેના વિશેના વિવિધ આધારો મળે છે, ખાસ કરીને ભરતમુનિના નાટ્ય શાસ્ત્રમાં તેના વિશેનો ઉલ્લેખ છે અને તેના પછી વિવિધ નૃત્યો વિકાસ પામતા ગયા. તેવી જ રીતે મધ્યકાલીન ભારતમાં પણ વિવિધ નૃત્ય શૈલીઓ આસ્તિત્વમાં આવી અને કેટલીક નૃત્ય શૈલીઓ પ્રાચીન તેમજ મધ્યકાલીન સમયમાં તે રજૂ થતી. આ નૃત્ય કલામાં કથક નૃત્ય, મણિપુરી નૃત્ય, કથકલી, ભરત નાટયમ, ઓડિસી નૃત્ય વગેરેનો સમાવેશ થાય છે. જે વિશે વિગતે ચર્ચા આ પ્રમાણે છે.

## 6.2 નૃત્ય કલા એટલે શું ?

ભારતીય નૃત્યકલામાં સૌથી આકર્ષક રૂપ છે હાથોની મુદ્રા અને તેના હાવભાવ. તેમાં મનુષ્યના ભાવોથી લઈને જાનવરોના ભાવો સુધી દેખાય છે. શાસ્ત્રીય નૃત્યમાં મુખ્ય રૂપે કેરલનું કથકલી, મોહિની પટ્ટનમ, ઉત્તર પ્રદેશનું કથક, આંધ્ર પ્રદેશનું કુચિપુડી, ઓડિસાનું ઓડિસી, મણિપુરનું મણિપુરી, કર્ણાટક અને તમિલનાડુના ભરતનાટ્યમ છે. અસમનું સતારિયાને પણ શાસ્ત્રીય નૃત્યમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

નૃત્ય જે માધ્યમથી ભાવ - જગતને પ્રેષણીય બનાવે છે તે છે મુદ્રા. મુદ્રાઓને ભારતીય સંસ્કૃતિમાં પવિત્રતાનું પ્રતિક માનવામાં આવે છે. મનુષ્ય મુદ્રાઓના માધ્યમથી દેવતાઓ સુધી પહોંચી શકે છે. એવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવે છે.

નાચવું, નાચ (ડાન્સ) એટલે નૃત્ય. નાટ્ય અને નૃતના સંગમને નૃત્ય કહેવામાં આવે છે.

નૃત્ય એટલે કોઇ ભાવ, કલ્પના, વિચાર કે વાર્તાને વ્યક્ત કરવા કે પછી ગતિનો જ આનંદ માણવા માટે સંગીતમય અને તાલબદ્ધ રીતે થતો અંગ વિન્યાસ.

નૃત્યનો હેતુ નર્તનના માધ્યમથી વર્ણીત રસ તથા ભાવ સાથે છે. નૃત્ય શબ્દની વ્યુત્પત્તિ મૂળ સંસ્કૃત શબ્દ ‘નૃત’ (નૃત્ય કરવું) ઉપરથી થઈ.

નૃત્ય એ તાલ અને લય સાથે સૌંદર્યની અનુભૂતિ કરાવે છે. નૃત્યમાં ભાવોનું પ્રદર્શન લય પર આધારિત તથા તાલ બદ્ધ હોય છે.

માનવીય અભિવ્યક્તિઓને રસમય પ્રદર્શિત કરવાની કલાને નૃત્ય કલા કહે છે. નૃત્ય અભિનય કલાનું સાંગીતિક રૂપ છે જેમાં શબ્દ, સંગીત, મુદ્રાઓનો સમન્વય છે. નાટ્યશાસ્ત્રમાં નૃત્યકલાનું લિખિત વર્ણન પ્રાપ્ત થાય છે.

## 6.3 નૃત્યના પ્રકાર

ભારતીય નૃત્યના બે પ્રકારમાં વહેંચવામાં આવે છે.

૧. શાસ્ત્રીય નૃત્ય

૨. લોકનૃત્ય

### 6.3.1 શાસ્ત્રીય નૃત્ય

શાસ્ત્રીય નૃત્યમાં જોઈએ તો તમિલનાડુનું ભરત નાટ્યમ, મણિપુરનું મણિપુરી નૃત્ય, કેરલનું કથક અને મોહિની અટ્ટમ, આંધ્રપ્રદેશનું કુચિપુડી, અસમનું સતારિયા, ઓડિસાનું ઓડિસી, ઉત્તર પ્રદેશનું કથક વગેરે શાસ્ત્રીય નૃત્યો છે. શાસ્ત્રીય નૃત્ય એટલે નાટ્યશાસ્ત્ર અનુસાર હાવભાવ, અંગ ભંગિકાઓ અને મુદ્રાઓ ભારતીય શાસ્ત્રીય નૃત્યનો મૂળ આધાર છે.

### 6.3.2 લોક નૃત્ય

ભારતના વિવિધ પ્રાંતોમાં લોક નૃત્યો જોવા મળે છે. તેમાં છહું, ગરબા, દાંડિયા રાસ, ભાંગડા, દાદરા-જવારા, મટકી, ગૌર, મારિયા, આલકાય, બિરહા, પાઈકા, બાગુરુંબા, જાટ-જાટિન, ઝુંમર તથા ઝૂમહર, ડંડા જાત્રા, બીહું, થાંગટા, ટિપ્પણી, ગરડી, મેર, મેરાયો, ટીમલી, રાસ વગેરે લોક નૃત્યો જોવા મળે છે.

## 6.4 મધ્યકાલીન ભારતમાં નૃત્યકલા

ભારતના ઈતિહાસમાં દિલ્હી સલ્તનતથી મુઘલ શાસન સુધીના સમયમાં જે નૃત્યો થતાં તેના વિશે ચર્ચા કરવામાં આવી છે તથા કેટલાક ગ્રંથોમાં અને પુરવાઓના આધારે મધ્યકાલીન ભારતમાં નૃત્યકલાનો કેવો વિકાસ થયો હતો તેનો ખ્યાલ આવે છે. મૂળ તો પ્રાચીન સમયમાં જે નૃત્યનો વિકાસ થયો છે. તે નૃત્યો પ્રાચીન સમયમાં થતાં તે મધ્યકાલીન સમયમાં પણ થતાં હતા. સમયાંતરે નૃત્ય શૈલીમાં પરિવર્તન આવતું ગયું અને સાથે સાથે નવા નવા નૃત્યોનો ઉદ્ભવ પણ થતો.

કપિલા વાત્સાયન મુજબ ''મધ્યકાલીન ભારતમાં નૃત્યકલા વિશેના ગ્રંથો તથા સાહિત્યિક માહિતી આપણને ૧૩ મી સદી પછી આ સમય દરમ્યાન વધારે પ્રમાણમાં મળે છે. દેશના વિવિધ પ્રાંતમાં નૃત્ય સંબંધી ગ્રંથો લખાવા માંડયા. આ ગ્રંથોના આધારે ખ્યાલ આવે છે કે ક્ષેત્રીય વિવિધતાની સાથે બધા જ નૃત્યો નાટ્ય શાસ્ત્રોના સિદ્ધાંતોનું પાલન કરે છે. તેમાં નૃત્યને નાટ્ય અને નૃત્ય માટે તાંડવમાં વિભાજિત કરવામાં આવેલ, એની સાથે સાથે ક્ષેત્રીય શૈલીઓ પણ આવી. પ્રત્યેક વિસ્તારમાં પોતાની એક અલગ શબ્દાવલિ નિર્મિત થઈ. એક બીજાના તથ્યના કારણે ભારતમાં વિવિધ શાસ્ત્રીય શૈલીઓને જન્મ થયો. શાસ્ત્રીય નૃત્ય શૈલીઓનો પ્રારંભ ભરતનાટ્યમ, કથકલી, મણિપુરી, ઓડિસી, કથકના પ્રારંભ મધ્યકાળ એટલે કે ઈ.સ ૧૩૦૦ થી ૧૮૦૦ વચ્ચે થયો.''

મધ્યકાળમાં નૃત્ય પર કેન્દ્રિત ગ્રંથોમાં જે રચના થઈ તેમાં કવિ જયદેવ રચિત - ગીત ગોવિંદ, મોહમ્મદ શાહ - સંગીત મલ્લિકા, વેદ- સંગીત મકરંદ, શુંભકર - હસ્ત મુક્તવલી, ગૌરાટ શૈ વિજય- વિદ્યાપતિ, બાલારામ બર્મન- બાલારામ ભારતમ, જય સેનાપતિ - નૃત્ય રત્નાવલિ, શંકરાચાર્ય - સંગીતોપનિષદ, શારંગ દેવ - સંગીત રત્નાકર, તુલજા રાજા - નાટ્યવેદનામાં વગેરે ગ્રંથો ઉલ્લેખનીય છે.

મધ્યકાલીન ભારતમાં નૃત્યકલાને વિવિધ રીતે પ્રોત્સાહન આપવામાં આવતું. વિવિધ શાસ્ત્રીય નૃત્યોના આયોજન કરવામાં આવતા હતા. તેમાં ભરત નાટ્યમ, કથક, કુચિપુડી, મણિપુરી, ઓડિસી, કથકલી વગેરેનો સમાવેશ થાય છે.

**6.4.1 ભરત નાટ્યમ નૃત્ય**

મધ્યકાલીન ભારતમાં ભરત નાટ્યમ નૃત્ય થતું. મુઘલ બાદશાહોના આગમન સાથે ઈરાની દરબારી નૃત્યનું આગમન થયું. આ શૈલીની અસર ભારતના કથક નૃત્ય ઉપર વિશેષ પડેલી છે. કથક શૈલીના મૂળ ભરત મુનિના નાટ્યશાસ્ત્રમાં રહેલા છે. આ નૃત્ય એકલા અથવા ત્રણ ચરણ સમૂહમાં યોજાય છે. આ દક્ષિણ હિંદમાં ખાસ પ્રચલિત છે. નર્તક તથા નર્તકી સંગીતના તાલ સાથે તથા થાપ પર નૃત્ય કરે છે. એ નૃત્યની શરૂઆત એ છે કે નૃત્યક નર્તકી પોતાના વિવિધ રૂપોને પ્રસ્તુત કરે છે.

ભારતમાં મુખ્યત્વે આ નૃત્ય તમિલનાડુમાં યોજાય છે. સૌથી પ્રાચીન નૃત્ય શૈલી તરીકે ઓળખવામાં આવે છે. શરૂઆતમાં આ નૃત્ય ભાગવત મેલા તરીકે ઓળખાતું હતું. ભરત નાટ્યમ નૃત્યમાં શરૂઆતમાં એક જ નર્તિકા નૃત્ય કરે છે. તેના પદો શુદ્ધ પ્રેમ ભક્તિના હોય છે. નર્તિકા ભક્ત છે. અને નટરાજ તેનો પ્રિયતમ છે. ભરત નાટ્યમમાં તાલ અને મૃદંગના લયબદ્ધ સ્વરોથી શરૂ કરીને તે અલારિયું, જતિ

સ્વરમ, શબ્દમ, વર્ણમ, પદમ, તિલ્લાના અને શ્લોકમ સુધી પહોંચે છે. ચિદમ્બરમ અને તાંજોરના મંદિરોમાં જે શિલ્પો કંડારાયા છે તેમાં ભરત નાટ્યમ નૃત્યનું અંગભંગિ જોવા મળે છે. આ નૃત્યની કેળવણી પૂર્ણ કર્યા બાદ નર્તકી કે નર્તક આ નૃત્યના વિશારદો સમક્ષ જે કાર્યક્રમ આપે છે. તેને 'આરંગેત્રલ'ના નામે ઓળખાય છે.

આ નૃત્ય ચોલો, પાંડય, વિજય નગરના શાસકો તથા મરાઠા દ્વારા સંરક્ષિત કરવામાં આવેલ. ભરત નાટ્યમના સમાન રૂપમાં હાથ, પગ, મુખ અને શરીર અભિનયના અનેક નિયમ છે. ભરત નાટ્યમ નૃત્યમાં ચાર પ્રકારના અભિનયોનો સમાવેશ થાય છે. તેમાં આંગિક, વાચિક, આહાર્ય અને સાત્વિકનો સમાવેશ થાય છે.

### 6.4.2 કથકલી

કથકલી નૃત્ય એ શાસ્ત્રીય નૃત્ય શૈલીનું છે. આ નૃત્ય દક્ષિણ ભારતના કેરલ પ્રાંતનું છે. જે રામ અને કૃષ્ણના જીવન પ્રંસગો લઈને  નૃત્ય રજૂ કરવામાં આવતું. આ નૃત્યને હિન્દુ મંદિરો અને કલા શૈલીઓ દ્વારા વિકસિત કરવામાં આવે છે. કથકલી નૃત્યની વિશેષતાઓમાં જોઈએ તો મેકઅપ, ચહેરા પર મુખોટું, વિશેષ વેશભૂષા જોવા મળે છે. મોટા ભાગે આ નૃત્ય પુરુષ કરે છે. આ નૃત્ય લાંબો સમય સુધી ચાલવાવાળું નૃત્ય છે. આ નૃત્યમાં સાત પ્રકારનો મેકઅપ કરવામાં આવે છે રંગોનો આધાર પાત્ર પર આધારિત છે. કૃષ્ણ, વિષ્ણુ, રામ, શિવ, સૂર્ય, યુધિષ્ઠર, અર્જુન, નલ અને અન્ય રાજાઓના પાત્રો હોય છે. કથકલી નૃત્યમાં નર્તક ઈશારા દ્વારા પાત્રની વાતને સામે રાખે છે. હાથોની મુદ્રાઓનો પ્રયોગ પણ કરે છે. કથકલી નૃત્ય ધીરે ધીરે શરૂ થાય છે. આ નૃત્યના વિષયોમાં રામાયણ, મહાભારત અને હિન્દુ પૌરાણિક કથાઓ હોય છે. આ નૃત્યમાં રંગબેરંગી અને મનોહર વેશભૂષા અને ઝમકદાર રજૂઆત માટે આ નૃત્ય જાણીતું છે. આ નૃત્યમાં જટાયુ વધ, રામ-રાવણ, યુદ્ધ કથકલીના વિષયો છે. અભિનયમાં વાચિક, આંગિક, આહાર્ય - ભાવદર્શન એ રજૂઆતમાં મુખ્ય ભાગ ભજવે છે. કથકલી નૃત્યનો પ્રારંભ થાય તે પહેલા વંદના અને સંગીતનો કાર્યક્રમ થાય તે પ્રારંભ છે. તે પછી શંખ, નગારાની સાથે કાર્યક્રમ આરંભ થાય છે. જેમાં મુખ્ય નાયક તેજ ગતિથી બીજા સહાયકોની સાથે દર્શકોની સામે આવે છે. સાથે સાથે નૃત્યમાં કથાનો પાદુર્ભાવ થઈ જાય છે. જેમાં સુંદર સાહિત્ય, મધુર સંગીત, ભાવપૂર્ણ અભિનય, લયબદ્ધ નૃત્યનો સમન્વય જોવા અને સાંભળવા મળે છે.

### 6.4.3 મણિપુરી

આ નૃત્ય મણિપુર રાજ્યનું છે. આ નૃત્યો મનોરંજન અને અને ધાર્મિક ક્રિયાઓમાં યોજાય છે. એમ ચાર પ્રકાર છે. એક પ્રકાર કુમારો દ્વારા યોજાય છે અને બાકીના પ્રકારો કુમાર અને કુમારીકાઓથી સંયુક્ત રીતે યોજાય છે. રાધા કૃષ્ણના

નૃત્યો જ થાય છે. મણિપુરી નૃત્ય એ ધાર્મિક નૃત્ય છે. જે ભગવાનના આશીર્વાદ મેળવવા માટે કરવામાં આવે છે. નૃત્યમાં સ્ત્રી અને પુરુષ એક સાથે નાચતા હોય છે. વાદ્યોમાં ખોલ - એક બાજુનું નગારું, મંજીરાં, બાંસુરી મુખ્ય હોય છે. આ એક પ્રકારની રાસ લીલા છે. નર્તક, નર્તકી કૃષ્ણ-રાધા અને ગોપીઓના રૂપ બની નૃત્ય કરે છે. અંગ સંચાલન દ્વારા રસ સૃષ્ટિ કરે છે. મણિપુરીના રાસ લીલાના મુખ્ય ચાર પ્રકાર છે ૧. બંસત રાસ, ૨. મહારાસ, ૩. કુંજ રાસ, ૪. નિત્યરાસ આ ચાર રાસમાં કોઇનામાં રાધાના આત્મ સમર્પણનો ભાવ છે તો કોઇનામાં કૃષ્ણ રાધાના શૃંગાર તથા વિયોગનો ભાવ રહેલો છે. પગ, હાથ, હલન-ચલન લય બદ્ધ હોય છે. આ નૃત્યની વેશભૂષા બહુ આકર્ષક હોય છે. નારી પાત્રોએ પહેરેલ ચમકતા તથા રેશમી કાપડ વગેરે આકર્ષિત છે.

### 6.4.4 ઓડિસી

આ નૃત્ય એ ઓરિસ્સાનું નૃત્ય છે. ઓડિસી નૃત્ય એ નિયમ પર આધારિત છે. જે મનુષ્યનું શરીર વાળવામાં આવે છે. નૃત્યનું મુખ્ય બાબત એ નૃત્યાંગનાની મૂર્તિ સમાન મુદ્રાઓ પર છે. નૃત્યમાં સાથ આપનાર વાદ્યોમાં જોઈએ તો નગારા, મંજીરાં, બાંસુરી, એક વીણા છે. ઓડિસી નૃત્યની શરૂઆત ભૂમિ પ્રણામથી કરવામાં આવે છે. પ્રથમ ચરણ મંગલાચરણ છે જેમાં નૃત્યાંગના પ્રથમ ભગવાન જગન્નાથજીને, પછી ભૂમિને, ગુરુને અને અંતમાં પ્રેક્ષક ગણને પ્રણામ કરીને પોતાના નૃત્યનો આરંભ કરે છે.

### 6.4.5 કથક નૃત્ય

કથક નૃત્ય એ ઉત્તર ભારતના નૃત્ય છે. જે શાસ્ત્રીય નૃત્ય છે. કથક નૃત્યની ઉત્પત્તિ કથા સાથે જોડાયેલ છે. એટલે કે નૃત્યમાં કથા હોય છે. કથક નૃત્ય અકબરના સમકાલીન હરીદાસ સાથે સંબંધિત છે. કથક શબ્દનો ઉદ્ભવ કથા શબ્દ સાથે થયો છે. જેનો કથા કહેવી થાય છે. આમાં મુખ્યત્વે મંદિર તથા ગામમાં પ્રદર્શન હોય ત્યારે નર્તક પ્રાચીન ગ્રંથોની વાર્તાઓ સંભળાવે છે. શાસ્ત્રીય નૃત્યમાંથી એક નૃત્ય છે કથક નૃત્ય. ખાસ કરીને પંદરમી-સોળમી સદીમાં ભક્તિ આંદોલનના પ્રસાર સાથે વિશિષ્ટ રીતે વિકાસ થયો. કથક કલાકારો રાધા-કૃષ્ણના પ્રસંગોને મૂળ ઈશારાની સાથે લોક નૃત્યને પણ જોડી દીધું.

કથક મુગલ દરબારોમાં કરવામાં આવતું. જે પોતાની વર્તમાન વિશિષ્ટતાઓ પ્રાપ્ત કરી એક વિશિષ્ટ શૈલીના રૂપમાં વ્યક્ત કરવામાં આવે છે. કથક નૃત્ય શૈલીમાં જોઈએ તો સામાન્ય રીતે એક વાર્તાકાર અથવા નૃત્યાંગના શ્લોકો સંભળાવવા માટે થોડીવાર વિરામ લે છે અને પછી શારીરિક હલન-ચલન દ્વારા તેનું પ્રદર્શન કરે છે. આ

સમયગાળા દરમ્યાન પગની હલચલ પર વધુ ધ્યાન આપવામાં આવે છે. કથકમાં મૂળ તો પગની હલચલ વિશેષ છે. કથક નૃત્યમાં કેટલીક બાબતો ધ્યાનમાં રાખવામાં આવતી હોય છે તેમાં મંગલાચરણમાં દેવતાઓને વંદન કરે છે. ચક્કર સાથે સ્ટેજ પર આવવું, તાલબદ્ધ રીતે શબ્દનો પ્રારંભિક પરિચય, દર્શકોને પ્રણામ-અભિવાદન, તબલા, પખવાજના આવાજ પર નૃત્ય વગેરે રીતે તેને રજૂ કરે છે.

**તમારી જાતે ચકાસો**

૧. ભારતના વિવિધ નૃત્ય શૈલીઓની યાદી તૈયાર કરો.

૨. ભારતના વિવિધ નૃત્યોમાં વેશભૂષા વિશે નોંધ તૈયાર કરો.

## 6.5 ચાવીરૂપ શબ્દો

- સાત્વિક – સત્ત્વ ગુણવાળું
- ભાવ - લાગણી
- નૃત્ય – નાચવું
- વાચિક અભિનય – વાણી દ્વારા હાવભાવ પ્રગટ કરવા કે થવા તે

## 6.6 બહુ વિકલ્પીય પ્રશ્નો

૧. નૃત્ય એ કઈ કલાનો સમન્વય છે.

(A) શબ્દ　　(B) સંગીત

(C) મુદ્રા　　(D) ઉપરના બધા જ

૨. નૃત્ય સંબંધિત ઉપલબ્ધ પ્રાચીનતમ ગ્રંથ કયો છે.

(A) ઋગ્વેદ　　(B) નાટ્યશાસ્ત્ર

(C) રામાયણ　　(D) મહાભારત

૩. ભરત નાટ્યમ કયા રાજ્ય સબંધિત છે.

(A) તમિલનાડુ　　(B) આસામ

(C) કર્ણાટક　　(D) કેરળ

૪.કથકલી નૃત્ય એ કયા રાજય સાથે સબંધિત છે.

(A) ગુજરાત (B) મહારાષ્ટ્ર

(C) કેરલ (D) હરિયાણા

**ઉત્તરો :** ૧-(D) ઉપરના બધા જ  ૨-(B) નાટ્ય શાસ્ત્ર

૩- (C) તમિલ નાડુ  ૪- (C) કેરલ

## 6.7 સ્વાધ્યાય

૧.નૃત્ય એટલે શું? તેની ચર્ચા કરો.

૨.મધ્યકાલીન ભારતમાં નૃત્ય કલા વિશે નોંધ લખો

૩.કથક નૃત્ય વિશે ચર્ચા કરો.

૪.કથકલી નૃત્ય વિશે નોંધ લખો.

## 6.8. સંદર્ભ અને વિશેષ વાચન


૧. પ્રકાશ નારાયણ, કથક નૃત્ય, કલા પ્રકાશન, ઇલાહાબાદ, ૧૯૭૧.

૨. ખાન એમ. એ, ભ ારતીય કલા, સંસ્કૃતિ એવમ વિરાસત, આદિ પબ્લિકેશન્સ, જયપુર, ૨૦૧૧.

૩. ઉપાધ્યાય ભગવત શરણ, ભારતીય કલા કા ઇતિહાસ, પીપલ્સ પબ્લિશિંગ હાઉસ, નવી દિલ્લી, ૧૯૮૧.

૪. દેસાઇ રમણલાલ વસંતલાલ, ભારતીય સંસ્કૃતિ એક વિહંગાવલોકન, પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરા, ૧૯૫૪.

૫. સમીર કુમાર સિહ, પ્રાચીન ભારતીય સમાજ એવં સંસ્કૃતિ, જ્ઞાન દા પ્રકાશન, નવી દિલ્લી, ૨૦૧૭.

૬. શ્રીવાસ્તવ પંકજ લતા, પ્રાચીન ભારત, એક્સિસ પબ્લિકેશન્સ, નવી દિલ્લી, ૨૦૧૧.

૭. શાસ્ત્રી હરિપ્રસાદ ગંગારામ, પ્રાચીન ભારત ભાગ-૧, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, ૧૯૬૯-૭૦

૮. કર્ણ નાગેશ્વર લાલ, કથક કે સાથ તબલા સંગતિ, કનિષ્કા પબ્લિશર્સ, નવી દિલ્હી, ૨૦૧૧.

૯. નાગર વિધિ, કથક નર્તન, બી. આર. રિધમસ, દિલ્હી, ૨૦૧૧.

એકમ - 7

# મધ્યયુગીન ભારતમાં કાપડ વણાટ

## :: રૂપરેખા ::

**7.0** ઉદ્દેશો

**7.1** પ્રસ્તાવના

**7.1.1** મધ્યયુગીન અર્થતંત્ર અને સંસ્કૃતિમાં કાપડનું મહત્વ

**7.2** ઐતિહાસિક પૃષ્ઠભૂમિ

**7.2.1** ભારતમાં પ્રારંભિક કાપડ પરંપરાઓ

**7.2.2** કાપડના નિકાસ પર વેપાર માર્ગોનો પ્રભાવ

**7.2.3** વણાટ તકનીકો પર આક્રમણ અને સ્થળાંતરની અસર

**7.3** સામગ્રી અને તકનીકો

**7.3.1** વપરાયેલ રેસાઓના પ્રકાર

**7.3.2** પદ્ધતિઓ અને રંગ પ્રતીકવાદ

**7.3.3** વણાટની તકનીકો

**7.4** ટેક્ષટાઈલ વણાટના મુખ્ય કેન્દ્રો

**7.4.1** ઉત્તર ભારત

**7.4.1.1** વારાણસી

**7.4.1.2** કાશ્મીર

**7.4.2** દક્ષિણ ભારત

**7.4.2.1** કાંચીપુરમ

**7.4.2.2** મદુરાઈ

**7.4.3** પૂર્વ ભારત

**7.4.3.1** બંગાળ

**7.4.3.2** ઓડિશા

**તમારી જાતે ચકાસો**

(૧) નીચેની ખાલી જગ્યા પૂરો.

(૨) નીચેના પ્રશ્નોના જવાબ આપો.

**7.5** ગુજરાતમાં કાપડ વણાટ

**7.5.1** ગુજરાતના કાપડ વણાટના વારસાનો પરિચય

**7.5.2** ગુજરાતમાં કાપડ ઉત્પાદનનું ઐતિહાસિક મહત્વ

**7.5.3** ગુજરાતમાં મુખ્ય વણાટ કેન્દ્રો

**7.5.3.1** પાટણ

**7.5.3.2** અમદાવાદ

**7.5.3.3** સુરત

**7.5.4** ગુજરાત માટે અનન્ય તકનીકો અને શૈલીઓ

**7.5.4.1** પટોળા વણી

**7.5.4.2** બાંધણી

**7.5.4.3** ઝરી

**7.5.5** ગુજરાતના કાપડ પર વેપાર અને વાણિજ્યનો પ્રભાવ

**7.5.6** શાહી દરબારો અને શ્રીમંત વેપારીઓ તરફથી સમર્થન

**7.5.7** ગુજરાતમાં કાપડની સામાજિક અને સાંસ્કૃતિક અસર

**7.7** વેપાર અને વાણિજ્ય

**7.7.1** ભારતીય કાપડનો સ્થાનિક વેપાર

**7.7.2** યુરોપિયન વેપારીઓની અસર (પોર્ટુગીઝ, ડચ, બ્રિટિશ)

**7.8** કારીગરો અને મંડળીઓ

**7.8.1** વણકર અને કાપડના કારીગરોની સામાજિક સ્થિતિ

**7.8.2** વણાટ સમુદાયો અને મહાજનનું સંગઠન

**7.8.3** તાલીમાર્થીઓ અને કૌશલ્ય પ્રસારણ

**7.9** આર્થિક અસર

**7.9.1** મધ્યયુગીન ભારતીય અર્થતંત્રમાં કાપડ વણાટનું યોગદાન

**7.9.2** કાપડ ઉદ્યોગ દ્વારા પેદા થતી રોજગારી અને આજીવિકા

7.9.3 મધ્યયુગીન ભારતના શહેરીકરણમાં કાપડની ભૂમિકા

7.10 સાંસ્કૃતિક મહત્વ

7.10.1 ધાર્મિક અને ઔપચારિક સંદર્ભમાં કાપડ

7.10.2 રોજિંદા જીવનમાં કાપડ અને કપડાં

(ખ) તમારી જાતે ચકાસો.

(૧) નીચેના વિધાનો વાંચી તે સાચાં છે કે ખોટાં તેની નિશાની કરો.

(૨) પ્રશ્નનો જવાબ આપો.

(ગ) તમારી જાતે ચકાસો

(૧) જોડકાં જોડો.

7.11 સમાપન

7.12 ચાવીરુપ શબ્દો

7.13 તમારી જાતે ચકાસોના જવાબ

7.14 સ્વાધ્યાય

7.15 સંદર્ભ અને વિશેષ વાચન

## 7.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ બાદ તમે નીચે જણાવેલી માહિતી મેળવશો.

- મધ્યયુગીન ભારતમાં કાપડ વણાટ વિશે જાણી શકાશે.
- મધ્યયુગીન અર્થતંત્ર તથા સંસ્કૃતિમાં કાપડનું મહત્વ વિશે જાણી શકાશે.
- ભારતમાં પ્રારંભિક કાપડ પરંપરાઓ, વેપાર માર્ગો, વણાટ તકનીકો, મુખ્ય કેન્દ્રો, ગુજરાતના મહત્વના કેન્દ્રો વિશે જાણી શકાશે
- ભારતીય કાપડનો સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય વેપાર, ભારતીય અર્થતંત્રમાં કાપડ વણાટના યોગદાન વિશે જાણી શકાશે.

## 7.1 પ્રસ્તાવના



પીટલુમ વણાટ મશીન

મધ્યયુગીન ભારતમાં કાપડ વણાટ એક સમૃદ્ધ અને વૈવિધ્યસભર પરંપરાનું પ્રતિનિધિત્વ કરે છે જે વિવિધ પ્રદેશો, સંસ્કૃતિઓ અને સમયગાળામાં ફેલાયેલી છે. આ યુગ દરમિયાન ભારત તેના વૈવિધ્યસભર કાપડ

ઉદ્યોગ માટે જાણીતું હતું. ભારતમાં કાપડ વણાટ ક્ષેત્રે, રંગકામ ક્ષેત્રે, ભરતકામની કળા ક્ષેત્રે અદ્યતન તબક્કામાં પહોંચી ગયું હતું. જે જટિલ ડિઝાઈન, ઉચ્ચ ગુણવત્તાની સામગ્રી અને અસાધારણ કારીગરી માટે વિશ્વમાં વિખ્યાત છે.



ડ્રોલુમ વણાટ મશીન

ભારતમાં મધ્યયુગીન સમયગાળો આશરે ૮મી થી ૧૮મી સદી સુધી કાપડના ઉત્પાદનમાં નોંધપાત્ર વિકાસનો સાક્ષી બન્યો. ભારતીય ઉપખંડમાં કપાસ, રેશમ અને ઊન સહિત કુદરતી તંતુઓની વિશાળ શ્રેણીનું ઘર હતું. જે કુશળતાપૂર્વક ઉત્કૃષ્ટ કાપડમાં પરિવર્તિત થયા હતા. કપાસ મુખ્યત્વે સિંધુ અને ગંગા નદીઓના ફળદ્રુપ મેદાનોમાં ઉગાડવામાં આવતો હતો. જ્યારે રેશમનું ઉત્પાદન બંગાળ, આસામ અને દક્ષિણ ભારત જેવા પ્રદેશોમાં થતું હતું. દેશના ઠંડા ઉત્તર અને પશ્ચિમ ભાગોમાં સામાન્ય રીતે ઊનનો ઉપયોગ થતો હતો.



હેન્ડલુમ મશીન

વિવિધ પ્રદેશોમાં વણાટની તકનીકો વિવિધ છે જે દરેક વિસ્તારના અનન્ય સાંસ્કૃતિક અન કલાત્મક પ્રભાવોને પ્રતિબિંબિત કરે છે. કેટલીક નોંધપાત્ર વણાટ તકનીકોમાંની વાત કરીએ તો...

- પીટ લૂમ વણાટ : સામાન્ય રીતે બરછટ અને ટકાઉ કાપડના ઉત્પાદન માટે પીટ લૂમ વણાટ પદ્ધતિ વપરાય છે.
- ડ્રોલૂમ વણાટ : જટિલ પેટર્ન અને બ્રોકેડ બનાવવા માટે ડ્રોલૂમ વણાટ પદ્ધતિ વપરાય છે.
- હેન્ડલૂમ હાથસાળ વણાટ : સાદા કાપડથી માંડીને જટિલ સાડીઓ સુધી વિવિધ પ્રકારના કાપડના ઉત્પાદન માટે વ્યાપકપણે તથા હેન્ડલૂમ વણાટ પદ્ધતિ ઉપયોગમાં લેવાય છે.

આ સમયગાળા દરમિયાન રંગકામની પદ્ધતિઓનો પણ નોંધપાત્ર વિકાસ થયો હતો, જેમાં ભારતીય રંગરોગાન છોડ, ખનિજો અને જંતુઓમાંથી મેળવેલા કુદરતી રંગોનો ઉપયોગ કરવામાનં નિપુણતા ધરાવતા હતા. રંગની કળા જેને ‘છીપા’ તરીકે ઓળખવામાં આવે છે.

### 7.1.1 મધ્યયુગીન અર્થતંત્ર અને સંસ્કૃતિમાં કાપડનું મહત્વ :

મધ્યયુગીન ભારતીય અર્થવ્યવસ્થામાં કાપડની મુખ્ય ભૂમિકા હતી. કાપડ ઉદ્યોગ એ સૌથી મોટો ઉદ્યોગ અને સૌથી મહત્વપૂર્ણ ક્ષેત્રોમાંનું એક હતું. જેણે પ્રદેશની સંપત્તિ અને સમૃદ્ધિમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. કાચા માલની ખેતી કરતા ખેડૂતોથી માંડીને વણકર અને કાપડના ઉત્પાદન તથા વેપાર સાથે સંકળાયેલા વેપારીઓને લાખો લોકોને કાપડ ઉદ્યોગે રોજગારી પૂરી પાડી.

❖ **આર્થિક મહત્વ :**

- **વેપાર અને વાણિજ્ય :**

  ભારતીય કાપડ આંતરરાષ્ટ્રીય બજારોમાં ખૂબ મૂલ્યવાન હતા. તેઓ મધ્યપૂર્વ, આફ્રિકા, દક્ષિણપૂર્વ અને યુરોપ જેવા પ્રદેશોમાં નિકાસ કરવામાં આવતા હતા. ભારતીય સુતરાઉ અને રેશમી કાપડ ખાસ કરીને તેમની ગુણવત્તા, ટકાઉપણું અને સુંદરતા માટે પ્રખ્યાત હતા. વ્યાપક વેપાર માત્ર ભારતીય ઉપખંડમાં સંપત્તિ જ લાવતું નથી પરંતુ સાંસ્કૃતિક વિનિમય અને કાપડની તકનીકો અને ડિઝાઈનના પ્રસારની પણ સુવિધા આપે છે.

- **શહેરીકરણ અને ઔદ્યોગિક વૃદ્ધિ :**

  કાપડની માંગને કારણે શહેરી કેન્દ્રોનો વિકાસ થયો અને વિશિષ્ટ વણાટ અને રંગકામ તથા છાપકામ ઉદ્યોગોની સ્થાપના થઈ. વારાણસી, સુરત, અમદાવાદ અને કાંચીપુરમ જેવા શહેરો કાપડના ઉત્પાદન માટે પ્રખ્યાત બન્યા. કુશળ કારીગરો અને વેપારીઓને આકર્ષ્યા.

- **રાજાશાહીમાં સત્તા અને પ્રતિષ્ઠાનું પ્રતિક :**

  કાપડનું ઉત્પાદન અને વેપાર શાહી દરબારો અને કુલીન વર્ગ સાથે ગાઢ રીતે સંકળાયેલા હતા. શાસકો ઘણીવાર વણકર અને રંગનારાઓને સંસાધનો અને રક્ષણ પૂરું પાડતા તેમને સમર્થન આપતા હતા. બદલામાં આ કારીગરોએ શાહી ઉપયોગ માટે વૈભવી કાપડનું ઉત્પાદન કર્યું. જેનો ઉપયોગ રાજદ્વારી ભેટ અને સત્તા અને પ્રતિષ્ઠાના પ્રતીક તરીકે પણ થતો હતો.

- **સાંસ્કૃતિક મહત્વ :**

  ધાર્મિક અને ઔપચારિક ઉપયોગ : કાપડનું ઘણું ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્વ છે. વિવિધ ધાર્મિક વિધિઓ, સમારંભો અને તહેવારોમાં કાપડનું વૈવિધ્ય વિશિષ્ટ છે. ઉપયોગમાં લેવાતા હતા. ઉદાહરણ તરીકે,

લગ્નો, ધાર્મિક સમારંભો અને અન્ય મહત્વપૂર્ણ ઘટનાઓ દરમિયાન રેશમ અને સુતરાઉ વસ્ત્રો પહેરવામાં આવતા હતા. મંદિરની ધાર્મિક વિધિઓમાં કાપડ પણ મહત્વની ભૂમિકા ભજવે છે. જ્યાં તેનો પ્રસાદ અને શણગાર તરીકે ઉપયોગ થતો હતો.

- **સામાજિક સ્થિતિ અને ઓળખ :**

  કપડાં અને કાપડ સામાજિક સ્થિતિ, ઓળખ અને પ્રાદેશિક જોડાણોના સૂચક હતા. વિવિધ સમુદાયો અને પ્રદેશોએ અલગ-અલગ કાપડની શૈલીઓ અને રૂપરેખાઓ વિકસાવી છે. જે ઘણીવાર પેઢીઓથી ચાલી આવતી હતી. કપડામાં વપરાતા રંગો, પેટર્ન અને કાપડ વ્યક્તિની જાતિ, વ્યવસાય અને વૈવાહિક સ્થિતિને પણ દર્શાવે છે.

- **કલાત્મક અભિવ્યક્તિ :**

  કાપડનું સર્જન અ એક કલા સ્વરૂપ હતું જે વ્યાપક સર્જનાત્મકતા અને નવીનતાને દર્શાવતું હતું અને ભરતકામ કરનારાઓએ જટિલ પદ્ધતિ, વિવિધ રંગો અને વિવિધ ભરતકામ દ્વારા તેમની કુશળતા દર્શાવી હતી. વિવિધ કાપડની ડિઝાઈનોમાં ઘણીવાર પ્રકૃતિ, પૌરાણિક કથાઓ અને ધાર્મિક પ્રતીકોમાંથી પ્રેરણા મેળવે છે જે મધ્યયુગીન ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને પ્રતિબિંબિત કરે છે.

  મધ્યયુગીન ભારતમાં કાપડ વણાટ એ આ સમયગાળાનો વારસો, સમકાલીન કાપડની પરંપરાઓને પ્રભાવિત કરવાનું ચાલુ રાખે છે જે સદીઓથી પસાર થયેલી કલાત્મકતા અને કારીગરીનું જતન કરે છે.

## 7.2 ઐતિહાસિક પૃષ્ઠભૂમિ

### 7.2.1 ભારતમાં પ્રારંભિક કાપડ પરંપરાઓ :

પ્રાચીનકાળથી જ ભારતમાં કાપડનું ઉત્પાદન સિંધુ ખીણની સંસ્કૃતિનું છે. જ્યાં મોહેં-જો-દડો અને હડપ્પા જેવા પુરાતત્વીય સ્થળોમાં વણાયેલા કાપડના પુરાવા મળ્યા છે. કાપડ કાતવાની ધરી, સોય અને કપાસના તંતુઓની શોધ સારી રીતે વિકસિત કાપડ ઉદ્યોગ સૂચવે છે.

વૈદિકગ્રંથો વિવિધ પ્રકારનાં વસ્ત્રો અને કાપડનો ઉલ્લેખ કરે છે જે વણાટ અને રંગની સ્થાપિત પરંપરા દર્શાવે છે. ઊન, રેશમ અને કપાસ જેવી સામગ્રીના સંદર્ભો રેસાનો વિવિધ ઉપયોગ સૂચવે છે.

મૌર્ય યુગ અને ગુપ્ત યુગના સમયગાળા દરમિયાન ભારતે કાપડ ઉત્પાદનમાં નોંધપાત્ર પ્રગતિ જોઈ. અર્થશાસ્ત્ર, રાજતંત્ર, આર્થિક નીતિ અને લશ્કરી વ્યૂહરચના પરનો એક પ્રાચીન ભારતીય ગ્રંથ, કાપડ ઉત્પાદન અને વેપારના નિયમનનો ઉલ્લેખ કરે છે.

### 7.2.2 કાપડના નિકાસ પર વેપાર માર્ગોનો પ્રભાવ :

પ્રારંભિક કાળથી જ કાપડના નિકાસ પર વેપારી માર્ગોનો ખૂબ પ્રભાવ રહ્યો છે. જેમાં સિલ્ક રોડ, પૂર્વ અને પશ્ચિમને જોડતા વેપાર માર્ગોનું નેટવર્ક, કાપડ સહિત માલસામાનના વિનિમયમાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. ભારતીય કાપડ, તેમની ઉત્તમ ગુણવત્તા અને ગતિશીલ રંગો માટે જાણીતા છે. મધ્ય એશિયા, ચીન અને યુરોપમાં તેની ખૂબ માંગ હતી. ચીનમાંથી સિલ્ક ભારતમાં આયાત કરવામાં આવતું હતું. જેના કારણે સ્વદેશી રેશમ વણાટની તકનીકોનો વિકાસ થયો હતો. આ ઉપરાંત સમુદ્રીય વેપારમાં ભારતનું વ્યૂહાત્મક સ્થાન, દક્ષિણપૂર્વ એશિયા, મધ્ય પૂર્વ અને આફ્રિકા સાથે દરિયાઈ વેપારને સરળ બનાવે છે. સ્થાનિક કાપડ પરંપરાઓને પ્રભાવિત કરીને આ પ્રદેશોમાં ભારતીય સુતરાઉ કાપડની નિકાસ કરવામાં આવી હતી. ગુજરાતના બંદર શહેરો જેમ કે સુરત અને ખંભાત કાપડના વેપાર માટે મહત્વપૂર્ણ કેન્દ્રો બન્યા.

### 7.2.3 વણાટ તકનીકો પર આક્રમણ અને સ્થળાંતરની અસર :

૧૧મી અને ૧૨મી સદીના પર્સિયન આક્રમણો ભારતમાં નોંધપાત્ર સાંસ્કૃતિક અને કલાત્મક પ્રભાવો લાવ્યા. ફારસી વણકરો અને કારીગરોએ સોના-ચાંદીની મેટાલિક થ્રેડો (ઝારી) અને જટિલ બ્રોકેડ ડિઝાઈનનો ઉપયોગ જેવી નવી તકનીકો રજૂ કરી. ફારસી અને ભારતીય શૈલીઓના સંમિશ્રણથી મુઘલ સિલ્ક અને બ્રોકેડ જેવા અનોખા કાપડની રચના થઈ.

મધ્યયુગીન સમયગાળામાં તૂર્કી અને અફઘાન શાસકો દ્વારા કરવામાં આવેલા આક્રમણોએ પણ ભારતીય કાપડ પરંપરાઓ પર ઊંડી અસર કરી હતી. દિલ્હી સલ્તનત (૧૨૦૬-૧૫૨૬) અને બાદમાં મુઘલ સામ્રાજ્ય (૧૫૨૬-૧૮૫૭) એ કાપડના ઉત્પાદનને સમર્થન આપ્યું. જે મલમલ, જમદાની અને ચિન્ટઝ જેવા વૈભવી કાપડના વિકાસ તરફ દોરી ગયું. નવી લૂમ્સ અને ડાઈંગ તકનીકોની રજૂઆતથી ભારતીય કાપડની ગુણવત્તામાં વધુ વધારો થયો છે. યુદ્ધો અને વેપારની તકોને કારણે સમગ્ર

પ્રદેશોમાં કારીગરો અને વણકરોની હિલચાલ કૌશલ્ય અને જ્ઞાનના આદાનપ્રદાનમાં પરિણમી. ઉદાહરણ તરીકે, મધ્યયુગીન સમયગાળા દરમિયાન ગુજરાતમાંથી રેશમ વણકરોના દખ્ખણ પ્રદેશમાં સ્થળાંતરથી પૈઠાણ અને ઔરંગાબાદ જેવા સ્થળોએ નવા વણાટ કેન્દ્રોની સ્થાપના થઈ. વિવિધ વણાટ પરંપરાઓના સંમિશ્રણથી ભારતના કાપડના વારસાને સમૃદ્ધ બનાવવામાં આવ્યું છે.

## 7.3 સામગ્રી અને તકનીકો

### 7.3.1 વપરાયેલ રેશાઓના પ્રકાર :

❖ **કપાસ :**

ભારતમાં કપાસની ખેતી પ્રાચીન સમયથી કરવામાં આવે છે. તેના ઉપયોગના પુરાવા સાથે સિંધુ ખીણની સંસ્કૃતિ (લગભગ ૩૦૦૦ બીસીઈ) થી છે. અહી ભારતમાં વિવિધ પ્રદેશોએ કપાસના વિવિધ પ્રકારોનું ઉત્પાદન કર્યું હતું. દરેક તેના વિશિષ્ટ ગુણો માટે જાણીતા છે. દાખલા તરીકે, બંગાળ તેના ઝીણા મલમલ માટે પ્રખ્યાત હતું. જ્યારે ગુજરાત ટકાઉ અને બરછટ જાતોનું ઉત્પાદન કરે છે.

વળી કપાસની ખેતી માટે ગરમ આબોહવા અને પૂરતો વરસાદ જરૂરી છે. કાપવામાં આવેલા કપાસને ચરખાનો ઉપયોગ કરીને સાફ કરવામાં આવતો હતો, કાર્ડ કરવામાં આવતો હતો અને યાર્નમાં કાપવામાં આવો હતો.

❖ **સિલ્ક :**

ભારતમાં રેશમ વણાટ વૈદિક સમયગાળા (૧૫૦૦-૫૦૦ બીસીઈ) માં શોધી શકાય છે. મધ્યકાલીન સમયગાળા સુધીમાં ભારત રેશમ ઉત્પાદન અને વેપારનું મુખ્ય કેન્દ્ર બની ગયું હતું. ભારતે અનેક પ્રકારના રેશમનું ઉત્પાદન કર્યું છે. જેમાં શેતૂર સિલ્ક અને તુસાર, શેરી અને મૂગા જેવા જંગલી સિલ્કનો સમાવેશ થાય છે. અહી રેશમ ખેતીમાં શેતૂરના પાંદડા પર રેશમના કીડાની ખેતી સામેલ છે. રેશમના તુતંઓ કાઢવા માટે કોકૂન ઉકાળવામાં આવતા હતા જે પછી દોરામાં કાપવામાં આવતા હતા.

❖ **ઊન :**

ઊનનું ઉત્પાદન મુખ્યત્વે ભારતના ઠંડા પ્રદેશો જેમ કે કાશ્મીર અને હિમાલયના વિસ્તારોમાં થતું હતું. અહી ઘેટાંની વિવિધ જાતિઓ વિવિધ

પ્રકારના ઊનનું ઉત્પાદન કરે છે. પશ્ચિમના ચાંગથાંગી બકરીની સુંદર ઊન, ખાસ કરીને મૂલ્યવાન હતી. ઘેટાંમાંથી ઊન કાપવામાં આવી હતી. સાફ કરવામાં આવી હતી. કાર્ડ કરવામાં આવી હતી અને યાર્નમાં કાંતવામાં આવી હતી પછી યાર્નને કાપડમાં વણવામાં આવતું હતું.

### 7.3.2 પદ્ધિતઓ અને રંગ પ્રતીકવાદ :

❖ **કુદરતી રંગો :**

ગળીના પ્લાન્ટમાંથી તારવેલી તેનો ઉપયોગ ઘેરો વાદળી રંગ બનાવવા માટે થતો હતો. ભારત ગળીનો અગ્રણી નિકાસકાર હતો. મેડર આધારિત રંગ જે લાલ રંગની છાયાઓ પ્રદાન કરે છે. હરળદરનો ઉપયોગ પીળો રંગ બનાવવા માટે વપરાય છે. દાડમની છાલ પીળા અને લીલા રંગના શેડ્સ બનાવવા માટે વપરાય છે. કર્મ્સ અને કોચીનીલ જેવા જંતુઓમાંથી લાલ રંગનું ઉત્પાદન કરે છે.

❖ **રંગકામ તકનીકો :**

વેટ રંગકામ એ એક પદ્ધતિ જેમાં કાપડને ડાઈ બાથમાં ડુબવામાં આવે છે જેનાથી રંગને તંતુઓમાં સંપૂર્ણ રીતે પ્રવેશી શકાય છે. વળી બાંધણી અને બાટિક જેવી તકનીકોમાં કાપડના ભાગોને બાંધીને અથવા લાગુ કરીને જટિલ પધ્ધતિ બનાવીને રંગને શોષી લેતા અટકાવવામાં સામેલ છે.

મોર્ડન્ટ રંગકામ એ રંગકામ પહેલાં અથવા પછી જે રંગને ઠીક કરવામાં સાથે કાપડની સારવારમાં સામેલ છે જે વધુ જીવંત અને લાંબા સમય સુધી ટકાઉ રહે છે.

❖ **રંગ પ્રતીકવાદ :**

વાદળી રંગ ઘણીવાર દૈવીતત્વ અને રાજવી સાથે સંકળાયેલ છે. લાલ રંગ શુદ્ધતા, ફળદ્રુપતા અને સમૃદ્ધિનું પ્રતીક છે. તે દુલ્હનના પોશાક માટે લોકપ્રિય રંગ હતો. જ્યારે પીળો રંગ જ્ઞાન અને શિક્ષણ સાથે સંકળાયેલ, ઘણીવાર ઋષિઓ અને વિદ્વાનો દ્વારા પહેરવામાં આવે છે. અહી લીલો રંગ પ્રતીકાત્મક જીવન અને ફળદ્રુપતા, સામાન્ય રીતે ઈસ્લામિક કાપડમાં વપરાય છે. જ્યારે સફેદ રંગ શુદ્ધતાનું પ્રતિનિધિત્વ કરે છે અને તેનો ઉપયોગ ધાર્મિક અને અંતિમ સંસ્કારના પોશાકમાં થતો હતો.

### 7.3.3 વણાટની તકનીકો :

❖ **હેન્ડલૂમ્સ (હાથશાળ) :**

આ વણાટ માટે વપરાતું એક સરળ મશીન જે મેન્યુઅલી ઓપરેટ થાય છે. અહીં વણકર શટલનો ઉપયોગ કરીને ઊભા રેસા અને આડા રેસાને એકબીજા સાથે જોડે છે. અહીં જટિલ પધ્ધતિ અને ડિઝાઈન બનાવવાની મંજૂરી, મેન્યુઅલ પ્રક્રિયાને કારણે દરેક ભાગ અનન્ય બને છે. હેન્ડલૂમ્સને હાથ વણાટનું કાપડ કહેવાય છે.

❖ **પીટ લૂમ્સ :**

આ લૂમનો એક પ્રકાર જ્યાં વણકર ખાડામાં બેસે છે અને પેંડલ અને લૂમ જમીનના સ્તરે હોય છે. અહીં સાદુ વણાટ કરતી વખતે વણકર વાર્પ રેસાની હિલચાલને નિયંત્રિત કરવા માટે પગના પેડલ્સનો ઉપયોગ કરે છે. અહીં રેસાના તાણ પર વધુ સારું નિયંત્રણ પૂરું પાડે છે જેનાથી વધુ સારા કાપડનું ઉત્પાદન થઈ શકે છે.

❖ **ડ્રોલૂમ્સ :**

આ વધુ જટિલ લૂમ જેમાં બે કારીગરોની જરૂર પડે છે. એક વણાટ માટે અને બીજું પેટર્ન મિકેનિઝમનું સંચાલન કરવા માટે. અહીં સેકન્ડરી ઓપરેટર ચોક્કસ વાર્પ રેસાને ઉપાડવા માટે કોર્ડના સમૂહને નિયંત્રિત કરશે. વિગતવાર પેટર્ન બનાવશે. જે ઝરી અને જટિલવાળી પેટર્ન.

આ સામગ્રીઓ અને તકનીકો મધ્યયુગીન ભારતમાં કાપડ વણાટની સમૃદ્ધ અને વૈવિધ્યસભર પરંપરાને પ્રતિબિંબિત કરે છે. પ્રાકૃતિક તંતુઓ અને રંગોનો ઉપયોગ, અત્યાધુનિક વણાટ પદ્ધતિઓ સાથે મળીને કાપડનું ઉત્પાદન કર્યુ જે માત્ર સુંદર અને જટિલ જ નહોતું. પરંતુ નોંધપાત્ર સાંસ્કૃતિક અને સાંકેતિક અર્થ પણ ધરાવે છે. આ સમયગાળા દરમિયાન બનાવેલ કાપડને સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે ખૂબ જ મૂલ્યવાન ગણવામાં આવ્યું હતું. જે કાપડના કેન્દ્ર તરીકે ભારતની પ્રતિષ્ઠામાં ફાળો આપે છે.

## 7.4 ટેક્ષટાઈલ વણાટના મુખ્ય કેન્દ્રો

### 7.4.1 ઉત્તર ભારત :

#### 7.4.1.1.વારાણસી :

વારાણસી જેને બનારસ અથવા કાશી તરીકે પણ ઓળખવામાં



વારાણસી સાડી

આવે છે. તે સદીઓથી કાપડ વણાટનું મુખ્ય કેન્દ્ર રહ્યું છે. આ શહેર તેના વૈભવી રેશમી કાપડ અને જટિલ બ્રોકેડ વર્ક માટે જાણીતું છે જેને ઘણીવાર સિલ્ક તરીકે ઓળખવામાં આવે છે. વારાણસીમાં વણાટની ઉત્પત્તિ વૈદિક સમયગાળામાં શોધી શકાય છે અને શહેર મધ્યયુગીન કાળ દરમિયાન એક અગ્રણી ટેક્ષટાઈલ હબ તરીકે ચાલુ રહ્યું છે.



વારાણસી સાડી

વારાણસી વણાટમાં વપરાતી પ્રાથમિક સામગ્રી રેશમ છે. વારાણસી સિલ્ક સાડીઓ તેમની સુંદર રચના, વાઈબ્રન્ટ રંગો અને ભવ્ય પેટર્ન માટે પ્રખ્યાત છે. વળી ઝરી અથવા બ્રોકેડ તરીકે ઓળખાતી આ તકનીકમાં જટિલ ડિઝાઈન અને પેટર્ન બનાવવા માટે સોના અથવા ચાંદીના દોરાઓ સાથે રેશમ વણાટનો સમાવેશ થાય છે. મુઘલ સમયગાળાએ વારાણસીમાં બ્રોકેડ વણાટના વિકાસને નોંધપાત્ર રીતે પ્રભાવિત કર્યા. વળી વારાણસીમાં વપરાતી પરંપરાગત લૂમ્સ પિટ લૂમ્સ છે જ્યાં વણકર લૂમની નીચે ખાડામાં બેસે છે જે વધુ નિયંત્રણ અને ચોકસાઈ સુનિશ્ચિત કરે છે.

સામાન્ય રીતે વિવિધ ડિઝાઈનોમાં વેલા, પાંદડા અને અન્ય કુદરતી તત્વોનો સમાવેશ થાય છે. સપ્રમાણ ડિઝાઈન અને ભૌમિતિક પેટર્ન પણ પ્રચલિત છે. ઘણી ડિઝાઈન મુઘલ કલા અને સ્થાપત્ય દ્વારા પ્રેરિત છે. જેમાં જટિલ રચનાઓ અને વૈભવી અલંકારો છે. વારાણસી સિલ્કની સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં ખૂબ જ માંગ હતી. ગંગા નદીના કિનારે શહેરનું સ્થાન વેપાર અને પરિવહનને સરળ બનાવે છે. બનારસી સિલ્કની સાડીઓ ભારતીય દુલ્હનના પાટલૂન અને ઔપચારિક પોશાકનો આવશ્યક ભાગ બની ગઈ. વારાણસીમાં કાપડ ઉદ્યોગે મોટી સંખ્યામાં વણકર અને કારીગરોને રોજગારી પૂરી પાડી હતી. આ સાડી ઉદ્યોગ દ્વારા વેપાર અને વાણિજ્યના વિકાસની સાથે સાંસ્કૃતિક ક્ષેત્રે પણ નોંધપાત્ર પ્રગતિશીલ બને છે.

**7.4.1.2 કાશ્મીર:**



કાશ્મીરી શેતરંજી

કાશ્મીરમાં કાપડ વણાટની લાંબા સમયથી પરંપરા છે. ખાસ કરીને શાલ અને કાર્પેટ સહિતના ઉત્કૃષ્ટ વૂલન ઉત્પાદનો માટે કાશ્મીર જાણીતું છે. આ પ્રદેશનો કાપડનો વારસો પ્રાચીન કાળનો છે અને મુઘલો સહિત વિવિધ શાસકો હેઠળ મધ્યયુગીન સમયગાળા દરમિયાન નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી હતી.

અહીં કાશ્મીર તેની પશ્ચિમના શાલ માટે જાણીતું છે. જે હિમાલયની બકરીના સુંદર ઊનમાંથી બનાવવામાં આવે છે. પશ્ચિમના ઊન તેની નરમાઈ, હૂંફ જેવી  ગુણવત્તા માટે જાણીતું છે. બીજી એક અનોખી તકનિક જ્યાં 'કાની' નામના લાકડાની નાની લાકડીઓનો  ઉપયોગ જટિલ પેટર્ન વણાટ કરવા માટે થાય છે. આ પદ્ધતિ શ્રમ-સાધન તરીકે ઓળખાઈ છે અને તેને નિપુણ કૌશલ્યની જરૂર રહે છે. વળી સુઝની ભરતકામ તેના નાજુક અને જટિલ સોયવર્ક, ઘણીવાર પશ્ચિમના શાલ પર કરવામાં આવે છે જે તેમની સુંદરતા અને મૂલ્યમાં વધારો કરે છે.



કાશ્મીરી શેતરંજી

કાશ્મીર તેના હાથથી ગૂંથેલા કાર્પેટ માટે પણ પ્રખ્યાત છે જેને કાશ્મીરી કાર્પેટ તરીકે ઓળખવામાં આવે છે. આ કાર્પેટ ઉચ્ચ ગુણવત્તાની ઊન અથવા રેશમમાંથી બનાવવામાં આવે છે અને તેમાં જટિલ ડિઝાઈન અને પેટર્ન હોય છે. કાશ્મીરી કાપડમાં સૌથી વધુ ઓળખી શકાય તેવા હેતુઓ પૈકી એક પેસલી છે જે સ્થાનિક રીતે 'બોટેહ' અથવા 'બુટી' તરીકે ઓળખાય છે. ફૂલ કે વનસ્પતિનો આકાર કાશ્મીરી પેટર્નમાં ફૂલો અને પાંદડા સામાન્ય ઘટકો છે જે પ્રદેશની કુદરતી સુંદરતાને પ્રતિબિંબિત કરે છે. કાશ્મીરી જાજમમાં સપ્રમાણ અને ભૌમિતિક ડિઝાઈન ઘણીવાર જોવા મળે છે.

આંતરરાષ્ટ્રીય બજારોમાં, ખાસ કરીને યુરોપ અને મધ્ય એશિયામાં કાશ્મીરી કાપડનું ખૂબ મૂલ્ય હતું. કાશ્મીરી શાલ વૈભવી અને સુઘડતાનું

પ્રતીક બની ગઈ. તેઓ ભારત અને વિદેશમાં રાજવીઓ અને ચુનંદા લોકોમાં કિંમતી સંપત્તિ સમાન ગણાય છે.

ઉત્તર ભારત, વારાણસી અને કાશ્મીરમાં કાપડ વણાટના આ કેન્દ્રો, મધ્યયુગીન ભારતીય કાપડની સમૃદ્ધ પરંપરા અને ઉત્કૃષ્ટ કારીગરીનું પ્રદર્શન જ નહીં પરંતુ તેમના આર્થિક અને સાંસ્કૃતિક મહત્વને પણ દર્શાવે છે.

### 7.4.2 દક્ષિણ ભારત :

#### 7.4.2.1 કાંચીપુરમ :

કાંચીપુરમને 'સિલ્ક સિટી' તરીકે ઓળખવામાં આવે છે. તે પ્રારંભિક મધ્યયુગીન સમયગાળાનો સમૃદ્ધ ઈતિહાસ ધરાવે છે. તે શિક્ષણ અને ધાર્મિક પ્રવૃત્તિઓનું એક મહત્વપૂર્ણ કેન્દ્ર હતું. જેણે કાપડ વણાટ સહિત તેના સાંસ્કૃતિક અને કલાત્મક વિકાસમાં ફાળો આપ્યો હતો. કાંચીપુરમનું સૌથી પ્રખ્યાત કાપડ કાંચીપુરમ સિલ્ક સાડી છે જે તેની ટકાઉપણું અને અનન્ય વણાટ તકનીક માટે જાણીતી છે. આ સાડીઓ પરંપરાગત રીતે શુદ્ધ મલબારી સિલ્કમાંથી વણાયેલી છે અહી મંદિરની ગોપુરમ ડિઝાઈન જેવી વિશિષ્ટ વિશેષતાઓ જોવા મળે છે.



**કાંચીપુરમ સિલ્ક સાડી**

વણાટની પ્રક્રિયામાં જટિલ અને શ્રમ-સઘન તકનીકોનો સમાવેશ થાય છે. શરીર, સરહદ અને પલ્લુ અલગથી વણવામાં આવે છે અને પછી એકબીજા સાથે જોડાયેલા હોય છે. ડિઝાઈનની જટિલતાને આધારે પરંપરાગત કાંચીપુરમ સાડીને પૂર્ણ થવામાં થોડા દિવસથી લઈને કેટલાંક અઠવાડિયાનો સમય લાગી શકે છે. સામાન્ય હેતુઓમાં મંદિરના ટાવર્સ, ચેક્સ, પટ્ટાઓ, ફ્લોરલ પેટર્ન અને પૌરાણિક દ્રશ્યોનો સમાવેશ થાય છે. કલર સામાન્ય રીતે વાઈબ્રન્ટ હોય છે અને સાડીઓમાં ઘણીવાર સોના અને ચાંદી ઝરી વર્ક જોવા મળે છે.

કાંચીપુરમ સિલ્ક સાડીઓ માત્ર ભારતમાં  નહી પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ખૂબ મૂલ્યવાન છે જે સ્થાનિક અર્થતંત્રમાં નોંધપાત્ર યોગદાન આપે છે. સાડીઓ દક્ષિણ ભારતીય સંસ્કૃતિનો અભિન્ન ભાગ છે. જે મોટાભાગે લગ્નો, તહેવારો અને અન્ય મહત્વપૂર્ણ પ્રસંગો દરમિયાન પહેરવામાં આવે

છે. કાંચીપુરમમાં વણાટની પરંપરાને પલ્લવ, ચોલ અને વિજયનગર રાજવંશ તરફથી શાહી સમર્થન મળ્યું હતું.

**7.4.2.2 મદુરાઈ :**

મદુરાઈ ભારતના સૌથી જૂના સતત વસવાટવાળા શહેરોમાંનું એક, કાપડ વણાટની લાંબા સમયથી પરંપરા ધરાવે છે. તેના પ્રાચીન મંદિરો અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા માટે જાણીતું મદુરાઈ કપાસની વણાટ માટેનું નોંધપાત્ર કેન્દ્ર રહ્યું છે. આ શહેર તેની સુતરાઈ સાડી, ચોલી અને અન્ય પરંપરાગત વસ્ત્રો માટે પ્રખ્યાત છે. સુંગુડી સાડી, એક ટાઈ-ડાઈ સાડી, મદુરાઈનું એક નોંધપાત્ર કાપડ ઉત્પાદન છે. સુંગુડી સાડી રેઝિસ્ટ ડાઈંગ ટેકનિકનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે. જ્યાં ફેબ્રિકને નાની ગાંઠોમાં બાંધીને રંગવામાં આવે છે. પરિણામે વિશિષ્ટ પેટર્ન જોવા મળે છે. આખી પ્રક્રિયા શ્રમ-સઘન છે અને ડિઝાઈન્સ સુસંગત અને ગતિશીલ છે તેની ખાતરી કરવા માટે મહાન કૌશલ્યની જરૂર છે. સુંગુડી સાડીઓ ફેબ્રિકમાં ફેલાયેલી નાની, ટપકાં જેવી પેટર્ન દ્વારા વર્ગીકૃત કરવામાં આવે છે જે ઘણી વખત કેન્દ્રિત વર્તુળોમાં અથવા ભૌમિતિક પેટર્નમાં ગોઠવાય છે. પરંપરાગત રૂપમાં હાથી, મોર, ફૂલો અને અન્ય કુદરતી તત્વોનો સમાવેશ થાય છે.

મદુરાઈમાં કાપડ ઉદ્યોગ સ્થાનિક અર્થતંત્રમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે જે મોટી સંખ્યામાં કારીગરો અને વણકરોને રોજગાર પ્રદાન કરે છે. મદુરાઈ કાપડ એ તમિલનાડુની સાંસ્કૃતિક ઓળખનો અક મહત્વપૂર્ણ ભાગ છે અને પરંપરાગત સમારોહ અને તહેવારોમાં તેનો વ્યાપકપણે ઉપયોગ થાય છે. મદુરાઈમાં કાપડ કળાનો વિકાસ પાંડ્ય અને નાયક વંશના આશ્રય હેઠળ થયો હતો. સ્થાનિક મંદિરો અને ધાર્મિક સંસ્થાઓએ પણ વણાટ સમુદાયોને ટેકો આપવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવી હતી.

**7.4.3 પૂર્વ ભારત :**

**7.4.3.1 બંગાળ :**


બંગાળનો મલમલ

બંગાળ તેની સમૃદ્ધ અને વૈવિધ્યસભર કાપડ પરંપરાઓ માટે જાણીતું છે. તે મધ્યયુગીન ભારતમાં કાપડ ઉત્પાદનનું મુખ્ય કેન્દ્ર હતું. પ્રદેશની ફળદ્રુપ જમીન અને

સાનુકૂળ આબોહવાએ તેને કાપડના ઉત્પાદન માટે આવશ્યક કપાસ અને અન્ય રેસા ઉગાડવા માટે આદર્શ બનાવ્યું છે. બંગાળના કાપડનું સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં ખૂબ મૂલ્ય હતું.

❖ **કાપડના પ્રકાર તથા બનાવટની પ્રક્રિયા :**



**બંગાળનો મલમલ**

- **મલમલ :** બંગાળ તેના ઝીણા મલમલ માટે જાણીતુ હતું. જે ઉચ્ચ ગુણવત્તાવાળા કપાસમાંથી બનેલા હળવા વજનના અને તીવ્ર ફેબ્રિક છે. ઢાકાની મલમલ ખાસ કરીને પ્રખ્યાત હતી. જેને તેની નાજુક રચનાને કારણે ઘણીવાર ‘વણાયેલી હવા’ તરીકે વર્ણવવામાં આવી હતી.
- **જમદાની :** મલમલ વણાટનું એક ઉત્કૃષ્ટ સ્વરૂપ, જામદાની ફેબ્રિક પર સીધી વણાયેલી જટિલ પેટર્નનો સમાવેશ કરે છે. વણકરોની કૌશલ્ય અને સર્જનાત્મકતા દર્શાવતી ડિઝાઈનમાં ઘણીવાર ફ્લોરલ અને ભૌમિતિક રૂપરેખા દર્શાવવામાં આવી હતી.
- **બલુચારી :** મુર્શિદાબાદના બલુચર શહેરમાંથી ઉદ્દભવેલી, બાલુચારી સાડીઓ પૌરાણિક કથાઓ, મહાકાવ્યો અને પ્રકૃતિના દ્રશ્યો દર્શાવતા તેમના વિસ્તૃત પલ્લુ માટે જાણીતી છે.

❖ **ટેકનિક્સ અને પ્રક્રિયાઓ :**

બંગાળના મોટા ભાગના કાડપનું ઉત્પાદન હાથશાળ પર કરવામાં આવતું હતું જેમાં વણકરો મોટાભાગે તેમના ઘરો અથવા નાના સમુદાયની વર્કશોપમાંથી કામ કરતા હતા. સામાન્ય રીતે કુદરતી રંગોનો ઉપયોગ થતો હતો જેમાં વાદળી રંગ માટે ઈન્ડિગો લોકપ્રિય પસંદગી છે. ફિનિશિંગ પ્રક્રિયામાં ફેબ્રિકની ચમક અને ટેક્સચરને વધારવા માટે ઝીણવટપૂર્વક ધોવા અને ઈસ્ત્રીનો સમાવેશ થતો હતો. બંગાળના કાપડ ઉદ્યોગે વણકર, ડાઈ બનાવનાર ડાયરો અને વેપારીઓ સહિત વસ્તીના મોટા વર્ગને રોજગારી પૂરી પાડી હતી. કાપડના વેપાર દ્વારા લાવવામાં આવેલી સમૃદ્ધિએ મુર્શિદાબાદ અને ઢાકા જેવા શહેરી કેન્દ્રોના વિકાસમાં ફાળો આપ્યો. યુરોપીયન વેપારીઓ, ખાસ કરીને બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની દ્વારા પ્રદેશના કાપડની ખૂબ જ માંગ કરવામાં આવી હતી જેના કારણે નોંધપાત્ર આર્થિક વિનિમય તથા સામાજીક ક્ષેત્રે પણ નોંધપાત્ર અસર થઈ હતી.

**7.4.3.2 ઓડિશા :**

ઓડિશા તેની પ્રાચીન અને ગતિશીલ સંસ્કૃતિ સાથે કાપડ વણાટનો લાંબો ઈતિહાસ ધરાવે છે જે મધ્યયુગીન સમયગાળાનો છે. રાજ્યના દરિયાકાંઠાના સ્થાને વેપાર અને સાંસ્કૃતિક વિનિમયની સુવિધા આપી તેની કાપડ પરંપરાઓને પ્રભાવિત કરી.

❖ **કાપડના પ્રકાર તથા બનાવટની પ્રક્રિયા :**

- **ઈકાત :** ઓડિશા તેના ઈકત કાપડ માટે પ્રખ્યાત છે. ખાસ કરીને ડબલ ઈકત ટેકનિક જે 'બંધા' તરીકે ઓળખાય છે. આ પ્રક્રિયામાં વણાટ પહેલાં યાર્નને રંગવાનો પ્રતિકાર જટિલ અને રંગબેરંગી પેટર્ન બનાવવાનો સમાવેશ થાય છે.
- **બોમકાઈ :** સોનેપુરી તરીકે પણ ઓળખાય છે. બોમકાઈ સાડીઓ વણાટ અને ભરતકામને જોડે છે જેમાં માછલી મંદિરના સ્પાયર્સ અને ફ્લોરલ ડિઝાઈન જેવા પરંપરાગત મોટિફ છે.
- **સંબલપુરી :** ઓડિશાના પશ્ચિમ ભાગમાંથી ઉદભવતા સંબલપુરી કાપડ તેમની અનોખી ટાઈ-ડાઈ પેટર્ન અને જટિલ સરહદો માટે જાણીતા છે જે ઘણી વખત પરંપરાગત ઓડિયા રૂપરેખા દર્શાવે છે.

ઈકટ ટેકનિકમાં યાર્નને ફેબ્રિકમાં વણાટ કરતા પહેલા ચોક્કસ પેટર્નમાં બાંધવા અને રંગવાનો સમાવેશ થાય છે. આ શ્રમ-સાધન પ્રક્રિયાને પેટર્ન સંપૂર્ણ રીતે સંરેખિત થાય તેની ખાતરી કરવા માટે ચોકસાઈ અને કૌશલ્યની જરૂર છે. ઓડિશામાં વણકર પરંપરાગત રીતે પિટ લૂમ્સનો ઉપયોગ કરે છે જે આંશિક રીતે જમીનમાં ઘસી જાય છે જે સ્થિરતા પ્રદાન કરે છે અને વણકરને કાર્યક્ષમ રીતે કામ કરવા દે છે. ઓડિશામાં કાપડ વણાટ મુખ્યત્વે એક કુટીર ઉદ્યોગ હતો જેમાં વણકરો નાના સમુદાયોમાં કામ કરતા હતા અને પેઢીઓ સુધી તેમની કુશળતા પસાર કરતા હતા. રાજ્યના કાપડ તેમની કારીગરી અને ટકાઉપણું માટે ખૂબ મૂલ્યવાન હતા જે વેપાર દ્વારા સ્થાનિક અર્થતંત્રમાં યોગદાન આપતા હતા. વણાટ સમુદાયો સમાજમાં આદરણીય દરજ્જો મેળવતા હતા. તેમના કામને ઘણીવાર શાહી દરબારો અને શ્રીમંત વેપારીઓ દ્વારા સમર્થન આપવામાં આવતું હતું. ઓડિશાના સાંસ્કૃતિક અને ધાર્મિક જીવનમાં કાપડની નિર્ણાયક ભૂમિકા હતી. ધાર્મિક વિધિઓ, તહેવારો અને મંદિરના પ્રસાદ માટે ખાસ સાડીઓ અને કાપડ વણવામાં આવતા હતા.

બંગાળ અને ઓડિશા તેમની વિશિષ્ટ અને સમૃદ્ધ કાપડ પરંપરાઓ સાથે મધ્યયુગીન ભારતમાં કાપડ વણાટના ઈતિહાસમાં નોંધપાત્ર ભૂમિકા

ભજવી હતી. ઉત્કૃષ્ટ કારીગરી, નવીન તકનીકો અને તેમના કાપડનું સાંસ્કૃતિક મહત્વ સમકાલીન કાપડ પ્રથાઓને પ્રેરણા અને પ્રભાવિત કરવાનું ચાલુ રાખે છે.

**(ક) તમારી જાતે ચકાસો.**

**૧. નીચેની ખાલી જગ્યા પૂરો.**

(૧) મધ્યયુગીન ભારતમાં કપાસ મુખ્યત્વે સિંધુ અને ............... નદીઓના ફળદ્રુપ મેદાનોમાં ઉગાડવામાં આવતો હતો.

(૨) મૌર્યયુગની શરૂઆત ઈ.પૂ. ............... માં થઈ હતી.

(૩) રેશમની ખેતીમાં ............... ના પાંદડા પર રેશમના કીડાની ખેતી કરવામાં આવે છે.

(૪) ............... તેની પશ્ચિમના શાલ માટે જાણીતું છે.

**૨. દક્ષિણ ભારતના કાપડ વણાટના મહત્વના કેન્દ્રો વિશે જણાવો.**

............................................................

............................................................

............................................................

............................................................

**૩. પૂર્વ ભારતના મહત્વના વણાટ કેન્દ્રોની ચર્ચા કરો.**

............................................................

............................................................

............................................................

............................................................

## 7.5 ગુજરાતમાં કાપડ વણાટ

### 7.5.1 ગુજરાતના કાપડ વણાટના વારસાનો પરિચય :

ગુજરાત પશ્ચિમ ભારતનો એક પ્રદેશ, સમૃદ્ધ અને વૈવિધ્યસભર કાપડનો વારસો ધરાવે છે જે પ્રાચીન કાળનો છે. તેના કુશળ કારીગરો અને અનોખી વણાટ તકનીકો માટે જાણીતું. ગુજરાત મધ્યયુગીન સમયગાળા દરમિયાન કાપડના ઉત્પાદન માટે નોંધપાત્ર કેન્દ્ર બન્યું.

### 7.5.2 ગુજરાતમાં કાપડ ઉત્પાદનનું ઐતિહાસિક મહત્વ :

પુરાતત્વીય તારણો સૂચવે છે કે ગુજરાતમાં કાપડનું ઉત્પાદન પ્રાચીન સિંધુ ખીણની સંસ્કૃતિ ઈ.સ.પૂર્વ ૩૩૦૦-ઈ.સ.પૂર્વ ૧૩૦૦ નું છે. જેમાં કપાસની ખેતી અને વણાટના પુરાવા છે. પ્રાચીન ગ્રંથો અને દસ્તાવેજોમાં ગ્રીક અને રોમન પ્રવાસીઓના લખાણોના સંદર્ભો સહિત આ પ્રદેશમાં ઉત્પાદિત ઉચ્ચ ગુણવત્તાવાળા કાપડનો ઉલ્લેખ છે.

મધ્યયુગીન સમયગાળા દરમિયાન ગુજરાતના વ્યૂહાત્મક દરિયાકાંઠાના સ્થાને મધ્ય પૂર્વ, આફ્રિકા અને દક્ષિણ પૂર્વ એશિયા સાથે વ્યાપક વેપારની સુવિધા આપી જેનાથી કાપડ ઉદ્યોગનો વિકાસ થયો. સોલંકી વંશ ઈ.સ.૯૪૨-૧૨૪૪ અને બાદમાં ગુજરાત સલ્તનત ઈ.સ.૧૪૦૭-૧૫૭૩ એ શાહી આશ્રય દ્વારા કાપડના ઉત્પાદનને પ્રોત્સાહન આપવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી.

આ પ્રદેશમાં સ્વદેશી પરંપરાઓ અને પર્શિયન, મુઘલ અને યુરોપીયન વેપારીઓના પ્રભાવનું મિશ્રણ જોવા મળ્યું જેના પરિણામે કાપડની ડિઝાઈન અને તકનીકોની સમૃદ્ધ ટેપેસ્ટ્રી મળી. ગુજરાત તેના કાપડ હસ્તકલામાં વિવિધ સાંસ્કૃતિક તત્વોને એકીકૃત કરીને અનુકૂલ અને નવીનતા લાવવાની ક્ષમતા માટે જાણીતું બન્યું છે.

### 7.5.3 ગુજરાતમાં મુખ્ય વણાટ કેન્દ્રો :

#### 7.5.3.1 પાટણ :

પટોળા રેશમ વણાટ માટે પ્રખ્યાત એક અત્યંત જટિલ બેવડ ઈકત પધ્ધતિ છે. પટોળા સાડીઓને સંપત્તિનું પ્રતીક માનવામાં આવતું હતું. આ પાટણના સાળવી સમાજે પેઢીઓથી આ હસ્તકલાને સાચવી રાખી છે.




પાટણના પટોળા

**7.5.3.2 અમદાવાદ :**

મધ્યયુગીન સમયગાળા દરમિયાન તેના વ્યૂહાત્મક સ્થાન અને વેપાર માર્ગોની પહોંચને કારણે અમદાવાદ મુખ્ય કાપડ કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું હતું. સુતરાઉ અને રેશમી કાપડ સહિત વિવિધ પ્રકારના કાપડના ઉત્પાદન માટે જાણીતું છે. શહેરના કાપડ ઉદ્યોગને ધનાઢ્ય વેપારી પરિવારો દ્વારા ટેકો મળ્યો હતો જેમણે વેપારમાં રોકાણ કર્યું હતું.

**7.5.3.3 સુરત :**

એક અગ્રણી બંદર શહેર કે જે કાપડની નિકાસનું કેન્દ્ર બન્યું. તે તેના ઝરી કામ અને સુંદર રેશમી કાપડ માટે પ્રખ્યાત છે. અહીં પર્શિયા અને યુરોપ સહિત આંતરરાષ્ટ્રીય બજારોમાં સુરતના કાપડની ખૂબ માંગ હતી.

**7.5.4 ગુજરાત માટે અનન્ય તકનીકો અને શૈલીઓ :**

**7.5.4.1 પટોળા વણી :**

શ્રમ-સઘન બેવડ ઈકત પધ્ધતિ જયાં વણાટ પહેલાં તાણ અને વેફ્ટ થ્રેડો બંનેને પ્રતિકાર-રંગી દેવામાં આવે છે. તેના વાઈબ્રન્ટ રંગો અને જટિલ ભૌમિતિક પેટર્ન માટે જાણીતા છે. દરેક પટોળા સાડીને પૂર્ણ થવામાં ઘણા મહિના લાગી શકે છે જે કારીગરોની કુશળતા અને ચોક્સાઈને દર્શાવે છે.

**7.5.4.2 બાંધણી :**

એક પ્રાચીન ટેકનિક જેમાં ફેબ્રિકના નાના ભાગોને થ્રેડો સાથે બાંધવા અને જટિલ પેટર્ન બનાવવા માટે તેમને રંગવાનું સામેલ છે. સામાન્ય રીતે સાડીઓ,પાઘડીઓ અને ઓઢણીઓ (શાલ) ના ઉત્પાદનમાં વપરાય છે. બાંધણી ડિઝાઈનમાં મોટાભાગે બિંદુઓ, તરંગો અને ચેક્સ જેવા મોટિફ હોય છે.

**7.5.4.3 ઝરી :**

વિસ્તૃત પેટર્ન બનાવવા માટે કાપડમાં વણાયેલા ઝરીકામ કિનખાબ (સામાન્ય રીતે સોના તથા ચાંદી) નો ઉપયોગ. સાડીઓ, દુલ્હનના વસ્ત્રો અને ઔપચારિક વસ્ત્રોના ઉત્પાદનમાં ઝરી કામ ખાસ કરીને ખૂબ મહત્વનું

હતું. સુરત તેના કુશળ કારીગરો અને વેપારની પહોંચને કારણે ઝરી ઉત્પાદન માટે અગ્રણી કેન્દ્ર બન્યું.

### 7.5.5 ગુજરાતના કાપડ પર વેપાર અને વાણિજ્યનો પ્રભાવ :

શાહી દરબારો અને ચુનંદા લોકોમાં નોંધપાત્ર માંગ સાથે ગુજરાતના કાપડની ભારતમાં ખૂબ જ કિંમત હતી. આ પ્રદેશના કાપડનો ભારતીય ઉપખંડના વિવિધ ભાગોમાં વ્યાપકપણે વેપાર થતો હતો. ગુજરાતના દરિયાકાંઠાના શહેરો જેમ કે સુરત કાપડની નિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ગુજરાતમાંથી કાપડની નિકાસ મધ્ય પૂર્વ, આફ્રિકા અને દક્ષિણપૂર્વ એશિયા સહિતના પ્રદેશોમાં થતી હતી. પોર્ટુગીઝ, ડચ અને બ્રિટિશ સહિત યુરોપીયન વેપારીઓએ ગુજરાતમાં વેપારની જગ્યાઓ સ્થાપી અને તેના કાપડના વેપારને વધુ વેગ આપ્યો.

### 7.5.6 શાહી દરબારો અને શ્રીમંત વેપારીઓ તરફથી સમર્થન અને સમર્થન :

સોલંકી અને ગુજરાત સલ્તનતના શાસકો કાપડના કારીગરોના આશ્રય માટે જાણીતા હતા. શાહી દરબારમાં ઘણીવાર ઔપચારિક અને રોજિંદા ઉપયોગ માટે વિશિષ્ટ કાપડને સોંપતી હતી. શ્રીમંત વેપારી પરિવારો અને વેપારી મંડળોએ ઉત્પાદન અને વેપારમાં રોકાણ કરીને કાપડ ઉદ્યોગને ટેકો આપ્યો હતો. આ વેપારીઓએ ગુજરાતના કાપડ બજારોને સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિસ્તરણ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

### 7.5.7 ગુજરાતમાં કાપડની સામાજિક અને સાંસ્કૃતિક અસર :

કાપડ ઉદ્યોગે ગુજરાતની વસ્તીના એક મોટા વર્ગને રોજગારી પૂરી પાડી હતી જેમાં વણકર, ડાઈ બનાવનાર ડાયરો અને વેપારીઓનો સમાવેશ થાય છે. આ વણાટ સમુદાયો જેમ કે પાટણના સાલ્વીઓ, તેમના હસ્તકલાની આસપાસ કેન્દ્રિત સમાજોની રચના કરે છે. ગુજરાતના સામાજિક અને સાંસ્કૃતિક જીવનમાં કાપડએ મહત્વની ભૂમિકા ભજવી હતી જે તહેવારો, લગ્નો અને ધાર્મિક સમારંભોમાં મુખ્ય રીતે દર્શાવવામાં આવે છે.

ગુજરાતનો કાપડનો વારસો એ પ્રદેશની કૌશલ્ય અને અનુકૂલનક્ષમતાનો પુરાવો છે. મધ્યયુગીન સમયગાળો ગુજરાતમાં કાપડના ઉત્પાદન માટે સુવર્ણ યુગ તરીકે ચિહ્નિત થયેલ છે. તેના વણકર અને

કારીગરો તેમની હસ્તકલામાં અપ્રતિમ શ્રેષ્ઠતા હાંસલ કરે છે. ગુજરાતની કાપડ પરંપરાઓનો વારસો સમકાલીન કાપડ કલા અને કારીગરી માટે સતત પ્રેરણા આપે છે.

## 7.6 વેપાર અને વાણિજ્ય

મધ્યયુગીન સમયમાં ભારતીય કાપડના વેપાર અને વાણિજ્યએ માત્ર ભારતીય અર્થતંત્રને જ નહીં પરંતુ વૈશ્વિક વેપાર નેટવર્કને પણ આકાર આપવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. ભારતીય કાપડ તેમની ગુણવત્તા, વિવિધતા અને કલાત્મક મૂલ્ય માટે પ્રસિદ્ધ હતા જેના કારણે તેની સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે ખૂબ માંગ હતી.

### 7.6.1 ભારતીય કાપડનો સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય વેપાર :

❖ **ભારતીય કાપડનો સ્થાનિક વેપાર :**

મધ્યયુગીન ભારતમાં કાપડનો સ્થાનિક વેપાર વ્યાપક હતો. સ્થાનિક બજારો અને સામયિક મેળાઓ કાપડના વિતરણમાં કેન્દ્રિય હતા. રાજાઓ અને સ્થાનિક શાસકોએ વણકર અને કારીગરોને આશ્રય આપીને કાપડના ઉત્પાદનને પ્રોત્સાહન આપવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવી હતી. શહેરી કેન્દ્રોના ઉદભવે વિશિષ્ટ કાપડ બજારોના વિકાસને પ્રોત્સાહન આપ્યું.

❖ **ભારતીય કાપડનો આંતરરાષ્ટ્રીય વેપાર :**

ભારતીય કાપડને મધ્ય પૂર્વ, આફ્રિકા, દક્ષિણપૂર્વ એશિયા અને યુરોપ જેવા પ્રદેશોમાં બજારો મળે છે. સિલ્ક રોડ અને દરિયાઈ માર્ગો ભારતીય કાપડની નિકાસને સરળ બનાવે છે. સુરત, કાલિકટ અને મસુલીપટ્ટનમ જેવા બંદરો આંતરરાષ્ટ્રીય વેપાર નેટવર્કમાં મહત્વપૂર્ણ સ્થાન હતા. ભારતીય કાપડમાં વિવિધતા જેમાં મલમલ, ચિન્ટઝ, ઝરી અને મુદ્રિત કપાસનો સમાવેશ થાય છે.

### 7.6.2 યુરોપિયન વેપારીઓની અસર (પોર્ટુગીઝ, ડચ, બ્રિટિશ) :

મધ્યયુગીન સમયગાળાના અંતમાં યુરોપિયન વેપારીઓના આગમનથી ભારતીય કાપડના વેપારની ગતિશીલતામાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું.

- **પોર્ટુગીઝ પ્રભાવ :** ૧૫૧૦ માં ગોવા પર કબજો કરીને ભારતમાં હાજરી સ્થાપિત કરનાર પ્રથમ યુરોપીયનોમાં પોર્ટુગીઝ હતા. તેઓએ નવી

વેપાર પ્રથાઓ રજૂ કરી અને યુરોપમાં કાપડની નિકાસને નોંધપાત્ર રીતે પ્રભાવિત કરી.

- **ડચ પ્રભુત્વ :** ૧૭મી સદી સુધીમાં ડચ ઈસ્ટ ઈન્ડિયા કંપની (VOC) ભારતીય કાપડના વેપારમાં મુખ્ય ખેલાડી બની ગઈ. તેઓએ કોરોમંડલ કિનારે અને બંગાળમાં વેપારની જગ્યાઓ સ્થાપી. યુરોપ અને દક્ષિણપૂર્વ એશિયામાં મોટા જથ્થામાં કાપડની નિકાસ કરી.
- **બ્રિટિશ પ્રભુત્વ :** બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની ૧૮મી સદીમાં એક પ્રભાવશાળી શક્તિ તરીકે ઉભરી આવી. તેઓ બંગાળ અને ગુજરાત જેવા મોટા કાપડ કેન્દ્રોને નિયંત્રિત કરતા હતા અને તેમની નીતિઓએ સ્થાનિક કાપડ ઉત્પાદન અને વેપારને નોંધપાત્ર રીતે અસર કરી હતી.
- **આર્થિક નીતિઓ :** યુરોપીયન વેપારીઓએ વિવિધ આર્થિક નીતિઓ અમલમાં મૂકી જે ઘણી વખત પરંપરાગત વેપાર પ્રથાઓને વિક્ષેપિત કરતી હતી. નિકાસલક્ષી ઉત્પાદન પરના ભારને કારણે સ્થાનિક અર્થતંત્રમાં પરિવર્તન આવ્યું અને ઉત્પાદિત કાપડના પ્રકારો અને જથ્થાને પ્રભાવિત કર્યા.

મધ્યયુગીન સમયગાળા દરમિયાન ભારતીય કાપડનો વેપાર અને વાણિજ્ય સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય પ્રભાવોના સમૃદ્ધ આંતરપ્રક્રિયા દ્વારા ચિહ્નિત થયેલ છે. વેપારીઓ અને મહાજનની ભૂમિકા, વિશાળ વેપાર નેટવર્કની સ્થાપના અને યુરોપિયન વેપારીઓની અસરએ સામૂહિક રીતે ભારતના કાપડ ઉદ્યોગના માર્ગને આકાર આપ્યો.

## 7.7 કારીગરો અને મંડળીઓ

### 7.7.1 વણકર અને કાપડના કારીગરોની સામાજિક સ્થિતિ :

મધ્યયુગીન ભારતમાં વણકર અને કાપડના કારીગરોની સામાજિક સ્થિતિ વિવિધ પ્રદેશો અને સમુદાયોમાં નોંધપાત્ર રીતે બદલાતી હતી. સામાન્ય રીતે તેઓ ભારતના ઘણા ભાગોમાં 'વિશ્વકર્મા' અથવા 'પંચાલ' તરીકે ઓળખાતા કુશળ કારીગર વર્ગનો ભાગ હતા. કાપડના ઉત્પાદનમાં જરૂરી જટિલતા અને કૌશલ્યને કારણે તેમના કાર્યને ખૂબ જ માનવામાં આવતું હતું.

ઘણા વણકરો પરંપરાગત રીતે વણાટ સાથે સંકળાયેલી વિશિષ્ટ જાતિઓ અથવા સમુદાયોના હતા. ઉદાહરણ તરીકે, ઉત્તર ભારતમાં

'જુલાહા' જાતિ અને દક્ષિણ ભારતમાં 'દેવાંગા' અને 'પદ્મસાલી' સમુદાયો તેમની વણાટ કુશળતા માટે જાણીતા હતા.

ઉચ્ચ કૌશલ્ય સ્તર હોવા છતાં, વણકરોને મોટાભાગે સામાજિક પદાનુક્રમના મધ્ય અથવા નીચલા પંક્તિમાં મુકવામાં આવતા હતા. જો કે તેમનું આર્થિક મહત્વ સ્થાનિક સમુદાયોમાં તેમની સ્થિતિને ઉન્નત કરી શકે છે.

ઉચ્ચ ગુણવત્તાવાળા કાપડનું ઉત્પાદન કરનારા સફળ વણકરો નોંધપાત્ર સમૃદ્ધિ હાંસલ કરી શકતા હતા અને કેટલીકવાર તેમને શાહી દરબારો અને શ્રીમંત વેપારીઓ દ્વારા સમર્થન મળતું હતું.

કાપડના આર્થિક મહત્વ ખાસ કરીને નિકાસ માટે મધ્યયુગીન અર્થતંત્રમાં વણકરોને નિર્ણાયક ભૂમિકા આપી જે ઘણીવાર તેમના સમુદાયોમાં વધુ સારા જીવનધોરણ અને સન્માનમાં પરિણમે છે.

### 7.7.2 વણાટ સમુદાયો અને મહાજનનું સંગઠન :

મધ્યયુગીન ભારતમાં કાપડના ઉત્પાદન અને વિતરણમાં વણાટ સમુદાયો અને મહાજન મંડળોએ મહત્વની ભૂમિકા ભજવી હતી. 'શ્રેણીઓ' તરીકે ઓળખાતા આ મહાજન, ઉદ્યોગને નિયંત્રિત કિંમત નિર્ધારણ અને વેપારના નિયમો સહિત તેમના વેપારના વિવિધ પાસાઓને નિયંત્રિત કરે છે.

❖ **શ્રેણીઓના કાર્યો :**

શ્રેણીઓ ઉત્પાદિત કાપડ માટે ગુણવત્તાના ઉચ્ચ ધોરણો જાળવી રાખે છે. તેઓ સુસંગતતા અને શ્રેષ્ઠતાની ખાતરી કરવા માટે સામગ્રી, રંગો અને વણાટ તકનીકો માટે માર્ગદર્શિકા નક્કી કરે છે. સ્પર્ધાનું નિયમન કરીને અને કિંમતોમાં ઘટાડો અટકાવીને તેમના સભ્યોના હિતોનું રક્ષણ કરે છે. તેઓએ સભ્યો વચ્ચેના વિવાદોનું નિરાકરણ પણ કર્યું અને જરૂરિયાતના સમયે ટેકો પૂરો પાડ્યો. નવા કારીગરોને તાલીમ આપવામાં મહાજનોએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. એક પેઢીથી બીજી પેઢીમાં કૌશલ્યો પસાર થાય તે સુનિશ્ચિત કરવા માટે કૌશલ્યવર્ધક કાર્યક્રમોની સ્થાપના કરવામાં આવી હતી.

### 7.7.3 તાલીમાર્થીઓ અને કૌશલ્ય પ્રસારણ :

વણાટ કૌશલ્યનું પ્રસારણ એ મધ્યયુગીન ભારતમાં કાપડના ઉત્પાદનની ગુણવત્તા અને સાતત્ય જાળવવાનું મહત્વનું પાસું હતું.

નાના છોકરાઓ, મોટાભાગે વણાટ કરતા પરિવારોમાંથી વેપાર શીખવા માટે કુશળ વણકર પાસે તાલીમ લેતા હતા. આ સિસ્ટમ ગિલ્ડ માળખામાં ઔપચારિક હતી. તાલીમ સામાન્ય રીતે ઘણા વર્ષો સુધી ચાલતી હતી. અનુભવી વણકરોની દેખરેખ હેઠળ શિખનારને કામ કરતા હોવાથી શીખવાની પ્રક્રિયા હાથ પર હતી.

ટેકનિકલ કૌશલ્યની સાથે સાંસ્કૃતિક અને કલાત્મક પરંપરાઓનું પણ પ્રસારણ થયું. વણાટની પધ્ધતિ, પ્રધાનતત્વ અને પ્રતીકો ઘણીવાર સાંસ્કૃતિક મહત્વ ધરાવતા હતા.

શિખનારને આ ડિઝાઈન સાથે સંકળાયેલા અર્થો અને પરંપરાઓ શીખવવામાં આવતી હતી.

આ સાંસ્કૃતિક પ્રસારણ સુનિશ્ચિત કરે છે કે કાપડ વણાટનો સમૃદ્ધ વારસો સચવાય અને પેઢીઓ સુધી ચાલુ રહે.

વણાટ કૌશલ્ય ઘણીવાર પરિવારોમાં પસાર થતું હતું. બાળકો તેમના માતાપિતા અને દાદા-દાદી પાસેથી શીખતા હતા. આ પારિવારિક હસ્તાંતરણ ઔપચારિક શિખવાની પધ્ધતિ પૂરક બનાવે છે અને વણાટની પરંપરાઓનું સાતત્ય જાળવી રાખવામાં મદદ કરે છે.

## 7.8 આર્થિક અસર

### 7.8.1 મધ્યયુગીન ભારતીય અર્થતંત્રમાં કાપડ વણાટનું યોગદાન :

કાપડ વણાટ એ મધ્યયુગીન ભારતીય અર્થતંત્રમાં નોંધપાત્ર ભૂમિકા ભજવી હતી જે સ્થાનિક સમૃદ્ધિ અને આંતરરાષ્ટ્રીય વેપાર બંનેમાં ફાળો આપે છે. ઉદ્યોગ રાજ્ય માટે આવકનો મુખ્ય સ્રોત અને આર્થિક પ્રવૃત્તિનો આવશ્યક ઘટક હતો.

વિવિધ સામ્રાજ્યો માટે કાપડ ઉદ્યોગ આવકનો પ્રાથમિક સ્રોત હતો. દાખલા તરીકે, મુઘલ સામ્રાજ્યએ કાપડના ઉત્પાદન અને વેપાર પર કર લાદ્યો હતો જે તેની આવકનો નોંધપાત્ર ભાગ હતો. કાપડ ઉત્પાદનો, ખાસ કરીને બંગાળના મલમલ અને ગુજરાતના રેશમ જેવા ઉચ્ચ ગુણવત્તાવાળા કાપડની આંતરરાષ્ટ્રીય બજારોમાં ખૂબ માંગ હતી જે નોંધપાત્ર

વિદેશી હૂંડિયામણ લાવે છે. એશિયા, મધ્ય પૂર્વ અને યુરોપમાં ભારતીય કાપડનો વ્યાપક વેપાર થતો હતો. સુરત, મસુલીપટ્ટનમ અને કાલિકટ જેવા બંદરો કાપડની નિકાસને કારણે ધમધમતા વેપાર કેન્દ્રો બની ગયા. ભારતીય કાપડની માંગ પુષ્કળ હતી જેના કારણે ઓટ્ટોમન સામ્રાજ્ય, પર્શિયા અને બાદમાં પોર્ટુગલ, નેધરલેન્ડ અને બ્રિટન જેવા યુરોપીયન રાષ્ટ્રો સહિત વિવિધ દેશો સાથે વેપાર સંબંધોની સ્થાપના થઈ.

**7.8.2 કાપડ ઉદ્યોગ દ્વારા પેદા થતી રોજગારી અને આજીવિકા :**

કાપડ ઉદ્યોગ મધ્યયુગીન ભારતમાં સૌથી મોટા રોજગારદાતાઓમાંનો એક હતો જે સમગ્ર ઉપખંડમાં લાખો લોકોને આજીવિકા પૂરી પાડતો હતો. મુખ્ય પરિબળોમાં સામેલ છે.

❖ **રોજગારીની તકો :**

વણકરો, ડાઈ બનાવનાર, સ્પિનર્સ અને એમ્બ્રોઈડર સીધા ઉત્પાદન પ્રક્રિયામાં કાર્યરત હતા. બંગાળ, ગુજરાત અને તમિલનાડુ જેવા પ્રદેશોમાં સમગ્ર સમુદાયો કાપડના ઉત્પાદનમાં રોકાયેલા હતા. આનુષગિક કામદારો જેમ કે કપાસ અને નીલ ઉગાડવા માટે કૃષિ સાથે સંકળાયેલા અને જેઓ બજારો અને પરિવહનમાં કામ કરે છે તેમને પણ કાપડ ઉદ્યોગ દ્વારા ટેકો મળ્યો હતો.

વણાટ સમુદાયો મોટાભાગે મહાજન અથવા વ્યાવસાયિક સંગઠનોમાં સંગઠિત થતા હતા. જેણે ઉદ્યોગને ટેકો પૂરો પાડ્યો હતો અને તેનું નિયમન કર્યું હતું. આ મહાજનોએ ગુણવત્તા નિયંત્રણ, વાજબી વેતનની ખાતરી કરી અને એપ્રેન્ટિસશીપ દ્વારા કૌશલ્યોના સ્થાનાંતરણમાં મદદ કરી. કાપડનું ઉત્પાદન ઘણીવાર કુટીર ઉદ્યોગ દ્વારા થતું હતું. જ્યાં પરિવારો સાથે મળીને કામ કરતા હતા. ઘરના અર્થતંત્રમાં ફાળો આપતા હતા અને સ્થિર આજીવિકા સુનિશ્ચિત કરતા હતા.

કુશળ કારીગરો આદરણીય સામાજિક દરજ્જો મેળવતા હતા અને ઘણીવાર શાહી દરબારો અને શ્રીમંત વેપારીઓ દ્વારા તેમને આશ્રય આપવામાં આવતો હતો. આ સમર્થન પ્રણાલીએ નાણાકીય સ્થિરતા પ્રદાન કરી અને ઉત્કૃષ્ટ અને નવીન કાપડ ઉત્પાદનોના નિર્માણને પ્રોત્સાહન આપ્યું. ગુજરાત જેવા પ્રદેશોમાં પટોળા વણાટ અથવા ઝરીના કામ માટે જરૂરી જટીલ

કૌશલ્યોએ કારીગરોનો દરજ્જો વધાર્યો જે તેમને સ્થાનિક અને પ્રાદેશિક અર્થતંત્રમાં નિર્ણાયક યોગદાન આપનાર બનાવે છે.

### 7.8.3 મધ્યયુગીન ભારતના શહેરીકરણમાં કાપડની ભૂમિકા :

કાપડ ઉદ્યોગે મધ્યયુગીન ભારતના શહેરીકરણમાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી જે શહેરો અને નગરોના વિકાસને પ્રભાવિત કરે છે. મુખ્ય પાસાઓમાં સામેલ છે. ગુજરાત, બંગાળ અને તમિલનાડુ જેવા મોટા કાપડ ઉત્પાદક પ્રદેશોમાં અમદાવાદ, સુરત અને ઢાકા જેવા નોંધપાત્ર શહેરી કેન્દ્રોનો ઉદય થયો. કાપડના વેપારને કારણે આ શહેરો વ્યાપારી પ્રવૃત્તનું કેન્દ્ર બની ગયા. ભારતીય કાપડની માંગે વિવિધ પ્રદેશોને એક સંકલિત આર્થિક નેટવર્કમાં એકીકરણ કરવામાં મદદ કરી. શહેરી કેન્દ્રો ગ્રામીણ ઉત્પાદકોને આંતરરાષ્ટ્રીય બજારો સાથે જોડે છે. આર્થિક પરસ્પર નિર્ભરતા અને વૃદ્ધિને પ્રોત્સાહન આપે છે.

કાપડ ઉત્પાદનના શેહરી કેન્દ્રો વિવિધ સંસ્કૃતિઓના કેન્દ્રો બન્યા જે વિશ્વના વિવિધ ભાગોમાંથી વેપારીઓ, કારીગરો અને મજૂરોને આકર્ષિત કરે છે. આ સાંસ્કૃતિક વિનિમય સ્થાનિક સમુદાયોને સમૃદ્ધ બનાવે છે અને કલાત્મક પરંપરાઓના મિશ્રણને પ્રોત્સાહન આપે છે.

મધ્યયુગીન ભારતમાં કાપડ વણાટ એ માત્ર નોંધપાત્ર આર્થિક પ્રવૃત્તિ જ નહીં પરંતુ સામાજિક અને શહેરી વિકાસ માટે પણ ઉત્પ્રેરક હતી. અર્થતંત્ર, રોજગાર અને શહેરીકરણ પર તેની અસર મધ્યયુગીન ભારતીય સમાજને આકાર આપવામાં તેના મહત્વ પર ભાર મૂકે છે.

## 7.9 સાંસ્કૃતિક મહત્વ

### 7.9.1 ધાર્મિક અને ઔપચારિક સંદર્ભમાં કાપડ :

મંદિરોમાં અર્પણ તરીકે કાપડનો વારંવાર ઉપયોગ થતો હતો. રેશમ અને સુતરાઉ કાપડ દેવતાઓને રજૂ કરવામાં આવ્યા હતા જે ભક્તિ અને આદરનું પ્રતીક છે. આ અર્પણો દેવતાઓને ખુશ કરવા અને સમૃદ્ધિ લાવે છે તેવું માનવામાં આવતું હતું.

પૂજારીઓ ધાર્મિક વિધિઓ દરમિયાન ચોક્કસ પ્રકારના કાપડ પહેરતા હતા. રેશમ અને સુતરાઉ વસ્ત્રો, ઘણીવાર જટિલ ડિઝાઈન અને રૂપરેખાઓ સાથે શુદ્ધ અને પવિત્ર પ્રવૃત્તિઓ માટે યોગ્ય માનવામાં આવતા હતા. ભક્તો ધાર્મિક તહેવારો દરમિયાન સુંદર કાપડમાંથી બનાવેલા વિશિષ્ટ

વસ્ત્રો પહેરતા હતા. આ વસ્ત્રો માત્ર આદરની નિશાની જ નહીં પરંતુ સમુદાયના આધ્યાત્મિક જીવનમાં ભાગ લેવાનો માર્ગ પણ હતા.

**7.9.2 રોજિંદા જીવનમાં કાપડ અને કપડાં :**

કાપડ એ સામાજિક દરજ્જો અને ઓળખ દર્શાવવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. વ્યક્તિના કપડાંની ગુણવત્તા, રંગ અને ડિઝાઈન તેમના સામાજિક પદ, વ્યવસાય અને મૂળ વિસ્તાર પણ દર્શાવે છે. મધ્યયુગીન ભારતમાં વિવિધ પ્રદેશોમાં પોશાકની વિશિષ્ટ શૈલીઓ હતો. દાખલા તરીકે, બંગાળની સાડીઓ, ગુજરાતની ધોતીઓ અને રાજસ્થાની પાઘડીઓ દરેક સ્થાનિક વણાટ તકનીકો અને સાંસ્કૃતિક પસંદગીઓથી પ્રભાવિત અનન્ય લક્ષણો ધરાવે છે.

કાપડ એ લગ્ન સમારોહનો અભિન્ન ભાગ હતો. વરરાજા ખાસ રચિત વસ્ત્રો પહેરતા હતા. જે મોટાભાગે રેશમના બનેલા હોય છે અને સોના અને ચાંદીના દોરાઓથી શણગારવામાં આવતા હતા. પોશાક માત્ર સંપત્તિનું પ્રતીક જ નહોતું પણ સાંસ્કૃતિક અને પારિવારિક મહત્વ પણ ધરાવતું હતું. તહેવારો દરમિયાન લોકો તેમના શ્રેષ્ઠ કપડાં પહેરે છે. તેજસ્વી રંગીન અને જટિલ ડિઝાઈન કરેલા કાપડ ઉત્સવના વાતાવરણમાં ઉમેરાય છે. આ વસ્ત્રો ઘણીવાર પેઢીઓથી પસાર થતા હતા. તેમની સાથે ભૂતકાળની ઉજવણીની યાદો વહન કરતા હતા.

કપડાં ઉપરાંત ઘરોમાં કાપડનો વ્યાપકપણે ઉપયોગ થતો હતો. ચાદરો, પડદા અને કુશન જેવી વસ્તુઓ વિવિધ કાપડમાંથી બનાવવામાં આવી હતી જે ઘણીવાર વણકરની કુશળતા અને ઘરની સંપત્તિનું પ્રદર્શન કરતી હતી. કાપડનો પણ કૃષિ અને વેપારમાં કાર્યાત્મક ઉપયોગ હતો. દાખલા તરીકે, ટકાઉ સુતરાઉ કાપડનો ઉપયોગ અનાજ અને અન્ય માલસામાનના પરિવહન માટે બોરીઓ તરીકે થતો હતો.

**(ખ) તમારી જાતે ચકાસો.**

**૧. નીચેના વિધાનો વાંચી તે સાચાં (√) છે કે ખોટા (×) તેની નિશાની કરો.**

(૧) બેવડ ઈકત તકનીક પટોળા સાથે જોડાયેલ છે.

(૨) વારાણસી એ બનારસની સિલ્ક સાડીઓ માટે જાણીતું છે.

(૩) સુગુંડી સાડીઓ મદુરાઈની પ્રખ્યાત છે.

(૪) સુરત તેના કુશળ કારીગરો અને વેપારની પહોંચના કારણે ઝેરી ઉત્પાદન માટે અગ્રણી કેન્દ્ર હતું.

**૨. ગુજરાતમાં કાપડની સામાજિક અને સાંસ્કૃતિક અસરો વર્ણવો.**

..............................................................................

..............................................................................

..............................................................................

**(ગ) તમારી જાતે ચકાસો.**

**૧. નીચેના જોડકા જોડો.**

| | | | |
|---|---|---|---|
| (૧) | પટોળું | (૧) | બંગાળ |
| (૨) | મલમલ | (૨) | પાટણ |
| (૩) | બાંધણી | (૪) | ગોવા પર પોર્ટુગીઝ કબજો |
| (૪) | ૧૫૧૦ | (૫) | રાજસ્થાન |

## 7.10 સમાપન

મધ્યયુગીન ભારતમાં કાપડ વણાટ એ દેશના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને આર્થિક સમૃધ્ધિના પુરાવા તરીકે ઊભું છે. આ સમગ્ર પ્રકરણમાં આ યુગ દરમિયાન ભારતીય સમાજના તાણાવાણાને એક સાથે વણેલા જટિલ દોરોની શોધ કરી છે જેમાં વિવિધ પધ્ધતિઓ ઉત્પાદનના કેન્દ્રો, આર્થિક અસર અને કાપડના સાંસ્કૃતિક મહત્વ પર ધ્યાન કેન્દ્રિત થયું છે.

મધ્યયુગીન ભારતીય કાપડનો વારસો સમકાલીન સમાજમાં અનેક રીતે ગુંજતો રહે છે. પરંપરાગત વણાટ પધ્ધતિઓ અને ડિઝાઈનોએ ભારતમાં અને આંતરરાષ્ટ્રીય સ્તરે લોકપ્રિયતામાં પુનરુત્થાનનો અનુભવ કર્યો છે. ગુજરાત જેવા મજબૂત કાપડ પરંપરાઓ ધરાવતા પ્રદેશોએ પ્રવાસન, કારીગરી અને વૈશ્વિક નિકાસ બજારો દ્વારા આર્થિક વિકાસને આગળ વધારવા માટે તેમના વારસોનો લાભ લીધો છે.

ભારતીય કાપડ, તેમની કારીગરી અને વિવિધતા માટે પ્રખ્યાત છે. તેણે વૈશ્વિક ફેશન વલણો અને કાપડ ઉદ્યોગોને પ્રભાવિત કર્યા છે. પટોળા વણાટ અને બાંધણી ટાઈ-ડાઈ જેવી તકનીકો વિશ્વભરના સમકાલીન ડિઝાઈનરોને પ્રેરણા આપતા રહે છે. મધ્યયુગીન કાપડ પરંપરાઓ દસ્તાવેજ સાચવવા અને પ્રોત્સાહન આપવાના પ્રયાસો ચાલુ છે. સંગ્રહાલયો, શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી સંસ્થાઓ ઐતિહાસિક કાપડની સુરક્ષા અને તેમના સાંસ્કૃતિક મહત્વની જાગૃતિને પ્રોત્સાહન આપવા માટે સહયોગ કરે છે.

## 7.11 ચાવીરૂપ શબ્દો

(૧)ભારતમાં મધ્યયૂગીન સમયગાળો – ૪મી થી ૧૪મી સદી

(૨)બેવડ ઈકત – બેવડ એટલે બંને બાજુ અને ઈકત એટલે વણાટ. બંને બાજુ પહેરી શકાય તેવી સાડી

(૩) કાર્પેટ વણાટ – કશ્મીર તેના હાથથી ગૂંથેલા કાર્પેટ માટે પ્રખ્યાત છે.

## 7.12 તમારી જાતે ચકાસોના જવાબો

(ક) (૧) ગંગા (૨) ઈ.પૂ.૩૨૨ (૩) શેતૂર (૪) કશ્મીર

(ખ) (૧) √ (૨) √ (૩) √ (૪) √

(ગ) (૧) ૧-૨ (૨) ૨-૧ (૩) ૩-૪ (૪) ૪-૩

## 7.13 સ્વાધ્યાય

(૧)મધ્યયૂગીન ભારતમાં કાપડ વણાટની વિવિધ પધ્ધતિઓ વિશે જણાવો.

(૨)ગુજરાતમાં કાપડ વણાટ ક્ષેત્રે થયેલો વિકાસ પર ચર્ચા કરો.

(૩)કાપડ વણાટની ભારતીય અર્થતંત્ર પર અસરો વિશે વિશદે ચર્ચા કરો.

## 7.14 સંદર્ભ અને વિશેષ વાંચન

૧.ચૌધરી અનિતા, ''ગુજરાતની કાપડ પરંપરાઓ'', વિશ્વકર્મા પબ્લિકેશન્સ, અમદાવાદ, ૨૦૦૮

૨.દેસાઈ વિશાખા એન., ''ધ ફેબ્રિક ઓફ ઈન્ડિયા : ઈન્ડિયા ટેક્સટાઈલ ઈન ધ અર્લી મોર્ડન વર્લ્ડ'', ઓક્સફોર્ડ યુનિવર્સિટી પ્રેસ, ૨૦૧૬

૩.ઓઝા ડૉ.ઈશ્વરલાલ, ''મધ્યયુગીન ભારતનો ઈતિહાસ (સલ્તનતકાળ)'', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ-૬, વર્ષ : ૨૦૧૧

૪.નાયક ડૉ.છોટુભાઈ ર., ''મધ્યયુગીન ભારત ખંડ-૨'', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ-૬, વર્ષ : ૨૦૧૬

૫.નાયક ડૉ.છોટુભાઈ ર., ''મધ્યયુગીન ભારત ખંડ-૧'', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ-૬, વર્ષ : ૨૦૧૬

૬.પટેલ જશુભાઈ બી., ''ભારતનો ઈતિહાસ (મોગલ યુગ ૧૫૨૬ થી ૧૭૧૭)'', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ-૬, વર્ષ : ૧૯૭૮

૭.શાસ્ત્રી ડૉ.હરિપ્રસાદ ગંગાશંકર, ''પ્રાચીન ભારત ભાગ-૨'', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ-૬, વર્ષ : ૧૯૭૦

૮.પરીખ ડૉ.પ્રવિણચંદ્ર, ''ભારતનો ઈતિહાસ (ઈ.સ.૧૦૦૦ થી ૧૮૧૮)'', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ-૬, વર્ષ : ૧૯૭૪

૯.ઈરફાન હબીબ, "Economic History of Medieval India, 1200-1500", પીઅરસન એજ્યુકેશન, ૨૦૧૧

૧૦.વિજયા રામાસ્વામી,"Textile and Weavers in Medieval South India", ઓક્ષફર્ડ યુનિવર્સિટી પ્રેસ, ૧૯૮૫

૧૧.જાશલીન ધમીજા, ''ભારતીય વણાટ અને કાપડ ઉદ્યોગનો ઐતિહાસિક વિકાસ'', મપીન પબ્લીશીગ, અમદાવાદ, ૧૯૯૫

૧૨.તપન રાયચૌધરી, ''કાપડ ઉદ્યોગ અને આંતરરાષ્ટ્રીય વેપાર'', કેમ્બ્રીજ યુનિવર્સિટી પ્રેસ, ૧૯૮૩

૧૩.https://rareandfair.com/blogs/the-slow-scoop/what-are-handloom-fabrics

૧૪.https://www.indiamart.com/proddetail/pure-kanchipuram-silk-saree-20191007288.html

૧૫.https://kashmirobserver.net/2021/01/11/kashmir-in-capital-pashmina-threads-in-nizamuddin/

૧૬.https://www.kiransboutique.com/product/playful-white-and-pink-cotton-mulmul-saree-with-polka-dots/

૧૭.https://www.outlooktraveller.com/experiences/shopping/in-search-of-the-real-banarasi-sari

૧૮.https://gaatha.com/patan-na-patola/

૧૯.https://www.trawell.in/gujarat/patan/patan-patola-heritage-museum

## એકમ - 8

## મધ્યયુગીન ભારતમાં અન્ય હસ્તકલા, પથ્થર અને લાકડાની કળા

### :: રૂપરેખા ::

**8.0** ઉદ્દેશો

**8.1** પ્રસ્તાવના

**8.1.1** મધ્યયુગીન ભારતીય હસ્તકલાની ઝાંખી

**8.1.2** મધ્યયુગીન સમાજમાં પથ્થર અને લાકડાની કળાનું મહત્વ

**8.2** પથ્થરની કલાકૃતિઓ

**8.2.1** પથ્થરના પ્રકાર

**8.2.2** અગ્રણી પથ્થરકલાના કેન્દ્રો

**8.2.2.1** ખજૂરાહો

**8.2.2.2** કોણાર્ક

**8.2.2.3** અજંતા, ઈલોરા અને એલિફન્ટાની ગુફાઓના શિલ્પો

**8.2.2.4** નટરાજ પ્રતિમા

**8.2.2.5** મધ્યકાલીન અન્ય સ્થાપત્યો

**8.2.2.6** મંદિરોની સ્થાપત્યકલા

**8.2.2.7** કિલ્લાઓ અને મહેલો

(ક) તમારી જાતે ચકાસો.

૧.નીચેની ખાલી જગ્યા પૂરો.

૨.એલીફન્ટાની ગુફાઓ વિશે માહિતી આપો.

**8.3** કાષ્ઠકલા

**8.3.1** વપરાતા લાકડાના પ્રકાર

**8.3.2** તકનીકો અને સાધનો

**8.3.3** મુખ્ય કાષ્ઠ કલાના કેન્દ્રો

**8.3.4** ધાર્મિક કલાકૃતિઓ

**8.3.5** જાળવણી અને પડકારો

**8.4** જુદી જુદી સંસ્કૃતિઓનો આ કાષ્ઠકલા પર પ્રભાવ

**8.4.1** વેપાર અને સાંસ્કૃતિક વિનિમય

8.4.1.1 ફારસી અને મધ્ય એશિયાઈ કલાનો પ્રભાવ

8.4.1.2 ભારતીય પથ્થર અને લાકડાની હસ્તકલા પર ઈસ્લામિક કલાની અસર

8.4.2 જુદી-જુદી સંયુક્ત કલાના ઉદાહરણો

(ખ) તમારી જાતે ચકાસો.

૧.નીચેના વિધાનો વાંચી તે સાચાં (✓) છે કે (✗) ખોટા તેની નીશાની કરો.

૨.ભારતીય પથ્થર અને લાકડાની હસ્તકલા પર ઈસ્લામિક કલાની અસર વર્ણવો.

8.5 સારાંશ

8.6 ચાવીરૂપ શબ્દો

8.7 તમારી જાતે ચકાસોના જવાબો.

8.8 સ્વાધ્યાય

8.9 સંદર્ભ અને વિશેષ વાચન

## 8.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ બાદ તમે નીચે જણાવેલી માહિતી મેળવશો.

- મધ્યયુગીન ભારતની વિવિધ હસ્તકલાઓ વિશે જાણી શકાશે.
- મધ્યયુગીન સમાજમાં પથ્થર અને લાકડાની કળાનું મહત્વ જાણી શકાશે.
- વિવિધ હસ્તકલાઓનું સાંસ્કૃતિક મહત્વ તથા આર્થિક પ્રગતિ માટે મહત્વની

## 8.1 પ્રસ્તાવના

પાંચ હજાર વર્ષથી ધાતુ, પથ્થર, માટી, કાષ્ઠ, હાડકું, હાથીદાંત અને દોરાના વિવિધ હુન્નરો ભારતીય સંસ્કૃતિના જીવનપ્રવાહના ભાગરૂપ બનેલ છે. ભારતના બધા જ હુન્નરોમાં કાપડ ઉદ્યોગ તેની વિવિધતામાં સૌથી વિશાળ ફલકમાં વ્યાપ્યો છે. સુતરાઉ કાપડની પ્રાચીનતા જે હડપ્પા સંસ્કૃતિના સમય જેટલી પાછળ જાય છે. સોના-ચાંદીના તાર અને સુંદર રંગોનું કિનખાબ વારાણસી સૌથી વધારે વખણાતું. ભરતકામમાં પંજાબની ફૂલવારીઓ, કચ્છનું મોચીકામ, ઉત્તર ભારત તથા

રાજસ્થાનનું ભરતકામ ભારતીય ભરતગૂંથણનો વ્યાપ જોવા મળે છે. આ ઉપરાંત છેક મુઘલ સમયથી કાશ્મીરી ગાલીચાઓ ખૂબ જ લોકપ્રિય રહ્યા છે.

ભારતીય હુન્નરોમાં બીજું મુખ્ય માધ્યમ ઝવેરાત છે. ગુજરાતમાં ખંભાત કિંમતી પથ્થરો માટે પ્રખ્યાત હતું. હીરા, મોતી અને પરવાળા જેવા કિંમતી રત્નોનો વેપાર મોટા પાયે જોવા મળતો હતો. મુસ્લિમોના આગમન સાથે પથ્થરની મૂર્તિઓ કંડારવાની કલાનું પતન થયું. તેમણે પથ્થરની કૃતિઓની કોતરણી તથા લઘુ પથ્થરના કાર્યોને આશ્રય આપ્યો. સંગેમરમર કે રેતિયા પથ્થર પરનું ઝીણું અને ઉત્કૃષ્ઠ જાળીકામ ઉત્તર ભારત, રાજસ્થાન, ઓરિસ્સા અને મૈસૂરમાં બારીક કારીગરી જવા મળે છે. આ ઉપરાંત કાષ્ઠ કોતરણીની પરંપરા પણ ભારતમાં પ્રાચીન છે. આંધ્રપ્રદેશનું ચર્મકામ પ્રખ્યાત છે.

ભારતીય કલાના મૂળમાં આ દેશના ધર્મો રહેલા છે. તેનો ઉદ્દેશ પરમ આનંદની પ્રાપ્તિ દ્વારા દિવ્યતત્વને પામવાનો છે અને આ દિવ્યતત્વને પામવાને માટે કલાકારે આ વિવિધ કલાની ઉપાસના કરવાનો માર્ગ પસંદ કર્યો છે. સ્થાપત્ય તથા વિવિધ કલાઓથી નિર્મિત કિલ્લાઓ, મહેલો, મંદિરો, મસ્જિદો જે તે સમયની કારીગરી તથા કૌશલ્યનું પ્રતિનિધિત્વ કરે છે.

### 8.1.1 મધ્યયુગીન ભારતીય હસ્તકલાની ઝાંખી :

લગભગ ૬ઠ્ઠી થી ૧૪મી સદી સુધી ફેલાયેલા મધ્યયુગીન ભારતમાં કલાત્મક અને સાંસ્કૃતિક વિકાસનો સમયગાળો જોવા મળ્યો છે. ભારતમાં કલાની સાધનાને ભગવાનની આરાધના માનવામાં આવે છે. ભારતીય કલાના મૂળમાં આ દેશના ધર્મો રહેલા છે. તેથી તેનો ઉદ્દેશ પરમ આનંદની પ્રાપ્તિ દ્વારા દિવ્યતત્વને પામવાનો છે. આ દિવ્યતત્વને પામવા માટે કલાકારે કલાની ઉપાસના કરવાનો માર્ગ પસંદ કર્યો. ભારતમાં દરેક કલાનો વારસો ઈતિહાસમાં સમૃધ્ધ રહ્યો છે. અહીં સમયાંતરે વિવિધ સાંસ્કૃતિક પ્રથાઓ, ધાર્મિક માન્યતાઓ અને પ્રાદેશિક સંશાધનોમાં વિવિધ હસ્તકલાઓને જન્મ આપ્યો. જેમાં કાપડ, ધાતુકામ, માટીકામ, ઘરેણાં અને ખાસ કરીને પથ્થર અને લાકડાની કલાનો સમાવેશ થાય છે. ઉપરાંત જરીકામ, મીના મારીગરી, ચર્મ ઉદ્યોગની બાબતમાં પ્રાચીન કાળથી ભારતનો વારસો ઘણો સમૃધ્ધ છે.

❖ **કાપડ :**

હડપ્પીય સંસ્કૃતિના સમયથી જ ભારતમાં કાપડ ઉદ્યોગ ઉન્નત રહ્યો છે. પૂર્વ સલ્તનતકાળમાં પણ વસ્ત્ર ઉદ્યોગ ખૂબ વિકસ્યો હતો. નાગપટ્ટણ અણહિલવાડ પાટણ, મુલતાન, વારંગલ, કલિગ અને બંગાળમાં ઘણે સ્થળે ઉત્તમ વસ્ત્રો બનતા હતા.

બંગાળ આ સમયે પણ પ્રાચીનકાળની જેમ મલમલ માટે સુપ્રસિધ્ધ હતું. ગુજરાત અને માળવા સુતરાઉ કાપડ ઉદ્યોગના મહત્વના કેન્દ્રો હતા. કાશ્મીરમાં ગરમ કાપડનો ઉદ્યોગ ખીલ્યો હતો. દિલ્હી સલ્તનતકાળમાં કાપડ ઉદ્યોગ ક્ષેત્રે તૂર્કો અને અન્ય મુસ્લિમ જાતિઓ દ્વારા વિવિધ પધ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો. કાપડ વણાટ પ્રક્રિયા પહેલા કપાસને લોઢવાની, પીંજવાની અને કાંતવાની પ્રક્રિયા કરવામાં આવતી. રૂ પીંજણની ભારતમાં પ્રાથમિક 'સોટી પ્રક્રિયા' આજે પણ ગામડાઓમાં અસ્તિત્વમાં છે. વળી ઈરફાન હબીબના મત અનુસાર ચરખાનો ઉલ્લેખ ઈ.સ.૧૩૫૦ માં ઈસામીના ''ફૂતુહ-ઉસ-સલાતીન'' ગ્રંથમાં મળે છે. વળી દોરાઓ તૈયાર થઈ ગયા પછી તેને તાણા-વાણાની ગૂંથવાની પ્રક્રિયા કરીને વણાટકામ કરવામાં આવતું. ભારતમાં કાપડ રંગવાની કામગીરી પણ હતી. ૧૪મી સદીમાં મુહમ્મદ તુઘલકે શાહી મહિલાઓ માટે દિલ્હીમાં રેશમ વણવા અને સોનાનું જરીકામ કરવા માટે લગભગ પાંચસો કુશળ વણકરોને રોક્યા હતા. રેશમ અને સોનાના ભરતકામ કરેલ ભારે અલંકૃત અને ભભકાદાર કપડું 'કિનખાબ' નામે ઓળખાતું. ગુજરાતમાં સિધ્ધરાજ જયસિંહના રાજય અમલ દરમિયાન તેના પાટનગર પાટણમાં અનેક કારીગરો (સાળવીઓ) ત્યાં આવીને વસાવ્યા હતા. પટોળા વણવાના તેઓ શ્રેષ્ઠ કારીગરો હતા. મુઘલ દરબારમાં ભારે કિંમતી કાપડ અને વસ્ત્રોના ઉત્પાદન માટે હંમેશા વ્યવસ્થા રહેતી. ઢાકાની મલમલ વિખ્યાત હતી. મદલિપટ્ટમના મશહૂર 'પલમપોર' સામાન્યપણે પડદા તરીકે વપરાતા.

આ કાળ દરમિયાન સહુથી અગત્યનો ઉદ્યોગ સુતરાઉ કાપડનો હતો. આના મુખ્ય કેન્દ્રોમાં ગુજરાતમાં પાટણ, ખાનદેશમાં બુરહાનપુર, જૌનપુર, વારાણસી, પટના તેમજ ઉત્તરપ્રદેશ અને બિહારનાં થોડા બીજા કેન્દ્રો ઉપરાંત ઓરિસ્સા અને બંગાળના ઘણાં શહેરો અને ગામોનો સમાવેશ થાય છે. રેશમ વણવાનું કામ લાહોર, આગ્રા, ફતેહપુર સીકરી અને ગુજરાતમાં થતું હતું. કાશ્મીરનું મોટાભાગનું ગરમ કાપડ પહાડી ઘેટાના ઊન 'પશ્મ' માંથી બનતું. સહુથી સુંદર શાલો 'તૂશ' ની હતી.

❖ **ધાતુકામ :**

ભારત તેની ધાતુની હસ્તકલા માટે જાણીતું હતું. જેમાં કાંસ્ય શિલ્પો, લોખંડના શસ્ત્રો અને સોના તથા ચાંદીના દાગીનાનો સમાવેશ થતો. દક્ષિણ ભારતમાં પ્રાચીન સમયે સોનાની ખાણો માટે કોલ્પર પ્રસિધ્ધ હતું. સોનાના ઉદ્યોગનું મહત્વનું કેન્દ્ર મસ્કી હતું. બેલ્લારી, વિજાપુર અને ધારવાડમાં તાંબાની ખાણો હતી. પૂર્વ સલ્તનતકાળ ઈ.સ.૧૦૦૦ થી ૧૨૦૬ દરમિયાન ધાતુકામનો વ્યવસાય સારી સ્થિતિમાં હતો. ધારાનગરીમાં બનેલો જયસ્તંભ લોખંડ તથા પોલાદના ઉદ્યોગનો ઉત્તમ નમૂનો છે. વળી તાંબા-પિત્તળના અને કાંસાના વાસણો તથા મૂર્તિઓ

બનાવવાનો વ્યવસાય પણ વિકસ્યો હતો. ધાતુઓમાં ખાસ કરીને લોખંડમાંથી તલવારો, ભાલા, તીર, બરછી વગેરે શસ્ત્રો બનાવવાના ઉદ્યોગો ખીલ્યા હતા. સલ્તનતકાળમાં ભારતમાં આવતા હતા. રાજસ્થાનમાં મીણા, ધાકડ વગેરે જાતિઓ પિત્તળના વજનદાર ઘરેણાં પહેરતી. પોર્ટુગીઝ પ્રવાસી ડુઆર્ટ બરબોસા જણાવે છે કે ગુજરાતના સોનીઓ સોના-ચાંદીના વાસણો અને જડતરકામ માટે જાણીતા હતા. તમિલનાડુના ચોલ સામ્રાજયની કાંસ્ય ધાતુ પ્રતિમા ઉચ્ચ ધાતુક્રિયાના ઉત્તમ કૌશલ્યનું ઉદાહરણ છે.

### ❖ માટીકામ :

ઈ.સ.૧૨૨૧ ની ચંગીઝ ખાનની ચડાઈ પછી પંજાબ અને સિંધમાં ઓપહાર વાસણોનું ચલણ દેખાય છે. વળી હડપ્પીય સંસ્કૃતિના સ્થાપત્યો મોહે-જો-દડો, હડપ્પા ચન્હુદડો, ગુજરાતમાં લોથલ, ધોળાવીરા, રાજસ્થાનમાં કાલિબંગન વગેરે સ્થળોએ માટીના રમકડા, વાસણો તથા બીજી ચીજવસ્તુઓ બનાવવામાં આવતી હતી. પ્રાચીન નિનેવેહ અને બેબિલોનની ઈરાનમાં જળવાઈ રહેલી પરંપરાઓથી આ કલા પ્રભાવિત જોવાય છે. અન્ય વાસણોમાં સામાન્ય રીતે બધા ઘાટના પીવાના પ્યાલાઓ, પાણીના શીશાઓ અને બધા આકારોની તાસકોનો સમાવેશ થતા. અંશતઃ ઈરાની નમૂનાઓ જેવા અને અંશતઃ હિંદી રૂપાંકનો ધરાવતા માટીના ઓપદાર વાસણો આદિલાબાદમાં, ગુજરાતમાં તેમજ માડુંમાં મળી આવ્યા છે. આ વાસણોનો સમય નિદેશ સલ્તનતકાળ જેટલો પાછળ જાય છે. ચમકદાર અને કાચના વાસણો સહિત વિવિધ પ્રકારના માટીકામનું ઉત્પાદન કરવામાં આવ્યું હતું. આ સમયગાળાની ટેરાકોટાની મૂર્તિઓ અને ટાઈલ્સ નોંધપાત્ર છે. આ ઉપરાંત મુઘલકાળમાં કાચના વાસણોના વિપુલ વપરાશ હતો. પાસાદાર હુક્કા, કટોરા વગેરેના કેટલાક સુંદર નમૂનાઓ કેટલાક મ્યુઝિયમોમાં દ્રષ્ટિગોચર થાય છે .

### ❖ આભૂષણ અને જડતાકામ :

અલંકારો બનાવવામાં ભારત સૈકાઓથી અગ્રેસર રહ્યું છે. સામાન્ય માણસોથી લઈને શ્રીમંતો સુધીના બધા માણસોને ખરીદવામાં પોષાય તેવાં સર્વ પ્રકારનાં આભૂષણો બનાવવામાં આવે છે. ગુજરાતમાં આવેલું ખંભાત અકીકના ઉદ્યોગ માટે પ્રખ્યાત છે. બધા ઘરેણામાં હીરાજડીત અલંકારો વધારે કીમતી છે. આ બધા અલંકારો ઘણુંબધું હસ્ત કારીગરીથી તૈયાર કરવામાં આવે છે. વળી સોનાચાંદીના ઘરેણામાં પૂરવામાં આવતા. લાલ, લીલો, વાદળી જેવા ચમકતા રંગો પૂરવાનું કૌશલ્ય જેને મીના કારીગરી કહેવાતી. લખનૌ, દિલ્હી, વારાણસી, જયપુર તથા હૈદરાબાદની મીનાકારી તો જગપ્રસિધ્ધ છે. ખાસ કરીને જયપુર તથા દિલ્હી લીલા તથા લાલ રંગની

મીનાકારી માટે તથા વારાણસી ગુલાબી રંગની અને હૈદરાબાદ કાળા રંગની મીનાકારી માટે આજે પણ વિશ્વ પ્રસિધ્ધ કેન્દ્રો છે.

### 8.1.2 મધ્યયુગીન સમાજમાં પથ્થર અને લાકડાની કળાનું મહત્વ :

પથ્થર અને લાકડાની કળા તેમની કાર્યાત્મક, ધાર્મિક અને સૌંદર્યલક્ષી ભૂમિકાઓને કારણે મધ્યયુગીન ભારતીય સમાજમાં નોંધપાત્ર સ્થાન ધરાવે છે. આ હસ્તકલા કેવળ સુશોભિત ન હતી પરંતુ ધાર્મિક ભક્તિ, સામાજિક દરજ્જો અને સાંસ્કૃતિક ઓળખને વ્યક્ત કરવા માટેના માધ્યમ તરીકે પણ સેવા આપી હતી.

❖ **પથ્થરની કલાકૃતિ :**



ખજુરાહો

- **ધાર્મિક મહત્વ :** મંદિરના સ્થાપત્ય અને શિલ્પમાં પથ્થરનો ઉપયોગ મુખ્યત્વે થતો હતો. મંદિરો માત્ર પૂજા સ્થાનો જ નહિ પણ સાંસ્કૃતિક અને સામાજિક જીવનના કેન્દ્રો પણ હતા. હિંદુ, બૌદ્ધ અને જૈન ધાર્મિક પ્રથાઓમાં દેવતાઓની જટિલ કોતરણીવાળી પથ્થરના શિલ્પો, પૌરાણિક દ્રશ્યો અને પ્રતિમાઓનું કેન્દ્રસ્થાન હતું. પ્રસિદ્ધ ઉદાહરણોમાં ખજુરાહો, કોણાર્કના મંદિરો અને અજંતા અને ઈલોરાની ખડકની ગુફાઓનો સમાવેશ થાય છે.
- **પુરાતત્વીય સ્મારકો :** કિલ્લાઓ, મહેલો અને સ્તૂપ જેવા સ્મારક સ્થાપત્યના નિર્માણ માટે પથ્થર એ પ્રાથમિક સામગ્રી હતી. આ રચનાઓએ તે સમયની ઈજનેરી કુશળતા અને કલાત્મક સંવેદનશીલતા દર્શાવી હતી. મુઘલ સ્થાપત્ય, સમપ્રમાણતા અને જટિલ જડતરના કામ પર ભાર મૂકવાની સાથે, મધ્યયુગીન બાંધકામમાં પથ્થરના મહત્વના વિશેષ સ્મારકો જોવા મળે છે.
- **શક્તિ અને પ્રતિષ્ઠાનું પ્રતિક :** મોટા પથ્થરની રચનાઓ અને શિલ્પો ઘણીવાર રાજાઓ અને ઉમરાવો દ્વારા તેમની સંપત્તિ, શક્તિ અને ધર્મનિષ્ઠા દર્શાવવા માટે સોંપવામાં આવતા હતા. આ કલા સ્વરૂપોનું સમર્થન એ શાસકો માટે તેમની સત્તાને કાયદેસર બનાવવા અને કાયમી વારસો છોડવાનો એક માર્ગ હતો.

❖ **કાષ્ઠ કલા :**

- **કાર્યાત્મક ઉદ્યોગ :** ફર્નિચર, છાતી, દરવાજા અને બારીઓ જેવી કાર્યાત્મક વસ્તુઓ બનાવવા માટે લાકડાનો વ્યાપકપણે ઉપયોગ થતો હતો. જટિલ કોતરણી અને જડતરના કામ સાથે આ રોજિંદા વસ્તુઓમાં કારીગરી

નોંધપાત્ર હતી. ઘરેલું આર્કિટેક્ચરમાં લાકડાનો ઉપયોગ ખાસ કરીને કેરળ અને રાજસ્થાન જેવા પ્રદેશોમાં રોજિંદા જીવનમાં તેનું મહત્વ દર્શાવે છે.

- **ધાર્મિક મહત્વ :** ધાર્મિક સંદર્ભમાં લાકડાના શિલ્પો અને પેનલો પણ સામાન્ય હતા. મંદિરોમાં મોટાભાગે લાકડાના દરવાજા અને વિસ્તૃત કોતરણીવાળી છત દર્શાવવામાં આવતી હતી. મંદિરના ઉત્સવો અને સરઘસોમાં વપરાતા લાકડાના રથને ઝીણવટપૂર્વક તૈયાર કરવામાં આવ્યા હતા અને શણગારવામાં આવ્યા હતા.
- **સૌંદર્યલક્ષી અપીલ :** લાકડાની સૌંદર્યલક્ષી અપીલ, તેના કુદરતી અનાજ અને હૂંફ સાથે, તેને સુશોભન કળા માટે અનુકૂળ સામગ્રી બનાવી કારીગરોએ કલાના ઉત્કૃષ્ટ નમૂનાઓ બનાવ્યા જે કાર્યાત્મક અને સુશોભન બંને હતા, જે મધ્યયુગીન ભારતના એકંદર સાંસ્કૃતિક અને કલાત્મક લેન્ડસ્કેપમાં ફાળો આપે છે.
- **સાંસ્કૃતિક વારસાની જાળવણી :** લાકડાના હસ્તકલાઓએ સાંસ્કૃતિક વારસાની જાળવણી અને પ્રસારણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. કાષ્ઠકલામાં વપરાતી ડિઝાઈન અને રૂપરેખાઓ ઘણીવાર સાંકેતિક અર્થ ધરાવતા હતા અને પરંપરા અને કારીગરીનું સાતત્ય જાળવીને પેઢીઓથી પસાર થતા હતા.

મધ્યયુગીન ભારતમાં પથ્થર અને લાકડાની કળા એ સમયના સાંસ્કૃતિક, ધાર્મિક અને સામાજિક માળખામાં અભિન્ન હતા. આ હસ્તકલાઓએ ભારતીય કારીગરોની તકનીકી અને કલાત્મક કૌશલ્ય જ દર્શાવી નથી પરંતુ મધ્યયુગીન ભારતીય સમાજના મૂલ્યો, માન્યતાઓ, આકાંક્ષાઓને પણ પ્રતિબિંબિત કરી છે.

## 8.2 પથ્થરની કલાકૃતિઓ

### 8.2.1 પથ્થરના પ્રકાર :

મધ્યયુગીન ભારતમાં આ સમયગાળા દરમિયાન વિવિધ પ્રકારના પથ્થરોનો ઉપયોગ જોવા મળે છે. ખાસ કરીને ગ્રેનાઈટ, નૂનાનો પથ્થર તથા આરસપહાણનો ઉપયોગ જોવા મળે છે. ગ્રેનાઈટ, જે તેની ટકાઉપણું અને કઠિનતા માટે જાણીતી છે. તે મધ્યયુગના ભારતમાં મંદિરો, શિલ્પો અને અન્ય સ્થાપત્યના નિર્માણ માટે પસંદ કરાયેલ સામગ્રી હતી. તેના ઝીણા દાણા અને હવામાનનો સામનો કરવાની ક્ષમતાએ તેને જટિલ કોતરણી અને મોટા બાંધકામો માટે આદર્શ બનાવ્યું હતું.

તમિલનાડુના તંજાવુરમાં આવેલું બૃહદીશ્વર મંદિર ગ્રેનાઈટ સ્થાપત્ય કલાનું મુખ્ય ઉદાહરણ છે. ઉપરાંત ચૂનાના પથ્થરો, તેની પ્રમાણમાં નરમ રચના અને વિશાળ ઉપલબ્ધતા સાથે બીજી લોકપ્રિય પસંદગી હતી. તેની કોતરણીની સરળતા વિગતવાર સુશોભન તત્વો અને જટિલ શિલ્પો માટે મંજૂરી આપે છે. ખજુરાહોના મંદિરો અને રાજસ્થાનના મહેલો અને કિલ્લાઓ, જેમ કે આમેરના કિલ્લામાં, રેતીના પથ્થરોની વિશેષતા છે.

માર્બલ, તેની સરળ રચના અને સૌંદર્યલક્ષી આકર્ષણ માટે પ્રખ્યાત છે. તેનો ધાર્મિક અને બિનસાંપ્રાદાયિક સ્થાપત્ય બંનેમાં વ્યાપકપણે ઉપયોગ થતો હતો. તેની અર્ધપારદર્શકતા અને ઉચ્ચ ચમકવા માટે પોલિશ કરવાની ક્ષમતાએ તેને સ્મારકની રચનાઓ અને શિલ્પો માટે પસંદગી બનાવી છે.

આગ્રામાં આવેલ તાજમહેલ આરસના સ્થાપત્યનું સૌથી પ્રતિષ્ઠિત ઉદાહરણ છે. જેમાં જટિલ જડતરના કામ અને કામની વિવિધતા બતાવી છે. જેમાં વિવિધ પ્રકારના કોતરણી કામ તથા પોલિશ કરવા માટે કારીગરો દ્વારા વિવિધ તકનીકો અને સાધનોનો ઉપયોગ થયો હતો.

### 8.2.2 અગ્રણી પથ્થરકલાના કેન્દ્રો :

#### 8.2.2.1 ખજૂરાહો :

જે મધ્યપ્રદેશમાં છતરપૂર જિલ્લામાં ખજૂરાહો નામના સ્થળે આવેલા છે. મધ્યયુગીમાં ખજૂરાહો મધ્યપ્રદેશમાં સ્થિત એક ઐતિહાસિક સ્થળ છે જે તેના હિંદુ અને જૈન મંદિરોના સમૂહ માટે પ્રખ્યાત છે. આ મંદિરોનું નિર્માણ ચંદેલા વંશ દ્વારા ઈ.સ.૯૫૦ અને ૧૦૫૦ વચ્ચે કરવામાં આવ્યું હતું. જે ચંદેલ રાજપૂતોની રાજધાનીનું નગર હતું. ચંદેલ રાજાઓએ અહીં ૮૦ મંદિરોનું નિર્માણ કર્યું. તેમાંથી આજે માત્ર ૨૫ મંદિરો જ હયાત છે. જે નાગર ચંદેલના ઉત્તમ નમૂના છે. ખજૂરાહોના મંદિરો તેમના જટિલ શૃંગારિક શિલ્પો અને વિગતવાર કોતરણી માટે પ્રખ્યાત છે. આ આર્ટવર્ક માત્ર શૃંગારિક વિષયોનું જ નિરૂપણ કરતું નથી પણ દેવતાઓ, દેવીઓ અને અવકાશી માણસોની વિશાળ શ્રેણી ઉપરાંત મંદિરની તોરણની આલંકરીક સ્થાપત્ય શૈલી કલાકારી તરીકે ઉત્તમ દ્રષ્ટાંત છે. જે કારીગરોની નોંધપાત્ર કુશળતા અને તે સમયના સમૃદ્ધ સાંસ્કૃતિક અને ધાર્મિક વારસાને દર્શાવે છે. ખજૂરાહોને ભારતીય પથ્થર કલા અને સ્થાપત્યના ઈતિહાસમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન બનાવે છે. દેશ-વિદેશના હજારો પ્રવાસીઓ

ખજૂરાહોના મંદિરોમાં મૂર્ત થયેલી વાસ્તુકલા, શિલ્પકલા અને મૂર્તિકલાના શિલ્પો જોઈને આશ્ચર્યચકિત થઈ જાય છે. અહીં ચોસઠ યોગિનીનું મંદિર મુખ્ય છે.

**8.2.2.2 કોણાર્ક :**



કોણાર્ક

ઓડિશામાં સ્થિત કોણાર્ક ભવ્ય મંદિર છે. જેનું નિર્માણ ૧૩મી સદીમાં પૂર્વીય ગંગ વંશના રાજા નરસિંહદેવ પ્રથમ દ્વારા કરવામાં આવ્યું હતું. તે કાળા પથ્થરનું બનાવેલું હોવાથી 'કાળા પૈગોડા' ના નામે ઓળખાય છે. સમગ્ર મંદિરને અશ્વોથી સેવાતા સૂર્યના રથનું સ્વરૂપ આપવામાં આવ્યું હતું. જે જટિલ રીતે કોતરેલા પથ્થરના પૈડા, થાંભલા અને દિવાલોથી પૂર્ણ છે. વિગતવાર શિલ્પોથી શણગારેલી છે જે જીવન અને પૌરાણિક કથાઓના વિવિધ પાસાઓને દર્શાવે છે. જે બધું જ કાળજીપૂર્વક પથ્થરમાં શિલ્પ કરેલું છે. કોણાર્ક ખાતેનું સૂર્યમંદિર મધ્યયુગીન ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને સ્થાપત્ય કૌશલ્યના પુરાવા તરીકે ઊભું છે

**8.2.2.3 અજંતા, ઈલોરા અને એલિફન્ટાની ગુફાઓના શિલ્પો :**



અજન્ટા ઈલોરા

ઈલોરા અને અજંતા બંને મહારાષ્ટ્રના ઔરંગાબાદ જિલ્લામાં છે. અહીં અજંતામાં ૩૦ ગુફાઓ છે અને ઈલોરામાં ૩૪ ગુફાઓ છે. તેમની ખડકની ગુફાઓ માટે પ્રખ્યાત છે જે પ્રાચીન ભારતની કલાત્મક અને સાંસ્કૃતિક સમૃદ્ધિ દર્શાવે છે. ઈલોરાની ગુફાઓ છઠ્ઠીથી ૧૦મી સદી સુધીની છે. જે હિંદુ, બૌદ્ધ અને જૈન પરંપરાઓનું પ્રતિનિધિત્વ કરે છે. રાષ્ટ્રકૂટ વંશના રાજાઓના સમયમાં આ સ્થાપત્ય નિર્માયુ હતું. આઠમી સદીના ઉત્તરાર્ધમાં રાજા કૃષ્ણએ કૈલાસમંદિરને નિર્માણ કરાવ્યું હતું. આ ભવ્ય તથા રમણીય મંદિરને પથ્થરમાં કંડારેલું ઊર્મિકાવ્ય કહી શકાય. ઈલોરાની જૈન ગુફાઓમાં છોટા કૈલાસ ઈન્દ્રસભા તથા પાર્શ્વનાથની ગુફાઓ પ્રસિધ્ધ છે. બીજી બાજુ અજંતા ગુફાઓ બીજી સદીથી પાંચમી સદી વચ્ચે બનાવવામાં આવી હતી. તે મુખ્યત્વે બૌધ્ધ ધર્મને લગતી છે. મુંબઈ નજીક એલિફન્ટાની ગુફાઓ તેમના પ્રભાવશાળી પથ્થરના શિલ્પો અને કોતરણી માટે જાણીતા છે. અહીં ત્રિમૂર્તિનું શિલ્પ વિખ્યાત છે જે ભગવાન

શિવનું ત્રણ માથાવાળું નિરૂપણ છે. આ શિલ્પ સર્જન, સંરક્ષણ અને વિનાશનું પ્રતિક છ

**8.2.2.4 નટરાજની પ્રતિમા**



નટરાજની પ્રતિમા

નટરાજની પ્રતિમા એ તાંડવ નૃત્ય કરતા ભગવાન શિવની ભવ્ય રજૂઆત છે. આ વિખ્યાત નૃત્ય દ્વારા ગતિશીલતા દર્શાવે છે. એક પગ પર સંતુલન રાખે છે જ્યારે બીજો ઉપાડવામાં આવે છે જે બ્રહ્માંડની લય અને સંતુલનનું પ્રતિક છે. તેના બહુવિધ હાથ વિવિધ પદાર્થો ધરાવે છે. દરેક તેના પોતાના સાંકેતિક અર્થ સાથે અને તે જ્વાળાઓની રીંગ દ્વારા ઘેરાયેલો છે જે સમયના ચક્ર અને બ્રહ્માંડને ટકાવી રાખતી વૈશ્વિક ઊર્જાનું પ્રતિનિધિત્વ કરે છે. શિવનો એક પગ અપસ્મારા નામની નાની વામન પર ટકેલો છે જે અજ્ઞાન અને ભ્રમનું પ્રતિનિધિત્વ કરે છે જેના પર શિવ વિજય મેળવે છે. નટરાજની પ્રતિમા સર્જન, જાળવણી અને વિનાશના ચક્રને મૂર્ત નાવે છે.

**8.2.2.5 મધ્યકાલીન અન્ય સ્થાપત્યો :**

ગુજરાતના સોલંકીયુગના સ્થાપત્ય વિશે માહિતી મેળવીએ. મોઢેરાનું સૂર્યમંદિર તેના સુંદર આયોજન તથા મનોહર શિલ્પોને કારણે ભારતના નોંધપાત્ર સ્થાપત્યોમાં ગણાય છે. વિમલ મંત્રીએ આબુના દેલવાડામાં બંધાયેલું વિમલવસહિ મંદિર સફેલ આરસનું છે. બારમી સદીનો સિધ્ધપુરનો રુદ્રમહાલય, સોમનાથ મંદિર, વડનગર, મોઢેરા, સિધ્ધપુર તથા કપડવંજના પ્રસિધ્ધ કીર્તિતોરણો જોઈ શકાય છે. ગુજરાતની ૧૪મી સદીની ઈમારતોમાં પાટણની જામી મસ્જિદ, ભરૂચની જામી મસ્જિદ, ખંભાતની જામી મસ્જિદ જાણીતી છે. અહમદશાહે ૧૪૨૨ માં અમદાવાદ શહેર વસાવ્યું તે પણ સ્થાપત્યકલાને પ્રદર્શિત કરે છે. આ ઉપરાંત બારીક કોતરણી વાળી સીદી સૈયદની જાળી, હઠીસિંગના જૈન દેરાસરો, સરખેજનો રોજો, ડભોઈની હીરાભાગોળ, પાટણનું સહસ્ત્રલિંગ તળાવ, રાણીની વાવ, અડાલજની વાવ, જૂનાગઢનો કિલ્લો વગેરે સ્થાપત્યો ગણનાપાત્ર છે. ચાંપાનેરની જામા મસ્જિદ, નગીના મસ્જિદ વગેરે ઈમારતો વર્લ્ડ હેરિટેજમાં સ્થાન પામી છે.

આ ઉપરાંત દિલ્લી સલ્તનતના સમયગાળામાં કૂત્બુદ્દીન ઐબકે દિલ્લીમાં ‘કુવ્વતુલ ઈસ્લામ’ નામની મસ્જિદ તથા અજમેરમાં ‘ઢાઈ દિન કા ઝોપડા’ નામની ઈમારત બંધાવી હતી. વળી અલ્લાઉદ્દીન ખીલજીએ બનાવેલ ‘સીહીનો કિલ્લો’

વિશેષ ઉલ્લેખનીય છે. તેના અંદરના ભાગમાં તેણે હજાર સ્તંભોવાળો મહેલ બંધાવ્યો. ગિયાસુદ્દીન તુગલકે 'તુગલકાબાદ' નગર વસાવ્યું હતું. કાશ્મીરમાં ઝૈનુલ આબેદીન ઈ.સ.૧૪૪૪ માં 'મંદનીના મકબરા' નું બાંધકામ થયેલ હતું. ઉપરાંત જોનપુરી શૈલીમાં અટાબાદેવી મસ્જિદ, ઝંજીરી મસ્જિદ, લાલ દરવાજા વગેરે ભારતમાં ઈસ્લામી સ્થાપત્યકલાની સવર્શ્રેષ્ઠ નમૂના છે. બંગાળમાં ગૌડનો 'દાખિલ એકલાની' મકબરાની ગણતરી બંગાળના શ્રેષ્ઠ સ્મારક તરીકે થાય છે. ૧૫મી સદીમાં મુસ્લિમ શાસનકાળમાં માળવામાં ધાર તથા માંડવગઢમાં મસ્જિદોના અવશેષો છે. ધારની ઈમારતોમાં હિંદુ શૈલીનો વ્યાપક પ્રભાવ છે. માંડૂનો કિલ્લો પ્રખ્યાત છે. આ ઉપરાંત હિંડોળા મહેલ, જહાજમહેલ, સુલતાન હુશંગશાહનો સફેદ આરસનો મકબરો, બાઝ બહાદુર અને રૂપમતિનો મહેલ સુંદર ઈમારતો છે.

બ્રહ્મની સ્થાપત્યમાં મોહમ્મદ આદિલશાહનો મકબરો 'ગોળ ગુંબજ' નામથી ઓળખાય છે. વળી વિજયનગર સામ્રાજ્યમાં રાજકુટુંબની મહિલાઓના રહેઠાણોમાં 'કમલમહેલ' અનુપમ હતો. વિજયનગર સામ્રાજ્યની પ્રાચીન રાજધાની હમ્પિનું 'વિઠ્ઠલ મંદિર' તથા 'હઝારા રામમંદિર' પ્રખ્યાત છે. રાજસ્થાનમાં રાણા કુભાએ 'કુંભલગઢનો કર્ગ' ચિતોડનો 'કીર્તિસ્તંભ' સૌથી સુંદર છે.

**8.2.2.6 મંદિરોની સ્થાપત્યકલા :**

મધ્યયુગીન ભારતમાં મંદિર સ્થાપત્ય વિશિષ્ટ પ્રાદેશિક શૈલીઓ દર્શાવે છે જે સાંસ્કૃતિક પસંદગીઓ અને કલાત્મક નવીનતાઓ બંનેને પ્રતિબિંબિત કરે છે. ઉત્તર ભારતમાં નાગર શૈલી તેના લાક્ષણિક મધપૂડાના આકારના શિખરો જટિલ કોતરણીથી શણગારવામાં આવે છે. આ મંદિરોમાં અવારનવાર વિવિધ દેવતાઓને સમર્પિત અનેક શિખરો જોવા મળે છે. નાગર શૈલીના મંદિરોના પ્રસિદ્ધ ઉદાહરણોમાં ખજૂરાહોની અદભૂત રચનાઓનો સમાવેશ થાય છે. તેવી જ રીતે ઓડિશામાં કોણાર્ક ખાતેનું સૂર્ય મંદિર પૌરાણિક કથાઓનું નિરૂપણ કરતી શિલ્પોથી સુશોભિત તેના વિશાળ શિખરો સાથે આ શૈલીનું ઉદાહરણ આપે છે.

- **ભાષાનું માનકીકરણ :** હસ્તપ્રતોના પ્રસારથી સંસ્કૃત અને પ્રાદેશિક સ્થાનિક ભાષા જેવી ભાષાઓના માનકીકરણને સમર્થન મળ્યું. આ માનકીકરણએ એક સમાન લેખિત સ્વરૂપ આપીને સંચારમાં વધારો કર્યો છે જેનો વિદ્વાનો અને વહીવટકર્તાઓ સત્તાવાર અને સાહિત્યિક હેતુઓ માટે ઉપયોગ કરી શકે છે.
- **જ્ઞાનનું પ્રસારણ :** હસ્તપ્રતોએ જ્ઞાનના પ્રસારણ અને સંરક્ષણમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. મઠો, શૈક્ષણિક સંસ્થાઓ અને શાહી અદાલતોએ એવા શાસ્ત્રીઓને સમર્થન આપ્યું કે જેમણે તત્વજ્ઞાન અને વિજ્ઞાનથી લઈને કાયદા અને ધર્મ સુધીના વિવિધ વિષયો પરના ગ્રંથોની ઝીણવટપૂર્વક નકલ અને પ્રસારણ કર્યું. આ પ્રસારે શીખવાની પ્રક્રિયાને વિસ્તૃત કરી અને બૌદ્ધિક પ્રગતિમાં ફાળો આપ્યો.
- **સાંસ્કૃતિક વિનિમય અને પ્રભાવ :** હસ્તપ્રતો અને તામ્રપત્રના શિલાલેખોના ઉત્પાદનથી વિવિધ પ્રદેશો અને સામ્રાજયો વચ્ચે સાંસ્કૃતિક વિનિમયની સુવિધા મળી. વિદ્વાનો અને કારીગરો હસ્તપ્રતો વહન કરતા અને જ્ઞાન આપતા. સ્થાનિક પરંપરાઓને સમૃદ્ધ કરતા અને સાંસ્કૃતિક સંશ્લેષણને પ્રોત્સાહન આપતા. વ્યાપકપણે મુસાફરી કરતા.
- **વહીવટી કાર્યક્ષમતા :** તામ્રપત્રના શિલાલેખો વહીવટી શાસનમાં નિમિત્ત હતા. ધાતુની પ્લેટો પર કોતરેલા શિલાલેખો જમીન અનુદાન, કાયદાકીય હુકમો અને શાહી ઘોષણાઓનું દસ્તાવેજીકરણ કરે છે. આ શિલાલેખો કાનૂની અને વહીવટી રેકોર્ડની જાળવણીને સુનિશ્ચિત કરે છે. અસરકારક શાસન અને સામાજિક-આર્થિક સ્થિરતાની સુવિધા આપે છે.
- **સાહિત્યિક વિકાસ :** કાગળ અને પેનની ઉપલબ્ધતાએ મહાકાવ્ય, કવિતા અને ગદ્ય સહિત સાહિત્યિક કૃતિઓના પ્રસારને પ્રોત્સાહન આપ્યું. દરબારી આશ્રય મળતા જટિલ ચિત્રો અને સુલેખનથી શણગારેલી વિસ્તૃત હસ્તપ્રતના નિર્માણને ટેકો આપ્યો જે સમયગાળાની સૌંદર્યલક્ષી અને કલાત્મક સિદ્ધિઓનું ઉદાહરણ છે.
- **લાંબા ગાળાનો વારસો :** મધ્યયુગીન ભારત દરમિયાન વિકસિત લેખન તકનીકોએ લેખન અને છાપકામ પધ્ધતિઓ અનુગામી પ્રગતિનો પાયો નાંખ્યો. આ નવીનતાઓનો કાયમી વારસો સમકાલીન ભારતમાં અને તેનાથી આગળના સંચાર પ્રથાઓને આકાર આપવાનું ચાલુ રાખે છે.

મધ્યયુગીન ભારત દરમિયાન લેખન તકનીકોની ઉત્ક્રાંતિએ સુલભતામાં વધારો કરીને, ભાષાને પ્રમાણિત કરીને, જ્ઞાનના પ્રસારણને સરળ બનાવીને, સાંસ્કૃતિક વિનિમયને પ્રોત્સાહન આપીને, વહીવટી કાર્યક્ષમતાને ટેકો આપીને, સાહિત્યિક અભિવ્યક્તિને પ્રોત્સાહન આપીને અને વિદ્વતાપૂર્ણ અને કલાત્મક સિદ્ધિઓનો કાયમી વારસો સ્થાપીને ક્રાંતિ લાવી હતી.

## 9.9 સમય જતાં લેખન સામગ્રીની ઉત્ક્રાંતિ

મધ્યયુગીન ભારતમાં લેખન સામગ્રીમાં નોંધપાત્ર ઉત્ક્રાંતિ થઈ જે સદીઓથી તકનીકી પ્રગતિ અને સાંસ્કૃતિક પ્રભાવોને પ્રતિબિંબિત કરે છે. આ સામગ્રીના વિકાસથી માત્ર જ્ઞાનના પ્રસાશમાં જ મદદ મળી નથી પરંતુ ઐતિહાસિક દસ્તાવેજો અને સાંસ્કૃતિક વારસાની જાળવણીમાં પણ મહત્વની ભૂમિકા ભજવી છે.

- ❖ **તાડપત્રની હસ્તપ્રતો (તાડપત્રિકા) :** મધ્યયુગીન ભારતમાં વપરાતી પ્રારંભિક લેખન સામગ્રીમાં તાડપત્રની હસ્તપ્રતોનો સમાવેશ થાય છે. તાડના સૂકા પાનમાંથી તૈયાર કરવામાં આવેલી આ હસ્તપ્રતો ટકાઉ અને ઉષ્ણકટિબંધીય આબોહવા માટે યોગ્ય હતી. સ્ક્રિબ્સ સ્ટાઈલિસનો ઉપયોગ કરીને લખાણો લખે છે. ઘણીવાર સંસ્કૃત અથવા તમિલ, તેલુગુ અથવા કન્નડ જેવી પ્રાદેશિક ભાષાઓમાં લખે છે. હસ્તપ્રતો સામાન્ય રીતે એક બાજુએ છિદ્રો દ્વારા દોરડા વડે એકસાથે બંધાયેલી હતી જે 'તાડપત્રિકા' અથવા 'તાડપત્ર' તરીકે ઓળખાતા પ્રાચીન પુસ્તકોની રચના કરતી હતી.



**તાડપત્ર**

- ❖ **ભૂજપત્રની હસ્તપ્રતો :** મધ્યયુગીન સમયમાં કાશ્મીર અને નેપાળ જેવા પ્રદેશોમાં ભૂર્જની છાલની હસ્તપ્રતો પ્રચલિત હતી. આ હસ્તપ્રતો ભૂજ વૃક્ષોની છાલમાંથી બનાવવામાં આવી હતી. જે લંબચોરસ આકારમાં કાપવામાં આવી હતી અને સ્ટાઈલસ અથવા બ્રશનો ઉપયોગ કરીને કોતરવામાં આવી હતી. છાલના કુદરતી તેલોએ લેખનને જાળવવામાં મદદ કરી જે સમય જતાં તેને ટકાઉ બનાવે છે. ભૂજપત્રની હસ્તપ્રતોનો ઉપયોગ મુખ્યત્વે ધાર્મિક ગ્રંથો, કાયદાકીય દસ્તાવેજો અને સંસ્કૃત અને અન્ય સ્થાનિક ભાષાઓમાં સાહિત્યિક કૃતિઓ માટે થતો હતો.
- ❖ **કાગળ ઉત્પાદનની પધ્ધતિ :**

મધ્યયુગીન ભારતમાં કાગળ ઉત્પાદનની કળા નોંધપાત્ર રીતે વિકસિત થઈ. જે મધ્ય એશિયા અને ચીનમાંથી રજૂ કરાયેલી તકનીકોથી પ્રભાવિત થઈ. શરૂઆતમાં શણ અને કપાસના ચીથરામાંથી બનેલા કાગળે તેની સુગમતા, ઉત્પાદનમાં સરળતા અને પોષણક્ષમતાને કારણે ધીમે ધીમે ખજૂરના પાંદડા અને ભૂજની છાલ જેવી પરંપરાગત સામગ્રીનું સ્થાન લીધું. મધ્યકાલીન સમયગાળા સુધીમાં ગુજરાત, રાજસ્થાન અને બંગાળ જેવા પ્રદેશોમાં કાગળની મિલોની સ્થાપના કરવામાં આવી હતી. જે વિવિધ ગુણવત્તા અને જાડાઈના કાગળનું ઉત્પાદન કરતી હતી.

❖ **પેન અને લેખનનાં સાધનો :** મધ્યયુગીન ભારતમાં લેખનના સાધનોમાં વિવિધ લેખન સપાટીઓ માટે અનુકૂળ વિવિધ પેન અને લેખનનો સમાવેશ થતો હતો. બ્રાહ્મી, દેવનાગરી અને પર્સો-અરબી જેવી લિપિઓમાં ચોક્કસ લખાણની સુવિધા આપવા માટે પેનને રીડ્સ, વાંસ અથવા ધાતુ જેવી સામગ્રીમાંથી બનાવવામાં આવી હતી. શાહી સામાન્ય રીતે ગમ અથવા તેલ સાથે મિશ્રિત કાજળ અથવા સૂટમાંથી બનાવવામાં આવતી હતી જે ધાતુ અથવા માટીના બનેલા ખડીયામાં સંગ્રહિત હતી.

❖ **તામ્રપત્રો અને શિલાલેખો :** શાહી અનુદાન, જમીનના અધિકારો અને ધાર્મિક દેણગીના દસ્તાવેજીકરણ માટે તામ્રપત્રોએ મધ્યયુગીન ભારતમાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. ધાતુના પંચ અને લેખનીનો ઉપયોગ કરીને તામ્રપત્રો પર શિલાલેખો કોતરવામાં આવ્યા હતા. જે ટકાઉપણું અને કાનૂની માન્યતાને સુનિશ્ચિત કરે છે. આ પ્લેટો ઘણીવાર રાજાઓ અને શાસકો દ્વારા વ્યક્તિઓ અથવા સમુદાયોને અધિકારો અને વિશેષાધિકારો આપવા માટે જારી કરવામાં આવતી હતી. જે પ્રદેશના વહીવટી અને આર્થિક ઈતિહાસમાં ફાળો આપે છે.

❖ **શિલાલેખો અને શિલાલેખોની ભૂમિકા :** મધ્યયુગીન ભારતમાં શાસન અને સંદેશાવ્યવહાર માટે પથ્થર, ધાતુ અથવા અન્ય ટકાઉ સામગ્રી પરના શિલાલેખ અને શિલાલેખો આવશ્યક હતા. તેઓએ સત્તાવાર ઘોષણાઓ, કાનૂની હુકમો તરીકે સેવા આપી. રાજકીય ઘટનાઓ, ધાર્મિક દાન અને સામાજિક નિયમોનું દસ્તાવેજીકરણ કર્યું. આ શિલાલેખો ઘણીવાર બહુભાષી હતા જે મધ્યકાલીન ભારતીય સમાજમાં પ્રચલિત ભાષાકીય વિવિધતા અને સાંસ્કૃતિક વિનિમયને પ્રતિબિંબિત કરે છે.

❖ **સાતત્ય અને વારસો :** મધ્યયુગીન ભારતમાં લેખન સામગ્રીની ઉત્ક્રાંતિએ જ્ઞાનના પ્રસારણ અને સાંસ્કૃતિક વારસાના સાતત્યતા પર ભાર મૂક્યો હતો.

હસ્તપ્રત ઉત્પાદન, પેપરમેકિંગ અને શિલાલેખ જેવી તકનીકો વિકસિત થતી રહી જે પ્રિન્ટીગ ટેકનોલોજી અને આર્કાઈવલ પ્રેક્ટિસમાં પછીના વિકાસને પ્રભાવિત કરતી રહી. આ લેખન સામગ્રીનો વારસો સમકાલીન ભારતમાં યથાવત છે. જે ઐતિહાસિક સંશોધન અને સાંસ્કૃતિક જાળવણીમાં લેખિત રેકોર્ડના કાયમી મહત્વ પર ભાર મૂકે છે.

**(ખ) તમારી જાતે ચકાસો.**

**૧. નીચેના જોડકા જોડો.**

| | | | |
|---|---|---|---|
| (૧) | અશોક | (૧) | કાશ્મીર અને નેપાળ |
| (૨) | બિર્ચ બાર્ક હસ્તપ્રતો | (૨) | મૌર્ય સમ્રાટ |
| (૩) | લિપિનો અભ્યાસ | (૩) | ચીન |
| (૪) | કાગળની શરૂઆત | (૪) | એપિગ્રાફી |

૨. તામ્રપત્રો વિશે જણાવો.

૩. મધ્યયુગીન ભારતમાં સંદેશા વ્યવહાર પર લેખન તકનીકોની અસરો જણાવો.

## 9.10 સમાપન

ભારતમાં મધ્યયુગીન સમયગાળો લેખન સામગ્રી અને તકનીકોના ઉત્ક્રાંતિ અને સંસ્કારિતામાં નોંધપાત્ર યુગ તરીકે ઓળખાય છે. કાગળ બનાવવાની, પેન બનાવવાની, હસ્તપ્રતો બનાવવાની, તામ્રપત્રો લખવા અને આદેશો જારી કરવાની કળાએ માત્ર સંદેશાવ્યવહારને સરળ બનાવ્યો નથી પરંતુ સામાજિક, ધાર્મિક અને વહીવટી પરંપરાઓને આકાર આપવામાં પણ મુખ્ય ભૂમિકા ભજવી છે.

મધ્યયુગીન ભારતમાં લેખન સામગ્રીના ઉત્પાદનમાં નોંધપાત્ર પ્રગતિ જોવા મળી હતી. દેશી પ્રથાઓ અને પડોશી પ્રદેશો અને સંસ્કૃતિઓના બાહ્ય પ્રભાવ બંનેથી પ્રભાવિત વિકસિત થઈ છે. કલમ બનાવવાની કારીગરી વિવિધ પ્રદેશો અને સમયગાળામાં વ્યાપકપણે બદલાય છે. પેન વાંસ ધાતુ જેવી સામગ્રીમાંથી બનાવવામાં આવી હતી. દરેક ટકાઉપણું અને ઉપયોગિતાના સંદર્ભમાં અલગ ફાયદાઓ પ્રદાન કરે છે. હસ્તપ્રતોમાં વપરાતી સુલેખન શૈલીઓ તે સમયની કલાત્મક સંવેદનાઓને પ્રતિબિંબિત કરતી હતી જેમાં દેવનાગરી, બ્રાહ્મી અને ફારસી લિપિ જેવી લિપિઓ

પ્રાદેશિક વિવિધતાઓ અને સાંસ્કૃતિક સૂક્ષ્મતા દર્શાવે છે. વળી હસ્તપ્રત ઉત્પાદન એ ખૂબ જ મહેનતની પ્રક્રિયા હતી જેમાં કુશળ શાસ્ત્રીઓ, પ્રકાશકો અને લહીયાઓનો સમાવેશ થતો હતો. હસ્તપ્રતોએ માત્ર સાહિત્યિક અને ધાર્મિક ગ્રંથોને સાચવી રાખ્યા નથી પરંતુ ઐતિહાસિક અને વૈજ્ઞાનિક જ્ઞાનના ભંડાર તરીકે પણ સેવા આપી છે. હસ્તપ્રતોમાં ઝીણવટભરી વિગતો અને કલાત્મક શણગાર મધ્યયુગીન સમયગાળા દરમિયાન પ્રચલિત સાંસ્કૃતિક સમૃદ્ધિ અને સૌંદર્યલક્ષી પસંદગીઓને પ્રકાશિત કરે છે.

શાહી હુકમો, જમીન અનુદાન અને વહીવટી નીતિઓ સંગ્રહ કરવા માટે તામ્રપત્ર શિલાલેખ નોંધપાત્ર માધ્યમ તરીકે ઉભરી આવ્યા હતા. તામ્રપત્રો પર કોતરેલા શાસન અને સામાજિક માળખાના કાયમી દસ્તાવેજો પ્રદાન કરે છે. તેઓએ સત્તાને કાયદેસર બનાવવા અને વિશાળ પ્રદેશોમાં સંદેશાઓ પહોંચાડવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. શાસકો દ્વારા જારી કરાયેલા આદેશો કાનૂની ઘોષણાઓ અને નિર્દેશો તરીકે સેવા આપતા હતા. ઘણીવાર પથ્થર અથવા તાંબા જેવી ટકાઉ સામગ્રી પર કોતરવામાં આવે છે. આ આદેશો સામાજિક ધોરણોનું નિયમન કરવા, ધાર્મિક સહિષ્ણુતાને પ્રોત્સાહન આપવા અને ઐતિહાસિક ઘટનાઓના દસ્તાવેજીકરણમાં નિમિત્ત હતા. તેમની જાળવણી અને સમજણ રાજકીય શાસન, આર્થિક નીતિઓ અને મધ્યયુગીન ભારતની સાંસ્કૃતિક પ્રથાઓમાં અમૂલ્ય આંતરદ્રષ્ટિ પ્રદાન કરે છે. આમ, મધ્યકાલીન ભારતીય લેખન પરંપરાઓનો વારસો સમકાલીન પ્રથાઓમાં પડઘો પાડે છે. કાગળ ઉત્પાદન સુલેખન, હસ્તપ્રત સંરક્ષણ અને અભિલેખોના અભ્યાસમાં આધુનિક તકનીકો તેમની ઉત્પત્તિ આ પ્રાચીન પ્રથાઓને આભારી છે. વિદ્વાનો અને કારીગરો ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની જાળવણી અને પ્રશંસાને સુનિશ્ચિત કરીને આ તકનીકોનો અભ્યાસ અને અનુકરણ કરવાનું ચાલુ રાખે છે.

મધ્યયુગીન ભારતમાં કાગળ, પેન, હસ્તપ્રતો, તામ્રપત્રો બનાવવાની અને આજ્ઞાઓ બહાર પાડવાની કળાએ માત્ર બૌદ્ધિક અને વહીવટી કાર્યોને જ પ્રોત્સાહન આપ્યું નથી. પરંતુ સાંસ્કૃતિક વિનિમય અને તકનીકી નવીનતાના કાયમી વારસામાં પણ યોગદાન આપ્યું છે. આ લેખન પરંપરાઓ અને ભારતની ઐતિહાસિક કથા અને સાંસ્કૃતિક વિવિધતાને સમજવા માટે અભિન્ન છે.

## 9.11. ચાવીરૂપ શબ્દો

- હસ્તપ્રત – હાથથી કોતરેલ અથવા લખેલ લખાણ
- તામ્રપત્ર – તાંબાના પતરા પર કોતરેલ લખાણ
- શિલાલેખ – પથ્થર પર લખેલ લખાણ
- ફરમાન – મધ્યયુગીન ભારતમાં શાસકો દ્વારા જારી કરાયેલ સત્તાવાર હુકમો

## 9.12. તમારી જાતે ચકાસોના જવાબો.

(ક) (૧) ચીન (૨) કલંબી (૩) ફારસી (૪) તામ્રપત્ર

(ખ) (૧) ૧-૨ (૨) ૨-૧ (૩) ૩-૪ (૪) ૪-૩

## 9.13. સ્વાધ્યાય

(૧) મધ્યયુગીન ભારતની લેખન પરંપરાઓ વિશે જણાવો.

(૨) કાગળ ઉત્પાદનના વિકાસ તથા વિવિધ તકનીકોની ચર્ચા કરો.

(૩) મધ્યયુગીન ભારતમાં વપરાતી કલમના પ્રકાર જણાવો.

## 9.14. સંદર્ભ અને વિશેષ વાચન


- શર્મા આર.એસ., ''ભારતમાં મધ્યયુગીન પેપરમેકિંગ ટેકનિક''
- પંડ્યા કૃપા (પંડ્યા મહેશ), ''ગુજરાતી લેખન ઈતિહાસ (ગુજરાતી લિપિનો ઈતિહાસ) ''
- દેસાઈ યશોધરા, ''મધ્યકાલીન ભારતની સુલેખન પરંપરાઓ''
- જોશી જયંત, ''ગુજરાતી કલિગ્રાફીનો વિકાસ (ગુજરાતી સુલેખનનો વિકાસ)''
- કુમારસ્વામી એ. કે., ''મધ્યકાલીન ભારતમાં હસ્તપ્રત પ્રકાશની કલા''
- શાહ નયન, બનાવટનું વ્યક્તિત્વ પ્રકાર, શૈલી અને સાહિત્યિક લેખન (ગુજરાતમાં લિપિ લખવું, પ્રકાર, શૈલી અને સાહિત્યિક મહત્વ)
- સિરકર ડૉ.સી., ''મધ્યકાલીન ભારતના એપિગ્રાફિકલ સ્ટડીઝ''
- જીત્યા વિજય (માલિયા વિજય), ''વિજય પત્ર અને તામ્રપત્ર અને તામ્રપત્ર (ગુજરાતમાં કોપરલેટ અને શિલાલેખ)''
- શર્મા આર.કે., ''મધ્યયુગીન ભારતીય શાસકોના શિલાલેખ''
- પારેખ મીરલ,'કારખાના અને તામ્રપત્ર(ગુજરાતમાં શાસન અને તામ્રપત્ર) '
- બશમ એ.એલ., ''ભારતમાં લખવાની પરંપરાઓનું સાતત્ય''
- પટેલ હર્ષ, ''ગુજરાતી લેખન (ગુજરાતમાં લેખનનો વારસો) ''
- https://www.jagran.com/lifestyle/miscellaneous-palm-leaf-manuscripts-form-an-invaluable-part-of-indian-documented-heritage-23142422.html
- https://x.com/bibhuti_br/status/1426780039228497925
- https://www.facebook.com/gujtourism/posts/ashoka-rock-edicts-junagadh-bears-emperor-ashokas-14-edicts-conveying-profound-m/737690038394018/

**એકમ - 10**

# મધ્યકાલીન ભારતની ચિત્રકળા

## :: રૂપરેખા ::

**10.0** ઉદ્દેશો

**10.1** પ્રસ્તાવના

**10.2** ઉત્તર ભારતની ચિત્રકળા

**10.2.1** દિલ્હી સલ્તનત સમયની ચિત્રકળા

**10.2.2** દિલ્હી સલ્તનત સમયમાં ચિત્રકારીના સાહિત્યિક પુરાવા

**10.2.3** મુઘલકાલીન ચિત્રકળા

**10.2.3.1** બાબર-હુમાયુનાં સમયની ચિત્રકળા

**10.2.3.2** અકબરના સમયની ચિત્રકળા

**10.2.3.3** જહાંગીરના સમયની મુઘલ ચિત્રકળા

**10.2.3.3.1** જહાંગીરના ચિત્રકારો

**10.2.4** મુઘલ ચિત્રકળા પર યુરોપીય કલાનો પ્રભાવ

**10.2.5** જહાંગીર પછીની મુઘલ ચિત્રકળા

**10.2.6** મુઘલ સમયની લોકપ્રચલિત ચિત્રકળા

**10.3** દક્ષિણ ભારતની ચિત્રકળા

**10.3.1** વિજયનગર શૈલીના ભિત્તીચિત્રો

**10.3.2** દખ્ખણી ચિત્રકળા

**10.4** પ્રાદેશિક ચિત્રકળા

**10.4.1** રાજસ્થાની ચિત્રકળા

**10.4.1.1** લૌર ચંદા, ચૌરપંચાસિકા શૈલીની રાજસ્થાની ચિત્રકળા

**10.4.1.2** રાજસ્થાની ચિત્રકળા પર મુઘલ ચિત્રકળાનો પ્રભાવ

**10.4.2** મેવાડ શૈલી

**10.4.3** બુંદી શૈલી

**10.4.4** કોટા શૈલી

**10.4.5** આમેર-જયપુર શૈલી

**10.4.6** જોધપુર શૈલી

**10.4.7 બિકાનેરી શૈલી**

**10.4.8 કિશનગઢ શૈલી**

**10.4.9 પહાડી લઘુચિત્રકારી**

**10.4.10 ગુજરાતની ચિત્રકળા**

**10.5 સારાંશ**

**10.6 ચાવીરૂપ શબ્દો**

**10.7 બહુવિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહીત)**

**10.8 તમારી જાતે ચકાસોના જવાબ**

**10.9 સ્વાધ્યાય**

**10.10 સંદર્ભ અને વિશેષ વાચન**

## 10.0 ઉદ્દેશો

- આ પ્રકરણમાં આપ મધ્યયુગીન ચિત્રકળા વિષે માહિતગાર થઈ શકશો.
- દિલ્હી સલ્તનત (ઇ.સ. ૧૨૦૬-૧૫૨૬) ની ચિત્રકલાની પ્રગતિ જાણી શકશો.
- મુઘલ સામ્રાજ્ય (ઇ.સ. ૧૫૨૬-૧૭૦૭) ની ચિત્રકળામાં આવેલ ઉન્નતિ તેના પર વિદેશી પ્રભાવથી માહિતગાર થઈ શકશો.
- પ્રાદેશિક રાજપુત ચિત્રકળા અને તેના પર મુઘલ સામ્રાજ્યના પ્રભાવની જાણકારી મેળવી શકશો.
- મધ્યયુગીન ચિત્રકળાના વિવિધ આયામો અને તબક્કાઓ જાણી શકશો.

## 10.1 પ્રસ્તાવના

ચિત્ર અને મનુષ્ય વચ્ચે આદિકાળથી સંબંધ છે. મધ્યકાલીન ભારતના ઈતિહાસમાં ચિત્રકળાનું આગવું મહત્ત્વ જોવા મળે છે. ભારતમાં મુસ્લિમ સત્તાઓની સ્થાપનાથી લઈ યુરોપીયન પ્રજાનાં આગમન સુધીની મધ્યયુગીન ચિત્રકળા વિવિધ આયામોમાંથી પસાર થઈ છે. આ સમયની ચિત્રકળા તાડપત્રો, કાગળ અને ભિત્તીચિત્રોના સ્વરૂપે જોવા મળે છે. મધ્યકાલીન ભારતની ચિત્રકળા પર પ્રાદેશિકતાની અસર, ધર્મનો પ્રભાવ અને વિદેશી ચિત્રકળાની અસર પણ સ્પષ્ટરૂપે જોવા મળે છે. મધ્યયુગીન ચિત્રકળાના પુરાવાઓ પર પણ સમયની અસર દેખાય છે. વળી કેટલાંક કિંમતી ચિત્રો વિદેશનાં મ્યુઝિયમમાં તો કેટલાંક ચિત્રો અંગત સંગ્રહાલયમાંથી પ્રાપ્ત થયાં છે. મધ્યયુગીન ભારતીય શાસકો, વેપારીઓ અને ભદ્રવર્ગ દ્વારા ચિત્રકળાને સરાહનીય પ્રોત્સાહન આપ્યું, જેથી ભારતીય ચિત્રકળામાં આગવો નિખાર આવ્યો હતો. ભારતના હિન્દુ-મુસ્લિમ શાસકો અને ચિત્રકારોને તેમની કળા

પ્રદર્શિત કરવામાં ધર્મ, જાતિ, પ્રદેશ બાધારૂપ બન્યો હોય એવું ક્યાંય જણાતું નથી એ ભારતીય ચિત્રકળાનું સકારાત્મક પાસું ગણી શકાય. આવો આપણે મધ્યયુગની ચિત્રકળા વિશે વિસ્તારથી માહિતી મેળવીએ.

મધ્યકાલીન ભારતની ચિત્રકળાને સરળતાથી સમજવા માટે ત્રણ ભાગમાં વહેંચી શકાય :

(૧) ઉત્તર ભારતની ચિત્રકળા

(૨) દક્ષિણ ભારતની ચિત્રકળા

(૩) પ્રાદેશિક ચિત્રકળા

## 10.2 ઉત્તર ભારતીય ચિત્રકળા

### 10.2.1 દિલ્હી સલ્તનત (૧૨૦૬-૧૫૨૬)સમયની ચિત્રકળા

ઈ.સ. ૧૨૦૬માં શાહબુદ્દીન મહંમદ ઘોરીએ દિલ્હી સલ્તનતનો પાયો નાખ્યો. ચિત્રકળાને ઈસ્લામમાં સ્થાન ન હતું કારણ કે, એ કલા નિર્ગુણ પરમાત્માના ઉપાસક માટે અનુકૂળ નહોતી, આમ છતાં સમય જતાં તેની ખૂબીઓ તરફ મુસ્લિમો આકર્ષાયા હતા અને એ કલામાં રસ દાખવતા થયાં હતાં. હિન્દના જે લોકો ધર્માન્તરણ કરીને મુસ્લિમ થયા હતાં. તેમનામાં ચિત્રકળા પ્રત્યે પરંપરાથી ચાલ્યું આવતું આકર્ષણ હતું. ઈરાની સંસ્કૃતિએ મુસલમાનો ઉપર પાડેલા પ્રભાવને લીધે તેઓમાં ચિત્રકળાનો શોખ કેળવાવાં લાગ્યો હતો. આ સમયમાં ઈરાની અને ભારતીય બંને ચિત્રકારો-ચિત્રશૈલી અસ્તિત્વમાં હતી. આમ છતાં આ કલાને સલ્તનતકાળ દરમિયાન તેમના તરફથી વધુ ઉત્તેજન મળ્યું ન હતું. અલબત્ત એ યુગના કેટલાક નમૂના અહમદનગર, બિજાપુર અને ગોવલકોડા જેવા પ્રાદેશિક રાજ્યોમાં દષ્ટિગોચર થાય છે, એમાં કુદરતી દશ્યો. પ્રસંગ દશ્યો, તેમજ વ્યક્તિ ચિત્રો બન્યાં હતાં. આ ચિત્રો ઇરાની શૈલીની નકલ જેવા જણાય છે. પશ્ચિમ ભારતમાં ૧૧મી સદીમાં પ્રગટેલી આ શૈલીનો પ્રચાર સલ્તનતકાળ દરમિયાન વ્યાપક થયો. રૂઢિગત પાત્રલેખન, અણિયાળું નાક, મુખ્યત્વે પાર્શ્વગત ચહેરા અને એમાં જે આંખ બતાવવાની ન હોય તે પણ ભૂમિકામાં બતાવવી, અંગોમાં કોણાત્મકતા વગેરે આ શૈલીના તરી આવતાં લક્ષણો છે. આ શૈલીએ તૈયાર થયેલ 'કલ્પસૂત્ર'ના ચિત્રો પ્રખ્યાત છે વળી 'કથાસંગ્રહ'', ''કાલકાચાર્ય કથા", "સુપાર્શ્વનાથ ચરિત્ર' જેવા ગ્રંથોના લેખન વખતે તેમને સચિત્ર કરાતાં ખાસ જોવા મળે છે. જૈન ચિત્રોમાં ખાસ કરીને કલ્પસૂત્રના ચિત્રોમાં સોના-ચાંદીની શાહીનો ઉપયોગ થયો છે. જૈનેત્તર

હસ્તપ્રતો પણ મળી છે, જેમાં આ પ્રકારની લઘુચિત્ર શૈલીથી મુખ્યત્વે રાગમાલા અને કૃષ્ણલીલાનું આલેખન થયું છે.

અમીર ખુશરોની ‘ખમ્સા’ નામની હસ્તપ્રતના વીસ પચીસ વિખરાયેલા પાનાં મળ્યા છે, જેમાં આડાં ચિત્રો દોરેલાં છે, આ ચિત્રો અમેરિકાના વ્યક્તિગત કલાસંગ્રહમાં છે. દિલ્હી સલ્તનતની સમકાલીન સલ્તનતો માંડું, જોનપુર, બંગાળ અને ગુજરાતમાં પણ ચિત્રકળા અસ્તિત્વમાં હતી જેના પુરાવા મળ્યાં છે. દિલ્હી સલ્તનતકાલીન ચિત્રકળામાં વિખરાયેલા અને બચેલા અવશેષ આપણને ચાંપાનેર અને સરહિંદની મુઘલો પહેલાંનાં સ્મારકો, સીરી અને બેગમપુરમાં આવેલી મખદુમવલી મસ્જિદમાંથી મળ્યા છે. ભિત્તીચિત્રોના અવશેષ ફૂલ-પાંદડા અને વનસ્પતિના સ્વરૂપમાં છે. ઉત્તર મધ્યકાળમાં સંપૂર્ણ ઈસ્લામ જગતમાં રાજકીયકક્ષ અને ભવનોમાં ભિત્તીચિત્રોનું ખૂબ પ્રચલન હતું અને દિલ્હી સલ્તનત નિશ્ચિતરૂપે એમાં અપવાદ ન હતો, પરંતુ આજ સુધી તેના બીજા કોઈ પુરાવા મળ્યા નથી. આ દિશામાં વધારે સામગ્રીની શોધ અને ઓળખ માટે મહેનત, પુરાવા તેમજ ધીરજની આવશ્યકતા છે, જેનાથી સલ્તનતકાલીન ચિત્રકળાને સંપૂર્ણ અને સર્વસામાન્યરૂપે સ્વીકાર કરી શકાય.

### 10.2.2 દિલ્હી સલ્તનત સમયમાં ચિત્રકારીના સાહિત્યિક પુરાવા

મોહમ્મદ અબ્દુલ્લા ચુગતાઈ સમકાલીન હિન્દી-ફારસી સાહિત્યમાં, ચિત્રકળાથી સંબંધિત વિખરાયેલા સંદર્ભોનો અભ્યાસ કરનાર મહત્ત્વના વિદ્વાન હતા. તેમણે સમકાલીન ઈમારતોમાં થોડાંઘણાં બચેલા અવશેષોના ઉદાહરણ રજૂ કર્યા હતાં. સલ્તનતકાલીન વિદ્વાન બૈહાકીના ’ગઝનવીનો ઈતિહાસ"માં સુલતાન મહેમુદ ગઝનવીની રાજધાની હેરાત તથા લશ્કરી બઝાર નામનાં શહેરોની ઈમારતો અને સ્મારકોમાં આકૃતિસંબંધી ચિત્રો દોરાયાં હોવાનો ઉલ્લેખ છે. ફ્રાંસના પુરાતત્વવિદે આ શહેરોમાં તેના અવશેષોની શોધ પણ કરી છે. સુલતાન મહેમુદના દરબારી કવિ ફારૂકી દ્વારા સુલતાન મહેમુદે લાહોરમાં એક ભવ્ય બગીચામાં "નિગારખાના નામનો મંડપ બનાવી તેની દિવાલો પર ચિત્રો દોર્યાનો અને મહેમુદનું છબિચિત્રનું ચિત્રણ કર્યાનો ઉલ્લેખ કર્યો છે. સમકાલીન લેખક તાજુદ્દીન રઝા, ઈલ્તુતમીશના શાસનકાળ દરમિયાન ઈ.સ. ૧૨૨૯માં બગદાદના ખલીફાના દૂતના આગમન સમયે સમારોહમાં તખ્તમહેલ પર પશુ અને માનવ આકૃતિઓનો ઉલ્લેખ કરે છે. ૧૪મી સદીના લેખક ઈસામીએ પોતાના પુસ્તક ’કૂતૂહ-ઉસ-સલાતીન"માં ચિત્રકળાના સંબંધમાં તાજુદ્દીન રઝાની વાતને અનુમોદન આપે છે. સમકાલીન ફારસી અને હિન્દી ગ્રંથોમાં અલાઉદ્દીન ખીલજીના શાસનકાળમાં વિવિધ ભિત્તીચિત્રો, હસ્તપ્રતો અને

કપડાં પર બનેલા ચિત્રોનો ઉલ્લેખ છે. જાણીતો વિદ્વાન અમીર ખુશરો તેની સુપ્રસિદ્ધ કૃતિ 'દેવલરાની'માં સ્પષ્ટ કહે છે કે ચિત્રોની ડિઝાઇન માટે 'ચરકબ' અર્થાત જાળીદાર પાત્રનો ઉપયોગ કરવામાં આવતો હતો. ખુશરોના 'નુહ સિપિહર' ગ્રંથમાં સુંદર ચિત્રિત વસ્ત્રોનો પણ ઉલ્લેખ છે. ફિરોઝશાહ તુગલકનો સમકાલીન ઈતિહાસકાર શમ્સે સિરાજ અફીફ 'તારીખે ફિરોઝશાહી'માં ફિરોઝે માનવ અને પશુઆકૃતિ ચિત્રણ પર મનાઈ ફરમાવ્યાનો ઉલ્લેખ કરે છે. ઝિયાઉદ્દીન બરની 'તારીખે ફિરોજશાહી'માં લખે છે કે સુલતાન કૈકુબાદ દ્વારા શરૂ કરવામાં આવેલ મહેલને જલાલુદ્દીન ખીલજીએ પૂરો કરાવ્યો હતો અને આ મહેલને ચિત્રોથી સજાવ્યો હતો.

### 10.2.3 મુઘલકાલીન (૧૫૨૬-૧૭૦૭)ચિત્રકળા

#### 10.2.3.1 બાબર-હુમાયુનાં સમયની ચિત્રકળા

ઇ.સ. ૧૫૨૬માં પાણીપતના યુધ્ધમાં લોદીવંશના છેલ્લા સુલ્તાન ઈબ્રાહિમ લોદીને હરાવીને બાબરે મુઘલ વંશનો પાયો નાખ્યો. બાબરથી લઈ ઇ.સ. ૧૮૫૭ના વિપ્લવમાં અંગ્રેજોએ પદભ્રષ્ટ કરેલા છેલ્લા મુઘલ શહેનશાહ બહાદુરશાહ ઝફર સુધીનો સમયગાળો મુઘલયુગનો છે. ભારતમાં મુઘલોએ ચિત્રકળાની જે શૈલીનો પાયો નાખ્યો હતો. તે એક ઉન્નતશીલ અને શક્તિશાળી કળા આંદોલનના રૂપમાં વિકસિત થયો, જેણે ઉત્તરવર્તી મધ્યકાલીન યુગની ભારતીય કલાના ઇતિહાસનો પ્રવાહ જ બદલી દીધો. બાબર કલાત્મક રુચિ સંપન્ન વ્યક્તિ હતો. આમ છતાં એ વાતનો પુરાવો નથી કે બાબર મુઘલ ચિત્રકળાનો જન્મદાતા પણ હતો, તેના ચાર વર્ષના શાસનકાળમાં ચિત્રકળાની તરફ ધ્યાન આપવા તેની પાસે સમય નહીં હોય એવું માનવું જ રહ્યું.

ભારતમાં મુઘલ ચિત્રકળાનો પાયો હુમાયુએ શેરશાહથી હાર્યા પહેલા દસ વર્ષના તેના શાસનકાળ (૧૫૩૦-૧૫૪૦)માં નાખ્યો હોય એવું કહી શકાય. શેરશાહથી હાર્યા બાદ પણ ભાગદોડના સમયમાં પણ હુમાયુએ પોતાની સાથે રાજદરબારી કેટલાક સેવકોની સાથે એક ચિત્રકાર પણ રાખ્યો હતો, પરંતુ તે ચિત્રકાર અને તેની કલાકૃતિઓ વિશે વધારે જાણકારી મળતી નથી. હુમાયુ જ્યારે ઈરાન અને અફઘાનિસ્તાનમાં નિર્વાસિત વ્યક્તિ તરીકેનું જીવન જીવતો હતો, ત્યારે ઈરાનના શાહ તહમાસ્પે ધાર્મિક કટ્ટરતાના કારણે કલાઓમાં રુચિ લેવાનું ઓછું કરી દીધું ત્યારે ઈરાનના બે મહાન ચિત્રકારો મીરસૈયદ અલી અને ખ્વાજા અબ્દુલ સમદની સેવાઓ લેવાનો મોકો હુમાયુને મળ્યો. હુમાયુની કામચલાઉ રાજધાની કાબુલમાં આ બે કલાકારોએ બાળ અકબરને પણ ચિત્રકળા શીખવાડી. જ્યારે ઇ.સ. ૧૫૫૫-૫૬માં

હુમાયુએ પોતાની ગુમાવેલી રાજધાની દિલ્હી ફરી પાછી પ્રાપ્ત કરી ત્યારે આ બંને ચિત્રકારો હુમાયુ સાથે દિલ્હી આવ્યા હતાં.

**10.2.3.2 અકબરના સમયની ચિત્રકળા**

ઈ.સ.૧૫૫૬માં અકબર ગાદી પર બેઠો ત્યારે હુમાયુનાં ચિત્રકારોની સાથે મુઘલ ચિત્રશાળામાં ગ્વાલિયર, ગુજરાત, રાજસ્થાન, લાહોર, કાશ્મીર વગેરે જગ્યાએથી અનેક હિન્દુ-મુસ્લિમ ચિત્રકારોને મુઘલ ચિત્રશાળામાં ભરતી કરવામાં આવ્યાં હતાં. અકબરની ઈ.સ. ૧૫૭૨ની ગુજરાત જીત બાદ ગુજરાતના ભીમ, સૂર, કેશુ, સુરજ, પરમજીવ જેવા ગુજરાતી ચિત્રકારો અકબરના દરબારની શોભા બન્યાં હતાં. ભીમ અને સૂરના ચિત્રોનો સમાવેશ 'બાબરનામા' માં થયો છે. મુઘલ ચિત્રકળામાં સૌ પ્રથમ અત્યંત મહત્ત્વપૂર્ણ કૃતિ 'દાસ્તાને અમીરે હમઝા' છે, જે 'હમઝાનામા થી વધુ પ્રસિદ્ધ છે. હઝરત મહંમદ પયગંબરસાહેબના કાકા હઝરત હમઝાની વીરતાપૂર્વક કહાનીઓથી અકબરને ખૂબ લગાવ હતો. માટે તે આ વિશાળકાય ચિત્રકથાને પોતાના જનાનખાનામાં રાખતો. 'હમઝાનામા' એક દુર્લભ આંશિક હસ્તપ્રતરૂપે ઉપલબ્ધ છે, જેમાં બારસો જેટલા ચિત્રો છે, બધા જ ચિત્ર કપડાં પર આબેહૂબ લાલ, વાદળી, પીળા, કાળા જેવા તેજસ્વી રંગોમાં ચીતરેલાં હતાં, જે ૨૭x૨૦ ઈંચના કાપડ પર એક તરફ ચોંટાડેલાં હતાં. કમનસીબે આ કૃતિના થોડાં જ ચિત્રો મળ્યાં છે, એ પણ કેટલાંક ચિત્રો ભારત, યુરોપ અને અમેરિકાના સંગ્રહાલયમાં વિખરાયેલા પડયા છે. 'હમઝાનામા'નો ઉલ્લેખ અબુલફઝલ, બદાયુની અને શાહનવાજ ખાને પણ કર્યો છે, પરંતુ તેના રચનાકાર, નિર્માણકાળ અને ત્યાં સુધી કે ફોલિયોની સંખ્યા નક્કી કરવી એ ખૂબ કઠિન કાર્ય છે. વિદેશી વૃક્ષો, છોડ અને તેના રંગબેરંગી ફૂલ. પાંદડાં, સ્થાપત્ય સુશોભનની બારીકાઈ તેમજ સ્ત્રી આકૃતિઓ અને અલંકારિક તત્વોનાં રૂપમાં વિશિષ્ટ રાજસ્થાની અથવા ઉત્તર ભારતીય ચિત્રકળાના લક્ષણ તેની વિશેષતા છે.

ઈ.સ. ૧૫૬૮ ની 'આશિકા' હસ્તપ્રતના લઘુચિત્રોમાં, ઈ.સ. ૧૫૭૦ ની "અનવારે સુહેલી"માં હસ્તપ્રતના લઘુચિત્રોમાં ચિતરેલાં પશુ-પક્ષીનું રૂપાંકન અત્યંત સહજ, જીવંત અને હૃદયસ્પર્શી જોવા મળે છે. છોડ અને વૃક્ષો પરંપારિક ભારતીય છોડ-વૃક્ષ જેવા જ છે, જ્યારે પહાડની રચના અને વાદળો ફારસી શૈલી જેવાં છે. આ ચિત્રકારોનાં લઘુચિત્રોનું શિલ્પ સામાન્ય છે. રંગયોજના સ્થૂળ છે અને ટેકનિક ખૂબ પારંપરિક છે. પશુ, પક્ષી. વૃક્ષો, છોડ, વેલા. અન્ય ભૂદેશ્યો પોતાની સજીવતા અને સૌંદર્યતા માટે ઉલ્લેખનીય છે.

અબુલફઝલે આઈને અકબરીમાં એ ૧૫ ઉત્કૃષ્ટ ચિત્રકારોના નામનો ઉલ્લેખ કર્યો છે, જેમાં મોટાભાગના ચિત્રકાર હિન્દુ હતા, જેમાં જશવંત, બસાવન, કેશવલાલ, મુકુંદ, મિસ્કીન ફારૂક, કલમક, માધુ, જગન, મહેશ, ખેમકરણ, તારા, સાવલ, હરિવંશ, અને રામનો સમાવેશ થાય છે. ચિત્રકાર જશવંત એક કહારનો દિકરો હતો. અકબર એનાથી ખૂબ જ પ્રભાવિત હતો, તેની પ્રખ્યાત કૃતિ ‘રજ્યનામા’ હાલમાં જયપુરમાં સંગ્રહાયેલી છે, જ્યારે જશવંત માનસિક રીતે હારીને ઈ.સ. ૧૫૮૪ માં આત્મહત્યા કરી લીધી ત્યારે ‘રમનામાં’ ની હસ્તપ્રત તૈયાર થઈ રહી હતી. ‘ખાનદાને તૈમુરિયા’ અને ‘તુતીનામા’ પણ જરાવંતની માનવામાં આવે છે. અબ્દુલસમદના રાજદરબારી પુત્ર મોહમંદશરીફને ‘રજમનામાં’ ના ચિત્રણકાર્યની દેખરેખમાં સામેલ કર્યો હતો. બસાવન બધાથી ઉત્કૃષ્ટ ચિત્રકાર હતો. કારણ કે તે ચિત્રકળાની બધી શાખાઓ, રેખાંકન, રંગોનો પ્રયોગ, છબિ ચિત્રકારી અને ભૂદેશ્યોના ચિત્રણ વગેરેમાં સિદ્ધ હસ્ત હતો. ‘દુબળા પોડા સાથેના મજનું’નું ચિત્ર તેની સવર્શ્રેષ્ઠ કૃતિઓમાંથી એક માનવામાં આવે છે. ‘રમનામા’ પછી શાહી ચિત્રણશાળામાં અનેક હસ્તપ્રતો ચિત્રિત થઈ, જેમાં મુખ્ય ‘રામાયણ’, ‘દિવાન’, ‘તારીખે ખાનદાને તૈમુરિયા’, ‘અકબરનામા’, ‘બહારિસ્તાન’, ‘અનવારે સુહેલી", ‘બાબરનામા’, નિઝામીનું ‘ખમસા’ વગેરે મુઘલ ચિત્રશાળામાં તૈયાર થયેલાં લઘુચિત્રોનાં ઉત્કૃષ્ટ ઉદાહરણ માનવામાં આવે છે. દીવાને હાફિઝ’ની હસ્તલિખિત પ્રતમાં ફારુકબેગ અને અન્ય કલાકારોના બનાવેલા ઉત્કૃષ્ટ લઘુચિત્રો છે. અકબરના શાસનનાં અંતિમ તબક્કા ૧૬મી સદીના અંતિમ દશકમાં ચિતરાયેલાં ચિત્રોમાંથી કેટલાંક ચિત્રો લંડનથી પ્રાપ્ત "અકબરનામા’ના અંશમાં જોવા મળે છે. ‘તૈમુરનામા’, ‘જમીયુત તવારીખ’, ‘તારીખે અલ્ફી’ની હસ્તલિખિત પ્રતોમાં પણ આ જ પ્રકાર દેખાય છે.

અકબર પોતાના ચિત્રકારોના કામમાં ખૂબ ઊંડો રસ લેતો હતો. તેના સમથમાં ચિત્રકારોની ગુણવત્તાનું મૂલ્યાંકન કરવામાં આવતું અને તેમને ઈનામો આપવામાં આવતા હતાં. ચિત્રકારોની કલા, સામગ્રી અને તેના મોંઘા સાધનો, સુવિધાઓ મળતી રહે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવતું અને તેથી જ ચિત્રોની અને રંગોની ચમક આજે પણ એવીને એવી જ જોવા મળે છે.

આ તમામ ચિત્રો સર્જનાત્મક વિવિધતાવાળા, સ્થળ અને રંગયોજનાની દૃષ્ટિથી એની ટેકનિક પર કલાકારોનો પૂર્ણ અધિકાર તેમજ માનવ અને પ્રકૃતિના વિશે કલાકારોની પરિપક્વ અને જીવંત અભિરુચિ પ્રગટ થાય છે. આ ચિત્રોમાં વિષમજાતીય ફારસી તત્વ, મુઘલપૂર્વ ઈસ્લામી તત્ત્વ અને દેશી, દાખ્ખણી અને યુરોપિય કલાના તત્વોનું અનોખું મિશ્રણ જોવા મળે છે, જેના ફળ સ્વરૂપે એક નવી

શૈલી વિકસિત થઈ, જેમાં રેખાઓ વધારે નિશ્ચિત અને સૂક્ષ્મ થઈ ગઈ. હાવભાવ વધારે જીવંત દેખાવાં લાગ્યાં અને રચના સુગ્રથિત થઈ ગઈ. મુપલ ચિત્રકળાના મુખ્ય લક્ષણોમાં વાસ્તવિક દ્રશ્ય વિધાન, જીવંત સદ્રશ્ય, રંગ-સંગતિ અને શ્રેષ્ઠતાની પરાકાષ્ઠા મુખ્ય છે. ચિત્રોની વિષય વસ્તુની પસંદગી મુઘલ બાદશાહની ઈચ્છાનુસાર થતી આથી તેમાં સામાન્ય જનતાની કલાત્મકતાના દર્શન થતાં નથી, જેવી રીતે રાજસ્થાની, માળવા અને પહાડી ચિત્રકળામાં જોવા મળે છે. આ સમયનાં છબિચિત્ર જીવતાં જાગતાં લાગે છે. તેના સ્થાપત્યો. વૃક્ષો, છોડ, વન્યજીવના દ્રશ્ય પ્રામાણિક લાગે છે.

શાહજાદા સલીમનો વિદ્રોહ અને બીજા રાજકુમાર મુરાદ અને દાનિયાલની અચાનક થયેલી મૃત્યુના કારણે અકબરના અંતિમ સમયના ચિત્રોમાં ગુણવત્તા અને ગતિમાં શિથિલતા જોવા મળે છે.

**10.2.3.3 જહાંગીરના સમયની મુઘલ ચિત્રકળા**

જહાંગીર જયારે પાટવીકુંવર હતા ત્યારે શાહજાદા સલીમે 'આકા રીઝા' નામના એક હેરાતથી સ્થળાંતરીત ચિત્રકારના નેતૃત્વમાં પોતાની એક ચિત્રશાળા આગ્રામાં શરૂ કરી હતી. જેમાં ખૂબ ઝડપથી કામ થવા લાગ્યું હતું.અલ્હાબાદમાં સલીમે કરેલા બળવા પછી તૈયાર થયેલા ચિત્રો ઈંગ્લેન્ડ અને અમેરિકાના સંગ્રહાલયમાં જોવા મળે છે. આકા રીઝા, અનંત, અબુલ હસન, બિશનદાસ વગેરેની રચનાઓવાળી 'અનવારે સુહેલી'ની હસ્તપ્રત આ કાળમાં શરૂ થઈ પરંતુ એની સમાપ્તિ જહાંગીરના શાસનકાળમાં પૂરી થઈ. આ તમામ હસ્તલિખિત કૃતિઓના લગભગ તમામ ચિત્રો એક પ્રકારની રંગોની આભા ફીકી, સાદી છતાં સુંદર દેખાઈ આવે છે.

જહાંગીરે પોતાના રાજકુમાર સમયમાં જે પરંપરા શરૂ કરી હતી તે પરંપરા બાદશાહ બન્યા પછી પણ ચાલતી રહી અને આગળ જતાં આ ચિત્રકળા ચરમોત્કર્ષ પર પહોંચી. પહેલાંની ચિત્રકારી હસ્તલિખિત ગ્રંથની વિષયવસ્તુથી સંબંધિત હતી, જહાંગીરે તેને આ બંધનમાંથી મુક્ત કરી. જહાંગીરની ઈચ્છા હતી કે એ એવાં ઉત્કૃષ્ટ કલાકારોને પોતાની ચિત્રશાળામાં સ્થાન આપે જે કલાની જુદી જુદી શાખાઓમાં પારંગત હોય અને બાદશાહે પસંદ કરેલા વિષયો અને વ્યક્તિઓના જીવન પર ચિત્રો દોરી શકે. શરૂઆતમાં જ તેણે પોતાના શાહી પુસ્તકાલયમાંથી કેટલીક પસંદગીની હસ્તપ્રત કાઢીને એમાંથી કલાકારોને નવા લઘુચિત્ર જોડવા જણાવ્યું. પછીથી એની રુચિ છબિચિત્રમાં વધી ગઈ અને એણે શાહી પરિવારના સભ્યો, દરબારના ઉચ્ચ પદાધિકારીઓ, ધર્મ, સાહિત્ય, સંગીત, કલા વગેરે વિષયમાં મહત્વનાં વ્યક્તિઓના

છબિચિત્ર બનાવવા શરૂ કર્યા. જહાંગીરે પોતાના ખાસ ચિત્રકાર બિશનદાસને ઈરાનના શાહ, અમીરો, શાહી પરિવારજનોનાં છબિચિત્ર બનાવવા ઈરાન મોકલ્યો. જહાંગીરના આલ્બમમાં અનેક ચિત્રોમાં બાદશાહે પોતે જ તેની નોંધણી કરી. કેટલાક ચિત્રકારોમાં ચિત્રકારના નામ અને તેનું નિર્માણવર્ષ પણ લખેલું છે. શરૂઆતમાં મનોહર, નન્હા અને ફારૂક બેગ છબિચિત્ર તૈયાર કરતા પરંતુ પછીથી મનોહર, દોલત, અબુલ હસન અને બિશનદાસે એકાંકી અને સામૂહિક અનેક છબિચિત્રોનું નિર્માણ કરેલું છે. જહાંગીરનો આગ્રહ રહેતો કે, તેના કાર્યકાળની મહત્ત્વપૂર્ણ ઘટનાઓ યાદગીરીરૂપે સંરક્ષિત કરવામાં આવે, તેણે ચિત્રકારોને આદેશ કર્યો હતો કે તે મહત્ત્વપૂર્ણ તહેવારો, સભાઓનું ચિત્રાત્મક વર્ણન તૈયાર કરે. અસામાન્ય અને રૂચિકર પશુ-પક્ષી, ફૂલછોડ જે એને સારા લાગ્યા હોય તે તમામનું ચિત્રાત્મક વિવરણ કરવામાં આવે. જહાંગીરના રાજ્યાભિષેકની, હોળી-ધૂળેટી જેવા તહેવાર, જન્મદિવસ પર તુલાદાન વગેરે પ્રસંગોએ જે ખાસ દરબાર કે સભાઓ ભરાઈ હોય, તેના પણ ચિત્ર બનાવવામાં આવ્યાં. આ સિવાય બાજ અને અન્ય શિકારી અભિયાનના, સ્વાગત-સત્કાર સમારંભો, ખુશરોનો મુકદ્દમો. જહાંગીરની કાબુલયાત્રાના દશ્યો, હોળી-ધૂળેટીના તહેવાર, જહાંગીરને રાજપૂત રાજકુમાર કરણના સામે પોતાની શિકાર શક્તિનું પ્રદર્શન કરતાં વગેરે ઉત્કૃષ્ટ ચિત્રો દેશવિદેશના સંગ્રહાલયોમાં જોવા મળે છે.

શાસનના અંતિમ સમયમાં જહાંગીર જ્યારે શરાબ અને અફીણનો વ્યસની થઈ ગયો ત્યારે બેગમ નૂરજહાં. શાહજાદા ખુર્રમના નિયંત્રણમાં સત્તા આવી ગઈ. ત્યારે કેટલાંક ચિત્રો ક્યારેય વાસ્તવિક ના હોય તેવા કાલ્પનિક દોરવામાં આવ્યા છે. ધીમે ધીમે હસ્તલિખિત પ્રત માટે ચિત્ર બનાવવાની પરંપરા લુપ્ત થતી ગઈ અને એની સ્થાને એકાંકી ચિત્ર, છબિચિત્ર, પ્રાકૃતિક દ્રશ્ય, યુરોપીય લક્ષણકલાના રેખાચિત્રનું આલ્બમ બનવા લાગ્યાં.

### 10.2.3.3.1 જહાંગીરના ચિત્રકારો

જહાંગીરના મોટાભાગના ચિત્રકારો જેવા કે ફારુકબેગ, દોલત, મનોહર, બિશનદાસ, મનસુર અને અબુલહસન જેમની કલાત્મક પ્રતિભાના કારણે મુઘલ ચિત્રકળાએ પોતાનું નામ સુવર્ણ અક્ષરોમાં લખાયું. ફારૂખબેગ અકબરની ચિત્રશાળામાં હતો, જહાંગીરના સમયમાં તેણે પ્રાચીન કવિઓ, સંતોના આશ્ચર્યજનક ચિત્રો બનાવ્યાં. તેણે એક ભવ્ય ચિત્ર બીજાપુરના સુલતાન ઈબ્રાહીમ આદિલશાહનું પણ તૈયાર કર્યું. દોલત, મનોહર બિશનદાસ અને મનસુર બધા જ અકબરના શાસનકાળના અંતિમ વર્ષોમાં કલાકારોના ગ્રુપમાં કામ કર્યું. દોલત ફારસબેગનો

શિષ્ય હતો, એની મોટાભાગની કૃતિઓની રંગયોજનામાં એવી તાજગી હતી કે એના સમકાલીન અન્ય કલાકારોમાં જોવા મળતી નથી. જહાંગીરના શાસનકાળના શરૂઆતના વર્ષોમાં પાદશાહના આદેશ પર દોલતે પોતાના સાથી ચિત્રકાર બિશનદાસ, ગોવર્ધન, અબુલહસન અને પોતાનું છબિચિત્ર તૈયાર કર્યું. મનોહર અકબરી ચિત્રકારીનો સિદ્ધહસ્ત કલાકાર બસાવનનો પુત્ર હતો, બિશનદાસ અન્ય સુપ્રસિદ્ધ ચિત્રકાર નન્હાનો ભત્રીજો હતો આ બંને કલાકાર છબિચિત્રના નિર્માણમાં માહિર ગણાતાં હતાં.

જહાંગીર પોતાની આત્મકથામાં લખે છે કે "ચિત્રમાં મારી રુચિ અને મૂલ્યાંકન કરવાની ક્ષમતા એટલે હદ સુધી પહોંચી ગઈ છે કે કોઈપણ ચિત્ર મારી સામે મુકવામાં આવે. પછી એ જીવતા કલાકારનું હોય કે મરેલાનું. હું તેને જોઈને તરત જ કહી શકું કે, આ ચિત્ર કોણે બનાવ્યું છે? એટલા સુધી કે સામૂહિક ચિત્રકારોએ એક છબિચિત્ર બનાવ્યું હોય તો પણ હું કહી શકું કે, આમાંથી આંખ કોણે બનાવી છે અને ભ્રમર કોણે બનાવી છે?"

જહાંગીરના ચિત્રકારોમાં ઉસ્તાદ મનસુર અને અબુલહસનને બાદશાહે પોતેજ એમની વિશેષતાઓનું સન્માન કરતા અનુક્રમે 'નાદીરૂલ અશ્ર' અને 'નાદિરુજજમાં'ની ઉપાધિ આપી હતી. અકબરના શાસનકાળથી કારકિર્દીની શરૂઆત કરનાર ઉસ્તાદ મનસુરે પ્રાકૃતિક ઇતિહાસના વિષયમાં દુર્લભ પશુ-પક્ષી અને ફૂલોના ચિત્રો બનાવ્યા છે. જેમાં "સાઈબીરિયાનું બિરલા સારસ" અને 'બંગાળનું એક ફૂલ'નું ચિત્ર મુખ્ય છે. જે દિલ્હી, જયપુર તેમજ વિદેશી સંગ્રહાલયોમાં જોવા મળે છે.

અબુલહસનનો જન્મ મુઘલ પરિવારના કર્મચારીના ત્યાં થયો હતો. શાહજાદા સલીમની છત્રછાયામાં મોટો થયો હોવાથી ૧૩ વર્ષની ઉંમરે તેણે ચિત્રકારી શરૂ કરી અને ઈ.સ. ૧૬૦૦ માં સૌથી પહેલાં સંત જહોનની ફોટોની નકલ બનાવી હતી. તે છબિચિત્ર, પશુ-પક્ષી ચિત્ર, દરબારી સમૂહના ચિત્રણમાં તે હોશિયાર ગણાતો. તેની રંગયોજના ખૂબ જ પ્રભાવશાળી, ધ્યાનાકર્ષક અને ચમકીલી હતી. લંડનમાં એનું એક અદભૂત ચિત્ર છે જેમાં ચિનારનું એક ઝાડ છે જેમાં અસંખ્ય ખિસકોલીઓ દરેક પ્રકારની સંભવિત મુદ્રાઓમાં ચિત્રિત છે.

### 10.2.4 મુઘલ ચિત્રકળા પર યુરોપીય કલાનો પ્રભાવ

ઈ.સ.૧૫૮૦ માં ગોવાથી પહેલું ખ્રિસ્તી મિશન ફતેહપુર સીકરી અકબરના ખાસ આમંત્રણ પર આવ્યું ત્યારે આ ખ્રિસ્તી મિશનરી અનેક વસ્તુઓની સાથે સાથે ઈસાઈ ધર્મ વિષયક યુરોપિય ચિત્રો અને નકશીકામ કરેલી નકલો. બાદશાહને ભેટ

આપી. ખાસ કરીને મુઘલ શાહજાદાઓને આ કલાકૃતિઓમાં ખૂબ રસ જાગ્યો કારણ કે આ કલાકૃતિઓમાં નવીનતા હતી તેની ગુણવત્તા મુઘલકળાથી ઘણી સારી હતી. આથી યુરોપીય કલાકૃતિઓને જોઈને મુઘલ ચિત્રકારોનું ધ્યાન તેમની ખામીઓ અને નબળાઈઓ પર ગયું. થોડા જ સમયમાં કેટલાક મુઘલ ચિત્રકારોના ચિત્રોમાં લાલ, વાદળી, પીળા, લીલા, ચમકીલા ગુલાબી રંગ મુઘલ ચિત્રકળામાં દેખાવા લાગ્યા, પરિણામ સ્વરૂપે પ્રાપ્ત રૂચિ અને પશ્ચિમી ટેકનિકની અનોખી અને અનન્ય મિશ્રણ ધરાવતી કૃતિઓ તૈયાર થઈ. જેના ઉદાહરણ રૂપે કેશવદાસ, બસાવન, સાવલ, મિસ્કીન જેવા મહત્ત્વના ચિત્રકાર યુરોપીય કલાત્મકતામાં ઊંડો રસ લેવા લાગ્યાં હતાં. બસાવનનું 'મજનુ અને તેનો દુબળા ઘોડા'ના રેખાચિત્રમાં ગહન અને મર્મસ્પર્શી અભિવ્યક્તિ જોવા મળે છે. એના માટે એણે જે સુસ્પષ્ટ અને સુનિધિત રેખાઓનું અંકન કર્યું છે. તે દર્શાવે છે કે મુઘલ રાજધાનીમાં આવેલા યુરોપીયન કલાના ઉભારને બસાવન જેવા મહાન કલાકારે કેટલી આત્મીયતાથી અને કઈ સીમા સુધી અપનાવી લીધું હશે. જહાંગીરના ઈશ્વર સંબંધી વિચારોને અભિવ્યક્તિ પ્રદાન કરવા માટે વિવિધ વિષયના પ્રતિકોનો સમાવેશ કરવો, ખાસ કરીને ધાર્મિક પ્રવૃત્તિને આધાર-વિષયો અને પ્રતિકોને ચિત્રોમાં સ્થાન આપવામાં આવ્યું તે યુરોપિય કળાનો પ્રભાવ સ્પષ્ટ કરે છે.

### 10.2.5 જહાંગીર પછીની મુઘલ ચિત્રકળા

ઇ.સ. ૧૫૨૭ માં જહાંગીરના મૃત્યુ પછી થોડાં જ વર્ષોમાં મુઘલ ચિત્રકળાએ પોતાની ચમકદમક અને શાહીપણું ખોઈ દીધું. જોકે શાહજહાંએ પોતાના ખુર્રમકાળના કેટલાક લઘુચિત્રોમાં રસ દાખવ્યો અને ચિત્રિત હસ્તપ્રતોને પ્રાથમિકતા આપતો રહ્યો. જેમ કે, અનેક ચિત્રો પર શાહજહાંની પોતાના હાથથી લખેલી ટિપ્પણીઓ સ્પષ્ટ દેખાય છે. પોતાના શાસનકાળના શરૂઆતના વર્ષોમાં શાહજહાંએ ચિત્રકારોને જહાંગીરના શાસનકાળના અંતિમ દસકામાં જે રીતે કામ કરતા હતા એવી કામ કરવાની આઝાદી આપી. પરંતુ શાહજહાની રુચિમાં બદલાવ આવ્યો અને ચિત્રકારોએ પણ પોતાની કાર્યશૈલીમાં પણ તે મુજબ પરિવર્તન કર્યું. આમ છતાં, તેને દૈવી સંરક્ષણમાં પોતાના ચિત્રો બનાવવા ખૂબ ગમતું. જેમકે દેવદૂત સ્વર્ગમાંથી તેનો મુકુટ લઈને ઉતરી રહ્યા છે. શાહજહાં ઊભો હોય. મયૂરાસન પર બિરાજમાન હોય, મનપસંદ ઘોડા પર સવારી કરતો હોય તેવાં શાહજહાંના છબિચિત્રો તૈયાર થયાં. આ બધાં ચિત્રોમાં તેના માથા પાછળ પ્રકાશ પુંજ શોભે છે. લંડન. વારાણસી, જયપુર અને અન્ય જ્યાંથી પણ શાહજહાંના ચિત્રો મળ્યાં છે, જેમાં શાહજહાંને દરબારમાં અસંખ્ય દરબારીઓની વચ્ચે ઊંચા આસન પર બિરાજમાન થયેલો બતાવે છે. અમુક ચિત્રમાં શાહજહાં પોતાના પિતા જહાંગીર અને દાદા અકબરની સાથે મળતો ચિત્રિત

કર્યો છે. કેટલાક ચિત્રિત હસ્તલિખિત ગ્રંથો પણ તૈયાર થયાં, જેમાં "ગુલિસ્તાં-બોસ્તા"નો સમાવેશ થાય છે. શાહજહાંના સમયમાં છબિચિત્રકળાની પ્રથા તેના પુરોગામીઓ કરતાં વધુ પ્રચલિત હતી.

જોકે શાહજહાંની રુચિ સ્થાપત્યકળામાં વધારે હતી. આથી તેણે પોતાની બધી જ શક્તિ સૌંદર્ય અને શાલીનતાથી યુક્ત વાસ્તુકલાત્મક સ્મારકોના નિર્માણમાં લગાવી દીધી, આમ છતાં એની ચિત્રશાળામાં "શાહજહાં" જેવો વિશ્વ વિખ્યાત હસ્તલિખિત ગ્રંથ ઈ.સ. ૧૬૫૭માં તૈયાર થઈ ગયો એની હસ્તપ્રત ઈંગ્લેન્ડમાં છે. આ હસ્તપ્રતમાં મુઘલકળાની મહાન પરંપરાના જીવનદીપ ઓલવાઈ જાય એ પહેલાની ઝગમગાટ જેવો છે, એના ચિત્રોની વિષયવસ્તુમાં મનુષ્ય અને પ્રકૃતિ પર વધારે ધ્યાન આપવામાં આવ્યું, છબિચિત્રો ખૂબ પ્રેમ અને સાવધાનીથી સજાવવામાં આવ્યાં. શાહજહાંને સુફી નૃત્ય જોતાં, નૃત્ય કરતાં ફકીરોની સાથે સાથે હિન્દુ અને મુસલમાન ઉપદેશકો અને સંતોનું એક છબિયિત્ર નોંધનીય છે. શાહજહાંના આલ્બમમાં હુનર, વિચિત્ર, મોરાર, મહંમદનાદિર જેવા ચિત્રકારોએ બનાવેલા અધિકારીઓ, શાયરો, સંગીતકારોના છબિચિત્રોની સાથે સાથે પશુ-પક્ષીઓના જે ચિત્ર સામેલ છે. તેમાં હાંસિયાઓમાં સામાન્યતઃ ચમકીલા રંગોમાં સુસજ્જિત વેલ-બુટ્ટાવાળા ફુલોથી સજાયેલા છે, જે લાલકિલ્લો અને તાજમહેલમાં પણ જોવા મળે છે, ક્યાંક વેલ-બુટ્ટા અને હરિયાળીની વચ્ચે માનવઆકૃતિઓ પણ અંકિત કરેલી છે. શાહજહાંની ચિત્રશાળામાં જે ચિત્ર તૈયાર થયા છે એમાં આવશ્યકતાથી વધારે સુશોભન સંબંધી વિસ્તાર અને રંગોનો ઉપયોગ કરેલો છે. જેના કારણે ચિત્રોમાંની જીવંતતા અને તાજગીમાં કમી દેખાય છે. શાહજહાંની ચિત્રકળામાં નવિનતાની જગ્યાએ ફક્ત રૂઢિવાદી અને પરંપરાગત ચિત્રકળા જ જોવા મળે છે. આથી જ વિદ્વાનો માને છે કે શાહજહાંના સમયથી જ ચિત્રકળાના પતનની શરૂઆત થઈ ગઈ.

શાહજહાંનામાની હસ્તપ્રતમાં એક ચિત્ર પર આપવામાં આવેલ લેખ અનુસાર મકરા વિચિત્રનો પુત્ર હતો અને બંને પિતા પુત્ર શાહજહાંના દરબારી ચિત્રકાર હતા. મુઘલકાળમાં છબિચિત્ર મૂળ ઈરાની અને મુઘલપૂર્વ ભારતીય કલાથી પ્રેરિત છે. વ્યક્તિ ચિત્રોમાં ૩/૪ મુખચિત્રનું શરૂઆતની મુઘલ શૈલીમાં વિશેષ સ્થાન હતું. જહાંગીરના સમય આવતા તે લુપ્ત થયું અને એનું સ્થાન અર્ધમુખચિત્રએ લીધું. આ મુઘલ ચિત્રકળાનું ભારતીયકરણ હતું. શ્રમિક વ્યક્તિઓના દૈનિક જીવનનું ચિત્રણ જહાંગીર અને શાહજહાંના સમયના ચિત્રકારોનાં સર્જનનું અભિન્ન અંગ હતું. સામાન્ય લોકોનું આટલું વિસ્તૃત ચિત્રણ મુઘલપૂર્વ અથવા મુઘલકાલીન ભારતીય કલામાં ઉપલબ્ધ નથી. આ દૃષ્ટિએ આ કથનમાં અતિશયોક્તિ નહી કહેવાય કે, મુઘલ

ચિત્રકળામાં સામાન્ય જનજીવનનું પ્રતિનિધિત્વ પ્રાપ્ત છે. ચિત્રોની સાથે કલાકારનું નામ અંકિત કરવાની પદ્ધતિ ભારતીય કલામાં મુઘલ શૈલીની દેન છે.

શાહજહાં પછી ઔરંગઝેબ (ઈ.સ. ૧૬૫૮-૧૭૦૭) ધર્માંધ હતો. તેને ચિત્રકળાથી નફરત હતી. આથી તેણે જાણે ચિત્રકળાનું ગળું જ દબાવી દીધું. પોતાના લાંબા શાસનકાળના અંતિમ વર્ષોમાં એણે ચિત્રકળાને ફરી પુનર્જીવિત કરવાનો નાનકડો પ્રયાસ પણ કર્યો, જેમાં ગુણવત્તા ધરાવતાં લઘુચિત્રો બનાવ્યાં હતાં. જેમાં ઔરંગઝેબને શિકાર કરતો, દરબાર લગાવેલો, યુદ્ધ કરતો દર્શાવ્યો છે, પરંતુ દરબારના સિધ્ધહસ્ત ચિત્રકારો નવા આશ્રયદાતા શોધી ચૂક્યા હતા. અને ભારતમાં ચિત્રકળાના નવાં નવાં કેન્દ્રો પણ વિકસિત થઈ ચૂક્યાં હતાં.

### 10.2.6 મુઘલ સમયની લોક-પ્રચલિત ચિત્રકળા

મુઘલ ચિત્રકળામાં શાહી ચિત્રશાળાની બહાર પણ લઘુચિત્રો બનાવવામાં આવ્યા હતા, જેનું આખું સ્વરૂપ લોકશૈલી જેવું દેખાય છે, એટલે કે તેની અભિવ્યક્તિ સરળ અને સીધી સાદી છે. ઘણું કરીને આ ચિત્ર ગરીબ લોકકલાકાર દ્વારા બનાવવામાં આવ્યા હતા. આ લોકપ્રચલિત શૈલીની કેટલીક પ્રસિદ્ધ કૃતિઓ છે. જેવી કે 'નળ-દમયંતી કથા', 'માધવાનલ' અથવા 'રસિકપ્રિયા' વગેરે ગણી શકાય. મિર્ઝા અજીઝ કોકા અને ખાનાઈખાનાન અબ્દુલરહીમખાન જેવા સુપ્રસિદ્ધ દરબારીઓના પોતાનાં પુસ્તકાલય અને પોતાની ચિત્રશાળાઓ હતી. જે ચિત્રકારોને શાહી ચિત્રશાળામાં નોકરી નહોતી મળતી તેઓ પોતાનું કલાત્મક કૌશલ અને પ્રતિભા આવા અમીરોના ત્યાં ચિત્રકારી કરીને બતાવતા હતા. અબ્દુલરહીમખાનની ચિત્રશાળામાં રજ્યનામાં, રામાયણ, શાહનામા, ઝફરનામાં સિવાય અન્ય અનેક હસ્તલિખિત ગ્રંથ અને ચિત્રો તૈયાર કરવામાં આવ્યા. આ ચિત્રશાળાઓમાં બનેલી રચનાઓ મુઘલચિત્રો કરતાં ઓછી મહત્ત્વપૂર્ણ નથી.

**(ક) તમારી જાતે ચકાસો.**

**નીચેના પ્રશ્નના જવાબ એક શબ્દમાં આપો.**

(૧)સલ્તનતકાળની ચિત્રકળા પર કયા દેશની અસર જોવા મળે છે ?

(૨)મીર સૈયદઅલી અને ખ્વાજા અબ્દુલસમદ કયા મુઘલ શહેનશાહના ચિત્રકાર હતાં?

(૩)રમનામાં કયા ચિત્રકારની કૃતિ છે ?

(૪)છબિ ચિત્રકળા કયા શાસકના સમયમાં વધારે પ્રચલિત થઈ હતી?

(૫)ચિત્રની સાથે ચિત્રકારનું નામ અંકિત કરવાનું કયાં વંશથી શરૂ થયું?

## 10.3 દક્ષિણ ભારતીય ચિત્રકળા

મધ્યકાલીન દક્ષિણ ભારતીય ચિત્રકળામાં ભિત્તીચિત્રો અગત્યનું સ્થાન ધરાવતા, જ્યારે ઉત્તર ભારતમાં ભિંત્તીચિત્રોનો અભાવ હતો અને લઘુચિત્રો (miniature) નું પ્રમાણ વિશેષ હતું. ચિત્રોમાં મુખ્યત્વે કાળો, પીળો, લાલ, લીલો, ઘેરો જાંબુડી છાયાવાળો, બદામી અને સફેદ રંગોનો જ ઉપયોગ થતો. બદામીની ગુફાઓમાં હિન્દુ ધર્મ ભાવનાવાળા સૌપ્રથમ તૈયાર થયેલા ચાલુક્ય શૈલીના ભિત્તીચિત્રોમાં સ્તંભ ઉપર ચિત્રો દોરવામાં આવેલા છે. પુદુકોફઈ(ચેન્નાઈ)થી વાયવ્યમાં આવેલા સિત્તનવાસલ ગામ પાસેના ગુફામંદિરોમાં, કાંચીના કૈલાસનાથના મંદિર, વૈકુંઠપેરુમલનાં મંદિર તેમજ પનમલાઈના તલગિરીશ્વરના મંદિરમાં પલ્લવ શૈલીના ચિત્રો છે. સિત્તનવાસલ ગુફામંદિરોમાંનાં ચિત્રોમાં શરીરના અંગોનું કોણાત્મક ચિત્રણ ખાસ નોંધપાત્ર છે.

તાંજોરનું રાજરાજેશ્વરનું માન શિવમંદિર પોલ યુગની કલાની પ્રશિષ્ટ કૃતિ તરીકે વિખ્યાત છે. તેના છ ખંડમાં ચોલ જશૈલીના ચિત્રો છે. તેમાં પાત્રોના વળાંકો ઈલોસના શિલ્પોના વળાંકોને મળતા આવે છે. તેની સાથે જ પલ્લવ શૈલીની કોણાત્મકતા પણ જોવા મળે છે. ત્રાવણકોરમાં આવેલા તિરુનિક્કારના ગુફામંદિરમાં કેટલાક ભિત્તીચિત્રો છે. તેમનો સમય આઠમી-નવમી સદીનો ગણવામાં આવે છે. આ ચિત્રો શૈલીની દૃષ્ટિએ બાદામીના ભિત્તીચિત્રો સાથે સંબંધ ધરાવતાં લાગે છે. આ ચિત્રોમાં આલેખવામાં આવેલા દેવગણના મુકુટ. હાર, આદિ આભૂષણો નોંધયુક્ત છે.

### 10.3.1 વિજયનગર શૈલીના ભિત્તીચિત્રો

આ કાળની ચિત્રકળા દખ્ખણમાં ઈલોરા અને દક્ષિણમાં ચોલ શૈલીનો વિકાસ માનવામાં આવે છે. વિજયનગરની ચિત્રકળા ’લેપાક્ષી ચિત્રકળાથી ઓળખાય છે. આ શૈલીમાં વાદળી રંગનો અભાવ છે. આકૃતિઓનાં રૂપ બને પહેરવેશનું વર્ણન કાળા રંગથી રેખાંકિત છે. ચહેરાનો અડધો ભાગ જ જોવા મળે છે. વિજયનગરથી થોડે દૂર ગુંડીના મઠમાં કાંચીપુરમની બહાર આવેલા ઈ.સ. ૧૩૮૭માં બનેલ તિરુપરુત્તિકંદરમના જૈન વર્ષમાન મંદિરની છત. સ્તંભ અને દીવાલ પર તેમજ હિંદુપુર પાસે આવેલા લેપાક્ષીના શિવમંદિરમાં ભિત્તીચિત્રો છે. ગુંડીમાંના ભિત્તીચિત્રોમાં પથાદભૂમિકામાં પુષ્પો અને વૃક્ષો દેખાય છે અને હાથી કમળ તેમજ સુંદર હારથી સુશોભિત પર જોવા મળે છે.

તાડપત્ર પરની હસ્તલિખિત પ્રતો પરના ચિત્રો સૌપ્રથમ ઈ.સ. ૧૧મી સદીના જોવા મળે છે. તેમાં સુશોભનો ઉપરાંત હાથી ઉપર આરૂઢ થયેલા માનવીઓ અને અધારાઓ છે. તે પછીની હસ્તપ્રતોમાં કથાઓ, શ્રાવકો, દેવીઓ વગેરેના ચિત્રો છે. આ ચિત્રોનું આલેખન બહિરેખાથી કરાતું હતું તેમાં પીતો, લાલ, લીલો, અને કાળો રંગ વપરાતા હતા. તેરમી સદીમાં મુસલમાનોએ બંગાળ ઉપર કબજો કર્યો ત્યારે ધર્મના રક્ષણાર્થે બૌદ્ધ ભિક્ષુઓ નેપાળમાં તેમજ તિબેટમાં જઈને વસ્યાં હતાં. ત્યાં તેઓએ તાડપત્ર ઉપર લઘુચિત્રો આલેખવાની શૈલી ચાલુ રાખી હતી અને વિકસાવી હતી.

તાડપત્રનો ઉપયોગ લગભગ ઈ.સ. ૧૪૫૦ સુધી ચાલુ રહેલો જોવા મળે છે. કાગળ ઉપરની હસ્તપ્રતો ઇસુની ચૌદમી સદીની આસપાસ પ્રચલિત થઈ ચૂકી હતી. જેમકે તે સમયનો કલ્પસૂત્ર ગ્રંથ ઇ.સ. ૧૩૭૦ ની હસ્તપ્રત હોવાનું જાણવા મળે છે, તેમાં તાડપત્રનું કદ નાનું છે. ઈસુની ૧૫મી સદીમાં આ શૈલીએ કાપડ ઉપર ચિત્રો દોરવાની પદ્ધતિને જન્મ આપ્યો જે ‘ટંકા’ નામે ઓળખાય છે. આવા ‘ટંકા’ તિબેટમાં પણ જોવા મળે છે. તાડપત્ર ઉપર ચિત્રો દોરવાની ઓરિસ્સામાં પ્રાચીન કાળથી જાણીતી હતી. કાગળનો પ્રચાર થયા પછી ૧૬ મી સદી સુધી ત્યાં ચિત્રો માટે તાડપત્રનો ઉપયોગ થતો રહ્યો હતો.

**10.3.2 દખ્ખણી ચિત્રકળા**

દક્ષિણ ભારતના બીજાપુર, ગોવલકુંડા અને અહમદનગરમાં પણ ચિત્રકળાના ક્ષેત્રમાં થોડો પરંતુ શાનદાર વિકાસ થયો. દક્ષિણના આ રાજ્યોમાં ચિત્રકળાની જે શૈલી વિકસિત થઈ તે અત્યંત આધુનિક અને સુસંસ્કૃત હતી. અહીંના ચિત્રો પોતાની રંગયોજનામાં ચમકદાર અને સુશોભિત તેમજ સમૃદ્ધ દેખાય છે. આ દૃષ્ટિથી તે ચિત્ર મુઘલ ચિત્રકળાની સામાન્ય શૈલીથી થોડા અલગ દેખાય છે. અહીંના ચિત્રોમાં ઉત્તેજનાવિહીન કાવ્યાત્મકતાના જે ગુણ દેખાય છે તે મુઘલ ચિત્રશાળામાં ક્યારેક જ દેખાય છે. દક્ષિણ ભારતના બીજાપુર, ગોવલકુંડા અને અહમદનગરના ચિત્રોને જુદા પાડવા ખૂબ મુશ્કેલ છે. કારણ કે આ ત્રણેય કેન્દ્રોનાં સંબંધ ખૂબ જ જટિલ અને પરસ્પર ગૂંથાયેલા છે.

ભારત ઈતિહાસ સંશોધક મંડળ, પુનામાં ઉપલબ્ધ ’તારીખે હુસેનશાહી"ની અપૂર્ણ હસ્તપ્રતના અંશ છે. આ ચિત્રની રચના ઇ.સ. ૧૫૬૫ થી ઇ.સ. ૧૫૬૯ની વચ્ચે થઈ હતી. વાદળી, સોનેરી, લાલચટ્ટક, ગુલાબી, લાલ અને પીળા રંગની વિલક્ષણ પટ્ટીઓમાં શાહી મહિલાઓ રંગીન સાડીઓ પહેરેલી ચિત્રિત કરેલી છે. એમાં વિચાર અને અભિવ્યક્તિનું જે પ્રફુલ્લતાપૂર્વક પરસ્પર મિશ્રણ જોવા મળે છે.

આ ચિત્રો ભારતીયકળાના ઇતિહાસમાં અજોડ છે. સોળમી સદીના અંતિમ દશકનું બીજાપુરમાં 'રાગ અને રાગિણીઓ'ના કેટલાંક ઉત્કૃષ્ટ ચિત્રો તૈયાર થયાં. જેમાંથી ફક્ત એક ચિત્ર રાષ્ટ્રીય સંગ્રહાલય, નવી દિલ્હીમાં ઉપલબ્ધ છે. આ ચિત્ર હિંડોળા રાગનું છે અને તે સર્વકાલિક સંગીત-વિષયક સર્વોત્તમ ચિત્ર પૈકી એક માનવામાં આવે છે. કુલ ૧૦ ચિત્રોવાળી અન્ય એક ઉત્તમ ચિત્રાવલી જે બિકાનેરના રાજા અનુપસિંહ લાવ્યા હતા, જે મુઘલ ચિત્રકળા પ્રત્યે પોતાનું ઋણ પ્રગટ કરે છે. કલા સમીક્ષકો તેને આ સમયની જ માને છે. ઈ.સ. ૧૫૭૦ ની એક પ્રસિદ્ધ વિશ્વકોષીય કૃતિ 'નુજમ ઉલ ઉલુમ' માં જુદાજુદા આકાર ધરાવતાં ૮૭૬ ચિત્ર સામેલ છે. આ ચિત્ર પણ સંભવતઃ બીજાપુરમાં તૈયાર કરવામાં આવ્યાં હતાં.

બીજાપુરના બે પ્રબુદ્ધ શાસક અલી આદિલશાહ પહેલો અને તેમના ઉત્તરાધિકારી ઈબ્રાહીમ આદિલશાહ બીજાએ કળા અને સંગીતને પૂરતો આશ્રય આપ્યો, જેના કારણે બીજાપુરની ચિત્રકળા શૈલીમાં કાવ્યાત્મક સૌંદર્ય અને કોમળતા આવી. ઈબ્રાહીમ આદિલશાહ બીજાની સર્વોત્તમ અને વિલક્ષણ પસંદ અનુસાર પાંચ છબિચિત્રોનો એક સમૂહ બીજાપુરમાં ચિત્રિત કરવામાં આવ્યો. આ છબિચિત્રોમાં ગહન જીવન-શક્તિ અને વિદેશી રૂમાનીપનની ભાવના પ્રતિબિંબિત થાય છે, જે ભાવના શરૂઆતના મુઘલ છાયા ચિત્રમાં હંમેશા જોવા મળતી નથી. રંગયોજના ખૂબ સાવધાનીથી બનાવેલી દેખાય છે, જેના કારણે ચિત્ર પ્રભાવશાળી બની જાય છે. ભારતીય સંગ્રહાલય, કલકત્તામાં સુલતાન ઈબ્રાહીમ આદીલશાહ બીજા અને એના મંત્રીનું એક છબિચિત્ર અને સત્તરમી સદીની શરૂઆતમાં ગોવલકુંડામાં કાપડ પર બનેલા રસપ્રદ છબિચિત્રો ધ્યાનાકર્ષક છે. લગભગ ૧૭ મી સદીની મધ્યમાંથી અહીંથી ઉત્તમ કલાકૃતિઓ બનવાનું બંધ થઈ ગયું. નીચા સ્તરની કૃતિઓ તો વર્ષો સુધી બનતી જ રહી.

**(ખ)તમારી જાતે ચકાસો**

**નીચેની ખાલી જગ્યા પૂરો :**

(૧) વિજયનગરની ચિત્રકળા .......... કળાથી ઓળખાય છે.

(૨) ૧૫મી સદીમાં કાપડ પર ચિત્રો દોરવાની પદ્ધતિને જન્મ આપ્યો, જે.......... નામે ઓળખાય છે.

(૩) તારીખે હુસેનશાહી હસ્તપ્રતમાં શાહી મહિલાઓએ.......... પહેરી છે.

(૪) બીજાપુરનું ચિત્ર 'રાગરાગિણી' .......... રાગનું છે.

(૫) ......... સદીમાં ગોવલકુંડામાં ઉત્તમ કલાકૃતિઓ બનવાનું બંધ થઈ ગયું.

## 10.4 પ્રાદેશિક ચિત્રકળા

### 10.4.1. રાજસ્થાની ચિત્રકળા

રાજસ્થાની ચિત્રકળાને શાખાઓ અને શૈલી આધારિત નીચે મુજબ મુખ્ય ચાર ભાગમાં વિભાજિત કરી શકાયઃ

(૧) મેવાડ શીલી. પ્રમુખ કેન્દ્ર- પિત્તોડ, ઉદેપુર, નાથકરા, દેવગઢ, શિરોહી, સાવર

(૨) આમેર- જયપુર કીલી, પ્રમુખ કેન્દ્ર- આમેર, જયપુર, અલવર,

(૩) મારવાડ શૈલી, પ્રમુખ કેન્દ્ર- બિકાનેર, જોપપુર, કિશનગઢ, જેસલમેર, પાલી, ધાનેરા

(૪) બુંદી-કોટા શૈલી. પ્રમુખ કેન્દ્ર- સુંડી, કોટા, ગલાવાડ

આ ચારેય શૈલીઓ નિગ્રેલીયા, ૧૦વાક્ષ, રાઠોડ અને હાડા શામકોનાં આશ્રયે પાંગરી હતી. બારમી સદીની શરૂઆતના ચિત્રોમાં જૈન તીર્થંકરોના નાનાં-નના ચિત્રો, કાલ્પસૂત્રની પટનાઓથી સંબંધિત અંકન, લાકડાંની પહીઓ અથવા હાલમિત ગ્રંથીના આવરણી પર ચિત્રિત શળકથાઓ તથા તાડપત્રો પર ચીતરેલા પશ્ચિમ ભારતીય અથવા જૈન લઘુચિત્ર શૈલી રૂપે ઉપલબ્ધ છે. આ શૈલીમાં ચિત્રિત હાલિખિત ગ્રંથ મુખ્યત ગુજરાત, કાઠીયાવાડ અને દક્ષિણ પશ્ચિમ રાજસ્થાનમાંથી મળે છે. કારણ કે આ ક્ષેત્રમાં સમુહ જૈન વેપારીઓએ આ પ્રકારના ચિત્રો હસ્તરલેખિત ગ્રંથોને પોતાના ગુરુ કે આર્થોને ભેટ આપવા માટે તેમના પતિ મનિભાય પ્રગટ કરવા અથવા ધર્મપરાયણતાને કર્તવ્ય માનીને આપતા હતા. રાજાયાનની બૈગલિક સીખાઓમાં જે પ્રાચીનતમ તાડપત્રની હસ્તપતો મળી બેમાં ’ઓપ નિયુક્ત અને દશ વૈકાલિક-રીકા નામથી એક સંયુક્ત જૈન કૃતિ છે.

ચૌદમી સદીના મધ્યમાં જ્યારે માંકડા અને પારવિજાનક આકાર-પ્રકારવાના તાડપત્રોની જગ્યા કાગળે લીપી. આથી તાડપત્રો પર ચિત્રણની રૂઢિવાદી પરંપરા બંપ થઈ ગઈ. આ કાળની રાજસ્થાનના કાગળ પરની -સુપસનહ ચરિયમ’ મળી છે. જેનું ચિત્રણ નિકોરિયા વંશના રાણા મોકલના પ્રાશનકાળમાં ૬.૮. ૧૪૨૨-૨૩ ઉદેપુર પાસેના ટેલવાડામાં થયું હતું. આ હસ્તપતમાં પહેલીવાર ૩૭ પુંઠાવાની લઘુચિત્રાવાલીઓ મળી છે. બેના ચિત્રોમાં રંગસંયોજન અને રચના વિધાન, મૌલિક કાલ્પના શક્તિની ઉત્તેજના જોવા મળે છે.

### 10.4.1.1 લૌર ચંદા, ચૌરપંચાસિકા શૈલીની રાજસ્થાની ચિત્રકળા

બિલહણની 'ચૌરપંચાસિકા', જયદેવની 'ગીતગોવિંદ', મુા દાઉદની 'ધીર ચંદા', 'ભાગવતપુરાણ, અને 'સગમાલા', જેવી અનેક કૃતિઓ લઘુપવિત્રોમાં મોટા પ્રમ્યણમાં અલંકૃત છે. કમનસીબે આ કૃતિઓમાં કોઈ અનુક્રમણિકા આપવામાં આવી નથી, જેથી તેની રચનાકાળ અને સમય-સ્થાન અંકિત થયેલું નથી. 'ખીર ચંદા' અથવા 'પાંદાવન' અને 'મૃગાવત' પૂર્વી ઉત્તરપ્રદેશની રચનાઓ છે. એમાંથી 'લૌર ચંદા'નો  આધાર અવધિ ભાષાની પ્રચલિત કથા હતી. 'મૃગાવત' ની રચના કુતુબનની છે, જે જોનપુરમાં ઇ.સ.૧૫૦૩ માં લખાઇ હતી. આ બધાજ લઘુ ચિત્રોમાં પરસ્પર સામ્યતા જોવા મળે છે.

### 10.4.1.2 રાજસ્થાની ચિત્રકળા પર મુઘલ ચિત્રકળાનો પ્રભાવ

અકબરના રાજપૂતો સાથેના સંબંધો બંધાયા બાદ રાજપૂત ચિત્રકળામાં રસપ્રદ અને મહત્ત્વપૂર્ણ પરિવર્તન આવ્યાં. આ પરિવર્તન વેશભૂષા, સ્થાપત્ય કળાપ્રતિકો, ભૂર્દશ્યો અને વિષયની પસંદગીમાં દેખાય છે. મુઘલ ચિત્રકળાનો પ્રભાવ અને હદ તમામ કેન્દ્રમાં એકસરખી દેખાતી નથી. બિકાનેરી શૈલી પર તેનો પ્રભાવ વધારે, જ્યારે મેવાડ શૈલી પર એનો પ્રભાવ ખૂબ ઓછો દેખાય છે. રાજપૂત રાજ્યોના રાજાઓ મુઘલોના ગવર્નર અથવા સેનાપતિના તરીકે કામ કરી મુઘલ શાહીવર્ગના ભાગ બન્યાં. આ રાજાઓ દૂરનાં પ્રદેશોમાં જીવનનો મોટાભાગનો સમય વિતાવ્યો ત્યારે તે પ્રદેશની સર્જનાત્મક કલાકૃતિઓમાં મુઘલ શૈલીના સામાન્યથી અલગ એક નવી શૈલી વિકસિત થઈ.

૧૬ મી સદીના અંતમાં 'ભાગવતપુરાણ' અને 'ગીતગોવિંદ' જેવી હસ્તપ્રતો તૈયાર થઈ, જેમાં વિલક્ષણ સજાવટની પ્રચલિત સ્થાનિક શૈલીના દર્શન થાય છે. ક્યાંક ક્યાંક એમાં મુઘલ ચિત્રકળાનો પ્રભાવ દેખાતો હતો. પરંતુ થોડા જ વર્ષોમાં ૧૭મી સદીના શરૂઆતમાં મુઘલ ચિત્રકળા સફળતાપૂર્વક એમાં ભળી ગઈ હોય એમ જણાય છે. જ્યારે મુઘલ ચિત્રશાળાઓમાં અનુભવ લઈને ચિત્રકાર રાજસ્થાન પાછા આવ્યા ત્યારે તેમની ચિત્રકળામાં રાજસ્થાની કળા પર મુઘલ કળાની ઊંડી છાપ દેખાય છે.

### 10.4.2 મેવાડ શૈલી

મેવાડના શાસક રાણા કુંભા (૧૪૩૩-૬૮) અને રાણા સાંગા (૧૫૦૯-૨૮) કલા, સ્થાપત્ય, સાહિત્ય, અને સંગીતના મહાન રક્ષક હતા. રાણા ઉદયસિંહ (૧૫૩૭-૭૨) પિચોળા સરોવરના પૂર્વ કિનારા પર સુંદર ઉદેપુર વસાવ્યું. રાણા પ્રતાપે (૧૫૭૨-૮૭) કલાકારો અને શિલ્પકારોની મદદથી 'સગમાલા' ને છાવંદમાં

ઈ.સ. ૧૬૦૫ પહાડોમાં નિસારૂદ્દીન દ્વારા ચિત્રિત કરાવ્યું, જેમાં ભડકીલા રંગનો ઉપયોગ થયો છે. પુરુષની વૈશભૂષાનો નીચેનો ભાગ ત્રિકોણાકાર છે, જ્યારે સ્ત્રીઓની આકૃતિઓ 'ચીરપંચાસિકા' જેવી જ છે.

મેવાડની ચિત્રકળાનું સર્વોત્તમ સ્વરૂપ રાણા જગતસિંહ (૧૬૨૮-૫૨)ના સમયમાં જોવા મળે છે. ઈ.સ.૧૬૨૮ માં શાહબુદ્દીન દ્વારા ચિત્રિત 'રાગમાલા'ના નવ ઉત્કૃષ્ટ ચિત્રોનો સમૂહ અને ઇ.સ.૧૬૪૯ માં મનોહર દ્વારા ચિત્રિત 'રામાયણ'ના ચિત્રો રાણા જગતસિંહના સમયના છે. ત્યારપછીના વર્ષોમાં 'રાગમાલા', 'નાથક-નાયિકા ભેદ, 'રસમંજરી'. 'ગીતગોવિંદ', અને 'રસિકપ્રિયા'ની ચિત્રાવલી તૈયાર થઈ હતી. મેવાડી ચિત્રકળા વાદળી, લાલ, લીલા રંગની પૃષ્ઠભૂમિમાં ઘાટા અને ચમકીલા રંગોનો ઉપયોગ, વૃક્ષોનું એક વિશેષ આકૃતિમાં અંકન, કુદરતી રૂપવાળી ચકલીઓ અને ફૂલ, મુઘલ શૈલીમાં ચિત્રિત પાડો અને મિશ્રિત મુઘલ અને પરંપરાગત રાજસ્થાની વેશભૂષાવાળા સ્ત્રી-પુરુષની આકૃતિઓ તેનાં મુખ્ય લક્ષણ છે.

### 10.4.3 બુંદી શૈલી

ઉત્તરમાં જયપુર અને દક્ષિણમાં મેવાડ રાજયની પશ્ચિમે કોટાનું રજવાડું હતું. એટલા માટે બુંદી પ્રકૃતિની મહેરબાનીથી પ્રતિભાવાન ચિત્રકારો બુંદીમાં થયા. રણથંભોર પર અકબરનો કબજો થઈ ગયા પછી રાવ સુરજન હાડા(૧૫૫૪-૮૩)એ પણ અકબરની પરાધીનતા સ્વીકારી લીધી, રાવ રતનસિંહને જહાંગીરની સેનામાં સેનાપતિ બનાવી દખ્ખણ મોકલી દેવામાં આવ્યા. એમના પુત્ર છત્રસાલે ઘણા ચિત્રકારોને પોતાના ત્યાં નિમણૂક આપી અને હસ્તપ્રતો તૈયાર કરાવી બુંદીના કિલ્લામાં છત્તર મહેલને ભિત્તીચિત્રોથી સજાવવામાં આવ્યો. મળેલા ચિત્રોનાં આધારે કહી શકાય કે સત્તરમી સદીમાં બુંદી ચિત્રકળાની શૈલી ભારતીય ચિત્રકળાના ઈતિહાસમાં સર્વોત્તમ ચિત્રકળા શૈલીમાંથી એક હતી. ચિત્રોની રંગવ્યવસ્થા સામાન્યત સમૃદ્ધ અને તેજસ્વી છે. સ્ત્રી આકૃતિઓ લાંબી અને પાતળી, સ્તન પુષ્ટ અને કમર પાતળી છે, સ્ત્રીનો ચુસ્ત અને ટૂંકો બ્લાઉઝ, ધાપરો અને પારદર્શક ઓઢણીથી માથું આશિકરૂપે ઢાંકેલું છે. ભૂદ્રશ્ય વગરની પહાડીઓ, વહેતી નદીઓ, રંગબેરંગી ફૂલોવાળી ઘાટી હરિયાળી આ ચિત્રની મુખ્ય વિશેષતા છે, જેમાં આંબો, પીપળો, કેળ, દાડમના વૃક્ષો ફૂલોવાળી વેલ, પશુ-પક્ષી ચિત્રિત છે. નદીઓ અને તળાવના પાણી પારદર્શક તેમજ આકાશમાં વાદળી ધબ્બા બતાવ્યાં છે. પછીના સમયમાં આકાશને ધૂંધળું બતાવવા રાખોડી.વાદળી, નારંગી, કેસરી રંગોનો પ્રયોગ કર્યો છે, જે પછીની બુંદીશૈલીની વિશિષ્ટ ઓળખ મનાવા લાગી ગુણવત્તાની દૃષ્ટિએ બુંદીશૈલીના ચિત્રો શ્રેષ્ઠ માનવામાં આવે છે. આ બધા ભિત્તીચિત્રો આજે પણ સારા એવા પ્રમાણમાં

સુરક્ષિત છે. ૧૮મી સદીની શરૂઆતમાં આ શૈલીએ ગુણવત્તા સંબંધી પોતાની ઓળખ ગુમાવી દીધી અને ચિત્રકારીમાં નિરસતા તેમજ પુનરાવર્તીનો ગુણ આવી ગયો.

### 10.4.4 કોટા શૈલી

કોટાથી બુંદીનું અંતર માત્ર ૨૩ માઈલ જ દૂર છે. પરંતુ કોટા અને બુંદીના સંરક્ષણ દાતાઓની રુચિ અલગ અલગ હોવાથી ચિત્રકળાની પરંપરાની એક અલગ રશૈલી વિકસિત થઈ. શિકાર, હાથીઓની લડાઈ અને રાજા-મહારાજાઓના છબિચિત્ર કોટામાં બનાવવામાં આવ્યા. કોટા ચિત્રકળાના ઉત્તમ ઉદાહરણ શિકારના દેશ્યોવાળા ચિત્રો છે. જે ભારતીય ચિત્રકળાના ઈતિહાસમાં પશુચિત્રણ વિશે ઉત્તમ માનવામાં આવે છે. રામસિંહ બીજા (૧૮૨૭-૬૫)ના શાસનકાળમાં કોટાની ચિત્રશાળામાં અનેક ઉત્કૃષ્ટ લઘુચિત્રો બનાવવામાં આવ્યા. આ ચિત્રોમાં પાટા અને ચમકીલા રંગ છે. કોટાની ચિત્રકળામાં ભૂદશ્યોનું અંકન ખુબ સહજતાથી કરેલું છે. જેમ કે ચારે તરફ પથ્થરની શિલાઓ, વિશેષ આકારના છોડ, વૃક્ષો, પશુ-પક્ષી અને બધાની વચ્ચે કોટાના રાજા, આશ્રિત વ્યક્તિઓ, દાસ-દાસીઓ જોવા મળે છે. હંસરાજ જોશી, મુમાની, શેખ લાગુ અને તેમના પુત્ર માનની સહીવાળા ઇ.સ. ૧૭૭૭ અને ઈ.સ. ૧૭૮૭ની વચ્ચે બનેલાં અનેક ચિત્રોની તાજેતરમાં શોધ થઈ છે.

### 10.4.5 આમેર-જયપુર શૈલી

અકબરના સમયથી જ આમેરના કછવાહા રાજપુતનો સંબંધ મુઘલોથી સ્થાપિત થયો હતો. આમેર-જયપુરની ચિત્ર શૈલીનો જન્મ રાજા માનસિંહ (૧૫૮૯-૧૬૧૪)ના સમયમાં થયો હતો. જહાંગીર શૈલીના વિશાળ ભિત્તીચિત્રો માનસિંહના જન્મ સ્થળ મૌજમાબાદ, બૈરાટ અને આમેરમાંથી મળ્યા છે. માનસિંહના સમયની સાહિત્ય કૃતિઓમાં 'રાગમાલા' વિશેના ભિત્તીચિત્રો 'ભાગવતપુરાણ', 'બારહમાસા' નાયક-નાયિકાભેદના દશ્યોનું સજીવ ચિત્રણ મળે છે.

રાજા જયસિંહ (૧૬૯૯-૧૭૪૩) એક મહાન ભવનનિર્માતા, કલા-સાહિત્યના આશ્રયદાતા હતા, પરંતુ તેમના સમયની ચિત્રકારીમાં મુખ્યત્વે સ્થાનિક લોકકલાના તત્વો વધારે દેખાય છે. જયસિંહના ઉત્તરાધિકારીઓએ પણ ચિત્રકારોને ખૂબ સંરક્ષણ આપ્યું. મહારાજા સવાઈ જયસિંહ(૧૬૯૯-૧૭૪૩) કલા, સ્થાપત્ય, સાહિત્ય અને જ્યોતિષના મહાન સંરક્ષક હતા. તેમના આશ્રયમાં સુવિખ્યાત ચિત્રકારો મહેમુદશાહ, અને સાહિબરામના નામ જાણીતા છે. સાહિબરામે ૫૦ વર્ષો સુધીની ચિત્રકારીમાં ખૂબ મોટા આકારના છબિચિત્રો બનાવ્યાં. સવાઈ માધોસિંહ પ્રથમ (૧૭૫૦-૬૭) ના સમયમાં રાણી સિસોદનજીના મહેલમાં ઉત્કૃષ્ટ ભિંતચિત્રકારી થઈ છે.

સવાઈ પ્રતાપસિંહના સમયમાં ચિત્રશાળામાં ગોપાલ, ઉદય, હુકમા, જીવન, શાલિગ્રામ, રામસેવક, લક્ષ્મણ જેવા ૫૦થી વધારે ચિત્રકારોએ દુર્ગાપાઠ, સમાયણ, ભાગવતપુરાણ, કૃષ્ણલીલાના લઘુ ચિત્રો બનાવ્યાં. આ સમયની ચિત્ર રચના આધુનિક અને ચમકીલા રંગવાળી છે, જેમાં લીલા, પીળા, ગુલાબી, બદામી, રંગની સાથે સાથે સોનેરી રંગોનો પ્રયોગ ખૂબ મોટી માત્રામાં થયો છે. આ ચિત્રોનું રૂપાંકન સુસ્પષ્ટ છે અને ઊર્જાની ઉણપ દેખાય છે. ૧૯ મી સદીના મધ્યમાં ચિત્રકળા પરંપરાનો રસ સુકાઈ ગયો અને મોટાભાગના ચિત્રો નિરર્થક દેખાવાં લાગ્યો, જેમાં વિદેશી તત્વોની પુષ્કળ નકલ હતી.

**10.4.6 જોધપુર શૈલી**

૧૩મી સદીમાં રાઠોડોએ મંદોરને રાજધાની બનાવી પોતાનું રાજ્ય સ્થાપિત કર્યું. ઇ.સ. ૧૪૫૯માં રાજધાની બદલીને જોધપુર લઈ ગયા. નદીલના જૈન મંદિરોમાં કેટલાક ભિત્તીચિત્રોના ઉદાહરણ મળે છે. જોધપુરના પોથીખાનામાં ઇ.સ.૧૬૧૧ માં ચિત્રિત ભાગવત પુરાણની એક પ્રત મળી છે. જયપુરના વીરજી નામના એક ચિત્રકારે પાલીમાં ઇ.સ. ૧૬૨૩ માં બનાવેલી 'રાગમાલા'ની ચિત્રાવલી મળી છે. આ બંનેને મારવાડ વિસ્તારમાંથી મળેલા લઘુચિત્રોનું પ્રાચીન ઉદાહરણ માનવામાં આવે છે, જેનું સ્વરૂપ લોકકલા જેવું અને તેની કલાત્મક સૌંદર્ય અનોખું છે. આમાં મુઘલ ચિત્રકળાનો પ્રભાવ ખૂબ ઓછો છે. ઇ.સ. ૧૬૩૪માં ચિત્રિત ઉપદેશમાલા'ની હસ્તપ્રત તેનું ઉદાહરણ છે. ત્યારપછીના ચિત્રોમાં પ્રાચીનતાનું સ્થાન શાહીપણું અને સુશોભને લીધું. મહારાજા અજીતસિંહ, અભયસિંહ અને રામસિંહના શાસનકાળમાં જોધપુરની ચિત્રકળાને નવી પ્રેરણા પ્રાપ્ત થઈ અને આ સમયમાં ''ગીતગોવિંદ'', 'હોલામારું', ''સંગમાલા'', 'બારહમાસા', વગેરે સાહિત્યિક સંબંધી ચિત્રાવલીઓ અને છબિચિત્રો તૈયાર થયો.

**10.4.7 બિકાનેરી શૈલી**

બિકાનેરી શૈલીમાં અન્ય રાજસ્થાની શૈલીની તુલનામાં મુઘલશૈલીના તત્વોનો સૌથી વધુ ઉપયોગ થયો છે. બિકાનેરના શાસકો રાજા રાયસિંહ(૧૫૭૧-૧૬૧૧), કર્ણસિંહ(૧૬૩૧-૬૯), અનુપસિંહ(૧૬૬૯-૯૮) મુઘલ પાદશાહો સાથે ઘનિષ્ઠ રાજનીતિક અને સાંસ્કૃતિક સંબંધ હતાં. આ શૈલીમાં ઉત્તમ છબિચિત્રો, "બારહમાસા", "રાગમાલા", "ભાગવતપુરાણ" અને "કૃષ્ણલીલા' જેવી સુંદર ચિત્રાવલીઓ સામેલ છે. આ ચિત્રોમાં ચમકીલા રંગો, જોધપુરની લોકકલાત્મક પીછીનો સ્પર્શ અને બુંદીના મોહક ભૂર્દશ્યોનો સર્વથા અભાવ દેખાય છે. મુઘલ શૈલીમાં સામાન્યતઃ જોઈ શકાય તેવી કોમળ રેખાઓ અને રંગ આયોજન સંબંધી

પ્રભાવક્ષેત્ર બતાવતી શાહી વર્ગની પસંદગી બિકાનેરી શૈલીમાં ખાસ જોવા મળે છે. જ્યારે શાહજહાંની રુચિ ચિત્રકળાથી સ્થાપત્ય તરફ થઈ ત્યારે મુઘલ સેવાથી મુક્ત થયેલા ચિત્રકારો કરણસિંહ જેવા પ્રતિભાસંપન્ન કલાપ્રેમીના આશ્રયમાં આવ્યાં. જેમાં મુખ્ય અલીરઝા, રૂકનુદ્દીન, શાહદીન, હમીદ અહેમદ, સાહીબદીન, રશિદ, કાસીમ, શાહમહંમદ, મસ્તરામ હતાં. બિકાનેરી ચિત્રકળા અને દખ્ખણી ચિત્રકળામાં સમાનતા દેખાય છે. બિકાનેરી ચિત્રશૈલીમાં સ્ત્રીઆકૃતિઓ દુબળી-પાતળી, મોટી આંખો અને પાતળી કમરવાળી સુંદરીઓ છે. આ સુંદરીઓ ટૂંકાં અને ઉંચા બ્લાઉઝ, રંગીન પાઘરા અને સોનેરી પટ્ટીવાળી ઓઢણીઓ પહેરી છે. ભૂર્દશ્યોનું ચિત્રાંકન પણ ખૂબ કુશળતાથી કરવામાં આવ્યું છે.

### 10.4.8 કિશનગઢ શૈલી

અજમેર અને આમેરની વચ્ચે એક નાનકડું રજવાડું કિશનગઢ હતું. મહત્ત્વપૂર્ણ રાજા સામંતસિંહ કિશનગઢશૈલી જેવી અભૂતપૂર્વ શૈલીનો ઉત્કર્ષ કર્યો. આ વિલક્ષણ કલાશૈલીના ચિત્રોના નિર્માતા નિહાલચંદ અને સામંતસિંહ જેવા એક ઉચ્ચકોટિના પ્રતિભાવાન ચિત્રકારો હતા. નિહાલચંદના ચિત્રોમાં રાધા લાંબી પાતળી, અને અલૌકિક સૌંદર્યની પ્રતિમા હતી. નિહાલચંદની રાધા મોટી આંખોવાળી અલૌકિક આભાવાળી, લાંબી અને અણીદાર નાસિકાવાળી, પાતળા હોઠ અને લાંબી દાઢીવાળી, ટૂંકા બ્લાઉઝ પર પારદર્શક ઓઢણી ઓઢાળીને જે રાધાના સ્વરૂપનું સંભવત નિહાલચંદે ચિત્રણ કર્યું છે, એ ખરેખર રાજસ્થાની ચિત્રકળાની સર્વોચ્ચ ઉપલબ્ધિ માનવામાં આવે છે.

### 10.4.9 પહાડી લઘુ-ચિત્રકારી

ઉત્તર પશ્ચિમ હિમાલય તરફના જુદાજુદા પહાડી રાજ્યોમાં કરવામાં આવતી ચિત્રકારીને પહાડી ચિત્રકારી કહે છે. પહાડી ચિત્રકળાને મુખ્ય બે શૈલીમાં વહેંચી શકાય. બસૌલી શૈલી અને કાંગડા શૈલી, પહાડી ચિત્રકારી હાલના હિમાચલપ્રદેશ જમ્મુ અને ઉત્તરપ્રદેશનો તહેરી, ગઢવાલ ક્ષેત્રમાં થતી હતી. જુદી જુદી શૈલીઓમાં પ્રત્યક્ષરૂપથી દૃષ્ટિકોણમાં ભિન્નતા છે. આ રાજ્યોના રાજાઓ ઘણું કરીને રાજપૂતો હતા. તેમણે લઘુચિત્ર શૈલીને સંરક્ષણ આપ્યું. આ શૈલીની ચિત્રકારીના મુખ્ય કેન્દ્રો ઉત્તર પશ્ચિમ હિમાલયના જુદાજુદા પહાડી રાજ્યોના શહેરો હતાં. આ રાજ્યોની સ્થાપના રાજપુત યોદ્ધાઓએ કરી હતી. રાજપૂત રાજાઓ અને ઠાકોરોએ ઉચ્ચ વર્ગ અને શાસ્ત્ર વર્ગની સંસ્કૃતિ પરંપરા કે રાજસ્થાનના રાજ્યોમાં હતી. પહાડી શૈલીનાં ચિત્રકારોએ પોતાની આંતરિક ભાવનાઓ, ધાર્મિક વિશ્વાસ અને વીરગાથાઓ અને મહાકાવ્યો પ્રતિ પ્રેમ દર્શાવ્યો છે. તેઓએ પોતાની ચિત્રકારી દ્વારા સામાજિક સ્તર

અને જીવનને ઉજાગર કરવા પ્રયત્ન કર્યો છે. મુઘલ અને પહાડી લઘુચિત્રમાં સામાન્ય જનતા જોવા મળતી નથી. પહાડી ચિત્રકારીમાં રંગ સંયોજન સ્વાભાવિક નથી. એનો મુખ્ય ઉદ્દેશ ભાવને અભિવ્યક્ત કરવાનો અને આનંદ પ્રાપ્ત કરવાનો હતો. અકબરનું પ્રભુત્વ સ્વીકાર્યા બાદ તેઓ મુઘલ સંસ્કૃતિ અને ચિત્રકળાના સંપર્કમાં આવ્યાં પછી પહાડી સંસ્કૃતિ અને મુઘલ સંસ્કૃતિનું મિશ્રણ થયું.

**10.4.10 ગુજરાતની ચિત્રકળા**

ઇ.સ. ૧૧૦૦માં ભૃગુકચ્છ (ભરુચ) માં તાડપત્ર પર લખાયેલી ‘‘નિશીથ ચૂર્ણી- ચિત્રકળાનો પુરાવો છે. ૧૩-૧૪ મી સદી સુધીના જૈન, વૈષ્ણવ, શૈવ, શાક્ત ધર્મની તાડપત્રો અને ત્યારબાદ કાગળ પરની હસ્તપ્રતો ગુજરાતમાંથી મળી આવી છે. જેમાં કલ્પસૂત્ર, સંગ્રહણી સૂત્ર, કાલકાચાર્ય, કથા, શ્રીપાલ ચરિત્ર, બાલગોપાલ સ્તુતિ, ભાગવત દશમસ્કંધ, દેવી મહાત્મ્ય અથવા દુર્ગાસપ્તશતી, ગીતગોવિંદ, વસંતવિલાસ, રતિરહસ્ય વગેરેનો સમાવેશ થાય છે. શ્રીપાલ ચરિત્રની જુદાં જુદાં સ્થળોથી અનેક નકલો મળી છે. સોલંકી કાળની ચિત્રકળા મોટેભાગે હસ્તલિખિત ગ્રંથોની પ્રતોમાં અને ખાસ કરીને જૈન ગ્રંથોમાં સચવાયેલી છે. આ હસ્તપ્રતો તાડપત્ર પર લખાતી. બે-ત્રણ ફૂટ લાંબા અને બે-ત્રણ ઈંચ પહોળા તાડપત્ર પર ચારે બાજુએ હાંસિયો દોરીને ઘણી મર્યાદિત જગ્યામાં ચિત્રો દોરવામાં આવતાં હતાં. ગ્રંથના વિષય મુજબ તે ધાર્મિક સ્વરૂપમાં રહેતાં. તાડપત્ર ચિત્રકામ માટે અનુકૂળ નથી. છતાં સોલંકીકાળની હસ્તલિખિત પ્રતોનાં ચિત્રોમાં આયોજન, આલેખન અને રંગકામ પ્રશંસનીય હતાં.

અમદાવાદમાં અનેક જૈન હસ્તપ્રતો અને "અનવારે સુહેલી નાં દ્રષ્ટાંત ચિત્રો ધરાવતી હસ્તપ્રતો છે, જોકે તે પછીના સમયની છે, પરંતું તેની અનુક્રમણિકામાં અમદાવાદનું નામ છે. અમદાવાદના સાંસ્કૃતિક કેન્દ્રમાં સચવાયેલ ફારસી "મષનવી"ની હસ્તપ્રત છે. અમદાવાદની માંડવી પોળના સમેતશિખરજીના મંદિરમાં અને ઝવેરીવાડની નિશાપોળના જૈનમંદિરની છત પર સત્તરમી સદીના પ્રારંભમાં મુઘલ ચિત્રકળાના ઉદાહરણ બની રહે તેવાં ચિત્રો છે. ઇ.સ. ૧૫૯૧ની ભૂચર મોરીની લડાઈમાં લડતા જામ સતાજીનાં ચિત્રો, પૌરાણિક વિષયક ચિત્રો, રાસલીલા, શિકાર કરતાં જામ રણમલજીના ચિત્રો લાખોટા મ્યુઝિયમ, જામનગરમાં છે. શિહોર (ઇ.સ. ૧૭૯૫-૧૮૦૫ આશરે)ના રાજમહેલમાં ચીતળની લડાઈનાં ચિત્રો છે. કચ્છમાં ભૂજના આયના મહેલમાં પણ ભિત્તીચિત્રો જોવા મળે છે. અમદાવાદમાં મહેમુદ બેગડાના સમયમાં કુરાનની લિપિની લખાણ શૈલી, જે ‘સુલુથ’ના નામથી ઓળખાતી કુરાન લખવાની સુલેખન કળાનો વિકાસ થયો હતો.

**(ગ) તમારી જાતે ચકાસો.**

નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.

(૧) ચૌદમી સદીની રાજસ્થાનના કાગળ પરની 'સુપસનહચરિયમ ની હસ્તપ્રત મળી છે.

(૨) રાણા પ્રતાપે ઉદેપુર શહેર વસાવ્યું હતું.

(૩) સવાઇ માધોસિંહ પ્રથમના સમયમાં રાણી સિસોદનજીના મહેલમાં ઉત્કૃષ્ટ ભિંતચિત્રકારી થઈ છે.

(૪) બિકાનેરી ચિત્રકળા અને દખ્ખણી ચિત્રકળામાં સમાનતા દેખાતી નથી.

(૫) મહેમુદ બેગડાના સમયમાં કુરાનની લિપિની લખાણ શૈલી 'સુલુથ'ના નામથી ઓળખાતી.

## 10.5 સારાંશ

આમ, ભારતની મધ્યયુગની ચિત્રકળા ખૂબ જ સમૃધ્ધ અને વિવિધતાસભર હતી. શાસકોની કલાને પ્રોત્સાહન આપવાની વૃત્તિ અને ભારતીય સિધ્ધહસ્ત ચિત્રકારોને મળેલ રાજ્યાશ્રયથી ચિત્રકળા ખૂબ જ ઉન્નત કક્ષાએ પહોંચી. ભારતની મધ્યયુગીન ચિત્રકળાનાં ઘણા ચિત્રો યોગ્ય જાળવણીનાં અભાવે નષ્ટ પામ્યાં છે. આમ છતાં, જે ચિત્રો ઉપલબ્ધ છે એનાં આધારે કહી શકાય કે ભારતની મધ્યયુગીન ચિત્રકળા સોળેકળાએ ખીલી ઉઠી હતી.

## 10.6 ચાવીરૂપ શબ્દો

(૧) કહાર- ઉત્તર ભારતની એક શ્રમજીવી જાતિ, જેનું મુખ્ય કામ પાલખી ઉપાડવાનું હતું.

(૨) અનવારે સુહેલી- અનવાર=પ્રકાશ પુંજ, સુહેલી= એક તેજસ્વી તારો

(૩) ખમસા પાંચનો સમૂહ

(૪) તાડપત્ર- વૃક્ષની છાલ પર દોરવામાં આવેલ ચિત્ર કે લખાણ

(૫) મનવી- ઉર્દુ કાવ્યનો એક પ્રકાર, જેમાં કોઈ વાર્તા કે ઉપદેશ એક જ વૃત્તમાં હોય છે.

(૬) કૃતૂહ-ઉસ-સલાતીન- બાદશાહના વિજયો

(૭) નુહ સિપિહર- નવ (Nine) આકાશ

(૮) રજ્યનામા- ફારસીમાં મહાકાવ્ય માટે વપરાતો શબ્દ

(૯) જમીયુત તવારીખ-ઈતિહાસનો સંગ્રહ

(૧૦) તારીખે અલ્ફી-એક હજાર વર્ષનો ઈતિહાસ

(૧૧) નાદીરૂલ અશ્ર- વર્તમાનનું કિંમતી મોતી

(૧૨) નાદિરુજજમા- જમાનાનું કિંમતી મોતી

(૧૩) નુજુમ-ઉલ-ઉલુમ- કળાનો સિતારો

(૧૪) ભિત્તીચિત્રો- દીવાલ પર દોરવામાં આવેલ ચિત્રો

## 10.7 તમારી જાતે ચકાસોના જવાબ

(ક)- (૧) ઈરાન (૨) હુમાયુ (૩) જસવંત (૪) શાહજહાં (૫) મુઘલ

(ખ)- (૧) લેપાક્ષી (૨) ટંકા (૩) સાડી (૪) હિંડોળા (૫) ૧૭મી

(ગ)- (૧) ખરું (૨) ખોટું (૩) ખરું (૪) ખોટું (૫) ખરું

## 10.8 બહુ વૈકલ્પિક પ્રશ્નો

(૧) કયા ધર્મના ચિત્રોમાં ખાસ કરીને કલ્પસૂત્રના ચિત્રોમાં સોના-રૂપાની શાહીનો ઉપયોગ થયો છે?

(A) બૌદ્ધ (B) જૈન (C) હિન્દુ (D) વૈષ્ણવ

(૨) કયા શાસકે માનવ અને પશુ આકૃતિના ચિત્રણ પર મનાઈ ફરમાવી હતી ?

(A) ફિરોઝ તુગલક (B) અકબર

(C) મહમુદ ગઝનવી (D) જલાલુદ્દીન ખીલજી

(૩) દુબળા ઘોડા સાથેના મજનુનું ચિત્ર કોની કૃતિ માનવામાં આવે છે ?

(A) જસવંત (B) ખુશરૂ (C) બસાવન (D) કેશવલાલ

(૪) નીચેનામાંથી કયો ચિત્રકાર જહાંગીરના શાસનકાળનો નથી ?

(A) બિશનદાસ (B) મનોહર (C) દોલત (D) જસવંત

(૫) કયા મુઘલ શહેનશાહને ચિત્રકળા કરતાં સ્થાપત્યકળામાં વધુ રસ હતો ?

(A) હુમાયુ (B) અકબર (C) જહાંગીર (D) શાહજહાં

(૬) તાંજોરનું કર્યું શિવમંદિર ચોલ યુગની કલાની પ્રશિષ્ટ કૃતિ તરીકે વિખ્યાત છે ?

(A) કેલાસ (B) રાજરાજેશ્વર (C) ઇલોરા (D) લેપાક્ષી

(૭) વિજયનગરમાં તાડપત્ર પરની હસ્તલિખિત પ્રતોના ચિત્રો સૌપ્રથમ કઈ સદીના જોવા મળે છે?

(A) ૯મી (B) ૧૦ મી (C) ૧૧ મી (D) ૧૨ મી

(૮) મુલ્લા દાઉદ રચિત લીરચંદાનો આધાર કઈ ભાષામાં પ્રચલિત કથા હતી?

(A) ગુજરાતી (B) હિન્દી (C) ભોજપુરી (D) અવધી

(૯) આકાશને ધૂંધળું બતાવવા રાખોડી, વાદળી, નારંગી, કેસરી રંગોથી વિચિત્ર વિસ્તરણનો પ્રયોગ કર્યો?

(A) બુંદી શૈલી (B) કોટા શૈલી (C) મેવાડ જીલી (D) કિશનગઢ શૈલી

(૧૦) 'ગીતગોવિંદ', 'ઢોલામારું', 'રાગમાલા 'બારહમાસા', સાહિત્યિક-સંબંધી ચિત્રાવલીઓ અને છબિચિત્રો કયા રાજ્યમાં તૈયાર થયાં ?

(A) બિકાનેર (B) કોટા (C) જોધપુર (D) આમેર

**બહુવૈકલ્પિક પ્રશ્નોના જવાબ**

(૧) B (૨) A (૩) C (૪) D (૫) D (૬) B (૭) C (૮) D (૯) A (૧૦) C

## 10.9. સ્વાધ્યાય

(૧) દિલ્હી સલ્તનતના સમયની ચિત્રકળા પર નોંધ લખો.

(૨) અકબરના સમયમાં ચિત્રકળામાં આવેલા પરિવર્તનોની નોંધ કરો.

(૩) દક્ષિણ ભારતના ભિત્તીચિત્રોનું મૂલ્યાંકન કરો.

(૪) પ્રાદેશિક ચિત્રકળા પર મુઘલ ચિત્રકળાની અસરો વર્ણવો.

(૫) મધ્યકાલીન ભારતની ચિત્રકળાને તમારા શબ્દોમાં મૂલવો.

## 10.10. સંદર્ભ અને વિશેષ વાચન


- ડો. નાયક છોટુભાઈ રણછોડજી, મધ્યયુગીન ભારત ખંડ-૧, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, બીજી આવૃત્તિ-૨૦૧૬
- ડો. નાયક છોટુભાઈ રણછોડજી, મધ્યયુગીન ભારત ખંડ-૨, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, સુધારેલી આવૃત્તિ-૧૯૮૪
- પટેલ જશુભાઇ બી., ભારતનો ઇતિહાસ (મોગલયુગ ૧૫૨૬ થી ૧૭૦૭), યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,અમદાવાદ, પાંચમી આવૃત્તિ-૨૦૧૬
- વર્મા હરિશ્ચંદ્ર, (સંયોજક-ડૉ. આશા ગુપ્તા) મધ્યકાલીન ભારત (૭૫૦-૧૫૪૦) ભાગ-૧, હિન્દી માધ્યમ કાર્યાન્વય નિદેશાલય, દિલ્હી વિશ્વવિદ્યાલય, ૪૨મી આવૃત્તિ-૨૦૧૬
- વર્મા હરિશ્ચંદ્ર, (સંયોજક-ડૉ. આશા ગુપ્તા) મધ્યકાલીન ભારત (૧૫૪૦-૧૭૬૧) ભાગ-૨, હિન્દી માધ્યમ કાર્યાન્વય નિદેશાલય, દિલ્હી વિશ્વવિદ્યાલય, ૨૫ મી આવૃત્તિ-૨૦૧૪
- સંપાદક- ઈરફાન હબીબ, મધ્યકાલીન ભારત, ભાગ-૧, રાજકમલ પ્રકાશન, દિલ્હી, ૧૧ મી આવૃત્તિ -૨૦૨૧
- સંપાદક- ઈરફાન હબીબ, મધ્યકાલીન ભારત, ભાગ-૭, રાજકમલ પ્રકાશન, દિલ્હી, છઠ્ઠી આવૃત્તિ-૨૦૧૮
- સંપાદક- ઈરફાન હબીબ, મધ્યકાલીન ભારત, ભાગ-૮, રાજકમલ પ્રકાશન, દિલ્હી, ચોથી આવૃત્તિ -૨૦૧૮
- સંપાદક- ઈરફાન હબીબ, મધ્યકાલીન ભારત, ભાગ-૧૧, રાજકમલ પ્રકાશન, દિલ્હી, બીજી આવૃત્તિ -૨૦૧૯
- સંપાદક- ઈરફાન હબીબ, મધ્યકાલીન ભારત, ભાગ-૧૨. રાજકમલ પ્રકાશન, દિલ્હી, પહેલી આવૃત્તિ-૨૦૧૯
- વિરચંદ ધરમશીનો લેખ, નવનીત સમર્પણ (માસિક), વર્ષ ૨૪, અંક -૬, ઓક્ટોબર-૨૦૦૩, મુંબઈ

## એકમ - 11 બ્રિટિશકાલીન ભારતમાં રમતો

### :: રૂપરેખા ::


**11.0** ઉદ્દેશો

**11.1** પ્રસ્તાવના

**11.1.1** વસાહતી ભારતમાં રમતગમત અને મનોરંજનની પૃષ્ઠભૂમિ

**11.1.2** ભારતીય મનોરંજન પ્રવૃત્તિઓ પર બ્રિટિશકાલિન નીતિઓનો પ્રભાવ

**11.1.3** પરંપરાગત ભારતીય રમતો પર પશ્ચિમી પ્રભાવ

**11.2** બ્રિટિશકાલિન ભારતમાં આધુનિક રમતોનો ઉદ્દભવ

**11.2.1** ભારતમાં બ્રિટિશ રમતોનો પરિચય

**11.2.2** બ્રિટિશ સૈન્ય અને શૈક્ષણિક સંસ્થાઓની ભૂમિકા

**11.2.2.1** અંગ્રેજી લશ્કર : રમતગમતના વિસ્તરણ માટે પ્રોત્સાહન

**11.2.2.2** શૈક્ષણિક સંસ્થાઓ : ભવિષ્યના ખેલાડીઓ માટે સંવર્ધનનું મેદાન

**11.2.3** રમતગમત મંડળો અને સંગઠનોની રચના

**11.2.3.1.** પ્રારંભિક ક્રિકેટ મંડળ અને સંઘો

**11.2.3.2.** ફૂટબોલ અને હોકી કલબ

**11.2.3.3.** લૉન ટેનિસ અને બેડમિન્ટન કલબનું વિસ્તરણ

**11.2.3.4.** મૂળ સંગઠનોની ભૂમિકા અને સંસ્થાનવાદી વર્ચસ્વને પડકાર

**11.2.4** મિશનરીઓ અને સામાન્ય નાગરીકોનો પ્રભાવ

**11.2.4.1.** બ્રિટિશ રમતગમતના પ્રચારકો તરીકે સિવિલ સેવકો

**11.2.4.2.** ભારતીય રમતગમતમાં મિશનરીઓ અને સિવિલ સેવકોનો વારસો

**11.3** ભારતમાં લોકપ્રિય બ્રિટિશ રમતો

**11.3.1 ક્રિકેટ : એક વસાહતી વારસો**

**11.3.1.1 ક્રિકેટ ક્લબની સ્થાપના**

**11.3.1.2 પારસી ક્રિકેટ અને બોમ્બે ચતુર્ભુજ**

**11.3.1.3 મૂળ ભાગીદારીનો વિકાસ**

**11.3.1.4 ભારતીય ક્રિકેટરો અને રાષ્ટ્રવાદનો ઉદય**

**11.3.1.5 ભારતીય રાષ્ટ્રવાદ અને ક્રિકેટ પ્રતિકારના સાધન તરીકે**

**11.3.2 હોકી : અંગ્રેજી સંસ્થાનિક મેદાનોથી આંતરરાષ્ટ્રીય ખ્યાતિ સુધી**

**11.3.2.1 ભારતમાં હોકીનો ઉદ્દભવ**

**11.3.2.2 વૈશ્વિક ક્ષેત્રમાં ભારતીય હોકી ટીમનું વર્ચસ્વ**

**11.3.3 ફૂટબોલ : કામદાર વર્ગની રમત**

**11.3.3.1 બ્રિટિશ લશ્કરીદળો અને સ્થાનિક કલબની ભૂમિકા**

**11.3.3.2 ભારતીય સમુદાયોનું યોગદાન**

**11.3.4 પોલો : બ્રિટિશ અધિકારીઓની ભદ્ર રમત**

**11.3.4.1 ભારતમાં પોલોનું પુનરૂત્થાન**

**11.3.4.2 રાજવી પરિવારોમાં લોકપ્રિયતા**

**11.3.5 ટેનિસ અને બેડમિન્ટન : ઉચ્ચ વર્ગની રમતો**

**11.3.5.1 લોન ટેનિસ ક્લબની સ્થાપના**

**11.3.5.2 બ્રિટિશકાલીન ભારતમાં બેડમિન્ટનનો વિકાસ**

**11.3.6 ગોલ્ફ : ધ જેન્ટલમેન ગેમ**

**11.3.6.1 ભારતમાં ગોલ્ફ ક્લબની સ્થાપના**

**(ક) તમારી જાતે ચકાસો.**

**11.4 પરંપરાગત ભારતીય રમતો અને તેમનું પરિવર્તન**

**11.4.1 બ્રિટિશ પ્રભાવ હેઠળ સ્વદેશી રમતો**

**11.4.2 કબડ્ડી અને ખો-ખોનું પરિવર્તન**

**11.4.3 કુસ્તી અને મલ્લખંભનું પુનરુત્થાન**

**11.5 રમતમગતના સામાજિક અને રાજકીય પ્રભાવ**

**11.5.1 બ્રિટિશ સત્તાને મજબૂત બનાવવામાં રમતગમતની ભૂમિકા**

**11.5.2 રમતગમત દ્વારા રાષ્ટ્રવાદનો ઉદ્દભવ**

**11.5.3 રાષ્ટ્રવાદી રમતગમત સંસ્થાઓની રચના**

**11.6 બ્રિટિશ શાસન દરમિયાન ભારતીય રમતગમતના દિગ્ગજો**

**11.6.1 ધ્યાનચંદ અને ભારતીય હોકીનું વર્ચસ્વ**

**11.6.2 સી.કે.નાયડુ : ભારતીય ક્રિકેટના પ્રણેતા**

**11.6.3 શૈલેન મન્ના અને ભારતીય ફૂટબોલનો મહિમા**

**11.6.4 પ્રખ્યાત ભારતીય પોલો અને ટેનિસ ખેલાડીઓ**

**(ખ) તમારી જાતે ચકાસો**

**11.7 સારાંશ**

**11.8 ચાવીરૂપ શબ્દો**

**11.9 તમારી જાતે ચકાસોના જવાબો**

**11.9 સંદર્ભ અને વિશેષ વાચન**

## 11.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ બાદ તમે નીચે જણાવેલી માહિતી મેળવશો.

- ભારતમાં બ્રિટિશકાલીન રમતો વિશે જાણી શકાશે.
- બ્રિટિશકાલીન રમતો જેવી કે ક્રિકેટ, ફૂટબોલ, ટેનિસ, પોલો, હોકી, ગોલ્ફ જેવી રમતોના આગમનથી ભારતીય રમતગમત ક્ષેત્રમાં આવેલ નોંધપાત્ર પરિવર્તનો વિશે જાણી શકાશે.
- બ્રિટિશકાલિન દેશી રમતો કબડ્ડી, કુસ્તી, મલ્લખંભ, ખો-ખો, ગિલ્લી દંડા, શતરંજ વગેરે જેવી રમતોની પધ્ધતિ તથા નિયમો વિશે જાણી શકાશે.

## 11.1 પ્રસ્તાવના

### 11.1.1 વસાહતી ભારતમાં રમતગમત અને મનોરંજનની પૃષ્ઠભૂમિ :

બ્રિટિશ વસાહતી શાસનના આગમન પહેલાં ભારતમાં સ્વદેશી રમતો અને શારીરિક પ્રવૃત્તિઓની સમૃદ્ધ પરંપરા હતી. સમાજના સામાજિક-સાંસ્કૃતિક માળખામાં ઊંડે સુધી વિસ્તરેલી હતી. કબડ્ડી, ખો-ખો, મલ્લખંભ, કુસ્તી, ગિલી-દંડા અને ચેસ જેવી પરંપરાગત રમતો ભારતના વિવિધ પ્રદેશોમાં વ્યાપકપણે રમાતી હતી. આ રમતો ફક્ત મનોરંજનના સ્વરૂપે ન હતી. પરંતુ ઘણીવાર તહેવારો, ધાર્મિક વિધિઓ અને સમુદાય બંધન સાથે સંકળાયેલા હતા. જે શારીરિક તંદુરસ્ત અને સામાજિક એકતાને પ્રોત્સાહન આપતા હતા. ઉદાહરણ તરીકે કુસ્તી સ્પર્ધાઓ ફક્ત શારીરિક કૌશલ્યનું પ્રદર્શન ન હતી. પરંતુ તેને આધ્યાત્મિક શિસ્તના સ્વરૂપો તરીકે પણ જોવામાં આવતી હતી. જ્યાં કુસ્તીબાજો આત્મ-નિયંત્રણ, સહનશક્તિ અને શિસ્ત કેળવતા હતા. જે પ્રાચીન ભારતીય ફિલસૂફીના આદર્શોને દર્શાવે છે.

જો કે ભારતમાં બ્રિટિશ વસાહતી નિયંત્રણની સ્થાપના સાથે રમતગમત ક્ષેત્રમાં પરિવર્તન આવ્યું. બ્રિટિશરો તેમની સાથે એક વિશષ્ટ રમત સંસ્કૃતિ લાવ્યા. જે શિસ્ત, ટીમવર્ક અને વાજબી રમત પર ભાર મૂકે છે. ક્રિકેટ, ફૂટબોલ, પોલો, હોકી, ગોલ્ફ, ટેનિસ અને બેડમન્ટિન જેવી રમતોને સંસ્થાનિક શાસન અને સામાજિક વ્યવસ્થાના ભાગરૂપે રજૂ કરવામાં આવી હતી. શરૂઆતમાં આ રમતો બ્રિટિશ લશ્કરી, વહીવટી અધિકારીઓ અને વિદેશી સમુદાયો સુધી મર્યાદિત હતી. આ રમતોના વિશિષ્ટ કૌશલ્યોએ સંસ્થાનિક વસાહતી વારસાને મજબૂત બનાવ્યો. કારણ કે તે ઉચ્ચ ક્લબ અને છાવણીઓની મર્યાદામાં રમાતી હતી. જે મૂળ ભારતીયોને ભાગ લેવાથી રોકતી હતી. આ પ્રતિબંધો હોવા છતાં આ રમતોના આકર્ષણે ધીમે ધીમે ભારતીય ભદ્ર અને ઉચ્ચ વર્ગને આકર્ષિત કર્યા. તેઓ ભાગીદારીને આધુનિકતા અને પ્રતિષ્ઠાના પ્રતીકો સાથે પોતાને જોડાણ કરવાના સાધન તરીકે જોતા હતા.

### 11.1.2 ભારતીય મનોરંજન પ્રવૃત્તિઓ પર બ્રિટિશકાલિન નીતિઓનો પ્રભાવ :

બ્રિટિશ વહીવટીતંત્ર રમતગમતને શાદી વિચારધારાને મજબૂત બનાવવા અને ભારતીય વસ્તી પર નિયંત્રણ જાળવવા માટે એક શક્તિશાળી સાધન તરીકે જોતું હતું. સંસ્થાનિક નીતિઓમાં જાણી જોઈને પશ્ચિમી રમતોને પ્રોત્સાહન આપ્યું. ઘણીવાર પરંપરાગત ભારતીય રમતોને બાજુ પર રાખીને દેશના મનોરંજનના પરિદશ્યમાં ફેરફાર કર્યો. રમતગમતને સંસ્થાકીય અને નિયમન કરવા માટે અંગ્રેજોએ ઘણા પગલાં રજૂ કર્યા. જેના લાંબાગાળાના સામાજિક-સાંસ્કૃતિક પરિણામો હતા.

એક મહત્વપૂર્ણ નીતિ બોમ્બે, કલકત્તા અને મદ્રાસ જેવા મુખ્ય શહેરોમાં જીમખાના ક્લબની સ્થાપના હતી. આ વિશિષ્ટ ક્લબો મુખ્યત્વે બ્રિટિશ સિવિલ સેવકો, લશ્કરી અધિકારીઓ અને એંગ્લો-ઈન્ડિયનોને સેવા પૂરી પાડતી હતી. જેમાં મૂળ ભારતીયોને સભ્યપદ નકારવામાં આવતું હતું અથવા ગૌણ ભૂમિકાઓ પર ઉતારી દેવામાં આવતા હતા. ભારતીયોને તેમની કુશળતા અથવા ઉત્સાહને ધ્યાનમાં લીધા વિના સીમિત રાખવામાં આવતા હતા. જેથી સંસાધનો અને તકો સુધી તેમની મર્યાદિત પહોંચ હતી.

અંગ્રેજોએ ક્રિકેટ અને પોલો જેવી રમતોને પણ પ્રોત્સાહન આપ્યું. જે તેમના કુલીન આદર્શો અને શિસ્ત, વ્યવસ્થા અને ન્યાયી રમતની કલ્પનાઓ સાથે સુસંગત હતી.

જો કે આ બ્રિટિશકાલિન નીતિઓનો હેતુ સામ્રાજ્યના હિતોને સેવા આપતી આજ્ઞાકારી અને શિસ્તબદ્ધ જનતાને પ્રોત્સાહન આપવાનો હતો.

### 11.1.3 પરંપરાગત ભારતીય રમતો પર પશ્ચિમી પ્રભાવ :

ભારતીય બ્રિટિશ રમતોના આગમનથી પરંપરાગત ભારતીય રમતો પર નોંધપાત્ર અસર પડી. જેના કારણે સ્વદેશી મનોરંજન પ્રથાઓમાં ધીમે ધીમે પરિવર્તન આવ્યું. જેમ જેમ બ્રિટિશ રમતોને મહત્વ મળ્યું. તેમ તેમ ઘણી પરંપરાગત રમતો કાં તો હાંસિયામાં ધકેલાઈ ગઈ અથવા પશ્ચિમી ધોરણો સાથે સુસંગત થવા માટે સ્વીકારાઈ. જેનાથી સંસ્થાનિક વર્ચસ્વ અને સ્વદેશી સ્થિતિસ્થાપકતા વચ્ચે એક જટીલતા સર્જાઈ.

સૌથી નોંધપાત્ર પરિણામોમાંનું એક કબડ્ડી અને ખો-ખો જેવી સ્વદેશી રમતોનું પુનરૂત્થાન અને આધુનિકીકરણ હતું. આ રમતોને માપદંડો અને નિયમો સાથે વ્યવસ્થિત કરવામાં આવી. જેથી તેઓ યુવા પેઢી માટે વધુ આકર્ષક બને અને બ્રિટિશ પ્રેરિત રમતો સાથે સ્પર્ધા કરવા સક્ષમ બની. આધુનિકીકરણની આ પ્રક્રિયા સ્થાનિક સમુદાયો અને રાષ્ટ્રવાદી ચળવળો દ્વારા ચલાવવામાં આવી હતી. જે વસાહતી રમતગમતના પૃષ્ઠભૂમિને અનુરૂપ ભારતના સાંસ્કૃતિક વારસાને જાળવી રાખવાનો પ્રયાસ કરતી હતી.

## 11.2 બ્રિટિશકાલિન ભારતમાં આધુનિક રમતોનો ઉદ્દભવ

મુસ્લિમ સમયગાળા બાદ ભારતમાં અંગ્રેજીશાસનની શરૂઆત થઈ. અંગ્રેજો રમત-ગમતના ખૂબ જ શોખિન હતા. રમતો તેમને લોકપ્રિય હોવા છતાં પણ તેમણે

ભારતીય શાળાઓમાં શારીરિકશિક્ષણના અભ્યાસક્રમને યોગ્ય સ્થાન આપ્યું ન હતું. આમ અંગ્રેજી શાસનકાળમાં શારીરિકશિક્ષણ વિશે નીચે મુજબનું વર્ણન મળી આવે છે.

૧૮૭૦ ના ગાળામાં કેન્દ્રિય સરકાર પાસે તમામ શક્તિઓ હોવા છતાં પણ શારીરિક શિક્ષણને શાળાના અભ્યાસક્રમમાં દાખલ કરવામાં આવ્યું ન હતું.

ઈ.સ.૧૮૮૨ માં ભારતીય શિક્ષણપંચે શારીરિકશિક્ષણને માન્યતા આપી તથા ભલામણ કરવામાં આવી કે શૈક્ષણિક કાર્યની સાથે-સાથે વ્યાયામ, રમત-ગમત વગેરેને લગતી શારીરિક શિક્ષણની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવું.



દુરંડ કપ

આ ઉપરાંત સરકારી વ્યવસ્થાઓ સિવાય પણ ચાલતા શિક્ષણ ક્ષેત્રોમાં શારીરિક શિક્ષણ તથા પ્રવૃત્તિઓમાં વિવિધ વ્યાયામશાળાઓ, અખાડા, રમત-ગમત મેદાનોની સ્થાપના કરાઈ. જેના ફળ સ્વરૂપે દંડ બેઠક, સૂર્ય નમસ્કાર, યોગ ક્રિયાઓ લોકનૃત્ય, મલ્લયુધ્ધ, લાઠીદાવ જેવા મંડળોની સ્થાપના થઈ. જેમાં હળવા અને ઓછા વજનના ઉપકરણોની મદદથી આ કસરત કે દાવ કરવામાં આવતા હતા. આ ઉપરાંત કબડ્ડી, ખો-ખો જેવી દેશી રમતો ખૂબ જ લોકપ્રિય બની હતી.

આ ઉપરાંત ભારતના કેટલાય દેશી રજવાડાઓએ પણ પોતાના રજવાડાઓમાં પોલો, હોકી, કુશ્તી, ક્રિકેટ વગેરે જેવી રમતોને પ્રચલિત કરી હતી.

ઈ.સ.૧૮૮૮ માં અંગ્રેજો દ્વારા ડુરંડ કપ નામના ફૂટબોલ સ્પર્ધાની શરૂઆત કરી હતી.

૧૯૧૪ માં અંગ્રેજો દ્વારા હનુમાન વ્યાયામશાળા પ્રચારકમંડળ અમરાવતીની સ્થાપના કૃષ્ણા વૈધ તથા અનંન્ત કૃષ્ણા વૈધ દ્વારા તેની સ્થાપના કરી હતી. જેનો ઉદ્દેશ ભારતમાં દેશી શારીરિક શિક્ષણનો વિકાસ કરવાનો હતો. અહી ૧૯૨૪ માં આ સંસ્થા દ્વારા જ પાંચ સપ્તાહ માટે એક તાલિમ કોર્ષ પુરૂષો અને મહિલાઓ માટે આરંભ કરાયો. જે તાલિમ પૂરી કરનારને 'વ્યાયામ વિષારદ' નું પ્રમાણપત્ર આપવામાં આવતું હતું. આ સંસ્થા દ્વારા યુરોપ તથા મધ્યપૂર્વમાં ભારતીય વ્યાયામની અનેક પ્રદર્શનીઓ ગોઠવવામાં આવી. વળી ૧૯૨૦ માં "યંગ મેન ક્રિશ્ચિયન એસોસિયેશન" ની સ્થાપના મદ્રાસમાં કરવામાં આવી. જેને અમેરીકાથી આવેલ વિશેષજ્ઞ એચ.વી.બક

દ્વારા સ્થપાયું હતું. જેના કારણે શારીરિક શિક્ષણ ક્ષેત્રે વૈજ્ઞાનિક રૂપથી પ્રશિક્ષિત અધ્યાપકો મળવા લાગ્યા.

૧૯૩૧ માં રાજકીય શારીરિકશિક્ષણ મહાવિદ્યાલય, હૈદરાબાદમાં સ્થપાયું. ૧૯૩૨ માં ક્રિશ્ચિયન કોલેજ, લખનઉમાં શ્રી ઈ.ડબલ્યુ.ટેડના નિર્દેશનમાં સ્થપાઈ. જૈમ્સ લુશજોને કોલકત્તા ખાતે શારીરિકશિક્ષણ મહાવિદ્યાલય સ્થાપ્યું. મુંબઈના કાન્દીવલીમાં ૧૯૩૨ તથા ૧૯૪૦ માં શારીરિકશિક્ષણ મહાવિદ્યાલયની સ્થાપના થઈ. રૂામ સ્થાનિક લોકો ઉપરાંત અંગ્રેજો દ્વારા પણ શારીરિક શિક્ષણને વ્યાયામ તથા શરીરની તંદુરસ્તી માટે પણ પ્રસ્તુત કરાયું. રૂા વિવિધ રમતોના કારણે પણ ભવિષ્યમાં ભારતમાં પણ રમત-ગમત તથા શારીરિક શિક્ષણનો વિકાસ થઈ શક્યો.

### 11.2.1 ભારતમાં બ્રિટિશ રમતોનો પરિચય :

ભારતમાં આધુનિક રમતોનો પરિચય સંસ્થાનિક વહીવટ દ્વારા શરૂ કરાયેલા વ્યાપક સામાજિક-સાંસ્કૃતિક પરિવર્તનનો એક ભાગ હતો. જ્યારે કબડ્ડી, ખો-ખો, પહેલવાની અને ગિલી-દંડા જેવી સ્વદેશી રમતો ભારતીય સમાજમાં ઊંડા મૂળ ધરાવતી હતી. ત્યારે બ્રિટિશરો તેમની સાથે એક રમત-ગમત સંસ્કૃતિ લાવ્યા. જે શિસ્ત, નિષ્પક્ષ રમત અને સ્પર્ધાત્મકતા પર ભાર મૂકે છે. ક્રિકેટ, ફૂટબોલ, પોલો, હોકી, ટેનિસ અને ગોલ્ફના આગમનથી ભારતીય રમતગમતના ક્ષેત્રમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું.

શરૂઆતમાં આ રમતો બ્રિટિશ ઉચ્ચવર્ગ સુધી મર્યાદિત હતી. જેઓ તેમની વિશિષ્ટ પ્રવૃત્તિઓના ભાગરૂપે તેમાં ભાગ લેતા હતા. ઉદાહરણ તરીકે ક્રિકેટ મુખ્યત્વે બ્રિટિશ અધિકારીઓ અને વિદેશીઓ દ્વારા કલકત્તા ક્રિકેટ ક્લબ (૧૭૯૨), બોમ્બે જીમખાના (૧૮૭૫) અને મદ્રાસ ક્રિકેટ કલબ (૧૮૪૮) જેવા ક્લબની મર્યાદામાં રમાતી હતી. તેવી જ રીતે પોલો અને ગોલ્ફ બ્રિટિશ અધિકારીઓ અને ઉચ્ચકક્ષાના અધિકારીઓના મનપસંદ મનોરંજન હતા. જો કે સમય જતાં આ રમતો ભારતીય જનતામાં ફેલાઈ. ખાસ કરીને બોમ્બેના પારસીઓ ક્રિકેટને અપનાવનારા સૌપ્રથમ હતા. જેનાથી બ્રિટિશ રમતોમાં ભારતીયોની ભાગીદારીનો માર્ગ મોકળો થયો.

ભારતમાં બ્રિટિશ રમતોનો પ્રચાર ફક્ત મનોરંજનનો ધંધો નહોતો પરંતુ બહુવિધ ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવા માટે રચાયેલ ગણતરીપૂર્વકની વ્યૂહરચના હતી. પ્રથમ



મલ્લખંભ

રમતગમતનો ઉપયોગ નિયંત્રણ અને સામાજિક શિસ્ત માટે એક સાધન તરીકે થતો હતો. બીજુ બ્રિટિશ રમતોએ પશ્ચિમી રમતગમત પરંપરાઓને પ્રગતિ અને આધુનિકતાના પ્રતીક તરીકે પ્રોત્સાહન આપીને સ્વદેશી સંસ્કૃતિઓને સૂક્ષ્મ રીતે નબળી પાડીને અને બ્રિટિશ શ્રેષ્ઠતાનો દાવો કરીને સાંસ્કૃતિક સર્વોચ્ચતાને મજબૂત બનાવી. છેલ્લે રમતો સમુદાય જોડાણના સાધન તરીકે સેવા આપી. વસાહતીઓ વચ્ચે ક્રિયાપ્રતિક્રિયા માટે એક સહિયારૂં મંચ બનાવ્યું.

જેમ જેમ બ્રિટિશ રમતો લોકપ્રિયતા મેળવી તેમ તેમ તેઓ ધીમે ધીમે પરંપરાગત ભારતીય રમતોને ઢંકાઈ ગઈ. કબડ્ડી, ખો-ખો અને મલ્લખંભ જેવી સ્વદેશી રમતો હાંસિયામાં ધકેલાઈ ગઈ. કારણ કે ક્રિકેટ અને ફૂટબોલે ભારતીય જનતાની કલ્પનાને કબજે કરી લીધી. જો કે આ તબક્કામાં ભારતમાં એક મિશ્રરમત સંસ્કૃતિનો ઉદ્દભવ પણ થયો. જ્યાં વસાહતી અને સ્વદેશી તત્વો સહ અસ્તિત્વ ધરાવતા હતા. સંસ્કૃતિઓના આ મિશ્રણે સ્વતંત્રતા પછી ભારતના જીવંત રમતગમત દ્રશ્યનો પાયો નાખ્યો.

**11.2.2 બ્રિટિશ સૈન્ય અને શૈક્ષણિક સંસ્થાઓની ભૂમિકા :**

**11.2.2.1 અંગ્રેજી લશ્કર દ્વારા રમતગમતના વિસ્તરણ માટે પ્રોત્સાહન :**

ભારતમાં આધુનિક રમતોને પ્રોત્સાહન આપવામાં બ્રિટિશ સેનાએ મુખ્ય ભૂમિકા ભજવી હતી. રમતગમતનો સૈનિકના દિનચર્યાનો એક આવશ્યક ઘટકતત્વ તરીકે સ્વીકાર થયો. જે શારીરિક તંદુરસ્તી વધારવા, ટીમ ભાવનાને પ્રોત્સાહન આપવા અને શિસ્તની ભાવના જગાડવા માટે જરૂરી ગણાયું. રચાયેલ હતો. લશ્કરી જીવનના ભાગરૂપે રેજિમેન્ટલ રમતગમત સ્પર્ધાઓ સામાન્ય બની ગઈ. જેણે ભારતીય સમાજમાં વિવિધ બ્રિટિશ રમતોનો પરિચય કરાવ્યો. આ કાર્યક્રમોએ માત્ર બ્રિટિશ સૈનિકોનું મનોરંજન જ નહીં પરંતુ વસાહતો શાસકો અને સ્થાનિક વસ્તી વચ્ચે સામાજિક વ્યવસ્થાઓના સંચાલનના ભાગરૂપે સેવાઓ આપી.

લશ્કરી ટુકડીઓની રમત-ગમતો લશ્કરી જીવનનું મુખ્ય લક્ષણ હતું. જેમાં ક્રિકેટ, ફૂટબોલ અને હોકી જેવી રમતો નિયમિતપણે યોજાતી હતી. આ મેચોએ સ્થાનિક સમુદાયોમાં ઉત્સુકતા પેદા કરી. જેમણે ધીમે ધીમે આ રમતોમાં રસ લેવાનું શરૂ કર્યું. ઘણા કિસ્સાઓમાં ભારતીય સૈનિકો અને સ્થાનિક યુવાનોને બ્રિટિશ સૈનિકો સાથે અનૌપચારિક મેચોમાં ભાગ લેવા માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ વાતચીતથી લશ્કરી સીમાઓથી આગળ અને નાગરિક જીવનમાં બ્રિટિશ રમતોના પ્રસારનો પાયો નાખ્યો.

#### 11.2.2.2 શૈક્ષણિક સંસ્થાઓ અને ભવિષ્યના ખેલાડીઓ માટે સંવર્ધનનું મેદાન :

પશ્ચિમી શિક્ષણના સમાવેશથી ભારતમાં બ્રિટિશ રમતોનો પરિચય વધુ ઝડપી બન્યો. જ્યાં રમતગમત અભ્યાસક્રમનો અભિન્ન અંગ બની ગઈ. ભારતમાં બ્રિટિશ શૈક્ષણિક સંસ્થાઓ શૈક્ષણિક શ્રેષ્ઠતાની સાથે શારીરિક તંદુરસ્તીને પ્રોત્સાહન આપવા માટે રમતગમતને આવશ્યક માનતી હતી. આ સંસ્થાઓએ સંગઠિત રમતગમત પ્રવૃત્તિઓ દ્વારા નૈતિક ચારિત્રય-નેતૃત્વના ગુણો અને શિસ્તના વિકાસ પર ભાર મૂક્યો છે. જે સંસ્થાનવાદી કાર્યસૂચિ સાથે સુસંગત અને વફાદાર વસ્તીને આકાર આપવાનું હતું.

બોમ્બેમાં સેન્ટ ઝેવિયર્સ કોલેજ, કલકત્તામાં પ્રેસિડેન્સી કોલેજ અને મદ્રાસ ક્રિશ્ચિયન કોલેજ જેવી ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓએ બ્રિટિશ રમતોને લોકપ્રિય બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ સંસ્થાઓએ ક્રિકેટ, ફૂટબોલ અને હોકીને તેમના અભ્યાસક્રમમાં સામેલ કર્યા હતા. જેનાથી તેઓ એકંદર શૈક્ષણિક અનુભવનો ફરજિયાત ભાગ બન્યા હતા. માળખાગત શારીરિક શિક્ષણ કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓને માત્ર આ રમતોના ટેકનિકલ પાસાઓ જે શીખવવામાં આવતા ન હતા. પરંતુ તેમને આવા સમૂહકાર્ય દ્વારા યોગ્ય રમત અને ખંત જેવા મૂલ્યોથી પણ પ્રેરિત કરવામાં આવતા હતા.

### 11.2.3 રમતગમત મંડળો અને સંગઠનોની રચના :

બ્રિટિશકાલિન ભારતમાં રમતગમત મંડળો અને સંગઠનોની સ્થાપનાએ બ્રિટિશ રમતોના સંસ્થાકીયકરણમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. જેનાથી ભારતીય રમત સંસ્કૃતિના વિકાસને એક કાયમી વારસો મળ્યો. આ સંસ્થાઓએ ક્રિકેટ, ફૂટબોલ, પોલો, ટેનિસ અને બેડમિન્ટન જેવી રમતો માટે સંગઠિત સ્પર્ધાત્મક માળખા અને ઔપચારિક નિયમો રજૂ કર્યા હતા. જો કે શરૂઆતના વર્ષોમાં સ્પોર્ટ્સ કલબ ફક્ત યુરોપિયનો અને એંગ્લો-ઈન્ડિયનો માટે જ હતા.

#### 11.2.3.1 પ્રારંભિક ક્રિકેટ મંડળ અને સંઘો :

ક્રિકેટને ઘણીવાર સામ્રાજ્યવાદી વારસો તરીકે ઓળખવામાં આવે છે. તે ભારતમાં ઊંડા મૂળિયા ધરાવતી પ્રથમ બ્રિટિશ રમત હતી. ભારતમાં ક્રિકેટનો પરિચય ભારતીય ઉચ્ચ વર્ગને બ્રિટિશ રિવાજો અને પરંપરાઓમાં સમાવિષ્ટ કરવાના વસાહતી વહીવટીતંત્રના પ્રયાસો સાથે ગાઢ રીતે જોડાયેલો હતો. ૧૯મી સદી દરમિયાન ક્રિકેટકલબ અને સંગઠનોની રચનાએ રમતને સંસ્થાકીય બનાવી. તેના પ્રચાર માટે એક માળખાગત મંચ બનાવ્યું.

### ❖ કલકત્તા ક્રિકેટ કલબ (૧૭૯૨), વસાહતી ક્રિકેટના પ્રણેતા :

૧૭૯૨ માં સ્થપાયેલ કલકત્તા ક્રિકેટ કલબ ભારતનું પ્રથમ અને ઈંગ્લેન્ડની બહારના સૌથી જૂના ક્રિકેટ કલબોમાંનું એક હતું. કોલકાતામાં બ્રિટિશરો દ્વારા સ્થાપિત થયેલી આ કલબ ફક્ત યુરોપિયન ખેલાડીઓ માટે જ સેવા આપતી હતી. જે ભારતમાં બ્રિટિશ રમત સંસ્કૃતિના ઉચ્ચ અને બાકાત સ્વભાવને પ્રતિબિંબિત કરતી હતી. તેનું ઐતિહાસિક મહત્વ હોવા છતાં આ સંસ્થા અંગ્રેજો પૂરતી મર્યાદિત સંસ્થા રહી. જેમાં મૂળ ભારતીયોને ભાગ લેવાથી રોકી દેવામાં આવ્યા. આ કલબે ભારતીય ઉચ્ચ વર્ગને ક્રિકેટથી પરિચિત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી. જેના પરિણામે સ્વદેશી ક્રિકેટ કલબનો વિકાસ થયો.

### ❖ બોમ્બે જીમખાના (૧૮૭૫) સંસ્થાનવાદનું પ્રતિક :

બોમ્બે જીમખાના ૧૮૭૫ માં બોમ્બેમાં સ્થપાયેલ એક વિશિષ્ટ કલબ હતું. જે બ્રિટિશ અધિકારીઓ, સિવિલ સેવકો અને યુરોપિયન ઉચ્ચવર્ગના સભ્યો માટે જ ખુલ્લું હતું. આ કલબ મુખ્યત્વે ક્રિકેટ, લોન ટેનિસ અને પોલો જેવી અગ્રણી રમતોના પ્રચારમાં રોકાયેલી હતી. જો કે બોમ્બે જીમખાનાએ વંશીય અને સામાજિક અલગાવ જાળવી રાખીને ભારતીયોને સભ્યપદથી સખત પ્રતિબંધિત કર્યા હતા. ભારતીયોને ફકત દર્શકો તરીકે અથવા ગૌણ ભૂમિકામાં રમવાની મંજૂરી હતી. પરંતુ તેની ભેદભાવપૂર્ણ નીતિઓએ પારસી અને હિન્દુ ક્રિકેટ કલબની રચનામાં પ્રેરણા આપી.

### ❖ પારસી ક્રિકેટ કલબ (૧૮૪૮) જાતિગત અવરોધો તોડવા માટેનો પ્રયાસ :

પારસી ક્રિકેટ કલબની સ્થાપના ૧૮૪૮ માં સ્વીકારનાર પ્રથમ ભારતીય સમુદાયોમાંનો એક હતો. ક્રિકેટમાં ભાગ લેવા અને ભારતીય ઉચ્ચ વર્ગને સામેલ કરવા માટે કલબની સ્થાપના કરી. પારસી ક્રિકેટકલબે બ્રિટિશ સ્પોર્ટસ કલબની વિશિષ્ટતાને પડકારતાં ભારતીયોને ક્રિકેટમાં ભાગ લેવા માટે મંચ પૂરૂં પાડ્યું. પારસી સમુદાયનો ક્રિકેટ પ્રત્યેનો ઉત્સાહ હિંદુ જીમખાના વિરુદ્ધ પારસી જીમખાના વચ્ચેની ઐતિહાસિક મેચોમાં પ્રગટ થયો. પારસી ક્રિકેટ કલબની સફળતાએ અન્ય ભારતીય સમુદાયોને પણ પ્રેરણા આપી.

### 11.2.3.2 ફૂટબોલ અને હોકી કલબ :

બ્રિટિશ સૈનિકો અને સરકારી કર્મચારીઓ દ્વારા ભારતમાં ફૂટબોલ અને હોકી રજૂ કરવામાં આવી હતી અને ખાસ કરીને બંગાળ, પંજાબ અને બોમ્બે ક્ષેત્રમાં આ રમતો ઝડપથી લોકપ્રિય બની. ફૂટબોલ અને હોકી કલબની સ્થાપનાએ આ રમતોને સંસ્થાકીય માળખું પુંરૂં પાડ્યું. પરંતુ શરૂઆતમાં બ્રિટિશો દ્વારા આ રમતો પર મજબૂત પકડ જાળવવામાં આવી.

❖ **કલકત્તા ફૂટબોલ કલબ ભારતનો પ્રથમ ફૂટબોલ કલબ (૧૮૨૨) :**

કલકત્તા ફૂટબોલ કલબની સ્થાપના ૧૮૭૨ માં કોલકાતામાં બ્રિટિશ અધિકારીઓ દ્વારા કરવામાં આવી હતી. તેણે ભારતના વિવિધ બ્રિટિશ લશ્કરી અને સંસ્થાઓ વચ્ચે ફૂટબોલની સ્પર્ધાઓનું આયોજન કર્યું.

❖ **મોહન બાગન એથ્લેટિક કલબ (૧૮૮૯) રાષ્ટ્રવાદી પ્રેરણાનું પ્રતિક :**

૧૮૮૯ માં સ્થપાયેલ મોહન બાગન એથ્લેટિકકલબ એ ભારતીય ફૂટબોલમાં એક મહત્વપૂર્ણ વળાંક લાવ્યો. મોહનબાગન એ એક પ્રારંભિક ભારતીય ફૂટબોલ કલબ હતું. જે બંગાળી ઉચ્ચ વર્ગ દ્વારા સ્થપાયેલું હતું. ૧૯૧૧ માં મોહનબાગન એથ્લેટિકકલબે ઈસ્ટ વોર્કશાયર દળ સામે ઈન્ડિયન ફૂટબોલ એસોસિએશન પ્રતિયોગીતામાં ઐતિહાસિક વિજય મેળવ્યો. આ વિજય ભારતીય રાષ્ટ્રવાદ માટે પ્રેરણાનું પ્રતીક બની રહ્યો અને બ્રિટિશ શાસન સામે ભારતીય ક્ષમતા અને ગૌરવનું દર્શન કરાવ્યું. મોહનબાગનની સફળતાએ અન્ય ભારતીય ફૂટબોલ કલબોને પ્રોત્સાહન આપ્યું અને બંગાળ અને અન્ય પ્રદેશોમાં ફૂટબોલના વિકાસ માટે મજબૂત પાયો નાખ્યો.

ફૂટબોલ માત્ર એક રમત જ નહોતી. પરંતુ તે રાષ્ટ્રવાદ અને ભારતીય ગૌરવના હથિયાર બની. મોહન બાગનના વિજયે ફૂટબોલને ભારતીય રાષ્ટ્રવાદ સાથે સંકળાવી દીધી. જે બ્રિટિશ શાસન સામેની સંઘર્ષભાવના અને ભારતીય ક્ષમતાનું પ્રતીક બની.

**11.2.3.3 લૉન ટેનિસ અને બેડમિન્ટન કલબનો વિસ્તરણ :**

લૉન ટેનિસ અને બેડમિન્ટન બ્રિટિશ અધિકારીઓ અને સિવિલ સેવકો દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. જેઓ આ રમતોને સામાજિકતા અને મનોરંજન માટે યોગ્ય માનતા હતા. ટેનિસ અને બેડમિન્ટન કલબની રચનાએ આ રમતોને સંસ્થાકીય બનાવી અને તેમના વિકાસમાં ફાળો આપ્યો.

❖ **મદ્રાસ જીમખાના કલબ (૧૮૮૪) :**

૧૮૮૪ માં સ્થપાયેલ મદ્રાસ જીમખાના કલબએ ટેનિસ અને અન્ય રેકેટ રમતોને પ્રોત્સાહન આપ્યું. જેનાથી બ્રિટિશ અધિકારીઓ અને શ્રીમંત ભારતીય પરિવારો આકર્ષાયા. વિશિષ્ટ સભ્યપદ નીતિઓ આ કલબે કડક સભ્યપદ નીતિઓ જાળવી રાખી. જે યુરોપિયનો અને એંગ્લો-ઈન્ડિયનોની તરફેણ કરતી હતી. જ્યારે ભારતીય ખેલાડીઓને ભેદભાવ અને કલબ સુવિધાઓની મર્યાદિત ઉપયોગ મળતો

હતો. સ્પર્ધાત્મક ટેનિસનો પરિચય કબલે આંતર-કલબ ટેનિસ સ્પર્ધાનું આયોજન કર્યું હતું.

❖ **ભારતીય બેડમિન્ટન સંઘની સ્થાપના (૧૮૩૪) :**

ભારતમાં બેડમિન્ટનની વધતી જતી લોકપ્રિયતાને કારણે ૧૮૩૪ માં ભારતીય બેડમિન્ટન સંઘની રચના થઈ. ભારતમાં બેડમિન્ટનના વિકાસનું નિયમન અને દેખરેખ રાખવા અને નિયમો અને સ્પર્ધાઓમાં એકરૂપતા સુનિશ્ચિત કરવા માટે BAI (Badminton Association of India) ની સ્થાપના કરવામાં આવી હતી. ભારતીય ખેલાડીઓ માટે સ્પર્ધાના દરવાજા ખોલ્યા. અગાઉના કલબોથી વિપરીત ભારતીય ભાગીદારીને પ્રોત્સાહન આપ્યું અને બેડમિન્ટનના ભવિષ્યના ભારતીય વર્ચસ્વ માટે મંચ તૈયાર કર્યા.

**11.2.3.4 મૂળ સંગઠનોની ભૂમિકા : સંસ્થાનવાદી વર્ચસ્વને પડકારવું :**

૧૯મી સદીના અંત અને ૨૦મી સદીની શરૂઆતમાં ભારતીય સમુદાયોએ બ્રિટિશ વર્ચસ્વને પડકારવા અને ભારતીય રમતવીરોને શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા માટે મંચ બનાવવા માટે પોતાના રમત સંગઠનો બનાવવાનું શરૂ કર્યું. વધતી રાષ્ટ્રવાદી લાગણીઓ અને સ્વ-પ્રતિનિધિત્વની ઈચ્છાથી પ્રેરિત થઈને ભારતીય ઉચ્ચવર્ગે કલબ અને લીગનું આયોજન કર્યું. જેણે ભારતમાં રમતગમતનું લોકશાહીકરણ કર્યું.

❖ **હિન્દુ જીમખાના અને મુસ્લિમ જીમખાના :**

- હિન્દુ જીમખાના (૧૮૭૮) ભારતીય ક્રિકેટરોને સ્પર્ધા માટે જગ્યા પૂરી પાડવા માટે સ્થાપિત બોમ્બેમાં હિન્દુ જીમખાનાએ સ્વદેશી ક્રિકેટને પ્રોત્સાહન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી.
- મુસ્લિમ જીમખાના (૧૮૯૦) મુસ્લિમ જીમખાનાની રચનાએ ભારતના ક્રિકેટની પૃષ્ઠભૂમિને વધુ વૈવિધ્યસભર બનાવી. જેનાથી વિવિધ સમુદાયોને તેમના એથ્લેટિક કૌશલ્યને વ્યક્ત કરવા માટે એક મંચ મળ્યું.

❖ **અખિલ ભારતીય રમત સંગઠનોનો ઉદ્ભવ :**

- ઓલ ઈન્ડિયા ફુટબોલ ફેડરેશન (AIFF) ૧૯૩૭ એ ભારતમાં ફૂટબોલનું સંચાલન કરવા માટે સ્થાપિત આ સંઘનો હેતુ ભારતીય ફૂટબોલરોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પર્ધા કરવાની તકો પૂરી પાડવાનો હતો.
- ભારતીય ઓલિમ્પિક સંગઠન ૧૯૨૭ એ ઓલિમ્પિક ચળવળમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે રચાયેલ ભારતીય ઓલિમ્પિક સંગઠન એ

આંતરરાષ્ટ્રીય રમતગમત કાર્યક્રમોમાં ભારતની ભાવિ ભાગીદારી માટે પાયો નાખ્યો.

સંસ્થાનિક ભારતમાં રમતગમતમંડળ અને સંગઠનોની સ્થાપનાએ બ્રિટિશરમતોને સંસ્થાકીય બનાવી. તેમના વિકાસ માટે એક માળખાગત વાતાવરણ બનાવ્યું. જ્યારે બ્રિટિશ-નિયંત્રિત કલબોએ વંશીય વિશિષ્ટતા જાળવી રાખી હતી. ત્યારે ભારતીય કલબો અને સંગઠનોની રચનાએ આ વર્ચસ્વને પડકાર્યા અને સ્વદેશી રમતવીરોને ચમકવા માટે એક મંચ પુરૂં પાડ્યું. જેમ જેમ રમતગમતમાં ભારતીય ભાગીદારી વધતી ગઈ. તેમ તેમ આ સંગઠનો પ્રતિકાર અને રાષ્ટ્રવાદી ગૌરવના પ્રતીકો બન્યા. જે આખરે ભારતમાં એક સ્વતંત્ર રમત સંસ્કૃતિના ઉદ્ભવમાં ફાળો આપ્યો.

### 11.2.4 મિશનરીઓ અને સામાન્ય નાગરિકોનો પ્રભાવ :

ભારતમાં બ્રિટિશ રમતોનો પરિચય અને સંસ્થાકીયકરણ ફક્ત લશ્કરી અને વહીવટી પ્રયાસોનું પરિણામ નહોતું. પરંતુ ખ્રિસ્તી મિશનરીઓ અને બ્રિટિશ સિવિલ સેવકોના પ્રભાવથી પણ પ્રેરિત હતું. આ બે જૂથોએ સમગ્ર ભારતમાં ખાસ કરીને ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારોમાં બ્રિટિશ રમતોના પ્રસારમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેમની પ્રેરણા ફક્ત મનોરંજનથી આગળ વધી હતી. કારણ કે તેઓ રમતગમતને સાંસ્કૃતિક વિનિમય, નૈતિક સૂચના અને સામાજિક નિયંત્રણના સાધન તરીકે જોતા હતા.

❖ **ખ્રિસ્તી મિશનરી શાળાઓ ભારતમાં બ્રિટિશ રમતોના પ્રણેતા :**

મુખ્યત્વે જેસુઈટ, એંગ્લિકન અને પ્રોટેસ્ટંટ મિશન દ્વારા સંચાલિત મિશનરી શાળાઓ ભારતમાં બ્રિટિશ રમતો માટે પ્રણેતા તરીકે જોવાય છે. આ શાળાઓ રમતગમતને વિદ્યાર્થીના વિકાસના અભિન્ન ભાગ તરીકે જોતી હતી તથા માનતી હતી કે શારીરિક પ્રવૃત્તિ ભારતીય યુવાનોમાં નૈતિક અને નૈતિક મૂલ્યો સ્થાપિત કરી શકે છે. મિશનરી શાળાઓએ તેમના અભ્યાસક્રમમાં ક્રિકેટ, ફૂટબોલ, હોકી અને એથ્લેટિક્સ જેવી રમતો રજૂ કરી. સેન્ટ ઝેવિયર્સ કોલેજ (બોમ્બે), બિશપ કોટન સ્કૂલ (શીમલા), લા માર્ટિનિયર કોલેજ (કલકત્તા), સેન્ટ પોલ સ્કૂલ (દાર્જિલિંગ) અને મદ્રાસ ક્રિશ્ચિયન કોલેજ જેવી શાળાઓ બ્રિટિશ રમતોમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનારા ભારતીય રમતવીરોના સંવર્ધન માટે સ્થળ બની.

❖ **નૈતિક તાલીમ તરીકે રમતગમત ખ્રિસ્તી મૂલ્યો સ્થાપિત કરવા :**

મિશનરીઓ રમતગમતને માત્ર મનોરંજનના સ્વરૂપ તરીકે જ નહી પરંતુ ખ્રિસ્તી ગુણો અને નૈતિકતાના પશ્ચિમી આદર્શોને કેળવવાના સાધન તરીકે માનતા હતા. સંગઠિત રમતોને પ્રોત્સાહન આપીને તેઓએ ભારતીય યુવાનોમાં વફાદારી, આજ્ઞાપાલન અને ન્યાયીપણા જેવા ગુણો કેળવવાનો પ્રયાસ કર્યો. તેમને વસાહતી શાસન હેઠળ શિસ્ત અને ગુલામીના જીવન માટે તૈયાર કર્યા. મિશનરીઓ માનતા હતા કે ભારતીય યુવાનોને સંરચિત રમતગમત પ્રવૃત્તિઓમાં સામેલ કરવાથી તેમના પાત્રને આકાર આપવામાં મદદ મળશે અને સત્તા અને વંશવેલો માટે આદરની ભાવના વિકસાવવામાં મદદ મળશે. ક્રિકેટ અને ફૂટબોલ જેવી રમતોને ટીમ ભાવના, શિસ્ત અને નિયમો પ્રત્યે આદર કેળવવા માટે સંપૂર્ણ પ્રતિક તરીકે જોવામાં આવતી હતી. રમતગમતમાં સમાવિષ્ટ નૈતિક માળખા દ્વારા મિશનરીઓએ ભારતીયોની એક એવી પેઢી બનાવવાની આશા રાખી હતી. જે ફક્ત ખ્રિસ્તી મૂલ્યોનું પાલન કરશે નહીં પરંતુ બ્રિટિશ સામ્રાજ્ય પ્રત્યે વફાદારી પણ દર્શાવશે. રમતગમતમાં ભાગીદારી ઘણીવાર નાગરિક જવાબદારી અને શાહી વફાદારીની વિભાવનાઓ સાથે જોડાયેલી હતી.

❖ **રમતગમતની જાતિગત ધારણાઓને પ્રોત્સાહન આપવું તથા ભારતીય મહિલાઓની બાદબાકી :**

જ્યારે બ્રિટિશ રમતોને પ્રોત્સાહન આપવાના મિશનરી પ્રયાસો મોટાભાગે ભારતીય છોકરાઓ અને યુવાનો પર કેન્દ્રિત હતા. ત્યારે ભારતીય મહિલાઓને વ્યવસ્થિત રીતે સંગઠિત રમતગમત પ્રવૃત્તિઓમાંથી બાકાત રાખવામાં આવી હતી. મિશનરીઓ શારીરિક પ્રવૃત્તિઓને છોકરીઓ માટે અયોગ્ય માનતા હતા. જે વસાહતી ભારતની રમતગમત સંસ્કૃતિમાં લિંગગત વિભાજનને મજબૂત બનાવે છે. આ બાકાતના લાંબા ગાળાના પરિણામો હતા. જેના કારણે દાયકાઓ સુધી સ્પર્ધાત્મક રમતોમાં મહિલાઓની ભાગીદારી મર્યાદિત રહી.

### 11.2.4. બ્રિટિશ રમતગમતના પ્રચારકો તરીકે સિવિલ સેવકો :

બ્રિટિશ સિવિલ સેવકો ખાસ કરીને જેઓ વહીવટી અને ન્યાયિક ક્ષમતાઓમાં તૈનાત હતા. તેમણે ભારતમાં બ્રિટિશ રમતોને પ્રોત્સાહન અને સંસ્થાકીયકરણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. મિશનરીઓથી વિપરીત જેમનું ધ્યાન મુખ્યત્વે જેસુઈટ,એંન્ગલિકન અને પ્રોટેસ્ટંટ નૈતિક શિક્ષણ પર હતું. સિવિલ સેવકો રમતગમતને ભારતીય ઉચ્ચ વર્ગમાં વફાદારી કેળવવા

અને તેમને વસાહતી વહીવટી માળખામાં એકીકૃત કરવાના સાધન તરીકે જોતા હતા.

❖ **સ્થાનિક ઉચ્ચવર્ગ પર પ્રભાવ તથા વફાદાર વિષયોનો વર્ગ :**

બ્રિટિશ સિવિલ સેવકો દ્વારા ઉપયોગમાં લેવાતી મુખ્ય વ્યૂહરચનાઓની એક એ હતી કે ભારતીય ઉચ્ચવર્ગને વફાદારીને પ્રોત્સાહન આપવા અને તેમને સંસ્થાનવાદી હિતો સાથે જોડાણ કરવાના સાધન તરીકે બ્રિટિશ રમતોમાં જોડવામાં આવે. સ્થાનિક ઉચ્ચવર્ગને બ્રિટિશ રમતો સ્વીકારવા માટે પ્રોત્સાહિત કરીને બ્રિટિશ વહીવટીતંત્ર ભારતીયોનો એક વર્ગ બનાવવાની આશા રાખી હતી. જે શાસકો અને જનતા વચ્ચે મધ્યસ્થી તરીકે કાર્ય કરશે.




**પોલો રમત**

ભારતીય ઉચ્ચ વર્ગમાં બ્રિટિશ રમતોને પ્રોત્સાહન આપવા જે સિવિલ સેવકોએ વિશિષ્ટ કલબ અને સંગઠનો દ્વારા ભારતીય ઉચ્ચ વર્ગને ક્રિકેટ, પોલો, ટેનિસ અને ગોલ્ફ જેવી રમતોમાં ભાગ લેવા આમંત્રણ આપ્યું. સામ્રાજ્યવાદી વહીવટીતંત્રની તરફેણ મેળવવા આતુર ભદ્ર પરિવારોએ આ રમતોને સહેલાઈથી અપનાવી. ઘણીવાર બ્રિટિશ સમકક્ષો સાથે સ્પર્ધા કરવા માટે પોતાના કલબની સ્થાપના કરી.

ભારતીય રમતગમત કલબની રચના બ્રિટિશ અધિકારીઓ દ્વારા પ્રોત્સાહિત થઈને ભારતીય લોકોએ પારસી જીમખાન, હિન્દુ જીમખાના અને મોહમ્મદન સ્પોર્ટિંગ કલબ જેવી કલબની સ્થાપના કરી. આ કલબોએ બંધારણ અને નૈતિકતામાં બ્રિટિશ સંસ્થાઓની નકલ કરી પરંતુ ભારતીય રમતવીરોને તેમની પ્રતિભા દર્શાવવા માટે મંચ પુરૂં પાડ્યું.

❖ **સ્વદેશી પ્રતિભા માટે સમર્થન અને મૂળ આકાંક્ષાઓનો જોડાણ :**

જ્યારે બ્રિટિશ સિવિલ સેવકોનું પ્રાથમિક ધ્યાન બ્રિટિશ રમતોને પ્રોત્સાહન આપવા પર હતું. ત્યારે કેટલાક વહીવટકર્તાઓએ સ્વદેશી પ્રતિભાને પોષવામાં સક્રિય રસ દાખવ્યો. ભારતીય રમતવીરોની ક્ષમતાને ઓળખીને તેઓએ વસાહતી રમતગમતના કાર્યક્રમોમાં તેમની ભાગીદારીને સરળ બનાવી અને સ્પર્ધાત્મક વ્યવસ્થામાં તેમના સમાવેશને પ્રોત્સાહન આપ્યું.

સિવિલ સેવકો ઘણીવાર આશાસ્પદ ભારતીય રમતવીરોને ઓળખતા અને તેમને બ્રિટિશ પ્રભુત્વ ધરાવતી ટુર્નામેન્ટમાં ભાગ લેવાની તક પૂરી પાડતા. આ માર્ગદર્શને ભારતીય રમતવીરોના ઉદ્દભવમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. જેઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે શ્રેષ્ઠ રહ્યા.

### 11.2.4.2 ભારતીય રમતગમતમાં મિશનરીઓ અને સિવિલ સેવકોનો વારસો :

મિશનરી અને સિવિલ સેવકોના સંયુક્ત પ્રયાસોએ ભારતીય રમત સંસ્કૃતિ પર કાયમી વારસો છોડી દીધો. જ્યારે તેમની પ્રેરણા વસાહતની નિયંત્રણ અને સાંસ્કૃતિક સામ્રાજ્યવાદમાં મૂળ હતી. ત્યારે તમેના પ્રયાસોએ અજાણતા ભારતના રમત પુનરૂત્થાનનો પાયો નાખ્યો. બ્રિટિશ રમતોના સંપર્કથી ભારતીયોમાં સ્પર્ધાત્મક રમતો પ્રત્યેનો જુસ્સો પ્રજ્વલિત થયો. જેના પરિણામે સંસ્થાનવાદી સ્પર્ધાઓમાં ભારતીય રમતવીરોની ભાગીદારીથી મેજર ધ્યાનચંદ, સી.કે.નાયડુ અને મોહનબાગનની ફૂટબોલ ટીમના ઉદ્દભવને પ્રેરણા મળી. બ્રિટિશ રમતગમત સંસ્કૃતિના પ્રભાવથી બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈનનન ઈન્ડિયા અને ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન જેવી સંસ્થાઓની રચના થઈ. જેણે ભારતના સ્વતંત્રતા પછીના રમતગમતની ભૂમિકાને આકાર આપવામાં મુખ્ય ભૂમિકા ભજવી. બ્રિટિશ સ્પર્ધકો પર ભારતીય ટીમો અને રમતવીરોની જીત રાષ્ટ્રીય ગૌરવના પ્રતીકો બની ગઈ અને ઘણીવાર સ્વતંત્રતાની શોધમાં ભારતની વધતી જતી શક્તિના રૂપે અર્થઘટન કરવામાં આવતી.

ભારતીય રમતો પર મિશનરીઓ અને સિવિલ સેવકોનો પ્રભાવ ઊંડો અને બહુપક્ષીય હતો. મિશનરીઓ રમતગમતનો ઉપયોગ નૈતિક શિક્ષણ અને સાંસ્કૃતિક આત્મસાત માટે એક સાધન તરીકે કરતા હતા. જો કે આ પ્રયાસોના અણધાર્યા પરિણામો આવ્યા કારણ કે તેઓએ અજાણતા જ એક જીવંત ભારતીય રમતગમત સંસ્કૃતિનો પાયો નાખ્યો.

## 11.3 ભારતમાં લોકપ્રિય બ્રિટિશ રમતો



ગોલ્ફ રમત

ભારતમાં બ્રિટિશ રમતોનો પરિચય ભારતીય સમાજ પર સંસ્થાનવાદી પ્રભાવનું એક નિર્ણાયક લક્ષણ હતું. બ્રિટિશ વહીવટકર્તાઓ, લશ્કરી કર્મચારીઓ અને મિશનરીઓએ વિવિધ પ્રકારની રમતો રજૂ કરી

જે અગાઉ ભારતીય જનતા માટે અજાણ હતી. શરૂઆતમાં આ રમતો ફક્ત વસાહતી વર્ગ સુધી મર્યાદિત હતી. પરંતુ ધીમે ધીમે આ રમતોએ મૂળ ભારતીયોમાં લોકપ્રિયતા મેળવી. જેના કારણે સ્વદેશી ક્લબ, ટીમો અને સંગઠનોની રચના થઈ.

૧૯મી સદીના અંત અને ૨૦મી સદીની શરૂઆતમાં આ રમતો ભારતના સામાજિક અને સાંસ્કૃતિક માળખાનો એક અભિન્ન ભાગ બની ગઈ. ક્રિકેટ, હોકી, ફૂટબોલ, પોલો, ટેનિસ, બેડમિન્ટન અને ગોલ્ફ જેવી બ્રિટિશ-પ્રેરિત રમતોમાંની ઘણી રમતોએ માત્ર ખૂબ જ લોકપ્રિયતા મેળવી નહી પરંતુ સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન ભારતીય પ્રતિકાર અને રાષ્ટ્રવાદના પ્રતીકો પણ બની. બ્રિટિશ ભારતમાં આ રમતોના ઉત્ક્રાંતિ, સંસ્થાકીયકરણ અને સ્વદેશીકરણનું બળ બન્યું છે.

**11.3.1 ક્રિકેટ, એક વસાહતી વારસો :**

ક્રિકેટ જેને ઘણીવાર "સજ્જનોની રમત" તરીકે ગણવામાં આવે છે. તે ભારતમાં બ્રિટિશરો દ્વારા છોડવામાં આવેલો સૌથી ટકાઉ વસાહતી વારસો છે.ભારતમાં તૈનાત બ્રિટિશ પ્રવાસીઓ અને લશ્કરી અધિકારીઓના મનોરંજન તરીકે જે શરૂ થયું હતું. તે આખરે ભારતીય સંસ્કૃતિનો એક અભિન્ન અંગ બની ગયું. જે રાષ્ટ્રીય ગૌરવ અને ઓળખના પ્રતીક તરીકે વિકસિત થયું. બ્રિટિશરો દ્વારા ક્રિકેટનો પરિચય ફક્ત રમતગમતની ઘટના જ નહી પરંતુ એક રાજકીય અને સામાજિક સાધન પણ હતું. જેણે વસાહતી શક્તિ ગતિશીલતાને મજબૂત બનાવી.

❖ **ભારતમાં ક્રિકેટનો ફેલાવો ત્રણ તબક્કાના માર્ગને અનુસર્યો :**

૧૮મી સદીના મધ્યથી ૧૯મી સદીના મધ્ય સુધી જે બ્રિટિશ પ્રવાસીઓ અને એંગ્લો-ઈન્ડિયન ઉચ્ચ વર્ગ સુધી મર્યાદિત.

૧૯મી સદીના મધ્યથી અંત સુધી કે જેમાં ભારતીય ઉચ્ચ વર્ગ ખાસ કરીને પારસીઓ ધીમે ધીમે જોડાયા.

૨૦મી સદીની શરૂઆતમાં કે જેમાં ભારતીયો દ્વારા વ્યાપક ભાગીદારી, રમતને રાષ્ટ્રવાદ અને પ્રતિકાર માટે એક મંચમાં રૂપાંતરિત કરતી.

**11.3.1.1 ક્રિકેટ ક્લબની સ્થાપના :**

૧૯મી સદીની શરૂઆતમાં ભારતમાં ક્રિકેટ ક્લબની સ્થાપના એક વિશિષ્ટ પ્રયાસ હતો. જેનો ઉદ્દેશ્ય બ્રિટિશ રહેવાસીઓને તેમના ઘરના જીવનની યાદ અપાવી પરિચિત મનોરંજન પ્રવૃત્તિ પૂરી પાડવાનો હતો. કલકત્તા ક્રિકેટ ક્લબ (૧૭૯૨) જે

કલકત્તામાં સ્થાપિત આ ભારતની પ્રથમ અને ઈંગ્લેન્ડની બહારનો સૌથી જૂનો ક્રિકેટ ક્લબ હતી. તે મુખ્યત્વે બ્રિટિશ વિદેશીઓ અને વસાહતી વહીવટકર્તાઓને સેવા આપતી હતી. મદ્રાસ ક્રિકેટ ક્લબ (૧૮૪૮) એ દક્ષિણ ભારતના સૌથી જૂના ક્લબોમાંનો એક મદ્રાસમાં તૈનાત બ્રિટિશ અધિકારીઓને માટે સ્થાપિત. બોમ્બે જીમખાના (૧૮૭૫) માં બોમ્બેમાં સ્થાપિત આ ચુનંદા ક્લબે ક્રિકેટ, ટેનિસ અને અન્ય બ્રિટિશ રમતોને પ્રોત્સાહન આપ્યું. જો કે ૨૦મી સદીની શરૂઆત સુધી મૂળ ભારતીયોને સભ્યપદથી પ્રતિબંધિત કરવામાં આવ્યા હતા.

આ કલબોની વિશિષ્ટતાએ ભારતીય ક્રિકેટમાં બેવડું માળખું બનાવ્યું. યુરોપિયન કલબ વિરુદ્ધ ભારતીય કલબ ક્રિકેટ કલબો સત્તા અને નિયંત્રણના કેન્દ્રો તરીકે કાર્ય કરતી હતી. જ્યારે ભારતીય સમુદાયોએ ધીમે ધીમે સંસ્થાનવાદી વર્ચસ્વને પડકારવા માટે પોતાની સંસ્થાઓ બનાવી.

**11.3.1.2 પારસી ક્રિકેટ અને બોમ્બે ચતુર્ભુજ :**

મુંબઈના પારસી સમુદાય ક્રિકેટને અપનાવનાર પ્રથમ ભારતીય સમુદાય હતો. જે આ રમતમાં સ્થાનિક ભાગીદારીની શરૂઆત દર્શાવે છે. બ્રિટિશ પ્રથાઓથી પ્રેરિત અને વસાહતી ઉચ્ચ વર્ગ સાથે જોડાવા માટે ઉત્સુક પારસીઓ ક્રિકેટને વસાહતી સમાજમાં સામાજિક સ્વીકૃતિ અને કાયદેસરતા મેળવવા માટે ઉપયોગી સાધન તરીકે જોતા હતા. પારસી જીમખાના (૧૮૮૪) ની રચના ભારતીય ક્રિકેટ ઈતિહાસમાં એક ઐતિહાસિક ક્ષણ હતી. જેના કારણે પારસી સમુદાયને એવી રમતમાં ભાગ લેવાની મંજૂરી મળી જે અગાઉ યુરોપિયનો દ્વારા એકાધિકાર ધરાવતી હતી. પારસીઓએ ઝડપથી રમતમાં નિપુણતા મેળવી. જેના કારણે બ્રિટિશ ટીમો સામે સ્પર્ધાત્મક મેચો થઈ. જેણે વ્યાપક ભારતીય ભાગીદારીનો પાયો નાખ્યો.

ભારતીય ક્રિકેટમાં એક મહત્વપૂર્ણ ઘટના બોમ્બે ચતુષ્કોણીય (૧૯૧૨) હતું. જે મૂળ બોમ્બે ત્રિકોણીય (૧૮૮૯) તરીકે ઓળખાતું હતું. આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટમાં વિવિધ સમુદાયો – યુરોપિયનો, પારસીઓ, હિન્દુઓ અને મુસ્લિમોનું પ્રતિનિધિત્વ કરતી ટીમોનો સમાવેશ થતો હતો. જ્યાં મેચ સમુદાયના ગૌરવ અને ઓળખની અભિવ્યક્તિ બની હતી. જેમાં ચતુર્ભુજની સાંપ્રદાયિક વિભાજનને મજબૂત બનાવવા માટે ટીકા કરવામાં આવી હતી. તેમ છતાં તેણે ભારતીય ક્રિકેટરોને તેમની પ્રતિભા દર્શાવવા અને વસાહતી શ્રેષ્ઠતાને પડકારવા માટે એક મંચ પૂરૂં પાડ્યું.

**11.3.1.3 મૂળ ભાગીદારીનો વિકાસ :**

૨૦મી સદીની શરૂઆતમાં ક્રિકેટ ફક્ત વસાહતી કલબ અને જીમખાના સુધી મર્યાદિત ન રહ્યું. સ્વદેશી કલબોની રચના અને પ્રતિભાશાળી ભારતીય ક્રિકેટરોના ઉદભવ સાથે ક્રિકેટમાં મૂળ ભારતીયોની ભાગીદારી નોંધપાત્ર રીતે વધી. મુસ્લિમ સમુદાય દ્વારા કલકત્તામાં મોહમ્મદન સ્પોર્ટિંગ કલબની સ્થાપનાએ મૂળ સમુદાયોમાં ક્રિકેટના પ્રસારમાં ફાળો આપ્યો. પારસી જીમખાનાની સફળતાથી પ્રેરિત થઈને હિન્દુ જીમખાનાની રચના ક્રિકેટમાં હિન્દુઓની ભાગીદારીને સક્ષમ બનાવવા માટે કરવામાં આવી. આ વિકાસ ભારતમાં ક્રિકેટના લોકશાહીકરણને દર્શાવે છે. તથા બાકાત રાખવાના અવરોધોને તોડી નાખે છે અને રમતમાં વ્યાપક પ્રવેશને સરળ બનાવે છે. ભારતીય ક્રિકેટમાં એક નિર્ણાયક ક્ષણ ૧૮૮૯ માં આવી. જ્યારે એક અખિલ ભારતીય ટીમ જેમાં મોટાભાગે પારસી ખેલાડીઓનો સમાવેશ થાય છે. એ ખૂબ જ પ્રસિદ્ધ મેચમાં બોમ્બે જીમખાનાને હરાવ્યું. આ વિજય ફક્ત એથ્લેટિક વિજય નહોતો પરંતુ ક્રિકેટના મેદાન પર બ્રિટિશ શ્રેષ્ઠતા માટે પ્રતીકાત્મક પડકાર હતો. તેણે ભારતીય ક્રિકેટરોનું મનોબળ વધાર્યું અને રાષ્ટ્રવાદી ભાવના જગાવી જે ભવિષ્યની પેઢીઓને પ્રેરણા આપશે.

**11.3.1.4 ભારતીય ક્રિકેટરો અને રાષ્ટ્રવાદનો ઉદય :**

ક્રિકેટમાં ભારતીયોની વધતી ભાગીદારીએ સામ્રાજ્યવાદી વર્ચસ્વને પડકારનારા ભારતીય ક્રિકેટના ઉદ્ભવનો માર્ગ મોકળો કર્યો. ભારતના પ્રથમ ક્રિકેટ દિગ્ગજોમાંના એક પાલવણકર બાલુ ૨૦મી સદીની શરૂઆતમાં અગ્રણી બોલર બન્યા. બાલુની સફળતાએ સામાજિક વંશવેલોને પડકાર્યા અને દર્શાવ્યું કે પ્રતિભા જાતિ અને વસાહતી પૂર્વગ્રહની કઠોર સીમાઓને પાર કરી. તેવી જ રીતે વિજય મર્ચન્ટ અને સી.કે.નાયડુ જેવા ક્રિકેટના દિગ્ગજોએ મહત્વ મેળવ્યું. આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતીય પ્રતિભાનું પ્રદર્શન કર્યું અને ભારતને ટેસ્ટ ક્રિકેટમાં પ્રવેશ માટે તૈયાર કર્યું.

**11.3.1.5.ભારતીય રાષ્ટ્રવાદ અને ક્રિકેટ પ્રતિકારના સાધન તરીકે :**

જેમ જેમ ક્રિકેટ મૂળ ભારતીયોમાં લોકપ્રિય બન્યું. તેમ તેમ તે બ્રિટિશ સંસ્થાનવાદ સામે પ્રતિકારનું માધ્યમ બન્યું. બ્રિટિશ સમકક્ષો પર ભારતીય ટીમોના વિજયને સંસ્થાનોમાં જુલમ સામે પ્રતીકાત્મક વિજય તરીકે ઉજવવામાં આવતો હતો. બોમ્બે ચતુર્ભુજ અને અન્ય સાંપ્રદાયિક સ્પર્ધાએ સમુદાય ગૌરવની ભાવનાને વેગ આપ્યો. જ્યારે ભારતીયોને જાતિ અને ધાર્મિક રેખાઓથી દૂર રાખીને એકતા પણ આપી. આ રમત એક અહિંસક માર્ગ પૂરી પાડતી હતી. જેના દ્વારા ભારતીયો બ્રિટિશ

વર્ચસ્વને પડકારી શકતા હતા અને અંગ્રેજી વ્યવસ્થામાં પોતાનું સ્થાન સ્થાપિત કરી શકતા હતા.

જો કે મહાત્મા ગાંધી શરૂઆતમાં ક્રિકેટના ટીકાકાર હતા. તેને વસાહતી વિક્ષેપ તરીકે જોતા હતા. ભારતીય ક્રિકેટરોએ બ્રિટિશ શ્રેષ્ઠતાને પડકારવા અને ભારતીય સ્વ-મૂલ્યનો દાવો કરવા માટે રમતનો ઉપયોગ કર્યો. ગાંધીજીના ક્રિકેટ પ્રત્યેના દ્વિધાભર્યા વલણે ધીમે ધીમે રાષ્ટ્રીય એકતાને પ્રોત્સાહન આપવાની તેની ક્ષમતાની સમજણ આપી. ૧૯૩૦ ના દાયકા સુધીમાં ક્રિકેટ ભારતીય આકાંક્ષા અને પ્રતિકારનું પ્રતીક બની ગયું હતું. ૧૯૩૨ માં એક સીમાચિહ્નરૂપ ક્ષણ આવી. જ્યારે ભારતે લોર્ડસ ખાતે ઈંગ્લેન્ડ સામે તેની પ્રથમ ટેસ્ટ મેચ રમી. જે આંતરરાષ્ટ્રીય ક્રિકેટની ઉચ્ચ દુનિયામાં ભારતનો પ્રવેશ દર્શાવે છે. આ મેચ ફક્ત રમતગમતની ઘટના જ નહોતી. તે સમાનતાનું પ્રતીકાત્મક નિવેદન હતું.

### 11.3.2 હોકી : અંગ્રેજી સંસ્થાનિક મેદાનોથી આંતરરાષ્ટ્રીય ખ્યાતિ સુધી :

બ્રિટિશ સંસ્થાનિક શાસનનો બીજો એક કાયમી વારસો હોકી વૈશ્વિક મંચ પર ભારતીય શ્રેષ્ઠતાના પ્રતીક તરીકે ઉભરી આવ્યો. બ્રિટિશ સૈનિકો અને સનદી અધિકારીઓ દ્વારા રજૂ કરાયેલ. હોકી શરૂઆતમાં લશ્કરી છાવણીઓ અને યુરોપિયન કલબો સુધી મર્યાદિત હતી. જો કે સમય જતાં આ રમત સમગ્ર ભારતમાં ફેલાઈ ગઈ. જેમાં સ્થાનિક ખેલાડીઓએ રમતમાં નિપુણતા મેળવી અને અંતે આંતરરાષ્ટ્રીય હોકી ક્ષેત્ર પર પ્રભુત્વ મેળવ્યું.

### 11.3.2.1 ભારતમાં હોકીનો ઉદ્ભવ :

ભારતમાં હોકીની ઉત્પત્તિ ૧૯મી સદીના મધ્યમાં થઈ. જ્યારે બ્રિટિશ સૈનિકોએ લશ્કરી છાવણીઓ અને ગેરિસનમાં મનોરંજન પ્રવૃત્તિ તરીકે આ રમત શરૂ કરી. કલકત્તા, બોમ્બે અને મદ્રાસ જેવા ભારતીય શહેરોમાં હોકી લોકપ્રિયતા મેળવી હતી. જ્યાં બ્રિટિશ અધિકારીઓ કલબના મેદાનમાં રમતા હતા અને સ્થાનિક ભાગીદારોને પ્રોત્સાહન આપતા હતા. કલકત્તા હોકી કલબ (૧૮૮૫) ભારતમાં સ્થાપિત સૌથી પહેલા હોકી કલબોમાંની એક હતી.

હોકીની લોકપ્રિયતા બ્રિટિશ અધિકારીઓથી આગળ વધી. ધીમે ધીમે ભારતીય ઉચ્ચ વર્ગ અને વિદ્યાર્થીઓમાં રસ આકર્ષિત થયો. બ્રિટિશ મિશનરીઓ દ્વારા સંચાલિત શાળાઓ અને કોલેજોએ તેમના શારીરિક શિક્ષણ અભ્યાસક્રમમાં હોકીનો સમાવેશ કર્યો. જેનાથી ભારતીય વિદ્યાર્થીઓ તેમની કુશળતા વિકસાવવા અને રમત પ્રત્યે સંપર્કમાં આવ્યા. કલકત્તામાં મોહમ્મદન સ્પોર્ટિંગ કલબની સ્થાપના

અને સ્થાનિક સંગઠનો દ્વારા હોકીના પ્રચારએ રમત પ્રત્યે સ્થાનિક ભાગીદારી અને ઉત્સાહને પ્રોત્સાહન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી.

૨૦મી સદીની શરૂઆતમાં હોકીએ ભારતમાં મજબૂત સ્થાન મેળવ્યું હતું. જેમાં ભારતીય ખેલાડીઓએ નોંધપાત્ર પ્રતિભા અને કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું.

### 11.3.2.2 વૈશ્વિક ક્ષેત્રમાં ભારતીય હોકી ટીમોનું વર્ચસ્વ :



એન્સ્ટર્ડેમ ઓલિંપિક

આંતરરાષ્ટ્રીય હોકીમાં ભારતનું પ્રભુત્વ ૨૦મી સદીની શરૂઆતમાં શરૂ થયું અને ઘણા દાયકાઓ સુધી ચાલુ રહ્યું. જેના કારણે દેશ રમતમાં એક વૈશ્વિક શક્તિકેન્દ્ર તરીકે સ્થાપિત થયો. ૧૯૨૮ માં વળાંક આવ્યો. જ્યારે ભારતે એન્સ્ટર્ડેમ ઓલિમ્પિકસમાં ભાગ લીધો અને હોકીમાં તેનો પ્રથમ ભારતીય હોકીનો સુવર્ણયુગ ઓલિમ્પિક ગોલ્ડ મેડલ જીત્યું. આ વિજયથી વિશ્વ હોકીમાં ભારતની અપ્રતિમ સર્વોપરિતાનો આરંભ થયો.

૧૯૨૮ અને ૧૯૫૬ ની વચ્ચે ભારતની હોકી ટીમે સતત છ ઓલિમ્પિક ગોલ્ડમેડલ જીત્યા. જે રમતના ઈતિહાસમાં અજોડ સિદ્ધિ હતી. ભારતીય ટીમની સફળતા રમતની એક અનોખી શૈલી દ્વારા દર્શાવવામાં આવી હતી. જેમાં શ્રેષ્ઠ સ્ટીકવર્ક, ચપળતા અને અસાધારણ બોલ નિયંત્રણનો સમાવેશ થતો હતો. ધ્યાનચંદ, રૂપસિંહ, લેસ્લી ક્લાઉડિયસ અને બલબીર સિંહ સિનિયર જેવા ભારતીય ખેલાડીઓ ઘર-ઘરમાં નામના મેળવીને વૈશ્વિક સ્તરે ઓળખ અને પ્રશંસા મેળવી.

❖ **ધ્યાનચંદ : હોકીના જાદુગર :**




મેજર ધ્યાનચંદ

ભારતીય હોકીમાં સૌથી પ્રતિષ્ઠિત મેજર ધ્યાનચંદ હતા. તેમની અસાધારણ કુશળતા અને રમતમાં અપ્રતિમ નિપુણતાએ તેમને "હોકીના જાદુગર" બિરૂદ આપ્યું. ધ્યાનચંદે ૧૯૨૮ (એમ્સ્ટરડેમ), ૧૯૩૨ (લોસ એન્જલસ) અને ૧૯૩૬ (બર્લિન) માં ભારતને સતત ત્રણ ઓલિમ્પિક સુવર્ણચંદ્રકો અપાવ્યા. તેમના આકર્ષક પ્રદશર્ન ખાસ કરીને

૧૯૩૬ ના બર્લિન ના ઓલિમ્પિક્સમાં જ્યાં ભારતે ફાઈનલમાં જર્મનીને ૮-૧ થી હરાવ્યું હતું. તે રમતગમતના ઈતિહાસમાં અંકિત છે. ધ્યાનચંદની જાદુઈ હોકી કળા અને દોષરહિત ગોલ-સ્કોર ક્ષમતાઓએ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા અને ભારતનો વિશ્વ હોકીમાં નિર્વિવાદ નેતૃત્વ તરીકે સ્થાપિત કર્યું.

❖ **ભારતીય હોકીનો સુવર્ણ યુગ (૧૯૨૮-૧૯૫૬) :**

૧૯૨૮ થી ૧૯૫૬ ના સમયગાળાને ઘણીવાર "ભારતીય હોકીનો સુવર્ણ યુગ" તરીકે ઓળખવામાં આવે છે. જે દરમિયાન ભારતનું વર્ચસ્વ અજોડ હતું. ભારતીય ટીમે જીત મેળવી હતી.

- ૧૯૨૮ એમ્સ્ટરડેમ ઓલિમ્પિકસમાં ભારતે ફાઈનલમાં નેધરલેન્ડસને ૩-૦ થી હરાવ્યું. જેનાથી વૈશ્વિક હોકી ક્ષેત્રમાં પ્રવેશ થયો.
- ૧૯૩૨ લોસ એન્જલસ ઓલિમ્પિકસમાં ભારતે ૨૪-૧ થી વિજય સાથે યુનાઈટેડ સ્ટેટસને હરાવ્યું. ઓલિમ્પિક ફાઈનલમાં સૌથી વધુ અંતરથી વિજયનો વિશ્વ રેકોર્ડ બનાવ્યો.
- ૧૯૩૬ બર્લિન ઓલિમ્પિકથી ભારતે જર્મનીને ૮-૧ થી હરાવીને ગોલ્ડ મેડલ જીત્યો. આ મેચ એડોલ્ફ હિટલરના સાક્ષી તરીકે રમાઈ હતી. જે ધ્યાનચંદના પ્રદર્શનથી એટલા પ્રભાવિત થયા હતા કે તેમણે તેમને જર્મન સેનામાં પદ આપવાની ઓફર કરી હતી. જો કે ધ્યાનચંદે આ પ્રસ્તાવ નકારી કાઢ્યો હતો.
- ૧૯૪૮ લંડન ઓલિમ્પિકસ કે જેમાં સ્વતંત્રતા પછી ભારતે ફાઈનલમાં ગ્રેટ બ્રિટનને ૪-૦ થી હરાવીને પોતાની સર્વોપરિતા ફરીથી સ્થાપિત કરી. એક પ્રતીકાત્મક જીત જે નવા સ્વતંત્ર ભારતમાં ઊંડે સુધી ગુજતી રહી.
- ૧૯૫૨ હેલસિકી ઓલિમ્પિક્સમાં પણ ભારતે ફાઈનલમાં નેધરલેન્ડસને ૬-૧ થી હરાવીને ગોલ્ડ મેડલ જાળવી રાખ્યો.
- ૧૯૫૬ મેલબોર્ન ઓલિમ્પિક્સ વખતે ભારત ફાઈનલમાં પાકિસ્તાન પર ૧-૦ થી વિજય મેળવીને સતત છઠ્ઠો ઓલિમ્પિક ગોલ્ડ મેડલ જીત્યું.

❖ **૨૦મી સદીના અંતમાં પડકારો અને પતન :**

૨૦મી સદીના પહેલા ભાગમાં ભારતનું વર્ચસ્વ હોવા છતાં રમતના નિયમોમાં ફેરફાર, કૃત્રિમ ઘાસનો પરિચય અને



**બર્લિન ઓલમ્પિક**

- ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ, કોલકાતા-અત્યાધુનિક નૌકાદળ અને વાણિજ્યિક જહાજોના નિર્માણ માટે જાણીતું છે.
- કોચીન શિપયાર્ડ કોચી - મોટા વેપારી જહાજો અને ઓફશોર પ્લેટફોર્મ બનાવવા માટે જવાબદાર.
- હિન્દુસ્તાન શિપયાર્ડ લિમિટેડ વિશાખાપટ્ટનમ - સંરક્ષણ અને વાણિજ્યિક જહાજોના નિર્મામાં રોકાયેલ.
- ગોવા શિપયાર્ડ લિમિટડ ગોવા - ઝડપી પેટ્રોલ જહાજો અને અન્ય વ્યૂહાત્મક જહાજોના નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

આ જાહેર ક્ષેત્રના ઉપક્રમો એ ભારતના નૌકાદળના કાફલાના નિર્માણમાં મહતવપૂર્ણ ભૂમિકા ભજવી છે. ભારતીય નૌકાદળ મો ફ્રિગેટ્સ, વિનાશકો અને સબમરીનના નિર્માણમાં ફાળો આપ્યો છે.

❖ **આધુનિકીકરણ અને તકીની પ્રગતિ :**

વર્ષોથી ભારતના જહાજનિર્માણ ઉદ્યોગે તેની ક્ષમતાઓ વધારવા માટે તકનીકી પ્રગતિ અપનાવી છે. કમ્પ્યુટર-એઈડેડ ડિઝાઈન અને કમ્પ્યુટર-એઈડેડ મેન્યુફેક્ચરિંગ અપનાવવાથી જહાજ ડિઝાઈન અને બાંધકામમાં ચોક્સાઈ અને કાર્યક્ષમતામાં સુધારો થયો છે. ઓટોમેશન અને રોબોટિક્સે ઉત્પાદન પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરી છે. બાંધકામનો સમય ઘટાડ્યો છે અને જહાજોની ગુણવત્તામાં સુધારો કર્યો છે.

સ્વદેશી સંરક્ષણ ક્ષમતાઓ વિકસાવવા પર ભારતનું ધ્યાન કેન્દ્રિત કરવાથી સ્ટીલ્થ ડિસ્ટ્રોયર્સ, મિસાઈલ ફ્રિગેટ્સ અને પરમાણુ સબમરીન જેવા ટેકનોલોજીકલી અદ્યતન પ્લેટફોર્મનું નિર્માણ થયું છે. ભારતના પ્રથમ સ્વદેશી વિમાનવાહક જહાજ, INS વિક્રાંતનું સફળ સમાપન, ભારતની

જટિલ નૌકાદળ પ્લેટફોર્મને સ્વતંત્ર રીતે ડિઝાઈન અને બનાવવાની ક્ષમતાને પ્રકાશિત કરે છે.

❖ **ખાનગી ક્ષેત્ર અને જાહેર-ખાનગી ભાગીદારીનો ઉદ્ભવ :**

તાજેતરના વર્ષોમાં ખાનગી ક્ષેત્ર ભારતના જહાજનિર્માણ ઉદ્યોગમાં નોંધપાત્ર ફાળો આપનાર તરીકે ઉભરી આવ્યું છે. લાર્સન એન્ડ ટુબ્રો અને રિલાયન્સ નેવલ એન્ડ એન્જિનિયરિંગ લિમિટેડ જેવી અગ્રણી ખાનગી ક્ષેત્રની કંપનીઓએ ભારતની જહાજનિર્માણ ક્ષમતાઓને વધારવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. જાહેર-ખાનગી ભાગીદારી પર સરકારના ભારને કારણે જાહેર ક્ષેત્રના શિપયાર્ડસ અને ખાનગી કંપનીઓ વચ્ચે સહયોગ સરળ બન્યો છે. જેનાથી ભારત મહત્વપૂર્ણ સંરક્ષણ સંપત્તિઓ પર નિયંત્રણ જાળવી રાખીને ખાનગી ક્ષેત્રની કુશળતાનો લાભ લઈ શકે છે.

## 12.3 સરકારી પહેલો અને નીતિગત સુધારાઓ

### 12.3.1રાષ્ટ્રીય જહાજનિર્માણ નીતિ (NSP) 2006 અને તેની અસર :

રાષ્ટ્રીય જહાજનિર્માણ નીતિ ૨૦૦૬ એ ભારત સરકાર દ્વારા દેશના જહાજનિર્માણ ઉદ્યોગને પુનર્જિવિત અને આધુનિક બનાવવા માટે રજૂ કરાયેલ એક મહત્વપૂર્ણ પહેલ હતી. આ નીતિ સ્થાનિક જહાજનિર્માણ અને સમારકામ સુવિધાઓને પ્રોત્સાહન આપવા માટે બનાવવામાં આવી હતી. જે ભારતને દરિયાઈ ક્ષેત્રમાં વૈશ્વિક ખેલાડી તરીકે સ્થાન આપે છે. તેનો ઉદ્દેશ્ય જાહેર અને ખાનગી બંને ક્ષેત્રની સંસ્થાઓ માટે સક્ષમ વાતાવરણ બનાવવાનો હતો. તકનીકી પ્રગતિને પ્રોત્સાહન આપવાનો હતો અને વૈશ્વિક જહાજનિર્માણ બજારમાં ભારતની સ્પર્ધાત્મકતા વધારવાનો હતો.

❖ **NSP 2006 ના ઉદ્દેશ્યો :**



કોચીન શીપયાર્ડ

રાષ્ટ્રીય જહાજનિર્માણ નીતિનો પ્રાથમિક ઉદ્દેશ્ય ભારતીય શિપયાર્ડસમાં વાણિજ્યિક અને સંરક્ષણ જહાજોના નિર્માણને પ્રોત્સાહન આપીને સ્વદેશી જહાજનિર્માણ ક્ષમતાઓને વધારવાનો હતો. તેમાં વિદેશી-નિર્મિત જહાજો પર નિર્ભરતા ઘટાડવા અને દરિયાઈ માળખાગત

સુવિધાઓમાં ભારતની સ્વ-નિર્ભરતા વધારવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. બીજો મુખ્ય ઉદ્દેશ્ય સ્ટીલ, ઈલેક્ટ્રોનિક્સ અને દરિયાઈ સાધનો ઉત્પાદન જેવા સહાયક ઉદ્યોગોના વિકાસને પ્રોત્સાહન આપીને રોજગારીનું સર્જન કરવાનો હતો. આ નીતિમાં પ્રોત્સાહનો આપીને અને આંતરરાષ્ટ્રીય બજારોમાં પ્રવેશને સરળ બનાવીને ભારતીય જહાજોના નિકાસને પ્રોત્સાહન આપવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

❖ **મુખ્ય જોગવાઈઓ અને પ્રોત્સાહનો :**

આ ઉદ્દેશ્યો હાંસલ કરવા માટે નીતિએ સ્થાનિક શિપયાર્ડસ માટે અનેક પ્રોત્સાહનો અને સહાયક પગલાં રજૂ કર્યા. સૌથી મહત્વપૂર્ણ જોગવાઈઓમાંની એક ભારતીય શિપયાર્ડસ દ્વારા હાથ ધરવામાં આવેલા શિપબિલ્ડિંગ પ્રોજેક્ટ્સ માટે ૩૦% મૂડી સબસિડીની રજૂઆત હતી. આ નાણાકીય સહાયનો ઉદ્દેશ્ય ઉત્પાદન ખર્ચ ઘટાડવા અને વૈશ્વિક બજારમાં ભારત નિર્મિત જહાજોની સ્પર્ધાત્મકતા વધારવાનો હતો. વધુમાં નીતિએ શિપબિલ્ડિંગ કંપનીઓને કર લાભો અને મુક્તિઓ પ્રદાન કરી, ખાનગી ક્ષેત્રની ભાગીદારી અને ઉદ્યોગમાં વિદેશી સીધા રોકાણને પ્રોત્સાહન આપ્યું.

❖ **NSP 2006 ની અસર :**

રાષ્ટ્રીય જહાજનિર્માણ નીતિના અમલીકરણથી ભારતના શિપબિલ્ડિંગ ઉદ્યોગ પર ઊંડી અસર પડી. મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ (MDL), ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ (GRSE), કોચીન શિપયાર્ડ લિમિટેડ (CSL), અને હિન્દુસ્તાન શિપયાર્ડ લિમિટેડ (HSL) જેવા જાહેર ક્ષેત્રના શિપયાર્ડસે તેમની ઉત્પાદન ક્ષમતાનો વિસ્તાર કર્યો અને અદ્યતન યુદ્ધ જહાજો અને સબમરીનનો સમાવેશ કરવા માટે તેમના પોર્ટફોલિયોમાં વૈવિધ્યીકરણ કર્યું. આ નીતિએ ખાનગી ક્ષેત્રની ભાગીદારી માટે પણ માર્ગ મોકળો કર્યો. જેમાં લાર્સન એન્ડ ટુબ્રો અને રિલાયન્સ નેવલ એન્ડ એન્જિનિયરિંગ લીમીટેડ જેવી કંપનીઓએ શિપબિલ્ડિંગ ક્ષેત્રમાં પ્રવેશ કર્યો અને ટેકનોલોજીકલ રીતે અદ્યતન જહાજોના નિર્માણમાં યોગદાન આપ્યું.

ભારતની નિકાસ ક્ષમતા વધારવા પર નીતિનું ધ્યાન કેન્દ્રિત કરવાથી ભારતીય નિર્મિત જહાજોના નિકાસમાં વધારો થયો. જેના કારણે વિદેશી હૂંડિયામણની કમાણીમાં વધારો થયો. જો કે, આ સિદ્ધિઓ છતાં પ્રોજેક્ટ અમલીકરણમાં વિલંબ, નાણાકીય અવરોધો અને સ્થાપિત વૈશ્વિક જહાજ નિર્માતા તરફથી સ્પર્ધા જેવા પડકારોએ નીતિની એકંદર સફળતાને

મર્યાદિત કરી. જ્યારે રાષ્ટ્રીય જહાજનિર્માણ નીતિએ જહાજનિર્માણ ઉદ્યોગના વિકાસ માટે મજબૂત પાયો નાખ્યો. ત્યારે પછીના વર્ષોમાં વધુ નીતિગત સુધારા અને સતત સરકારી સમર્થનની જરૂરિયાત સ્પષ્ટ થઈ.

### 12.3.2 મેક ઈન ઈન્ડિયા, સાગરમાલા પ્રોજેક્ટ અને મેરીટાઈમ ઈન્ડિયા વિઝન ૨૦૩૦ ની ભૂમિકા :

❖ **મેક ઈન ઈન્ડિયા પહેલ અને જહાજનિર્માણ પર તેની અસર :**



મેક ઈન ઈન્ડીયા

૨૦૧૪ માં શરૂ કરાયેલ મેક ઈન ઈન્ડિય્ય પહેલ એક પરિવર્તનકારી નીતિ હતી જેનો હેતુ જહાજનિર્માણ સહિત વિવિધ ક્ષેત્રોમાં સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવાનો હતો. આ પહેલનો હેતુ આયાત પર નિર્ભરતા ઘટાડવા અને જહાજો, સબમરીન અને અન્ય દરિયાઈ સંપત્તિના સ્વદેશી ઉત્પાદનને પ્રોત્સાહન આપવાનો હતો. સ્થાનિક ઉત્પાદન માટે અનુકૂળ વાતાવરણ બનાવીને નીતિનો હેતુ ભારતના દરિયાઈ માળખાને મજબૂત બનાવવા અને સંરક્ષણ ઉત્પાદનમાં તેની આત્મનિર્ભરતા વધારવાનો હતો.

❖ **જહાજનિર્માણ પર અસર :**

મેક ઈન ઈન્ડિયા પહેલ હેઠળ ભારતીય નૌકાદળ એન કોસ્ટ ગાર્ડે દેશમાં યુદ્ધ જહાજો, સબમરીન અને વિમાનવાહક જહાજો બનાવવા પર વધુ ભાર મૂક્યો. INS વિક્રાંત (ભારતનું પ્રથમ સ્વદેશી વિમાનવાહક જહાજ) અને પ્રોજેક્ટ ૭૫ (સ્કોર્પિયન-ક્લાસ સબમરીન) જેવા પ્રોજેક્ટસ સંરક્ષણ જહાજનિર્માણમાં ભારતની વધતી જતી આત્મનિર્ભરતાના પ્રતીક બની ગયા. આ પહેલથી વિદેશી જહાજ નિર્માતાઓ સાથે સહયોગ દ્વારા ટેકનોલોજી ટ્રાન્સફરને પણ સરળ બનાવવામાં આવ્યું. જેનાથી ભારતીય શિપયાર્ડસની તકનીકી કુશળતામાં વધારો થયો. વધુમાં મેક ઈન ઈન્ડિયા પહેલે સંરક્ષણ જહાજનિર્માણમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારીને પ્રોત્સાહન આપ્યું. જેમાં L&T અને રિલાયન્સ નેવલ જેવી કંપનીઓએ અત્યાધુનિક જહાજોના નિર્માણમાં નોંધપાત્ર યોગદાન આપ્યું.

❖ **સાગરમાલા પ્રોજેક્ટ : ભારતના દરિયાઈ માળખાને પરિવર્તિત કરવું :**

૨૦૧૫ માં શરૂ કરાયેલ સાગરમાલા પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય ભારતના દરિયાઈ માળખાને આધુનિક બનાવવા અને બંદર સંચાલિત ઔદ્યોગિકીકરણને પ્રોત્સાહન આપવાનો હતો. આ પ્રોજેક્ટ બંદર જોડાણ વધારવા, કાર્યકારી કાર્યક્ષમતામાં સુધારો કરવા અને દરિયાકાંઠાના અને આંતરિક જળમાર્ગો દ્વારા માલની સીમલેસ હિલચાલને સરળ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરતો હતો. ભારતના વ્યાપક દરિયાકાંઠાનો ઉપયોગ કરીને આ પ્રોજેક્ટનો હેતુ હેરફેર ખર્ચ ઘટાડવા અને વેપારને વેગ આપવાનો હતો. જેનાથી જહાજનિર્માણ ઉદ્યોગના વિકાસ માટે અનુકૂળ વાતાવરણ ઊભું થયું.

❖ **ઉદ્દેશ્યો અને જહાજનિર્માણ પર અસર :**

સાગરમાલા પ્રોજેક્ટના ચાર મુખ્ય ઉદ્દેશ્યો હતા :

- બંદર આધુનિકીકરણ : મુખ્ય અને નાના બંદરોના માળખાગત સુવિધાઓને તેમની કાર્યકારી કાર્યક્ષમતા અને ક્ષમતા વધારવા માટે અપગ્રેડ કરવી.
- બંદર સંચાલિત ઔદ્યોગિકીકરણ : ઉત્પાદન અને વેપારને પ્રોત્સાહન આપવા માટે બંદરો નજીક ઔદ્યોગિક એકમોની સ્થાપના.
- દરિયાકાંઠાનો સમુદાય વિકાસ : દરિયાકાંઠાના સમુદાયોને દરિયાઈ અર્થતંત્રમાં એકીકૃત કરવા માટે કૌશલ્ય વિકાસ અને આજીવિકાની તકોને પ્રોત્સાહન આપવું.

સાગરમાલા પ્રોજેક્ટ દરિયાકાંઠાના વહાણવાટ અને આંતરિક જળ પરિવહન માટે જરૂરી જહાજોની માંગમાં વધારનો કરીને ભારતના જહાજનિર્માણ ઉદ્યોગના વિકાસમાં નોંધપાત્ર ફાળો આપ્યો. બંદર ટ્રાફીકમાં વધારો થતાં કાર્ગો જહાજો, મુસાફરો ફેરીની જરૂરિયાતમાં પણ વધારો થયો. જેનાથી સ્થાનિક જહાજનિર્માણને નોંધપાત્ર પ્રોત્સાહન મળ્યું.

❖ **મેરીટાઈમ ઈન્ડિયા વિઝન ૨૦૩૦ : ભારતીય જહાજનિર્માણના ભવિષ્યનું ગોઠવણ :**

૨૦૨૧ માં અનાવરણ કરાયેલ મેરીટાઈમ ઈન્ડિયા વિઝન 2030 (MIV 2030) એ એક વ્યાપક રોડમેપ છે જેનો હેતુ ૨૦૩૦ સુધીમાં ભારતના દરિયાઈ ક્ષેત્રને વૈશ્વિક પાવરહાઉસમાં રૂપાંતરિત કરવાનો છે. વિઝન દસ્તાવેજ બંદરોને આધુકિ બનાવવા, દરિયાઈ માળખાગત સુવિધાઓ વધારવા અને જહાજનિર્માણ અને જહાજ સમારકામ ક્ષમતાઓને વેગ આપવા માટેની વ્યૂહરચનાઓની રૂપરેખા આપે છે.

મેરીટાઈમ ઈન્ડિયા વિઝન ૨૦૩૦ ના મુખ્ય લક્ષ્યો :

- સ્વદેશી જહાજનિર્માણને પ્રોત્સાહન આપવું : આયાત પર નિર્ભરતા ઘટાડવા અને વૈશ્વિક જહાજનિર્માણ બજારમાં ભારતની સ્થિતિ મજબૂત કરવા માટે સ્થાનિક જહાજનિર્માણ ક્ષમતાઓને વધારવી.
- ટકાઉ દરિયાઈ વ્યવહારો : દરિયાઈ કામગીરીની પર્યાવરણીય અસરને ઘટાડવા માટે ગ્રીન ટેકનોલોજી અને ટકાઉ વ્યવહારો અપનાવવાને પ્રોત્સાહન આપવું.
- ડિજિટલ પરિવર્તન : ઓપરેશનલ કાર્યક્ષમતા સુધારવા અને સીમલેસ લોજિસ્ટિક્સ સુનિશ્ચિત કરવા માટે કૃત્રિમ બુધ્ધિ, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ અને સ્વયંસંચાલિત સાધનો જેવી ઉભરતી ટેકનોલોજીનો ઉપયોગ કરવો.
- જાહેર-ખાનગી ભાગીદારી (PPP) : દરિયાઈ ક્ષેત્રમાં નવીનતા, રોકાણ અને કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવા માટે જાહેર અને ખાનગી સંસ્થાઓ વચ્ચે સહયોગને પ્રોત્સાહન આપવું.

મેરીટાઈમ ઈન્ડિયા વિઝન ૨૦૩૦ નો ઉદ્દેશ્ય સ્થાનિક શિપયાર્ડસને નાણાકીય સહાય, ટેકનોલોજી સપોર્ટ અને બજાર ઍક્સેસ પ્રદાન કરીને જહાજનિર્માણ માટે અનુકૂળ ઈકોસિસ્ટમ બનાવવાનો છે. આ દ્રષ્ટિકોણ ભારતના દરિયાઈ ક્ષેત્રને મજબૂત બનાવવા માટે વિદેશી સીધા રોકાણ (FDI) અને વ્યૂહાત્મક સહયોગને પ્રોત્સાહન આપે છે. ડિજિટલ પરિવર્તન અને ટકાઉપણું પર ધ્યાન કેન્દ્રિત કરીને, મેરીટાઈમ ઈન્ડિયા વિઝન ૨૦૩૦ એ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરે છે કે ભારતનો જહાજનિર્માણ ઉદ્યોગ સ્પર્ધાત્મક રહે અને વૈશ્વિક ધોરણો સાથે સંરેખિત રહે.

### 12.3.3.જાહેર ક્ષેત્રના એકમો અને જહાજનિર્માણમાં તેમનું યોગદાન :

સ્વતંત્રતા પછીથી જાહેર ક્ષેત્રના એકમો (PSUs) ભારતના જહાજનિર્માણ ઉદ્યોગની કરોડરજ્જુ રહ્યા છે. જે ભારતની દરિયાઈ ક્ષમતાઓને મજબૂત બનાવવામાં અને રાષ્ટ્રીય સુરક્ષા સુનિશ્ચિત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. આ રાજ્ય-માલિકીના સાહસોએ ભારતીય નૌકાદળ માટે માત્ર યુદ્ધ જહાજો અને સબમરીન બનાવ્યા નથી. પરંતુ વાણિજ્યિક જહાજો અને અપતટીય મંચના નિર્માણમાં પણ નોંધપાત્ર યોગદાન આપ્યું છે.

❖ **મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ (MDL) મુંબઈ :**

મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ ભારતનો સૌથી મોટો જાહેર ક્ષોત્રનો અગ્રણી શિપયાર્ડ છે. જે યુદ્ધ જહાજો, સબમરીન અને ઓફશોર પ્લેટફોર્મના નિર્માણમાં નિષ્ણાત છે. ૧૯૩૪ માં સ્થાપિત તેના સ્ટીલ્થ ફ્રિગેટ્સ, ડિસ્ટ્રોયર અને સબમરીન સહિત અનેક અદ્યતન નૌકા જહાજોનું નિર્માણ કર્યું છે. તેણે પ્રોજેક્ટ ૭૫ માં ભારતની પાણીની અંદર સંરક્ષણ ક્ષમતાઓને વધારવા માટે સ્કોર્પિન-ક્લાસ સબમરીનનું નિર્માણ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. ભારતના નૌકાદળના કાફલામાં તેનું યોગદાન દેશના દરિયાઈ પ્રભુત્વને જાળવવામાં મહત્વપૂર્ણ રહ્યું છે.

❖ **ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ (GRSE) કોલકાતા :**

ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ (GRSE) પાસે ભારતીય નૌકાદળ માટે અત્યાધુનિક યુદ્ધ જહાજો, ફ્રિગેટ્સ અને કોર્વેટ્સ બનાવવાનો લાંબા સમયથી ચાલતો વારસો છે. ૧૮૮૪ માં સ્થાપિત GRSE એ ભારતીય નૌકાદળ અને કોસ્ટ ગાર્ડને ૧૦૦ થી વધુ યુદ્ધ જહાજો પહોંચાડ્યા છે. જે તેને ભારતના દરિયાઈ સંરક્ષણમાં સૌથી વિશ્વસનીય યોગદાન આપનારાઓમાંનું એક બનાવે છે. GRSE એ નિકાસ બજારમાં પણ પ્રવેશ કર્યો છે. મોરેશિયસ અને સેશેલ્સ જેવા દેશોમાં જહાજો પૂરા પાડે છે. જહાજ લંગારવાના અને ઝડપી પેટ્રોલ જહાજોના નિર્માણમાં તેની કુશળતાએ ભારતની દરિયાઈ સુરક્ષાને મજબૂત બનાવી છે.

❖ **કોચીન શિપયાર્ડ લિમિટેડ (CSL) કોચી :**

કોચીન શિપયાર્ડ લિમિટેડ ભારતનું સૌથી મોટું શિપયાર્ડ છે. જે મોટા વેપારી જહાજો, ઓફશોર પ્લેટફોર્મ અને પેસેન્જર જહાજોના નિર્માણ માટે જાણીતું છે. તેનું સૌથી નોંધપાત્ર યોગદાન INS વિક્રાંતનું નિર્માણ છે. જે ભારતના પ્રથમ સ્વદેશી રીતે નિર્મિત વિમાનવાહક જહાજ છે. જેણે ભારતની નૌકાદળ ક્ષમતાઓમાં નોંધપાત્ર વધારો કર્યો છે. જહાજ સમારકામ અને જાળવણી ક્ષેત્રમાં પણ એક મુખ્ય ભૂમિકા ભજવે છે. જે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ગ્રાહકોને સેવા આપે છે.

❖ **હિન્દુસ્તાન શિપયાર્ડ લિમિટેડ (HSL) વિશાખાપટ્ટનમ :**

હિન્દુસ્તાન શિપયાર્ડ લિમિટેડ એ પેટ્રોલ જહાજો, સર્વે જહાજો અને માલવાહક જહાજો સહિત સંરક્ષણ અને વ્યાપારી જહાજોના નિર્માણમાં નિષ્ણાત છે. ૧૯૪૧ માં સ્થાપિત તેના પરંપરાગત સબમરીનના રિફિટ અને જાળવણી દ્વારા ભારતના સબમરીન કાર્યક્રમને ટેકો આપવામાં મહત્વપૂર્ણ

ભૂમિકા ભજવી છે. આ જહાજવાડા દ્વારા વ્યાપારી ઉપયોગો માટે વિવિધ પ્રકારના જહાજોનું નિર્માણ કરીને ભારતના દરિયાઈ માળખામાં પણ યોગદાન આપ્યું છે.

❖ **ગોવા શિપયાર્ડ લિમિટેડ (GSL) ગોવા :**

ગોવા શિપયાર્ડ લિમિટેડ ભારતીય નૌકાદળ અને તટરક્ષકદળ માટે ઝડપી પેટ્રોલ જહાજો, દરિયાઈ દેખરેખ કરતા જહાજો અને અન્ય વ્યૂહાત્મક જહાજોના નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તેણે સંરક્ષણ અને વ્યાપારી ઉપયોગો બંને માટે હાઈ-સ્પીડ જહાજો પહોંચાડ્યા છે. જે ભારતની દરિયાઈ સુરક્ષા અને કાર્યકારી કાર્યક્ષમતામાં વધારો કરે છે.

❖ **સ્વદેશી જહાજનિર્માણને પ્રોત્સાહન આપવામાં PSU ની ભૂમિકા :**

સંરક્ષણ જહાજનિર્માણ એ સ્વદેશી રીતે યુદ્ધ જહાજો, સબમરીન અને સહાયક જહાજોનું નિર્માણ કરીને ભારતીય નૌકાદળના આધુનિકીકરણમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. તેમજ ટેકનોલોજી વિકાસ એ જાહેર ક્ષેત્રના સાહસોએ ટેકનોલોજી અને કુશળતાના ટ્રાન્સફરને સરળ બનાવ્યું છે. જેનાથી ભારત જટીલ નૌકા મંચ બનાવી શક્યું છે. અહી વાણિજ્યિક જહાજનિર્માણ એ જાહેર ક્ષેત્રના સાહસોએ તેમના કાર્યમાં વૈવિધ્યીકરણ કર્યું છે. જેમાં વાણિજ્યિક જહાજોનું નિર્માણ ભારતના અર્થતંત્રમાં યોગદાન અને દરિયાકાંઠાના વેપારને પ્રોત્સાહન આપવાનો સમાવેશ થાય છે.

## 12.4 આધુનિક ભારતમાં મુખ્ય જાહેર અને ખાનગી જહાજનિર્માણ

### 124.1 અગ્રણી જાહેર ક્ષેત્રના જહાજનિર્માણ ગોદીઓની ઝાંખી :

ભારતના જહાજનિર્માણ ઉદ્યોગમાં જાહેર ક્ષેત્રના શિપયાર્ડસે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. જે સંરક્ષણ અને વાણિજ્યિક બંને ક્ષેત્રોમાં વ્યાપકપણે યોગદાન આપે છે. ભારત સરકારના નેજા હેઠળ કાર્યરત આ ગોદીવાડ એ યુદ્ધ જહાજો, સબમરીન અને વાણિજ્યિક નિર્માણ કરીને ભારતની દરિયાઈ ક્ષમતાઓને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે. વધુમાં, તેઓએ આનુષંગિક ઉદ્યોગોના વિકાસમાં ફાળો આપ્યો છે અને દરિયાઈ ક્ષેત્રમાં રોજગારીની તકો ઉભી કરી છે. ભારતના જાહેર ક્ષેત્રના ગોદીઓએ રાષ્ટ્રીય સુરક્ષામાં વધારો કરતા અને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપતા ઉચ્ચ ગુણવત્તાવાળા જહાજો પહોંચાડવા માટે પ્રતિષ્ઠા મેળવી છે.

❖ **મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ (MDL) મુંબઈ :**

મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ ભારતનું સૌથી મોટું જાહેર ક્ષેત્રનું જહાજનિર્માણ ક્ષેત્ર છે. જે મુંબઈ મહારાષ્ટ્રમાં સ્થિત છે. ૧૯૩૪ માં સ્થાપિત MDL એ શરૂઆતમાં વેપારી જહાજો અને ઓફશોર પ્લેટફોર્મ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. પરંતુ ધીમે ધીમે તેના કામગીરીનો વિસ્તાર કરીને ભારતીય નૌકાદળ માટે અત્યાધુનિક યુદ્ધ જહાજો અને સબમરીનનું નિર્માણ સામેલ કર્યું. આ કંપનીએ ભારતના નૌકાદળ આધુનિકીકરણ પ્રયાસોનો એક આધારસ્તંભ રહ્યો છે. જે દેશની દરિયાઈ સંરક્ષણ ક્ષમતાઓને વધારતા અત્યાધુનિક જહાજો પહોંચાડે છે.

તેના સૌથી નોંધપાત્ર યોગદાનમાં પ્રોજેક્ટ ૭૫ હેઠળ સ્કોર્પીન-ક્લાસ સબમરીનનું નિર્માણ સામેલ છે. જેણે ભારતની પાણીની અંદર સંરક્ષણ ક્ષમતાઓને નોંધપાત્ર રીતે મજબૂત બનાવી છે. આ અદ્યતન ડીઝલ ઈલેકટ્રિક હુમલો સબમરીન સ્ટીલ્થ ટેકનોલોજી અને અત્યાધુનિક શસ્ત્ર પ્રણાલીઓથી સજ્જ છે.

❖ **ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ (GRSE) કોલકાતા :**

ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ જેનું મુખ્ય મથક કોલકાતા, પશ્ચિમ બંગાળમાં છે. તે ભારતના સૌથી જૂના જહાજનિર્માણમાંનું એક છે. જેનો વારસો ૧૮૮૪ થી છે. તેના ભારતીય નૌકાદળ અને તટીયરક્ષણ માટે ઉચ્ચ ગુણવત્તાવાળા યુદ્ધ જહાજો, પેટ્રોલ જહાજો અને સહાયક જહાજો બનાવવામાં નિષ્ણાત છે. ૧૦૦ થી વધુ યુદ્ધ જહાજો બનાવ્યા છે અને પહોંચાડ્યા છે જે તેને ભારતના દરિયાઈ સંરક્ષણ ક્ષેત્રમાં મુખ્ય ફાળો આપનાર બનાવે છે. જે ભારતીય નૌકાદળની ઉભયજીવી ક્ષમતાઓને વધારે છે. તેના સ્થાનિક યોગદાન ઉપરાંત તેઓ મોરેશિયસ અને સેશેલ્સ જેવા દેશોમાં યુદ્ધ જહાજોની નિકાસ કરીને આંતરરાષ્ટ્રીય માન્યતા મેળવી છે. આ સિદ્ધિ વૈશ્વિક જહાજનિર્માણ ક્ષેત્રમાં ભારતની વધતી જતી પ્રાધાન્યતા પર ભાર મૂકે છે.

❖ **કોચીન શિપયાર્ડ લિમિટેડ (CSL) કોચી :**

કેરળના કોચીમાં સ્થિત કોચીન શિપયાર્ડ લિમિટેડ માળખાકીય સુવિધાઓ અને ઉત્પાદન ક્ષમતાની દ્રષ્ટિએ ભારતનો સૌથી મોટો જાહેર ક્ષેત્રનો ગોદીવાડો છે. ૧૯૭૨ માં સ્થાપિત  મોટા વ્યાપારી જહાજો, દરિયાઈ મંચ અને અદ્યતન નૌકા માટે અગ્રણી તરીકે આ એકમ ઉભરી આવ્યું છે.

ટેકનોલોજીકલી અત્યાધુનિક જહાજો બનાવવામાં તેની કુશળતા માટે પ્રખ્યાત છે. જે સંરક્ષણ અને વ્યાપારી બંને ક્ષેત્રોમાં યોગદાન આપે છે.

તેની સૌથી મહત્વપૂર્ણ સિદ્ધિ INS વિક્રાંતનું નિર્માણ છે. જે ભારતનું પ્રથમ સ્વદેશી રીતે નિર્મિત વિમાવાહક જહાજ છે. જે સંરક્ષણ ઉત્પાદનમાં આત્મનિર્ભરતા માટેની ભારતની શોધમાં એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ છે. ભારતના વાણિજ્યિક દરિયાઈ ક્ષેત્રમાં યોગદાન આપે છે.

❖ **હિન્દુસ્તાન શિપયાર્ડ લિમિટેડ (HSL) વિશાખાપટ્ટનમ :**

આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં સ્થિત હિન્દુસ્તાન શિપયાર્ડ લિમિટેડ ભારતના અગ્રણી શિપયાર્ડસમાંનું એક છે જે સંરક્ષણ અને વાણિજ્યિક જહાજોના નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ૧૯૪૧ માં સ્થાપિત તેની પાસે માલવાહક જહાજો, પેટ્રોલ જહાજો અને સર્વે જહાજો સહિત વિવિધ પ્રકારના જહાજોનું નિર્માણ કરીને ભારતના દરિયાઈ ક્ષેત્રમાં યોગદાન આપવાનો સમૃદ્ધ ઈતિહાસ છે.

તે સબમરીન જોડાણ અને સમારકામમાં તેની ભૂમિકા માટે જાણીતું છે. જેણે ભારતના પરંપરાગત સબમરીન કાફલાના કાર્યકારી જીવનકાળને લંબાવ્યો છે. શિપયાર્ડે સિંધુઘોષ-ક્લાસ સબમરીન માટે મુખ્ય રિફિટ કાર્યક્રમો હાથ ધર્યા છે. જે તેમની લડાઈ તૈયારી સુનિશ્ચિત કરે છે. સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ગ્રાહકો માટે વ્યાપારી જહાજોનું નિર્માણ કર્યું છે. જે ભારતના દરિયાઈ અર્થતંત્રને વધુ મજબૂત બનાવે છે.

❖ **ગોવા શિપયાર્ડ લિમિટેડ (HSL) ગોવા :**

ગોવાના વાસ્કોદ ગામામાં સ્થિત ગોવા શિપયાર્ડ લિમિટેડની સ્થાપના ૧૯૫૭ માં કરવામાં આવી હતી અને તે ભારતીય નૌકાદળ અને તટરક્ષણ માટે ઝડપી પેટ્રોલ જહાજો, દેખરેખ પેટ્રોલ જહાજો અને અન્ય મહત્વપૂર્ણ મંચ બનાવવામાનં નિષ્ણાત છે. તેણે ભારતની દરિયાઈકાંઠાની સુરક્ષા અને દેખરેખ ક્ષમતાઓને વધારતા હાઈ-સ્પીડ જહાજો પહોંચાડવા માટે પ્રતિષ્ઠા મેળવી છે. જે ભારતના દરિયાઈ હિતોનું રક્ષણ કરવામાં મુખ્ય ભૂમિકા બજવે છે. શિપયાર્ડે શ્રીલંકા અને મોરેશિયસ જેવા દેશોમાં જહાજોની નિકાસ પણ કરી છે. જે જહાજનિર્માણમાં ભારતની વધતી જતી કુશળતા દર્શાવે છે.

### 12.4.2 ખાનગી સાહસિકો અને જાહેર-ખાનગી ભાગીદારી ભૂમિકા :

તાજેતરના વર્ષોમાં ખાનગી ક્ષેત્ર ભારતના જહાજનિર્માણ ઉદ્યોગમાં નોંધપાત્ર યોગદાન આપી રહ્યા છે. જે જાહેર ક્ષેત્રના શિપયાર્ડસના પ્રયાસોને પૂરક બનાવે છે. ખાનગી સાહસિકોની હાજરીથી અદ્યતન ટેકનોલોજી, નવીનતા અને કાર્યકારી કાર્યક્ષમતામાં વધારો થયો છે. જેના કારણે ભારતની જહાજનિર્માણ ક્ષમતાઓમાં વધારો થયો છે. વધુમાં જાહેર-ખાનગી ભાગીદારી એ જાહેર અને ખાનગી સંસ્થાઓ વચ્ચે સહયોગને સરળ બનાવ્યો છે. જેના પરિણામે ભારતના જહાજનિર્માણ ઉદ્યોગના વિકાસ માટે જરૂરી ટેકનોલોજી અને કુશળતા પ્રાપ્ત થઈ છે.

❖ **લાર્સન એન્ડ ટુબ્રો (L&T) :**

લાર્સન એન્ડ ટુબ્રો એક અગ્રણી ખાનગી ક્ષેત્રની કંપની છે. જેણે ભારતના જહાજનિર્માણ ઉદ્યોગમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. તમિલનાડુના કટ્ટુપલ્લી ખાતે એક અત્યાધુનિક ગોદી ચલાવે છે. જ્યાં તે વૈશ્વિક ધોરણોના સંરક્ષણ અને વાણિજ્યિક જહાજોનું નિર્માણ કરે છે. તેણે ભારતીય નૌકાદળ અને તટરક્ષક દળની કાર્યકારી જરૂરિયાતોને પૂર્ણ કરતા અદ્યતન દરિયાઈ મંચ વિકસાવવા માટે તેની એન્જિનિયરિંગ કુશળતા અને તકનીકી કુશળતાનો ઉપયોગ કર્યો છે.

તેનું સૌથી નોંધપાત્ર યોગદાન ભારતની પ્રથમ સ્વદેશી રીતે નિર્મિત પરમાણુ સંચાલિત બેલિસ્ટિક મિસાઈલ સબમરીન (SBBN) અરિહંતના નિર્માણમાં તેની ભાગીદારી છે. આ સીમાચિહ્ન ભારતની વ્યૂહાત્મક અવરોધ માટેની શોધમાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ દર્શાવે છે અને દેશની તકનીકી સ્વ-નિર્ભરતા પર ભાર મૂકે છે. L&T એ ભારતીય તટરક્ષક માટે ઝડપી ઈન્ટરસેપ્ટર વહાણ પણ બનાવી છે. જે ભારતની દરિયાકાંઠાની દેખરેખ ક્ષમતાઓને વધારે છે.

❖ **રિલાયન્સ નેવલ એન્ડ એન્જિયનિયરિંગ (RNEL) :**

રિલાયન્સ નેવલ એન્ડ એન્જિનિયરિંગ લિમિટેડ જે અગાઉ પીપાવાવ શિપયાર્ડ તરીકે ઓળખાતું હતું. તે ભારતના જહાજનિર્માણ ઉદ્યોગમાં ફાળો આપતું અન્ય એક મુખ્ય ખાનગી ક્ષેત્રનું સાહસ છે. ગુજરાતમાં એક મોટી ગોટ્ટી છે. જે યુદ્ધ જહાજો, ઓફશોર પ્લેટફોર્મ અને

વાણિજ્યિક જહાજો સહિત વિશાળ શ્રેણીના જહાજો બનાવવા અને સમારકામ કરવાની ક્ષમતા ધરાવે છે.

RNEL એ નેવલ ઓફશોર પેટ્રોલ વેસલ્સનું નિર્માણ કર્યું છે જે ભારતીય નૌકાદળની દરિયાઈ દેખરેખની ક્ષમતાઓને વધારે છે. શિપયાર્ડે માલવાહક જહાજ અને દરિયાકાંઠા દેખરેખ સાધનોનું નિર્માણ કરીને ભારતના વાણિજ્યિક દરિયાઈ ક્ષેત્રમાં પણ યોગદાન આપ્યું છે. તેના સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ગ્રાહકોને જહાજ સમારકામ અને જાળવણી સેવાઓ પ્રદાન કરે છે. જે હિંદ મહાસાગર ક્ષેત્રમાં જહાજ જાળવણી માટે ભારતની સ્થિતિને વધુ મજબૂત બનાવે છે.

❖ **જહાજનિર્માણમાં જાહેર-ખાનગી ભાગીદારી (PPP) :**

જાહેર-ખાનગી ભાગીદારી એ ભારતના જહાજનિર્માણ ઉદ્યોગના વિકાસને વેગ આપવા માટે એક મહત્વની ભૂમિકા ભજવી છે. જે જાહેર ક્ષેત્રની સંસ્થાઓની શક્તિઓને ખાનગી સાહસિકોની કાર્યક્ષમતા અને નવીનતા સાથે જોડે છે. આ મોડેલોએ ટેકનોલોજીના સ્થાનાંતરણને સરળ બનાવ્યું છે. કાર્યકારી કાર્યક્ષમતામાં વધારો કર્યો છે અને ભારતીય જહાજનિર્માણની ક્ષમતાઓનો વિસ્તાર કર્યો છે.

પી.પી.પી. વ્યવસ્થા હેઠળ ખાનગી કંપનીઓએ અદ્યતન તકનીકી કુશળતાની જરૂર હોય તેવા જટિલ પ્રોજેક્ટસ હાથ ધરવા માટે જાહેર ક્ષેત્રના નિર્માતાઓ સાથે સહયોગ કર્યો છે. ઉદાહરણ તરીકે એલ એન્ડ ટી અને એમ.ડી.એલ. એ અદ્યતન નૌકા મંચના વિકાસ પર સહયોગ કર્યો છે. ઉચ્ચ ગુણવત્તાવાળા જહાજો પહોંચાડવા માટે એકબીજાની શક્તિઓનો લાભ લીધો છે. તેવી જ રીતે ખાનગી સાહસિકો અને જાહેર ક્ષેત્રની સંસ્થાઓ વચ્ચે ભાગીદારીએ મહત્વપૂર્ણ તકનીકોના સ્વદેશીકરણ અને વિદેશી સપ્લાયર્સ પર નિર્ભરતા ઘટાડવામાં મદદ કરી છે.

### 12.4.3 સંરક્ષણ અને વાણિજ્યિક જહાજનિર્માણમાં આ ગોદીઓનું યોગદાન :

❖ **સંરક્ષણ જહાજનિર્માણ :**

જાહેર અને ખાનગી ક્ષેત્રના જહાજ નિર્માતાઓએ સંયુક્ત રીતે યુદ્ધ જહાજો, સબમરીન અને દરિયાકાંઠાના દેખરેખ જહાજોની વિશાળ શ્રેણી



**મોટા માલવાહક જહાજ**

બનાવીને ભારતની સંરક્ષણ ક્ષમતાઓમાં વધારો કર્યો છે. વિવિધ સંરક્ષણ જહાજનિર્માણ સરકારી કંપનીઓએ જાહેર ક્ષેત્રના શિપયાર્ડસે અદ્યતન મંચ બનાવ્યા છે. જે ભારતીય નૌકાદળના કાફલાની કરોડરજ્જુ બનાવે છે. એલ એન્ડ ટી અને આર.એન.ઈ.એલ. જેવા ખાનગી ક્ષેત્રના નિર્માતાઓએ અત્યાધુનિક સંરક્ષણ તકનીકો અને પ્લેટફોર્મ વિકસાવીને આ પ્રયાસોને પૂરક બનાવ્યા છે. INS વિક્રાંત, સ્કોર્પિન-ક્લાસ સબમરીન અને અરિહંત-ક્લાસ પરમાણુ સબમરીનનું નિર્માણ સંરક્ષણ જહાજનિર્માણમાં ભારતની વધતી જતી આત્મનિર્ભરતાને પ્રતિબિંબિત કરે છે.

❖ **વાણિજ્યિક જહાજનિર્માણ :**

ભારતીય જહાજવાડાએ માલવાહક જહાજો, ટેન્કર્સ, મુસાફર જહાજો અને દરિયા-કિનારાના પ્લેટફોર્મ બનાવીને વાણિજ્યિક જહાજ ક્ષેત્રના વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. આ કંપનીઓએ વધતા જતા દરિયાઈ અર્થતંત્રને ટેકો આપતા વિવિધ વાણિજ્યિક જહાજોનું નિર્માણ કર્યું છે. ભારતના બંદર માળખાને આધુનિક બનાવવાના હેતુથી સાગરમાલા પ્રોજેક્ટે વાણિજ્યિક જહાજોની મજબૂત માંગ ઉભી કરી છે. જેનાથી સ્થાનિક જહાજનિર્માણને વધુ વેગ મળ્યો છે.

❖ **જહાજ સમારકામ અને જાળવણી :**

ભારતીય શિપયાર્ડસ પણ જહાજ સમારકામ અને જાળવણી ક્ષેત્રમાં મુખ્ય એકમ તરીકે ઉભરી આવ્યા છે. જે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બંને ગ્રાહકોને સેવા આપે છે. CLS, HSL, અને RNEL જહાજ સમારકામ અને જાળવણી સેવાઓ પ્રદાન કરે છે જે જહાજોની કામગીરીની તૈયારીમાં વધારો કરે છે. ભારતની જહાજ સમારકામ ક્ષમતાઓના વિસ્તરણથી દેશ હિંદ મહાસાગર ક્ષેત્રમાં જહાજ જાળવણી સેવાઓ માટે એક કેન્દ્ર તરીકે સ્થાપિત થયો છે.

**(ક)તમારી જાતે ચકાસો.**

**૧. નીચેની ખાલી જગ્યા પૂરો.**

(૧) સિંધુ ખીણની સંસ્કૃતિને .................. ના અન્ય નામથી ઓળખવામાં આવતી હતી.(મોહે-જો-દડો સંસ્કૃતિ, મેસોપોટેમિયા સંસ્કૃતિ, ગ્રીસની સંસ્કૃતિ, રોમન સંસ્કૃતિ)

(૨) દક્ષિણપૂર્વ એશિયાઈ રાજ્યમાં .................. નો સમાવેશ થાય છે.

(ફ્રાન્સ, ઈટલી વિયેતનામં અમેરીકા)

(૩) ગુજરાતનું પ્રાચીન સમયનું મહત્વપૂર્ણ બંદર .................. હતું.

(લોથલ, ધોળકા, ગીરનાર, સુરત)

(૪) ૯મી થી ૧૩મી સદીમાં .................. વંશનું શક્તિશાળી નૌકાદળ હતું.(ચોલવંશ, ચેરવંશ, સોલંકીવંશ, ક્ષહરાતવંશ)

(૫) ઈ.સ. .................. વર્ષમાં ભારતને સ્વતંત્રતા મળી.

(૧૯૪૬, ૧૯૪૭, ૧૯૪૮, ૧૯૪૯)

**૨.નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

(૧) સિંધુ સંસ્કૃતિનો સમયગાળો જણાવો.

(૨) લોથલ બંદર હાલના કયા રાજ્યમાં આવેલું હતું ?

(૩) કઈ સરકારી જહાજનિર્માણ કંપની મુંબઈમાં આવેલી છે ?

(૪) વિશાખાપટ્ટનમ કઈ વ્યાપારીક અને સંરક્ષણ જહાજનિર્માણ કંપની આવેલી છે ?

(૫)એલ એન્ડ ટી નું પુરૂ નામ જણાવો.

## 12.5 તકનીકી પ્રગતિ અને સ્વદેશી ક્ષમતાઓ

તાજેતરના દાયકાઓમાં ભારતમાં જહાજનિર્માણ ઉદ્યોગમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. જે આધુનિક ટેકનોલોજી અપનાવવા અને સ્વદેશી ક્ષમતાઓ પર ભાર મૂકવાને કારણે છે. અદ્યતન જહાજનિર્માણ તકનીકી અને આધુનિક ગાણિતિક પધ્ધતિઓના એકીકરણથી જહાજનિર્માણની કાર્યક્ષમતા અને ગુણવત્તામાં વધારો થયો છે પરંતુ ભારતને વૈશ્વિક દરિયાઈ ઉદ્યોગમાં એક મહત્વનું સ્થાન મળ્યું છે. સ્વદેશી ક્ષમતાઓ વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવાથી ભારતની સંરક્ષણ તૈયારીઓને વધુ મજબૂત બનાવવામાં આવી છે. વિદેશી સપ્લાયર્સ પર નિર્ભરતા ઓછી થઈ છે અને સ્થાનિક જહાજનિર્માણ ક્ષેત્રના વિકાસને વેગ મળ્યો છે. આ પ્રગતિઓમાં ભારતીય જહાજનિર્માણને અદ્યતન યુદ્ધ જહાજો, સબમરીન અને વ્યાપારી જહાજોના નિર્માણ સહિત જટિલ પ્રોજેક્ટસ સફળતાપૂર્વક હાથ ધરવા સક્ષમ બનાવ્યા છે. જે ભારતની દરિયાઈ સુરક્ષા અને આર્થિક વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપે છે.

**12.5.1 આધુનિક જહાજનિર્માણ તકનીકો અને સ્વયંસંચાલિત સાધનોનો સ્વીકાર :**

આધુનિક જહાજનિર્માણ ટેકનોલોજીઓએ પરંપરાગત જહાજનિર્માણમાં ક્રાંતિ લાવી છે. જેનાથી ભારતીય શિપયાર્ડ જહાજોના બાંધકામમાં વધુ ચોકસાઈ કાર્યક્ષમતા અને ગુણવત્તા પ્રાપ્ત કરી શકે છે. કમ્પ્યુટર-એઈડેડ ડિઝાઈન અને કમ્પ્યુટર-એઈડેડ ઉત્પાદન સિસ્ટમ્સ અપનાવવાથી ડિઝાઈન અને ઉત્પાદન પ્રક્રિયાઓને વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. CAD ટેકનોલોજની જહાજ ડિઝાઈનર્સને જહાજોના સચોટ ડિજિટલ મોડેલ્સ બનાવવા મદદ મળે છે.

માઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ, ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ અને કોચીન શિપયાર્ડ લિમિટેડ જેવા ભારતીય શિપયાર્ડસે જહાજો, સબમરીન અને વાણિજ્યિક જહાજોની ડિઝાઈન અને ઉત્પાદનમાં સુધારો કરવા માટે સી.એ.ડી. અને સી.એ.એમ. તકનીકોને વ્યાપકપણે અપનાવી છે. આ તકનીકો જહાજ નિર્માતાઓને પ્રારંભિક તબક્કે ડિઝાઈન ખામીઓ ઓળખવા, માળખાકીય અખંડિતતાને શ્રેષ્ઠ બનાવવા અને જહાજોના એકંદર પ્રદર્શનને વધારવા સક્ષમ બનાવે છે.

**12.5.2 યુદ્ધ જહાજો, સબમરીન અને વેપારી જહાજોના સ્વદેશી વિકાસ :**

ભારતના જહાજનિર્માણ ઉદ્યોગે યુદ્ધ જહાજો, સબમરીન અને વેપારી જહાજો સહિત અદ્યતન નૌકા મંચના સ્વદેશી વિકાસમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. સંશોધન અને વિકાસમાં વ્યૂહાત્મક રોકાણો, સંરક્ષણ સંશોધન સંસ્થાઓ સાથે સહયોગ અને જાહેર-ખાનગી ભાગીદારી દ્વારા ભારતે તકનીકી રીતે અત્યાધુનિક જહાજોના નિર્માણમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરી છે. સ્વદેશીકરણ પરના આ ભારથી ભારતની દરિયાઈ સુરક્ષા મજબૂત થઈ છે. વિદેશી સપ્લાયર્સ પર નિર્ભરતા ઓછી થઈ છે અને ભારતીય નૌકાદળ અને કોસ્ટ ગાર્ડની ક્ષમતાઓમાં વધારો થયો છે.



INS અરિહંત

❖ **સ્વદેશી યુદ્ધ જહાજ બાંધકામ :**

સ્વદેશી યુદ્ધ જહાજનિર્માણમાં ભારતની સફળતા પ્રોજેક્ટ 15A (કોલકાતા-વર્ગના વિનાશક) અને પ્રોજેક્ટ 17 (શિવાલિક-વર્ગના સ્ટીલ્થ ફ્રિગેટ્સ) ના

વિકાસમાં સ્પષ્ટ છે. જેણે ભારતીય નૌકાદળની લડાઈ ક્ષમતાઓમાં નોંધપાત્ર વધારો કર્યો છે. મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ દ્વારા બનાવવામાં આવેલા આ યુદ્ધ જહાજો અત્યાધુનિક શસ્ત્ર પ્રણાલીઓ, અદ્યતન રડાર સિસ્ટમો અને સ્ટીલ્થ ટેકનોલોજીથી સજ્જ છે.

❖ **સ્વદેશી સબમરીન વિકાસ :**



સબમરીન

આધુનિક તકનીક વહાણ પ્રોગ્રામ હેઠળ વિકસાવવામાં આવેલી ભારતની પ્રથમ સ્વદેશી રીતે નિર્મિત પરમાણુ સંચાલિત બેલિસ્ટિક મિસાઈલ સબમરીન INS અરિહંતના સફળ પ્રક્ષેપણ સાથે સબમરીન વિકાસમાં ભારતની ક્ષમતાઓ વધુ પ્રદર્શિત થઈ. INS અરિહંતે ભારતને વિશ્વસનીય સેકન્ડ-સ્ટ્રઈક ક્ષમતા પ્રદાન કરી છે. જે દેશની પરમાણુ પ્રતિરોધક સ્થિતિને મજબૂત બનાવે છે.

❖ **વાણિજ્યિક અને વેપારી જહાજ બાંધકામ :**

ભારતીય શિપયાર્ડસે વ્યાપારી અને વેપારી જહાજોના નિર્માણમાં સ્વદેશી ક્ષમતાઓ પણ વિકસાવી છે. જે ભારતના દરિયાઈ અર્થતંત્રના વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપે છે. કોચીન શિપયાર્ડ લિમિટેડ, હિન્દુસ્તાન શિપયાર્ડ લિમિટેડ અને ગોવા શિપયાર્ડ લિમિટેડ એ વિવિધ પ્રકારના વાણિજ્યિક જહાજોનું સફળતાપૂર્વક નિર્માણ કર્યું છે.

## 12.5.3જહાજનિર્માણ કાર્યક્ષમતા વધારવામાં કૃત્રિમ બુદ્ધિ (AI) અને (IoT) ની ભૂમિકા :

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ઈન્ટરનેટ ઓફ થિંગ્સ ના એકીકરણથી ભારતના જહાજનિર્માણ ઉદ્યોગમાં કાર્યક્ષમતા, સલામતી અને ઓપરેશનલ કામગીરી વધારવા માટે નવી સીમાઓ ખુલી છે. ભારતીય જહાજ બાંધકામની પ્રક્રિયાઓને દેખરેખ કરવા, આગાહી જાળવણી વધારવા અને જહાજ કામગીરીનું દેખરેખ તથા જાળવણી સુનિશ્ચિત કરવા માટે તકનીકોનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું છે. AI સંચાલિત સિસ્ટમોએ ભારતીય શિપયાર્ડસને ડિઝાઈન ભૂલો ઘટાડવા, સામગ્રીનો બગાડ ઘટાડવા અને બાંધકામ સમયરેખાને વેગ આપવા સક્ષમ બનાવ્યા છે.

❖ **જહાજનિર્માણમ :**

સિસ્ટમોનું રીઅલ-ટાઈમ મોનિટરિંગ સક્ષમ બન્યું છે. આ ઉપકરણો વિવિધ જહાજ ઘટકોમાંથી ડેટા એકત્રિત કરે છે. પ્રદર્શન વલણોનું વિશ્લેષણ કરે છે અને જ્યારે વિસંગતતાઓ શોધાય છે ત્યારે ચેતવણીઓ આપે છે. જાળવણી માટે આ સક્રિય અભિગમ સુનિશ્ચિત કરે છે કે જહાજો લાંબા સમય સુધી કાર્યરત રહે અને સમય ઘટાડે.

સ્વાયત્ત અને માનવરહિત જહાજોનો વિકાસ એ બીજું ક્ષેત્ર છે. જ્યાં એ.આઈ. અને આઈ.ઓ.ટી. નોંધપાત્ર પ્રગતિ કરી રહ્યા છે. ભારતીય સંરક્ષણ સંસ્થાઓ અને ખાનગી ક્ષેત્ર દ્વારા દરિયાઈ દેખરેખ અને જાસૂસી મિશન માટે સ્વાયત્ત પાણીની અંદરના વાહનો અને માનવરહિત સપાટીના જહાજોની સંભાવનાઓ શોધી રહ્યા છે. ઉચ્ચ જોખમવાળા વાતાવરણમાં માનવ હસ્તક્ષેપની જરૂરિયાત ઘટાડે છે.

### 12.5.4 સ્વદેશી જહાજનિર્માણ ક્ષમતાઓનું ભવિષ્ય :

સ્વદેશી જહાજનિર્માણ ક્ષમતાઓ વધારવા પર ભારતનું ધ્યાન આત્મનિર્ભર ભારત પ્રાપ્ત કરવાના તેના સ્વપ્ન સાથે સુસંગત છે. સાગરમાલા પ્રોજેક્ટ અને મેરીટાઈમ ઈન્ડિયા વિઝન ૨૦૩૦ જેવી પહેલોનો ઉદ્દેશ્ય ભારતના જહાજનિર્માણ માળખાને વધુ વિકસાવવા, ટેકનોલોજી ટ્રાન્સફરને પ્રોત્સાહન આપવા અને વૈશ્વિક દરિયાઈ ઉદ્યોગમાં દેશની હાજરીને વિસ્તૃત કરવાનો છે. સાગરમાલા પ્રોજેક્ટ ભારતના બંદર માળખાને આધુનિક બનાવવા અને દરિયાકાંઠાના જહાજ અને આંતરિક જળ પરિવહનને પ્રોત્સાહન આપવા માટે જોડાણ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. મેરીટાઈમ ઈન્ડિયા વિઝન ૨૦૩૦ શિપ નિર્માણ ક્ષમતા વધારીને, નિકાસને વેગ આપીને અને રોજગારીની તકોનું સર્જન કરીને ભારતના દરિયાઈ ક્ષેત્રને વધારવા માટે એક વ્યૂહાત્મક રોડમેપની રૂપરેખા આપે છે.

AI, IoT અને ડિજિટલ ટેકનોલોજીનો સતત સ્વીકાર ભારતીય શિપયાર્ડસને સ્માર્ટ, સલામત અને વધુ કાર્યક્ષમ જહાજો બનાવવા માટે સશક્ત બનાવશે. જે ભારતને જહાજનિર્માણમાં વૈશ્વિક નેતા તરીકે સ્થાન આપશે. મહત્વપૂર્ણ ટેકનોલોજીઓને સ્વદેશી બનાવવા અને વિદેશો પર નિર્ભરતા ઘટાડવાના પ્રયાસો ભારતની સંરક્ષણ તૈયારી અને આર્થિક સ્થિતિસ્થાપકતાને વધુ મજબૂત બનાવશે. સંશોધન અને વિકાસ, કૌશલ્ય વિકાસ અને જાહેર ખાનગી ક્ષેત્રો વચ્ચે સહયોગમાં સતત રોકાણ સાથે ભારત વૈશ્વિક દરિયાઈ પરિદ્રશ્યમાં એક મુખ્ય ખેલાડી તરીકે ઉભરી આવવા માટે તૈયાર છે.

**(ખ)તમારી જાતે ચકાસો.**

**૧. નીચેના જોડકા જોડો.**

| | | |
|---|---|---|
| (૧) | લોથલ | (૧) વાડીયા પરિવાર |
| (૨) | માસ્ટર્સ બિલ્ડર્સ | (૨) ગુજરાત |
| (૩) | સાગરમાલા | (૩) વિશાખાપટ્ટનમ |
| (૪) | આંધ્રપ્રદેશ | (૪) બંદરોની માળખાગત સુવિધા માટે |

**૨. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો.**

(૧) ભારતનો દરિયાઈ વારસો ટૂંકનોંધ લખો.

(૨) દરિયાઈ ક્ષેત્રે આધુનિક સમયના ખાનગી સાહસો વિશ જણાવો.

(૩) દરિયાઈ ક્ષેત્રે ભારત સરકારના વિવિધ સાહસોની માહિતી આપો.

(૪) આધુનિક સમયમાં જહાજનિર્માણ ક્ષેત્રે ભારત સરકારના સાહસો વિશે વિગતવાર જણાવો.

## 12.6 સારાંશ

પ્રાચીન ભારતમાં સિધુંખીણની સંસ્કૃતિથી લઈને આધુનિક સમયગાળા દરમ્યાન વિશ્વના દેશોને લાંબી દરિયાઈ સફરો, રોજગાર તથા દરિયાઈ સુરક્ષા ક્ષેત્રે જહાજ ઉદ્યોગનું ઉત્તમ પ્રદાન રહેલું છે. વ્યૂહાત્મક દ્રષ્ટિકોણથી ભારતની દરિયાઈ સુરક્ષા અને સંરક્ષણ તૈયારી માટે જહાજનિર્માણ ઉદ્યોગ અનિવાર્ય છે. એક મજબૂત અને આત્મનિર્ભર જહાજનિર્માણ ઉદ્યોગ ભારતને અદ્યતન યુધ્ધ જહાજો, સબમરીનો, વિમાનવાહક જહાજો, વેપારી જહાજોના નિર્માણ દ્વારા સક્ષમ બનાવે છે. જેના થકી રોજગારીની તકો તથા આત્મનિર્ભર ભારતના નિર્માણમાં આના વિકાસ દ્વારા મજબૂત ભારતનું નિર્માણ શક્ય બન્યું છે. જેનાથી ભારતનું આધુનિકીકરણ તથા આર્થિક સાર્વભૌમત્વ અને સમાજકલ્યાણ શક્ય બન્યું છે.

## 12.7 ચાવીરૂપ શબ્દો

(૧) **સિંધુખીણ સંસ્કૃતિ :** "જેને સિંધુ સંસ્કૃતિ પણ કહે છે. તે દક્ષિણ એશિયાના ઉત્તર-પશ્ચિમ પ્રદેશોમાં કાંસ્યયુગીન સંસ્કૃતિ હતી. જે ઈ.પૂ.૩૩૦૦ થી ૧૯૦૦ સુધીનો સમયગાળો ગણાય છે."

(૨) **INS વિક્રાંત :** ભારતનું પ્રથમ સ્વદેશી વિમાનવાહક જહાજ

(૩) **સાગરમાલા :** ૨૦૧૫ માં શરૂ કરાયેલ સાગરમાલા પ્રોજેક્ટનો ઉદ્દેશય ભારતના દરિયાઈ માળખાને આધુનિક બનાવવા અને બંદર સંચાલિત ઔદ્યોગિકરણને પ્રોત્સાહન આપવાનો છે.

(૪) **PPP :** જાહેર-ખાનગી ભાગીદારી. જેમાં સરકાર અને ખાનગી ક્ષેત્રની સંસ્થાઓ વચ્ચે લાંબાગાળાની વ્યવસ્થા છે. સામાન્ય રીતે તેમાં સરકારી યોજનાઓ અને સેવાઓને ખાનગી મૂડીભંડોળ પૂરૂં પાડવામાં આવે છે. કરાર દરમ્યાન નફા માટે કરદાતાઓ પાસેથી આવક ભેગી કરાય છે.

## 12.8 તમારી જાતે ચકાસોના જવાબો.

(ક) (૧) મોહે-જો-દડો (૨) વિયેતનામ (૩) લોથલ (૪) ચોલવંશ

(૫) ૧૯૪૭

(ખ) (૧) ૧-૨ (૨) ૨-૧ (૩) ૩-૪ (૪) ૪-૩

## 12.9 સ્વાધ્યાય

(૧) પ્રાચીન સમયમાં દરિયાઈ ક્ષેત્રે થતા વ્યાપાર અંગેની માહિતી આપો.

(૨) આધુનિક સમયમાં કામ કરતી જહાજ નિર્માતા કંપનીઓની વિગતવાર માહિતી આપો.

(૩) જહાજ ઉદ્યોગક્ષેત્રના પડકારો અને ઉપયોગીતા વિશે જણાવો.

(૪) સંરક્ષણ અને વેપારી ક્ષેત્રે જહાજ ઉદ્યોગનું પ્રદાન

(૫) ભારતમાં ખાનગી જહાજ નિર્માતાઓ તથા દેશના સંરક્ષણ તથા વ્યાપાર ક્ષેત્રે પ્રદાન વર્ણવો.

## 12.10. સંદર્ભ અને વિશેષ વાચન


- Sahai Baldeo, Indian Shipping A Historical Survey, Publication Division, Ministry of Information and Broadcasting, Government of India, 1996
- George C. Manning, M.S., B.S., London-Champman & Hall Ltd., 1942
- David Paraking and Ruth Barnes, 'Ships and The Development of Maritime Technology In The Indian Ocean Routledge Taylor & Francis Group, London and New York, 2002
- મુખર્જી રાધામુકુદ, 'એ હિસ્ટ્રી ઓફ ઈન્ડિયન શીપીગ', એલ.ગ્રીન એન્ડ કો. બોમ્બે, ૧૯૧૨
- આધુનિક ભારતનો ઔદ્યોગિક વિકાસ, ગુણવંત મકવાણા
- Tamonash Das Gupta, Ship-Building and Commerce In Ancienct Bengal, Calcutta University Press, 1923
- https://historicaltouch.com/sindhu-sanskruti-history-in-marathi-and-haddapa-sanskruti-in-marathi/
- https://utsukhindi.com/history-and-politics/interesting-facts-about-national-flag-of-india/
- https://www.zeebiz.com/india/news-ins-vikrant-indias-first-indigenous-aircraft-carrier-commissioned-pm-modi-kochi-196984
- https://cochinshipyard.in/gallery
- https://blog.ipleaders.in/need-know-make-india/make-in-india-logo/
- https://www.thehindu.com/news/national/ins-arihant-left-crippled-after-accident-10-months-ago/article22392049.ece
- https://www.youtube.com/watch?v=V58U8Aaay3E&pp=0gcJCfwAo7VqN5tD
- https://nationalinterest.org/blog/buzz/see-old-russian-submarine-it-can-out-run-anything-underwater

## એકમ - 13

## ગુજરાતનું ભરતગૂંથણ

### :: રૂપરેખા ::

**13.0** ઉદ્દેશો

**13.1** પ્રસ્તાવના

**13.2** ભરતગૂંથણ શબ્દની ઉત્પત્તિ અને ઇતિહાસમાં તેનું સ્થાન

**13.3** લોક ભરતગૂંથણની પ્રાચીનતા

**13.4** લોક ભરતની વિવિધતા

- **13.4.1** કચ્છી ભરત
- **13.4.2** કચ્છનું બન્ની ભરત
- **13.4.3** સૌરાષ્ટ્રનું આભલા ભરત

**13.5** હીર અને ઊનનું ભરત

**13.6** નાકા અને કેન્વાસ ભરત

**13.7** સૌરાષ્ટ્રના લોકભરતમાં ભરાયેલી અમુક ભાતો

**13.8** જાતિગત વિવિધ લોકભરત

**13.9** પહેરવેશનું ભરત

- **13.9.1** સ્ત્રી પહેરવેશનું ભરત
- **13.9.2** બાળકોના પહેરવેશનું ભરત
- **13.9.3** ઘર અને પશુ શણગારનું ભરત

**13.10** વિવિધ જ્ઞાતિના લોકોનું ભરત ગૂંથણ

- **13.10.1** કાઠી ભરત કામ
- **13.10.2** મોચી ભરત
- **13.10.3** મહાજન ભરત
- **13.10.4** આહીર ભરત
- **13.10.5** કણબી ભરત
- **13.10.6** અન્ય જાતિઓનું ભરત

**13.11** સારાંશ

**13.12 ચાવીરૂપ શબ્દો**

**13.13 તમારી જાતને ચકાસો**

**13.14 સંદર્ભ અને વિશેષ વાચન**

## 13.0 ઉદ્દેશો

- ભરતગૂંથણ શબ્દની ઉત્પતિ અને તેના પ્રાચીન ઇતિહાસથી પરિચિત થવું.
- લોક ભરતની વિવિધતા વિશે જાણકારી મેળવવી.
- જાતિગત ભરતગૂંથણ વિશેની માહિતી મેળવવી.
- ભરતગૂંથણ વિશે મેળવેલ માહિતીનો વ્યવહારુ ઉપયોગ કરવો.
- વિવિધ ભરતગૂંથણનું કૌશલ્ય કેળવવું.

## 13.1 પ્રસ્તાવના

ભાતીગળ લોક ભરત અને મનોહર મોતી ગૂંથણએ ગુજરાતના કચ્છ અને સૌરાષ્ટ્ર પ્રદેશની એક આગવી કલા અને ઓળખ છે. રૂપાળા રંગોથી શોભતું ભરતગૂંથણ એ લોક નારીના દેહ, રહેઠાણ માટે ઘર - ખોરડા અને પશુઓનો આગવો શણગાર જાણે કે, લોક સંસ્કૃતિ આજે પણ ગૌરવ અપાવે છે.

આપણે જેને લોક ભરતગૂંથણ તરીકે ઓળખીએ છીએ તે કચ્છ અને સૌરાષ્ટ્રની પ્રજાને વારસામાં મળેલ એક આગવી સર્જન કલાની ઓળખ ગણાવી શકાય.

જેમાં લોક પરંપરાની વિશિષ્ટ સ્વરૂપની લાક્ષણિકતા રહેલી છે. ખાસ કરીને કચ્છ અને સૌરાષ્ટ્ર પ્રદેશના તળપદ પ્રજાઓના લોક સમૂહ જેવા કે, ખેડવાયા, માલધારી અને વસવાયા શાંધીક રીતે પ્રયોજિત થયું છે. આ લોક કલા સદીઓ પહેલા નિજ ઉપયોગાર્થે ભરાયું હતું અને આજે લોક કલા તરીકે આગવી ઓળખ મેળવી તળપદ ભરત ગૂંથણ કામને લોક સંસ્કૃતિ તરીકે ઓળખ મળી છે.

## 13.2 ભરતગૂંથણ શબ્દની ઉત્પત્તિ અને ઇતિહાસમાં તેનું સ્થાન

ભરતગૂંથણ શબ્દ મૂળ પ્રાકૃત પરંપરા ' **भमिर**' શબ્દ ઉપરથી ઉતરી આવ્યો છે.

જ્યારે સંસ્કૃત ભાષામાં ' **भृत**' શબ્દ ઉપરથી 'ભરત' શબ્દની વ્યુત્પત્તિ થઈ હોય તેવી નોંધ કરવામાં આવી છે.

## 13.3 લોક ભરત ગૂંથણની પ્રાચીનતા

ભરત ગૂંથણની પ્રાચીન પરંપરાનું પગેરું સાડા ચાર હજાર વર્ષ પુરાણી 'હડપ્પન સંસ્કૃતિ' સુધી પહોંચે છે. મોહેં-જો-દડોના ઉત્ખનન દરમ્યાન મળી આવેલી, મૂર્તિને પહેરાવેલ કાપડ ઉપર ત્રણ પાંખડીના ફૂલનું ઉપસાવેલું ભરત ગૂંથણ છે. જો એ ભરત ગૂંથણનો જ નમૂનો હોય તો ગુજરાતીની ભરત ગૂંથણ કલાને હડપ્પન સંસ્કૃતિના સમય જેટલી પ્રાચીન ગણાવી જોઈએ.

આ ઉપરાંત ઈતિહાસમાં તેવી નોંધ કરવામાં આવી છે કે, ગુજરાતની મૂળ આદિવાસી પ્રજા નાગ, ભીલ અને કોળી લોકો પાસે ભરત ગૂંથણ કામની કળા નહોતી, પરંતુ સૌરાષ્ટ્રમાં આવીને સ્થિર થયેલ આર્ય જાતિના લોકો પોતાની સાથે ભરત ગૂંથણ કામની કલા લાવ્યા હતા.

ગુજરાતની મૂળ પ્રજા (અનાર્ય) અને આર્ય જાતિના લોકો વચ્ચે સાંસ્કૃતિક સમન્વય થવાથી આજે પણ ગુજરાતમાં ભરત ગૂંથણ કલાનો સાંસ્કૃતિક વારસો વિકાસ પામી, જળવાયેલો જોવા મળે છે.

## 13.4 લોક ભરતની વિવિધતા

ગુજરાતની લોક ભરત ગૂંથણ કલામાં ખાસ પ્રકારની વિવિધતા જોવા મળે છે. તેમાં સૌરાષ્ટ્ર અને કચ્છ પ્રદેશમાં લોક ભરત ગૂંથણ જાતિગત જોવા મળે છે. તેમાં કાઠી ભરત, મોચી ભરત, મહાજનિયા ભરત, લોહાણા ભરત, અબોટી ભરત, સથવારા ભરત, આહીર ભરત, રબારી તથા ભરવાડી ભરત, ગોહીલવાડી ભરત, કણબી ભરત, ખસિયા તથા ખાંટનું ભરત વગેરે શ્રેણીઓ જાણીતી છે. આ બધી ભરત શ્રેણીમાં કચ્છનું બન્ની ભરત સવર્શ્રેષ્ઠ ગણાય છે. આ ભરત ગૂંથણના રંગોનું આયોજન, સુઘડતા, અત્યંત બારીક અને ઝીણવટ ભર્યા ટાંકા ઉડીને આંખે વળગે તેવા છે.

ભાતીગળ રંગોનું સંયોજન, લોક ભરતનો પ્રકારો અને ભરત ભરનારની જાતિ, પ્રદેશ કે ભરતની ભાતો ઉપરથી પ્રચલિત બને છે. ભરતકામ મોટે ભાગે સુતરાઉ, રેશમી અને ઊનના ગરમ કપડા ઉપર કરવામાં આવે છે. ક્યારેક ચામડા ઉપર કરેલું ભરતકામ પણ જોવા મળે છે. ભરત ભરવામાં સુતર, હીર અને ઊનના તાર વપરાય છે.

### 13.4.1 કચ્છી ભરત

ગુજરાતમાં અને સૌરાષ્ટ્રના એક છેડે આવેલા કચ્છ પ્રદેશમાં અનેક જાતિનો વસવાટ કરતાં જોવા મળે છે. આ બધી જાતિઓમાં એક મોચી જાતિ પણ છે. મોચી જાતિના કુશળ લોકોએ રજવાડાઓના આશ્રયે આરી ભરતની મનોહર કલા ખીલવી છે. આ ભરતમાં મોચીમાં આરી નામના ઓજારોના ઉપયોગ કરેલા હોવાથી, તે ''આરી ભરત''ના નામે ઓળખાય છે. આજે તેનું પ્રમાણ ઘણું ઓછું થવા લાગ્યું છે.

કચ્છી મોચીઓમાં બે વર્ગો છે. (૧) આરી ભરત ભરા અને (૨) ભરત ભરા. મોચીઓ ખાસ કરીને મોચી ભરત, કચ્છી ભરત, સડાનું ભરત અને સલમાનું ભરત ભરે છે. જયારે આરી ભરત ભરવા માટે મોચી 'જણસાળી' તરીકે જાણીતા છે.

આરી ભરતની કલા મોચીઓએ મુઘલો પાસેથી ઉછીની લીધેલી કળા છે. ૧૯મી સદીમાં સોળ કળાએ ખીલેલી આ કલા ભારતમાં જ નહી પરંતુ વિશ્વભરમાં ફેલાઈ ગઈ હતી. આરી ભરતનો ઉપયોગ ખાસ પ્રકારે ચણીયા, કબ્જા, સાડીની કિનારી, તોરણ, ટોપી, ચાકળા, ચંદરવા, તોરણ પછી તપાટી તથા વૈષ્ણવ સંપ્રદાયની પિછવાઈઓમાં વિશેષ જોવા મળે છે. જુના જમાનામાં કચ્છી રાજવીઓ પોતાના દરબારગઢમાં મોચીઓને બેસાડીને આરી ભરતનું કામ કરાવતા. આજે તો કચ્છી લોકજીવનમાંથી પણ આ કળા ધીમે-ધીમે વિસરાવા લાગી છે. કચ્છના સંગ્રહાલયોમાં આરી ભરતના મૂલ્યવાન નમૂનાઓ સારી સંખ્યામાં સંગ્રહાયેલા છે. આ અમૂલ્ય સાંસ્કૃતિક વારસાનું જતન કરવું એ આપણાં બધાની નૈતિક ફરજ છે.

### 13.4.2 કચ્છનું બન્ની ભરત

કચ્છી ભરત બાદ, સૌથી લોકપ્રિય અને જાણીતું ''બન્ની ભરત'' છે. ભરત ગૂંથણ કામ પરંપરાઓમાં બન્ની ભરત શિરમોરસમું બની રહે છે. કચ્છની લોક્નારીઓએ ભરત કામના આ કસબને લાલિત્યપૂર્ણ રીતે વિકસાવ્યો છે.

આ ભરતની સફાઈ, આકૃતિની સપ્રમાણતા, રંગોની આકર્ષક મેળવણીએ તેની આગવી વિશેષતા છે. બન્ની ભરતના જેવું જ સરસ મજાનું ભરત કામ જત-નારીઓનું જોવા મળે છે. તેઓ પોતાના આખા પહેરવેશ કે કજરીના આગળના કોઠામાં મનોહર ભરતકામ કરે છે. આ જાતિ ઈરાન અને અરબસ્તાન તરફથી ઉતરી આવી હોવાથી, એમના ભરતકામમાં ઈરાની ભરતની કુમાશ અને સફાઈ ચિતાકર્ષક બની રહે છે.

#### 13.4.3 સૌરાષ્ટ્રનું આભલા ભરત

સૌરાષ્ટ્રની સ્ત્રીઓનાં ભરતકામમાં આભલાનો ઉપયોગ સારા પ્રમાણમાં થાય છે. ભરતકામની ભાતીગળ ભાતોની વચ્ચે રંગીન કે સફેદ દોરાથી ખાપું ટાંકવામાં આવે છે. ભરતમાં ભરાતી આવી ખાપું લીંબડી અને કપડવંજમાં વર્ષો પહેલા બનતી ખાસ કરીને ચણિયા, કબજો, છોકરીયુંના મોસલા અને પશુઓના શણગારમાં ભરેલું ખાપુવાળું ભરત શોભી ઉઠે છે. સૌરાષ્ટ્રમાં કણબી (પાટીદાર) જાતિના લોકોમાં વર્ષો પહેલા ચણિયાઓ તથા આભલા અને બાવળીયાથી ભરવાની પરંપરા જોવા મળતી જે હવે ધીમે-ધીમે અસ્ત થવા પામી છે. બળદોની ઝૂલો અને લગ્ન પ્રસંગે માથે મુક્તા મોડિયાં ઉપર મોટા ગોળ અને ચોરસ આભલા ટાંકવામાં આવે છે. આમ, આભલા ભરત એ સૌરાષ્ટ્રની ભરતકામની આગવી વિશિષ્ટતા છે.

## 13.5 હીર અને ઊનનું ભરત

સામાન્ય રીતે કપડા ઉપર સુતરના દોરાનું ભરત જોવા મળે છે. પરંતુ સૌરાષ્ટ્રની નારીઓ મોટે ભાગે ઘર અને પશુ શણગારના ભરતમાં રાતા, પીળા, લીલા, ભૂરા, ધોળા, હીરના દોરાનો ઉપયોગ કરે છે. ગરમ ધાબળા કે ગરમ કપડા ઉપર ઘણીવાર ઊનના રંગીન દોરાનું ભરત પણ જોવા મળે છે. કાળા ખારવીના ઘાઘરા તેમજ કેન્વાસ રંગીન ઉનથી ભરાય છે. ખાસ કરીને ભરવાડ અને રબારીઓની ધાબળાની છેડે આવું ભરત જોવા મળે છે. જયારે ભરવાડોના ઓઢવાના ગરમ ધુહલાં ઉપર સુતરાઉ કે હીરનું ભરત જોવા મળે છે.

## 13.6 નાકા અને કેન્વાસ ભરત

ભરત કામમાં ખૂબ મુશ્કેલીભર્યું કામ હોય તો તે નાકા ભરતનું છે. આ ભરતમાં મોટા ભાગે સુતરના દોરાના ત્રાગ ગણી ગણીને ભરવામાં આવે છે. ગણતરીમાં ભૂલ થાય તો ભરત ગૂંથણની સુઘડતા અને ચોક્કસાઈ જળવાતાં નથી. ધીરજ અને ખંત માંગી લે તેવું આ કામ છે. સામાન્ય રીતે ખેડૂતવરણની આધેડ ઉંમરની સ્ત્રીઓ નવરાશના સમયે આ ભરત ભરે છે. આ ભરતમાં કાંગરી, ફૂલો, ચટકુંડા, અદગલીયા, લાડવા વગેરે ભાતો મુખ્ય હોય છે.

પહેલાના સમયમાં સૌરાષ્ટ્રના ઉજળિયાત વરણમાં કેન્વાસના જાળીવાળા કાપડ ઉપર ઊન, હીર અને સુતરથી આ પ્રકારનું ભરત કામ કરવામાં આવતું. આજે તો આ ભરત ખાસ વધારે જોવા મળતું નથી.

## 13.7 સૌરાષ્ટ્રના લોકભરતમાં ભરાયેલી અમુક ભાતો

સૌરાષ્ટ્રમાં વિવિધ લોક ભરતની ભાતો જોવા મળે છે. તેમાં સમયાંતરે હિમાચલ પ્રદેશમાં ગૃહ નારીઓ તેમ જ ભરતના કારીગરો રેશમી કાપડ ઉપર 'પહાડી શૈલી'ના ચિત્ર જેવું ભરતકામ કરે છે. તે "ચંબા રૂમાલ" તરીકે ઓળખાય છે. તેમાં ભગવાન વિષ્ણુના દશાવતાર કૃષ્ણલીલા, રામલીલા તેમજ શિકાર ખેલ વગેરે ચિત્ર ભરત ભરાય છે. સૌરાષ્ટ્રમાં આવું ચિત્રદર્શી ભરત મોચી તેમજ લૌકિક ચિત્ર જેવું કાઠી સ્ત્રીઓ ભરત ભરે છે.

જૂની પરંપરાગત ભાતો સરળ અને ભરતના મધ્યમ- સૂતર અને રેશમ ઊનને અનુરૂપ ભરી શકાય એવી સાદી આકૃતિથી ઓળખાએલી છે.

ચણિયા-ઘાઘરા જેવામાં પ્રલંબ પટ્ટે ભરાતી ભાતનું વારંવાર પુનરાવર્તન કરી, સમગ્ર નમૂનામાં એક જ ભાત ભરાય છે. આવી ભાત ચિતરવામાં-ભરવામાં ઘણી સરળ પડે છે. જેવી કે પાંખડી, ફૂલ-પાન, ત્રિ-પાંખડી કે તીતીડા, ડોડવડી, દાણા, ડોસલા, પુત્રના પગલાં, ફૂલ, ગોટી, અડદિયા વગેરે પ્રાથમિક પરંપરાની સરળ ભાતોનું આલેખન, લોથલમાંથી વાસણના ઠીકરા ઉપર ચિત્રિત રૂપે જોવા મળે છે. તેમજ બીજી રીતે જોઈએ તો ભરતભાતોમાં આલેખિત આકારોના માધ્યમથી ભરવાની ક્ષમતા છે જ પણ આ ભાતોમાના શોભન આકારો વધારે વળાંકદાર અને સુશોભીત થયા છે. લોક ભરતમાં જૂની પ્રતીકાત્મક ભાતો તેમજ બે ભરત ભાતોને છૂટી પાડવામાં જે ટાબકટીક-સુશોભિત રીતે પ્રયોજાય છે, તેવી સરળ ભાતો ઉપરથી ડોડવડી, ત્રણ દાણા, ડોસલા, પૂતરાના પગલા, ફૂલગોટી વચલી હારમાં, અડદિયા, ખજુરો, કાંગરી, અધાખંડી સૌથી નીચેની હારમાં કથિયાની ડાબલી, ચોપાટડી, જવલાં, થાળી, કથિયા ભરત, કેવડો, લીબોળીનો સોટો, ભરત પરંપરામાં આવા પ્રકારની ભાતો પ્રયોજનાર તળપદ અને બહારથી આવનારી પ્રજાઓની પણ છાપ છે. આમ પણ એકબીજી સંસ્કૃતિનું આદાન-પ્રદાન દરેક પરંપરામાં જોવા મળે છે. કોળી ફૂલ કૌલ પ્રજાનું પ્રદાન છે તો કણબી, મોરી, ખરક, સથવારા વગેરે ખેડવાયા જાતિની નારીઓએ પોતાના ભરતમાં પ્રકૃતિત્વનાં વિવિધ આકારોને પોતાની મનોભૂમિમાં સંવાદ ઝીલીને તેમાં પોતાની હૈયાસૂઝ પ્રમાણેની કલ્પનાથી કંડારેલી આકાર બાંધીને-પ્રકૃતિના કોઈ પણ તત્વને ભરી શકાય તેવું સુશોભિત રૂપ આપીને પછી આલેખવામાં તેને સરળ રીતે મૂર્ત કરી ઘાઘરા, કાપડા અને સુશોભનના શણગારમાં ભરેલ છે.

ખેડવાયા પશુપાલકો ખુલી પ્રકૃતિમાં વિહરતા હોવાથી, તેમની ભરતની ભાતોમાં, પ્રકૃતિતત્વ, માનવ અને હર-હંમેશ વપરાતા રાસ-રચીલાનું આકલન પણ

જોવા મળે છે. આવી ભાતોને સરળ કરીને તે ભાત હીર, સુતર અને ઊનથી સરળ રીતે ભરી શકાય. બધી ભાતોની ભાતિકરૂપે રચના કરવામાં આવે છે. આ વિશેષતા સ્ત્રીઓએ કરેલી છે.

સૌરાષ્ટ્રના લોક ભરતમાં ખાસ કરીને સ્ત્રીઓના ઘાઘરા, ચણીયા અને માલધારી નારીઓના કપડામાં સુંદર ભાતો ભરાય છે.

ખેડવાયા સ્ત્રીઓના ઘાઘરાની પટ્ટીની ભાતોમાં વીજળી વેલ, પોપટ વેલ, બારમોર, ઢેલ, વાટકા, માછલી, નાગણિયું, દાડમ વેલ, અડધી ફૂલવાડી, કેવડો, દાતરડા, પારસી સાહડા, ઘરાબંધી, ભુજ બુટ્ટી જેવી વિવિધ ભાતો ખૂબ જ જોવા મળે છે.

પહેરવાના કપડાંની બાય અને પેટ પરની ચાડ પેટીમાં છંદા વેલ વાટકા વેલ, કેવડા, આંગળા સીકલ, બટમોગરા, ચોખા ચલ્લી, તુઈ તકિયા, બાજુબંધ બેરખા જેવી ભાતોનું વિશેષ ચલણ છે.

## 13.8 જાતિગત વિવિધ લોકભરત

લોકભરતની વિવિધ પદ્ધતિઓ ઉપરાંત ગુજરાતમાં જુદા-જુદા પ્રદેશોમાં વસવાટ કરતી લોક જાતિઓએ  પણ ભરતના પ્રકારને પોત-પોતાની રીતે ખીલવ્યો છે. સૌરાષ્ટ્રની વાત કરીયે તો લેઉવા અને કડવા કણબીની સ્ત્રીઓના પહેરવેશ, ઘર અને પશુ શણગારનું ભરત, સૌરાષ્ટ્રના સથવારા અને સોરઠીયા આહીરોનું ભરત, અબોટી, સગર અને વાઘેરોનું ભરત, ચારણ અને ભરવાડનું ભરત, કારડીયા રાજપૂત, કોળી અને સરાણીયાનું ભરત રાવળ, રબારી, ભોપા, ખાંટ,  કડિયા અને કુંભાર સ્ત્રીઓનું ભરત પણ ઉલ્લેખનીય બની રહે છે.

## 13.9 પહેરવેશનું ભરત

પહેરવેશના વસ્ત્રોને ભરતકામ વડે શણગારવાના સંસ્કાર તો સૌરાષ્ટ્રની લોક્નારીને ગળથીમાંથી જ મળે છે. તેથી પહેરવેશનું ભરત, રચના, સૌંદર્ય અને શોભન ભાતોની દૃષ્ટિએ અતિસુંદર અને સોહામણું બની રહે છે.

### 13.9.1 સ્ત્રીઓના પહેરવેશનું ભરત

સ્ત્રીઓમાં ભરત ભરેલ પહેરવેશનું ખાસ મહત્વ જોવા મળે છે. કન્યા જ્યારથી સમજવા શીખે છે, ત્યારથી કરિયાવર માટેનું ભરત ભરવાની શરૂઆત કરે છે. સૌરાષ્ટ્રમાં ખેતી કરતી જાતિઓમાં કણબી, કારડીયા રજપૂત, પલેવાળ બ્રાહ્મણ,

ખરક, સતવારા, કોળી અને વસવાયા સ્ત્રીઓ હીર ભરતમાં ખાપું ભરેલા ઘાઘરા પહેરતી, કાઠી દરબાર, ગરાસીયા ચારણ અને આયર સ્ત્રીઓ ભરેલા કપડાને કોઈવાર કબજા પહેરે છે. રબારી સ્ત્રીઓ ભાતીગળ શોભન ભાતોવાળા ટેગલીયા અને જીમી પહેરે છે. માથે રંગીન ભરત ભરેલા ધુહલાં ઓઢે છે. વણઝારા, કાંગરીયા, ગાડલીયા અને ભરવાડની સ્ત્રીઓ ભરત ભરેલાં અને ખાપું મઢેલાં કપડાં પહેરે છે.

જયારે ઉત્તર ગુજરાતની રબારી સ્ત્રીઓ ભરત ભરેલા ઓઢણા ઓઢે છે. પુરુષો પાઘડી ઉપર ભરત ભરેલા અને ખાપું પટ્ટા બાંધે છે. રંગીન કોરવાળા ખાપું મઢેલા કેડિયા અને ખાપું ભરતની ટોપી ગોહિલાવાડમાં જાણીતી છે. દાંડિયા રાસ વખતે આવી ટોપી ખાસ પહેરવામાં આવે છે.

આમ, વિશિષ્ટ પ્રકારના ભરતના સુશોભનથી અલગ-અલગ ભરતની ખાસિયત જોવા મળે છે પરંતુ આજના મોર્ડન યુગમાં પહેરવેશના મોટા પરિવર્તનો આવવાના કારણે આ ભરતથી સુશોભિત પહેરવેશ ધીમે-ધીમે લુપ્ત થવા લાગ્યું છે.

**13.9.2 બાળકોના પહેરવેશનું ભરત**

જેવી રીતે સ્ત્રીઓના પહેરવેશમાં વિવિધ પ્રકારનું ભરત જોવા મળે છે તેમ પોતાના નાના-નાના બાળકો માટે પણ સ્ત્રીઓએ રંગબેરંગી નયનરમ્ય વસ્ત્રો ભરી પોષાક તરીકે ઉપયોગ કરતાં જોવા મળે છે. દીકરા માટે મોળિયાં મુકેલા કેડિયા ઉપર ડોડવાની ભાત, ખભા ઉપર દાડમ, નીચે કેવડા ભાત અને બાકીના ભાગ ઉપર શિકલ તથા ખાપું ભરે છે.ચોખા ચલ્લી અને કેવડા ભાત ભરેલી સતારા અને મોતીથી મઢીને ટોપી ભરે છે. જયારે ચોરણીમાં નીચે મોળીયા મૂકી ચંદાવેલનું ધીહરાવેલ બુટ્ટી, મોર, પોપટ, શિકલ અને ખાપું ભરે છે.

જયારે દીકરીઓ માટે હોંશે હોંશે ચણિયા અને બ્લાઉઝ અને મોસલા રંગબેરંગી ભરતથી ભરે છે. દીકરીના લગ્ન પ્રસંગે પહેરાવવા માટે ફૂલની ભાતવાળા ચણિયા તથા બ્લાઉજ ભરી પહેરવેશ માટે ઉપયોગ કરે છે. નાના બાળકોને ભરેલી આંગડી અને નલીયો પણ પહેરાવવામાં આવે છે.

આમ, લોકજીવનના પહેરવેશમાં ભારોભાર વૈવિધ્ય જોવા મળે છે. કચ્છમાં પ્રસંગો વખતે  આહીરોમાં ભરત ભરેલા વસ્ત્રો ધારણ કરવાની પરંપરા આજે પણ જળવાયેલી જોવા મળે છે. જયારે અન્ય જાતિના લોકોમાં બાળકો માટે મોતી ભરેલ ઘૂઘરાઓ બનાવવાનું પ્રમાણ આજે પણ જોવા મળે છે અને બાળકોને ઘોડીયાની દોરીઓ પર ઊનથી ગૂંથાવાની પરંપરા વર્ષોથી જોવા મળે છે.

### 13.9.3 ઘર અને પશુ શણગારનું ભરત

ભરત ભરવાના સંસ્કાર ભારતની સ્ત્રીઓમાં હતાં. ખંતીલી લોકનારીઓએ પોતાના આંગણે આવતા શુભ પ્રસંગોએ ઘરની દીવાલો, બાર સાંખ, બારીઓ, નાના નાના ઓરડા વગેરે જગ્યાએ ભરત ગૂંથણથી ગૂંથાયેલ કપડાથી પોતાના ઘરને વધારે સુશોભિત કરે છે.

આ ઉપરાંત આંગણે લગ્ન જેવો ઉજળો પ્રસંગ હોય, ત્યારે ઓરડાઓ તથા ઓંસરી લીપી ગુંપી, ખડીથી (એક પ્રકારની માટી)થી ઉજમાળીને ભરતથી શણગારવામાં આવે છે. ગૃહ શણગારના આ ભરતમાં પછી તપાટી, તોરણ, ટોડલિયા, પાન કોથળીયા, ચીતરિયા, ઝુમર, ગણેશ સ્થાપન, સુરજ સ્થાપન, સાખિયા, તકિયા, કાંધી, ચાકળા, ચંદરવા મુખ્ય છે. આ પ્રમાણે બળદોને પણ શણગારવા માટેનું ભરત ગૂંથણ હોંશે હોંશે ભરવામાં આવે છે.

આમ, આજે આ સુશોભનની ઘરની વસ્તુઓનું પ્રમાણ ઘટવા લાગ્યું છે. ગ્રામ્ય લોક જીવન સાથે વસવાટ કરતાં લોકો આજે પણ પરંપરાગત રીતે તેને સાચવી રહ્યા છે. જયારે આ ભાતીગળ સંસ્કૃતિની જાળવણી કરવા માટે અને પોતાની સંસ્કૃતિનો વારસો જાળવી રાખવા માટે સંગ્રહાલયોમાં સંગ્રહિત થયેલા જોવા મળે છે અને ઘણી જાતિના લોકોમાં આજે પણ પરંપરાગત રીતે તેને સાચવી પણ રહ્યા છે.

## 13.10 વિવિધ જ્ઞાતિના લોકોનું ભરત ગૂંથણ

### 13.10.1 કાઠી ભરત કામ

મધ્ય સૌરાષ્ટ્રમાં વસવાટ કરતી કાઠી પ્રજા આશરે ૧૦મી સદીમાં કચ્છના પાવર પ્રદેશમાંથી અહીં આવી છે. આ કોમની સ્ત્રીઓ ભરેલા ઘાઘરા-ચણિયા પહેરતી નથી પરંતુ ઘર અને પશુ શણગારનું ભરત હાથે ભરે છે.

કાઠી પ્રજામાં દીકરીને દાયજા (આણું આપવું)માં ભરત ગૂંથણથી સુશોભિત થયેલ વિવિધ પ્રકારના દીવાલો શોભાવતા ચાકળાઓ આપવામાં આવે છે. જયારે રાજ-ઠકરાતી દીકરીઓ માટે મોચી લોકો ધંધાદારી રીતે તેમનું ભરત ભરી આપતા મોચી કારીગર અંતલસ કે ગજી પર હાથથી કે આરીથી ચિત્ર જેવું સુંદર ભરત ભરે છે.

કાઠી પ્રજાનું ભરત આકૃતિ પ્રધાન હોય છે. તેમાં રામકથા, કૃષ્ણલીલા, તેમજ લોકકથાના પ્રસંગો ચીતરી ને ભરવામાં આવે છે. સુંદર રીતે લોક ઢબે ભરાયેલા ભરત, ચિત્રોથી અનોખી ભાત પાડે છે.

કાઠી પરંપરામાં ઘર શણગારનું ભરત લીલો, મરૂન, પીળો જેવા રંગોના પોત પર ભરાતું હોવાથી, તે સુંદર અને ચિત્રાંકન જેવું લાગે છે.

કાઠી જ્ઞાતિમાં ખાસ મોતી કળા વિકસી છે, જે ખૂબ જ ખ્યાતનામ થયેલ છે. તેમાં તોરણ, ટોડલીયા, પછીત-પાટી, કાંધી, ચાકળા, વિંજણા, સુરજ સ્થાપન, ચોપાટ, સોગઠા, ઈંઢોણી, કળશ, સુથીયા, પાચકા, દડો, લાકડી, ચાબખા, તલવારનું મ્યાન, પારણાના પાંગરા, ઘોડીયાની દોરી, ઝુમર, ઘોડીનું કોરીયું, કલગી, સગક, કંકાવટી, ઘાવણી, નાના-મોટા રમકડા, નાળીયેર, બળદના શીંગડા વગેરે મોતી ભરતના નમૂનાઓ જોવા મળે છે. આજે આ મોતી કળાને પરંપરા જાળવી રાખવા માટેના મોતી કળાના પ્રદર્શનો ગોઠવવાની શરૂઆત થયેલી જોવા મળે છે અને તેમાં વિવિધતાવાળા મોતીકળાના નમૂનાઓ જોવા મળે છે.

### 13.10.2 મોચી ભરત

મોચી ભરતની પરંપરા મુખ્યત્વે ધંધાદારી પરંપરા ગણાય છે. રાજા રજવાડાઓના દરબારમાં દીકરીઓને દાયજામાં ભરત ભરેલી અનેક વસ્તુઓ તૈયાર કરાતી, તેનું ભરત કામ મોચી કસબીઓ તૈયાર કરતા હતા.

મોચી ભરતમાં રેશમી કાપડ ઉપર હીર અને સોનાના બારીક તારના ભરત ભરાતા. કુમાંશવાળા ચામડા ઉપર પણ સોના-રૂપાના તારથી ભરત વિવિધ વસ્તુઓ માટે થતું જે 'ચામડા-ભરત' તરીકે ઓળખાતું હતું. પછી એ કામ કિંમતી કાપડ ઉપર ઉતર્યું. હાલના સમયમાં લાલ, જાંબલી, સોનેરી, પીળા, સફેદ તેમજ કાળા હીરના દોરાનું આરી તથા ઝીણી સોયથી ભરત ભરવામાં આવે છે.

### 13.10.3 મહાજન ભરત

ગુજરાતની ઉજળીયાત કોમ મહાજન જાતિના લોકોમાં પણ ભરત ભરવાનો ચાલ હતો. એમનું ભરત સુંદર, ઠાંસી ઠાંસીને ભરેલું, વધારેલું પડતું સાફ અને ચીવટવાળું દેખાય છે. મહાજન ભરત માટે ગુજરાતનું કચ્છ પ્રદેશ ખૂબ જ વિખ્યાત છે.

મહાજન ભરતમાં ખાસ કરીને સફેદ કે વાદળી રંગના કાપડ ઉપર ભરતની આખી ભૂમિકાનું ભરત ઘેરા ગુલાબી રંગના રેશમથી કરાતું હતું. આ શૈલીમાં ગાજના ટાકાથી ઓડવામાં આવતા આભલાનું ભરત કામ ઘણું જ ઉઠાવદાર અને નયનરમ્ય બનતું હતું. આ ભરત કામની ચારે બાજુની કિનારી નજીક એક સરખા કાંગરા ભરાતા હતા. મહાજન ભરતની ભાત ખાસ કરીને આકૃતિઓમાં કાષ્ઠ શિલ્પ, પીછવાઈ,

કલમ-કારી, પામરી અને પટોળાની બાંધણીમાંથી તેમજ મોચી અને કાઠી ભરતમાંથી આવ્યા છે.

### 13.10.4 આહીર ભરત

આહીર ભરતમાં કાપડ ઉપર પક્ષીઓ, ફૂલવેલ, પૂતળીઓ વગેરેની આકૃતિઓ ટાંકા વડે ઉપસાવવામાં આવે છે. આહીર ભરત પર કાઠી ભરતની છાંટ જોવા મળે છે. ખેડવાયા વર્ણોમાં આહીરોનું ભરત કામ શ્રેષ્ઠ છે. આહીર ભરતમાં સફેદ ખાદીના પોત ઉપર કિરમજી, જાંબલી, રાતા વગેરે હીર તેમજ સુતરાઉ દોરાથી ભરત ભરાય છે. આહીર ભરતમાં આભલાનો ઠીક ઠીક ઉપયોગ થતો હતો. કચ્છ અને સૌરાષ્ટ્રની સરહદ પાસેના આહીર ભરતના લીલા, લાલ, પીળા રંગની ઢોલીયા ઉપર રાખવાની કિલ કે મળીમાં પ્રાકૃતિક આકૃતિઓની રચના સુંદર રીતે કરાય છે. જુનાગઢ તરફના આહીર ભરતમાં સુશોભન મોટા ફૂલવેલની ભાતો સાથે આકૃતિનું પણ સંયોજન કરાય છે.

જામનગર વિસ્તારના આહીર ભરતમાં પીળા પોત ઉપર પોપટ, પૂતળીઓ, મોટા-મોટા ગોટીફૂલ અને વચ્ચે આભલા ટાંકવામાં આવે છે. કચ્છમાં આહીરોમાં આજે પણ ભરત ભરવાની પરંપરા વધુ પ્રમાણમાં જોવા મળે છે.

### 13.10.5 કણબી ભરત

કણબી ભરત જાડા કપડા ઉપર કરવામાં આવે છે. જેમાં મુખ્યત્વે લાલ અને ભૂરા રંગનો ઉપયોગ કરવામાં આવે છે. ભાવનગર નજીકના લેઉવા કણબીનું ભરત કામ અને રાજકોટ જૂનાગઢના કણબીનું ભરત કામ વિશિષ્ટ ભાત પડે છે. કણબી ભરતમાં તોરણ, બારસાખિયા, ઉલેચા, ચંદરવા, ચાકળા, બળદની ઝૂલ, માથાવટી, ઘાઘરા, ઓઢણાંની કોર વગેરેમાં ભરત ભરવાનો ચાલ છે. આજે એ પ્રમાણમાં ખૂબ જ ઓછું જોવા મળે છે.

### 13.10.6 અન્ય જાતિઓનું ભરત

ભરત કામની આ મુખ્ય શૈલી ઉપરાંત રબારી, અંબોટી, અગર અને વાઘેરોનું ભરત, ચારણ  અને ભરવાડોનું ભરત, કારડીયા રાજપૂત અને સરાનીયાનું ભરત, રાવળ, ભોપા બોરિયા, ખાંટ, કડિયા અને કુંભાર સ્ત્રીઓનું ભરત પણ ઉલ્લેખનીય રહ્યું છે.

## 13.11 સારાંશ

લોકભરત અને ગૂંથણ આપણી સંસ્કૃતિમાં પ્રાચીન સમયથી જોવા મળે છે. એક એવી લોકવાયકા છે કે, સ્ત્રીઓ પોતાના અંગત વપરાશના લોક્બરના કાપડ ઉપર ભરત આલેખા કરતી હતી. તેથી જ આ ભરત આલેખમાં તેનો ઉત્સાહ અને પ્રાણ ધબકતો હતો. પોતે પોતાના મનપસંદ ભરેલા આભરણોથી તે સજતી અને ઘરબાર અને પશુઓને સજાવતી હતી અને પોતે તૈયાર કરેલા સુંદર ભરતનો એ આનંદ માણતી હતી.

પરંતુ આજના યુગમાં ભરત ભરવું અને ગૂંથણ કરવાનું પ્રમાણ ધીમે-ધીમે ઘટવા લાગ્યું છે.

સમયની સાથે-સાથે રીત-રિવાજ, પરંપરા, પહેરવેશ વગેરેમાં પરિવર્તન આવ્યું અને લોકોની સમૃદ્ધિ વધી, સુખી થયા અને પીઢોરાના ઘરની જગ્યાએ ઈંટ-ચૂના-સિમેન્ટના ઘર બંધાવા લાગ્યા. જુના માટીના ઘરોની ભીંત હવે શણગાર વગરની થવા લાગી. ખેતીમાં આધુનિકતા આવી એટલે બળદ-ગાડીને બદલે હવે ટ્રેક્ટરો આવ્યા. પરિણામે બળદની જુલના શણગાર લુપ્ત થવા લાગ્યા. મિલના વણાટમાં વિવિધતા આવી અને રંગબેરંગી ભાતના વસ્ત્રો આવ્યા. તેથી ભરત ભરેલા ઘાઘરા વગેરેનું પ્રમાણ ઓછું થયું. આમ, અંગત શોખથી જે ભરત થતું હતું તેનો રસ ઓછો થવા લાગ્યો.

આજે અમુક જાતિના લોકો અને કલાપ્રિય લોકો ભરતમાં રસ લેતા થયા અને તેમાં થોડું પરિવર્તન આવ્યું. અમુક વેપારીઓ આજે વ્યાપારના માધ્યમથી લોક ભરત ભરાવીને વ્યાપાર કરે છે.

આજે ગુજરાતમાં ખાસ કરીને કચ્છમાં ભરત કામ કરવાનું પ્રમાણ વધારે જોવા મળે છે અને બીજી અન્ય જગ્યાએ છુટું છવાયું જોવા મળે છે. સુરત જેવા શહેરમાં મશીનથી વિવિધ ભરત ભરવામાં આવે છે. ઊન વગેરેનો ઉપયોગ કરીને જુદું જુદું ગૂંથણ પણ કરવામાં આવે છે. આજના યુગમાં ઘણા લોકો ફેશન ડિઝાઈનીગ જેવા કોર્ષ કરે છે અને તેમાં વિવિધ ટાંકા વગેરે શીખવવામાં આવે છે.

તેમ છતાંય આજે હાથથી ભરાયેલા ભરતમાં વિવિધતા જોવા મળે છે પરંતુ તે આર્થિક ઉપાર્જન માટે ભરત કરવામાં આવે છે. જુના સમયમાં શોખ અને મનોરંજન માટે ભરત ભરવામાં આવતું હતું. તે આજે લુપ્ત થવા લાગ્યું છે.

## 13.12 ચાવીરૂપ શબ્દો

**૧. આરી :** હાથમાં પકડી શકાય તેવા લાકડાના હાથામાં હુક્વાળી સોયને બેસાડીને તેનાથી જે ભરત ભરાય છે. તેને ''આરી ભરત'' કહે છે. આ ભરત મોચીઓએ-વિશેષરૂપે કચ્છમાં ખૂબ ભર્યું છે.

**૨. અડદિયા :** લોક ભરતમાં મુખ્ય ભરતને જુદા પાડવા માટે અડદિયાની હાર ભરવામાં આવે છે. સમાંતર ત્રણ લીટીઓમાં એક-એક છોડીને તે ભરાય છે. અંગ્રેજીમાં તેને 'ઝરીષ્ઠા' ભાત કહે છે.

**૩. કથિપી :** સમચોરસ ભૌમિતિક રીતે ત્રિકોણ ચોરસને ગોઠવીને હિરથી ભરેલ એક સંયોજન અને લોક ભરતનો એક પ્રકાર.

**૪. કાંગરા :** તેમાં સમગ્ર ભરત કામ પૂરું થાય. તેમાં છેવટના ભાગે અણિકાર ઉપર રહે તેવો ત્રિકોણ ભરાય છે.

**૫. કોળીફુલ :** તેમાં વચ્ચે દળવાળો ફળનો આકાર અને પશુ શણગાર માટે ભરાતા લોક ભરતમાં મુખ્ય ભાતના વિભાગને છૂટો પાડવા માટે ભરેલ અડધો ઈંચ જાડાઈનો ભરેલો સળંગ હારને 'કોળીફૂલ' કે 'કમળફૂલ' કહે છે.

**૬. ખજુરો :** ઘર શણગાર અને પશુ શણગાર માટે ભરાતા લોક ભરતમાં મુખ્ય ભાતના વિભાગોને છૂટો પાડવા માટે ભરેલ અડધો ઈંચ જાડાઈનો સળંગ પટ્ટો, જે હંમેશા ઘર સુશોભન, પશુ-શોભન માટે ભરાય છે.

**૭. ખેડવાયા :** ખેતીકામ કરતી જાતિઓ જેવી કે કણબી, કારડીયા, કોળી, ખરક, પાલીવાલું, સથવારા વગેરે

**૮. ચોખા ચલ્લી :** લોક્નારીના રેશમી કાપડાની બાયોમાં ભરતની વચ્ચે વચ્ચે સતારા અને તેની પર મોતી ટાંકીને ભરેલી ભાત.

**૯. ચોપાટડી :** સમચોરસની વચ્ચે પતંગાકાર રચી. તેમાં વચ્ચે સીકલ ભરેલી એક ઘાઘરા-ચણિયા અને કાપડામાં ભરાતી ભાત.

**૧૦. ડોસલા :** ડમરુ જેવા એક આકારની બંને બાજુમાં વળાંકમાં ગોળ વર્તુળ ગોઠવી, જે સમગ્ર આકૃતિની રચના કરાય છે. તે ''ડોસલો'' આ ભાતાકૃતિ નરસિંહનું પ્રતિકરૂપ છે.

**૧૧. હીર :** કોશેટામાંથી તૈયાર કરેલ સાચા રેશમના તાતણાનું સંયોજન કરી, તેની વિવિધ રંગ રંગીન ‘હીર’ બનાવાય છે. તેને ચૂનાનો પાસ અપાય છે. જેથી તેને જીવાત ન ખાય. તેથી લોક ભરતમાં ખાસ હીરનો ઉપયોગ થાય છે.

## 13.13 તમારી જાતને ચકાસો

(૧)કચ્છી ભરત વિશે નોંધ લખો.

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

**બહુવૈકલ્પિક પ્રશ્નો**

(૧) મૂળ પ્રાકૃત પરંપરા મુજબ ‘ભરિમ’ માટે કયો શબ્દ મળે છે?

(A) આરી (B) હીર

(C) ભરીને (D) ગૂંથણ

(૨) તાંબાની સોય નીચેનામાંથી ક્યા સ્થળેથી મળી આવી છે?

(A) બનાસકાંઠા (B) ગોંડલ

(C) લોથલ (D) તારંગા

(૩) મોહેં-જો-દડોના ઉત્ખનન દરમિયાન મળી આવેલ મૂતિને પહેરાવેલ કપડા ક્યાં પ્રકારના ભરતના હતા?

(A) બન્ની ભરત (B) ત્રણ પાંખડીના ફૂલનું ઉપસાવેલું ભરત

(C) આભલા ભરત (D) કેન્વાસ ભરત

(૪) આરી ભરતની મનોહર કળા કઈ જાતિએ ખીલવી હતી?

(A) મોચી (B) કણબી

(C) આહીર (D) મહાજન

(૫)  બન્નીી ભરત કયા પ્રદેશોનું છે?

(A) સૌરાષ્ટ્ર	(B) કચ્છ

(C) ઉત્તર ગુજરાત	(D) વાઘેર

(૬) સૌરાષ્ટ્રના ભરત કામમાં શાનો ઉપયોગ સૌથી વધુ થાય છે?

(A) કેન્વાસ	(B) રેશમ

(C) ઉન	(D) આભલા

(૭) કેન્વાસ ભરતમાં કયા દોરાનો ઉપયોગ થાય છે?

(A) હીરથી	(B) સુતરાવ દોરાથી

(C) રંગીન ઉનથી	(D) રેશમથી

(૮) ખાપુ ભરતની ટોપી ક્યાંની જાણીતી છે?

(A) ઝાલાવાડ	(B) ગોહિલવાડ

(C) કચ્છી	(D) એકપણ નહિ

(૯) મોચી ભરતની પરંપરા મુખ્યત્વે કઈ પરંપરા છે?

(A) ધંધાદારી	(B) ઘરવપરાશ

(C) મોજ-શોખ	(D) એકપણ નહિ

**સ્વાધ્યાય**

(૧)  લોક ભરતની પ્રાચીનતા અને વિવિધતા વિશે વિસ્તૃત નોંધ લખો.

(૨) સૌરાષ્ટ્રના આભલા ભરત વિશે નોંધ લખો.

(૩) પહેરવેશના ભરત વિશે વિસ્તારથી માહિતી આપો.

## 13.14. સંદર્ભ અને વિશેષ વાચન


- ગુજરાતનો પુરાતત્વીય વારસો, માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, વર્ષ : ૨૦૧૫-૧૬
- ઓઝા દિગંત, આયંગર (ડૉ.) સુદર્શન, ગુજરાત એક સરવૈયુ, નવ ભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ઓક્ટોબર ૨૦૦૨
- ઇતિહાસ સંસ્કૃતિ લોકો ગુજરાત તમારા રાજ્યને જાણો Parragon Publishing India Private Limited Noida, ૨૦૧૫.
- ધન્ય ગુર્જરી કેન્દ્ર પ્રકાશન-૧ ગુજરાત, ગુજરાત વિશ્વ કોશ ટ્રસ્ટ પ્રકાશન - અમદાવાદ, ચોથી નવસંસ્કરણ આવૃત્તિ ૨૦૧૩.
- વ્યાસ રજની, ગુજરાતની અસ્મિતા, અક્ષર પ્રકાશન, અમદાવાદ, પાંચમી આવૃત્તિ ૨૦૧૨
- પરમાર જયમલ, લોક સાહિત્ય તત્વદર્શન અને મૂલ્યાંકન, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ ૧૯૯૧
- પાઘડાળ (સં) સંજય, અને અન્ય લેખકો, ગુજરાતનો સાંસ્કૃતિક વારસો, યુવા ઉપનિષદ પબ્લિકેશન સુરત,
- પટેલ કૌશિક અને ભુવા જીજ્ઞેશ, ગુજરાતનો સંસ્કૃતિક વારસો, કલા/ધર્મ/સંસ્કૃતિ, વર્લ્ડ ઇન બોક્સ ભાવનગર, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૯.

# એકમ - 14 ગુજરાતના આદિવાસીઓનો સાંસ્કૃતિક વારસો

## :: રૂપરેખા ::

**14.0** ઉદ્દેશો

**14.1** પ્રસ્તાવના

**14.2** આદિવાસી સંસ્કૃતિની વિવિધ વિભાવનાઓ

**14.3** ગુજરાતના આદિવાસીઓ

**14.4** ગુજરાતના આદિવાસીઓના જાતિવાર આંકડા

**14.5** ગુજરાતમાં જુદા-જુદા આદિવાસી સમૂહો

**14.6** ગુજરાતની મુખ્ય આદિવાસી જાતિઓ

- **14.6.1** હળપતિ
- **14.6.2** ધોડિયા
- **14.6.3** ચૌધરી - ચૌધરા
- **14.6.4** ધાનકા
- **14.6.5** કુંકણા અથવા કોંકણા
- **14.6.6** વારલી
- **14.6.7** ગામીત
- **14.6.8** નાયક - નાયકડા
- **14.6.9** ઢોર કોળી
- **14.6.10** કોટવાળિયા
- **14.6.11** કાથોડી
- **14.6.12** બામચા અથવા બાવચા
- **14.6.13** પોમલા
- **14.6.14** પારધી
- **14.6.15** સીદી

**14.7** આદિવાસીઓની સામાજિક વ્યવસ્થા

**14.8** આર્થિક વ્યવસ્થા

**14.9** શિક્ષણ અને સંસ્કૃતિ

**14.10 સારાંશ**

**14.11 ચાવીરૂપ શબ્દો**

**14.12 તમારી જાતને ચકાસો**

**14.13 સંદર્ભ અને વિશેષ વાચન**

## 14.0 ઉદ્દેશો

- આદિવાસી સંસ્કૃતિની વિવિધ વિભાવનાઓથી પરિચિત થાય.
- ગુજરાતના આદિવાસીઓ વિશે જાણે.
- ગુજરાતની મુખ્ય આદિવાસી જાતિઓથી જ્ઞાત થાય.
- આદિવાસીઓની સામાજિક વ્યવસ્થા વિશે સમજ કેળવે.
- આદિવાસીઓના આર્થિક જીવન વિશે માહિતી પ્રાપ્ત કરે.
- આદિવાસી શિક્ષણ અને સંસ્કૃતિનો પરિચય મેળવે.

## 14.1 પ્રસ્તાવના

ભારતની પૂર્વકાલીન જાતિઓમાં આદિવાસીઓની ગણના કરવામાં આવે છે. આદિવાસી ભારતના મૂળ નિવાસી છે. આ જાતિઓ આદિકાળથી ભારતમાં વસવાટ કરતાં હોવાથી, તેઓનું "આદિમ જાતિ" કે 'આદિવાસી' એવું નામ આપવામાં આવ્યું છે.

સામાન્ય જનતામાં તેમના માટે અનેક દંતકથાઓ અને પુરાકલ્પનકથાઓ પ્રચલિત છે. કેટલાક લોકો તેઓને જંગલો અને પહાડોમાં વસતા ભલા ભોળા અને નાચ-ગાનના શોખીન લોકો તરીકે ઓળખે છે તો કેટલાક તેઓને અમાનવીય વ્યવહારવાળા લોકો તરીકે પણ ઓળખે છે. વિદ્વાનોમાં પણ આવી ગેરસમજો પ્રવર્તે છે.

સામાજિક માનવ - વિજ્ઞાનના અભ્યાસીઓ એક નિશ્ચિત ભૂ-ભાગમાં વસતા, એક જ ભાષા - બોલી બોલતા, સુરક્ષા માટે સંગઠિત રહેતા, આગવી અર્થવ્યવસ્થા અને સમાન ભાવના ધરાવતા, સ્વાયત સમાજ અને વિશિષ્ઠ સંસ્કૃતિ ધરાવતા સરલ સમુદાયને આદિવાસીઓ તરીકે ઓળખાય છે.

ભારતના પૂર્વ, મધ્ય અને દક્ષિણમાં વસતા આ આદિવાસીઓને ભારતની ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ત્રણ વિભાગોમાં વહેંચવામાં આવે છે.

(૧) ઈશાન પ્રદેશના આદિવાસીઓ (૨) મધ્ય ભાગના આદિવાસીઓ અને (૩) દક્ષિણ પ્રદેશના આદિવાસીઓ.

જ્યારે ગુજરાતના આદિવાસીઓની ગણના ભારતના મધ્ય ભાગના આદિવાસીઓ સાથે કરવામાં આવે છે. આદિવાસીઓ દેશના ૧૯ % ભૂ-ભાગમાં વસે છે. દેશમાં ભિન્ન-ભિન્ન જનજાતિઓના લગભગ ૫૦૦ સમુદાયો વસે છે.

ગુજરાતમાં ઉત્તરે અરવલ્લી પહાડની હારમાળાઓમાં, પૂર્વમાં સાતપુડા અને વિંધ્ય પહાડની શિખરાવલીઓમાં અને દક્ષિણમાં સહ્યાદ્રિની પર્વત શ્રેણીઓમાં આદિવાસીઓનું નિવાસ સ્થાન છે. આ પૂરો ભૂમિ ભાગ લગભગ ૨૦ હજાર માઈલમાં ફેલાયેલો છે.

## 14.2 આદિવાસી સંસ્કૃતિની વિવિધ વિભાવનાઓ

વિશ્વભરની સંસ્કૃતિઓમાં ભારતીય સમાજ અને સંસ્કૃતિનું મહત્વપૂર્ણ સ્થાન છે. સાંસ્કૃતિક વારસો અને સંસ્કૃતિ શબ્દમાં બે વિગતો સમાયેલી છે. (૧) આદિમ સંસ્કૃતિ કે સાંસ્કૃતિક વારસો અને (૨) લોક સંસ્કૃતિ કે આદિમ સંસ્કૃતિ. જે ‘જનજાતિ સંસ્કૃતિ’ તરીકે પણ ઓળખાય છે. લોક સંસ્કૃતિનો ઉદ્ભવ પણ આદિમ સંસ્કૃતિમાંથી થયો છે.

‘લોક’ શબ્દમાં તમામ બાબતોનો સમાવેશ થઇ જાય છે. અદ્રશ્ય અને દ્રશ્ય બધી બાબતો તેથી જનજાતિ સંસ્કૃતિ લોકસંસ્કૃતિથી જુદી નહી પણ જનજાતિની સંસ્કૃતિ જ મૂળ આદિવાસી સંસ્કૃતિ છે. આજે તેનું વિશાળતમ સ્વરૂપ ઊભું થયું છે. ભારતમાં આજે જુદી-જુદી જગ્યાએ અનેક આદિવાસીઓ વસે છે. તેઓમાં આદિમ સંસ્કૃતિના અનેક અવશેષો સચવાયેલા જોવા મળે છે. સામાજિક પરિવર્તનો ખૂબ પ્રમાણમાં આવ્યા છતાંય જનજાતિમાં પરિવર્તનોની માત્રા ધીમી રહી છે. આદિવાસીઓના સાંસ્કૃતિક જીવનમાં ત્યારે જ પરિવર્તન આવે છે કે, જયારે તેમને નક્કર પરિણામોની ખાત્રી મળે.

ગુજરાતના આદિવાસીઓનું જીવનનિર્વાહ મુખ્યત્વે જંગલો પર નિર્ભર છે. આજે પણ આદિજાતિઓ મુખ્યત્વે જંગલોમાં નિવાસ કરે છે. તેઓ ક્યારેય નગરો પર નિર્ભર રહ્યા ન હતાં. આદિવાસીઓએ જીવન જરૂરિયાતની પૂર્તિ પોતાની આસપાસના ફળો-છોડો, નદી, તળાવો, પહાડો અને જંગલોમાંથી કરી છે. પુરાતત્વીય સંશોધનની માફક સાંસ્કૃતિક ઇતિહાસમાં પણ સંશોધનકર્તા વૈજ્ઞાનિક પદ્ધતિથી કરતો રહે છે. આદિમ સંસ્કૃતિના અવશેષો વિશ્વના અનેક વિસ્તારોમાંથી પ્રાપ્ત થાય છે. આદિમાનવોએ ગુફાઓમાં રહીને જે આચાર વ્યવહાર, સંકેતો, બોલી, ચિત્રો, રેખાંકનો શિકારની પદ્ધતિઓ, ફળ-ફૂલ અને ઝાડ સાથે સંબંધો સ્થાયી, પ્રકૃતિ સાથે

સહઅસ્તિત્વ કેળવ્યું તેમાંથી આદિમ સંસ્કૃતિના નિર્માણના પ્રારંભિક ઘટકો સર્જાયા હતા. આદિવાસી સમૂહો મોટાભાગે સાંસ્કૃતિક તત્વોમાંથી પ્રભાવિત થયા છે. આદિમ મનુષ્ય પ્રાકૃતિક જીવન જીવતો હતો. ભોજન સિવાયની વિવિધ સુવિધાઓની વિશેષ ચિંતા કરતો ન હતો. પ્રકૃતિની રહસ્યમય શક્તિઓ પ્રત્યે સહજ વિશ્વાસ રાખતો હતો તે મુજબ આદિવાસી સમાજ વૃક્ષો, નદી, પહાડ, ઘાટ  જંગલ વગેરેને પોતાના દેવ-દેવતા માને છે.

આમ, તેઓને પ્રાકૃતિક જીવનમાં શ્રદ્ધા દર્શાવે છે. આજે પણ આદિવાસીઓના મોટા ભાગના દેવી- દેવતાઓ પ્રકૃતિના તત્વો જ છે. સંસ્કૃતિ સંવેદનશીલ ક્ષેત્રોની બાબત છે. પ્રકૃતિ સંસ્કૃતિની સૌથી જૂની સંરચના છે. સંસ્કૃતિના ઉદ્દભવની હજારો દંતકથાઓ, કલ્પનાઓ સમગ્ર વિશ્વભરમાં મળે છે જે બધી મનુષ્યની ઉત્પત્તિ પછીની કક્ષાઓ છે.

આદિમ સંસ્કૃતિનું મહત્વપૂર્ણ તત્વ આત્માની સત્તાનો સ્વીકાર છે. તેમાં આત્માના બે પ્રકાર છે. (૧) સારો આત્મા અને (૨) ખરાબ આત્મા. સારો આત્મા કલ્યાણકારી કામો કરે છે, એવી એક માન્યતા છે અને ખરાબ આત્મા રોગચાળો અને મુશ્કેલીઓ આપે છે. પરલૌકિક શક્તિઓની પ્રસન્નતા અને નારાજગી પર જીવન સંચાલિત થાય છે, તેવી આદિવાસી સમાજની દૃઢ માન્યતા છે. તેથી કુદરતની પોતે માનેલી શક્તિથી આદિવાસી સતત ભયભીત રહે છે. કેટલીક આદિમ જાતિઓ પશુઓમાં પણ ઈશ્વરનો વાસ માની તેમની પૂજા કરે છે.

આજે પણ આદિવાસી સમાજના લોકો પ્રકૃતિ સાથે ગાઢ સંબંધ ધરાવે છે. પ્રકૃતિના સાનિધ્યમાં જ આદિવાસીઓનું સૌથી મોટું સુખ છે. આદિવાસી જીવનની સાર્થકતા પણ પ્રકૃતિમય જીવનમાં જ છે.

## 14.3 ગુજરાતના આદિવાસીઓ

ગુજરાતમાં લગભગ આદિજાતિના ૨૯ સમુદાયો વસે છે. જે સમુદાયમાં ગુજરાતની ઉત્તરે અરવલ્લી પહાડની હારમાળાઓમાં, પૂર્વમાં સાતપુડા અને વિંધ્ય પહાડની શિખરાવલીમાં અને દક્ષિણમાં સહયાદ્રિની પર્વત શ્રેણીઓમાં આદિવાસીઓનું નિવાસ સ્થાન છે. આ પૂરો ભૂમિ ભાગ લગભગ ૨૦ હજાર માઈલ એરિયામાં ફેલાયેલો છે.

ભારતની આદિવાસી જાતિઓમાંની એક મુખ્ય જાતિ છે. વસ્તી ગણતરીની દ્રષ્ટિએ ગૌંડ અને સંથાલ આદિવાસીઓ પછી ભારતમાં તેમનું સ્થાન છે. ભીલ દેશના ચાર રાજ્યો ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં વસે છે.

## 14.4 ગુજરાતના આદિવાસીઓના પ્રાપ્ય જાતિવાર આંકડા

ગુજરાતના આદિવાસીઓના પ્રાપ્ય જાતિવાર આંકડાઓ નીચે મુજબના કોષ્ટકમાં છે.

| આદિવાસી જાતિ | ૧૮૯૧ | ૧૯૦૧ | ૧૯૪૧ | ૧૯૫૯ |
|---|---|---|---|---|
| ભીલ | ૫,૧૧,૯૮૨ | ૫,૫૯,૯૩૦ | ૪,૭૪,૫૩૨ | ૮,૪૭,૧૬૧ |
| નાયકા | ૬૬,૬૭૨ | ૫૯,૧૬૧ | ૧,૧૬,૦૭૭ | ૧,૨૯,૧૦૧ |
| ધાનકા | ૪૨,૭૪૦ | - | ૨૦,૨૩૯ | ૩૨,૫૧૪ |
| કુંકણા | ૪૯,૮૫૫ | - | ૩૪,૬૪૭ | - |
| દુબળા | ૧,૨૦,૨૬૫ | - | ૧,૮૦,૪૭૯ | ૧,૭૪,૬૬૯ |
| ઢોડીયા | ૧,૦૨,૪૭૯ | - | ૧,૪૦,૯૬૬ | - |
| ગામીત | ૫૨,૦૧૯ | - | ૮૩,૬૪૫ | ૧,૧૧,૯૦૧ |
| ચૌધરા | ૬૯,૬૨૮ | - | ૯૮,૬૪૫ | ૧,૪૩,૫૧૫ |

આઝાદી પહેલાં ગુજરાત વહીવટી વ્યવસ્થામાં બે વિભાગોમાં વહેંચાયેલ હતું. તેમાં (૧) બ્રિટીશ હસ્તકનું ગુજરાત અને (૨) દેશી રજવાડાઓના અધિકારવાળું ગુજરાત. અહી દેશી રજવાડાનો વિસ્તાર અને વસ્તી વધુ હતી. ૧૮૯૧માં ગુજરાતના પાંચ જિલ્લાઓમાં આદિવાસી વસ્તીના આંકડા નીચેના કોષ્ટક જોઈ શકાય છે.

| | |
|---|---|
| ભીલ | ૫,૧૧,૯૮૨ |
| દુબળા | ૧,૨૦,૨૬૫ |
| ઢોડીયા | ૧,૦૨,૪૭૯ |
| ચૌધરા | ૬૯,૬૨૮ |
| નાયકા | ૬૬,૬૭૨ |
| ગામીત | ૫૨,૦૧૯ |

આઝાદી પછી ૧૯૫૧માં ગુજરાતમાં વહીવટ સુગમતા ખાતર આદિવાસી વસ્તીના ઘટકો બનાવવામાં આવ્યા હતા તે ઘટકો મુજબ આદિવાસીઓની વસ્તી નીચે મુજબ હતી.

| આદિવાસી | તાલુકો | જિલ્લો | ઘટકની વસ્તી | આદિવાસી વસ્તીનું પ્રમાણ | ટકા (%) |
|---|---|---|---|---|---|
| દાંતા | દાંતા | બનાસકાંઠા | ૨૦૫૩૩ | ૧૮૨૫૮ | ૮૫% |
| મેઘરજ-ભિલોડા | મેઘરજ-ભિલોડા | સાબરકાંઠા | ૩૮૯૨૫ | ૨૬૩૮૮ | ૬૭.૫૦% |

| | | | | | |
|---|---|---|---|---|---|
| નસવાડી | નસવાડી | વડોદરા | ૪૨૧૮૬ | ૩૨૧૮૨ | ૭૬.૪૦% |
| તિલકવાડા | તિલકવાડા મહાલ | વડોદરા | ૩૦૨૦૭ | ૧૮૬૬૮ | ૬૧.૮૦% |
| ઝોઝ | છોટા ઉદેપુર | વડોદરા | ૩૬૫૭૪ | ૩૩૧૪૬ | ૯૦.૬૦% |
| છોટા ઉદેપુર | છોટા ઉદેપુર | વડોદરા | ૩૬૪૧૭ | ૨૫૪૧૫ | ૬૯.૦૦% |
| લ્વાંટ | છોટા ઉદેપુર | વડોદરા | ૩૬૪૩૫ | ૩૨૨૩૭ | ૮૮.૪૦% |
| ચાસવાડ | વાલીયા | ભરૂચ | ૨૩૫૬૮ | ૨૧૧૯૯ | ૮૯.૫૦% |
| ડેડીયાપાડા | ડેડીયાપાડા | ભરૂચ | ૩૦૦૫૧ | ૨૯૬૦૬ | ૯૮.૫૦% |
| સાગબારા | સાગબારા | ભરૂચ | ૩૦૦૦૦ | ૨૭૭૨૯ | ૯૨.૪૦% |
| નાંદોદ-૧ | નાંદોદ-૧ | ભરૂચ | ૪૩૩૭૫ | ૨૯૭૬૨ | ૬૮.૬૦% |
| રાજપારડી | ઝગડીયા | ભરૂચ | ૪૭૧૪૫ | ૩૨૪૪૧ | ૬૮.૮૦% |
| વાલીયા | વાલીયા | ભરૂચ | ૨૬૫૬૩ | ૨૧૭૭૧ | ૮૧.૯૦% |
| નાંદોદ-૨ (રાજપીપળા) | નાંદોદ | ભરૂચ | ૩૯૩૭૫ | ૩૧૭૬૭ | ૮૦.૭૦% |
| ડાંગ-૧ | ડાંગ | ડાંગ | ૨૪૧૪૪ | લગભગ ૧૦૦ ટકા | ૧૦૦% |
| ડાંગ-૨ | ડાંગ | ડાંગ | ૨૩૧૩૮ | લગભગ ૧૦૦ ટકા | ૧૦૦% |
| સંજેલી | ઝાલોદ | પંચમહાલ | ૨૯૮૮૬ | ૨૬૨૮૮ | ૯૦% |
| દૂધીયા | લીમખેડા | પંચમહાલ | ૨૮૭૭૮ | ૨૩૨૯૬ | ૮૦% |
| કઠલા | દાહોદ | પંચમહાલ | ૩૪૨૨૪ | ૩૧૩૯૩ | ૯૧% |
| ભાથીવાડા | દાહોદ | પંચમહાલ | ૩૪૫૨૩ | ૩૨૬૩૨ | ૯૫% |
| ધાનપુર | લીમખેડા | પંચમહાલ | ૨૯૨૫૪ | ૨૦૩૩૬ | ૬૯.૭૫% |
| ગોઠીબ | સંતરામપુર | પંચમહાલ | ૪૭૧૩૫ | ૩૫૯૩૨ | ૭૬.૦૦% |
| ઝાલોદ | ઝાલોદ | પંચમહાલ | ૩૮૨૬૨ | ૨૯૭૪૪ | ૭૮.૦૦% |
| લીમડી | ઝાલોદ | પંચમહાલ | ૩૩૨૯૮ | ૨૯૫૨૦ | ૮૮.૦૦% |
| પલ્લા | લીમખેડા | પંચમહાલ | ૨૮૫૫૯ | ૧૯૬૩૮ | ૬૮.૦૦% |
| ગરબાડા | દાહોદ | પંચમહાલ | ૩૨૬૩૦ | ૨૯૪૭૧ | ૯૦.૦૦% |

| | | | | | |
|---|---|---|---|---|---|
| કડાણા | સંતરામપુર | પંચમહાલ | ૨૧૨૦૩ | ૧૮૪૨૫ | ૬૮.00% |
| બામરોલી | દેવગઢ બારીયા | પંચમહાલ | ૨૬૨૭૪ | ૧૭૪૯૨ | ૬૬.૬0% |
| ફોર્ટ સોનગઢ | સોનગઢ | સુરત | ૨૮૧૯૯ | ૨૬૯૭0 | ૯૬.00% |
| સોનગઢ-૨ (જામખેડા) | સોનગઢ | સુરત | ૨૭૮૬૪ | ૨૬૫0૫ | ૯૬.00% |
| નિઝર | નિઝર મહાલે | સુરત | ૫૭૭00 | ૩૯૨૬૬ | ૬૮.00% |
| ઉચ્છલ | ઉચ્છલ મહાલ | સુરત | ૨૫૫૫૬ | ૧૯૨૩૧ | ૭૫.૩0% |
| કરંજખેડ (પંચોલી) | વ્યારા | સુરત | ૨૬૬૭૫ | ૨૫૮૩૯ | ૯૬.૭0% |
| બાલપુર | વ્યારા | સુરત | ૨૫૨00 | ૨૪૮૨0 | ૯૮.૪% |
| ઉમરપાડા | માંગરોળ | સુરત | ૩૧૪૮૯ | ૩00૪૨ | ૯૫.૪% |
| વ્યારા | વ્યારા | સુરત | ૩૮0૩૩ | ૩0૫૩૧ | ૮0.૩% |
| મહુવા | મહુવા | સુરત | ૫૫૧૧૨ | ૩૯0૩૯ | ૭૪.0% |
| વાલોડ | વાલોડ | સુરત | ૩૬૧૭૯ | ૨૩૭૯૫ | ૬૬.00% |
| માંડવી-૧ | માંડવી | સુરત | ૩૭૭0૭ | ૨૭૫૬૪ | ૭૩.00% |
| બહુધાન (માંડવી - ૨) | માંડવી | સુરત | ૩૭૧૧૫ | ૨૮૨0૭ | ૭૩.૧0% |
| નાની વહીયેલ | ધરમપુર | વલસાડ | ૩૫0૩૪ | ૩૩૨૩૫ | ૯૯.૪% |
| આંબા - જંગલ | ધરમપુર | વલસાડ | ૨૫૮૪0 | ૨૫૬૯૧ | ૯૯.૬% |
| વાંસદા-૧ | વાંસદા | વલસાડ | ૩૯૪૩૫ | ૩0૭૯૬ | ૭૮.00% |
| વાંસદા-૨ | વાંસદા | વલસાડ | ૬૯૬૧૪ | ૫૯૫૧૪ | ૮૫.00% |
| ધરમપુર | ધરમપુર | વલસાડ | ૩૪૭૪૨ | ૩0૮૫૮ | ૮૯.00% |
| પારીયા | પારડી | વલસાડ | ૬૨0૧૪ | ૪૯૮૮૪ | ૮૪.00% |
| રૂમલા | ચીખલી | વલસાડ | ૨૫૮0૩ | ૨૨૧૩૬ | ૮૧.00% |
| રાનકૂવા | ચીખલી | વલસાડ | ૨૭૫૩0 | ૧૯૪૩૭ | ૬૮.00% |
| ખેરગામ | નવસારી | વલસાડ | ૨૬૧૯૩ | ૨૧૯૩૯ | ૬૮.00% |

## 14.5 ગુજરાતમાં જુદાં-જુદાં આદિવાસી સમૂહો

ગુજરાતનો આદિવાસી સમાજ અનેક પેટા જાતિઓ વસવાટ કરે છે. આજે ગુજરાતનો ભાગ્યે જ કોઈ એવો વિસ્તાર હશે કે, જ્યાં આદિવાસીઓ વસવાટ કરતાં નહીં હોય. ગુજરાતમાં વસતા જુદા-જુદા આદિવાસી સમુદાયોની યાદી આ મુજબ છે.

(૧) ભીલ (જેમાં ભીલ ગરાસિયા, સોખલા ગરાસિયા, ઢોલી ભીલ, ડુંગરી ભીલ, ડુંગરી ગરાસિયા, મેવાસી ભીલ, રાવળ ભીલ, તડવી ભીલ, ભાગલીઓ, ભીલાળા, પાવરા, વસાવા, વસવે પણ ભેગા ગણી લેવામાં આવ્યા છે.)

(૨) દુબળા (જેમાં દુબળા, હળપતિ તથા તળાવીઓને ગણી લેવામાં આવ્યાં છે.)

(૩) ધોડિયા

(૪) ગામીત, ગાવીત, માવચી, પડવી, ગામટા.

(૫) ચૌધરી (સુરત, વલસાડ જિલ્લાઓમાં)

(૬) ચૌધરા

(૭) ધાનકા (તડવી, તેતરિયા, વલ્વી)

(૮) ગોંડ, રાજગોંડ

(૯) કાથોડી, કાત-કરી, ઢોર કાથોડી, ઢોલ કાતકરી, સોન કાતકરી.

(૧૦) કોંકણા, કોંકણી, કુકણા

(૧૧) કોળી (કચ્છ જિલ્લામાં)

(૧૨)કોળી ઢોર, ટોકરે કોળી, કોળચા, કોલઘા

(૧૩) કુણબી (ડાંગ જિલ્લામાં)

(૧૪) નાયકડા, નાયકા, ચોળીવાળા નાયકા, કાપડીઆ નાયકા, મોટા નાયકા, નાના નાયકા

(૧૫) પઢાર

(૧૬) પારધી (કચ્છ જિલ્લામાં)

(૧૭)પારધી, અડવી, ચીચરી, ફણસે પારધી (અમરેલી, ભાવનગર, જામનગર, જુનાગઢ, કચ્છ, રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લાઓ સિવાય)

(૧૮) પટેલિયા

(૧૯)પોમલા

(૨૦) રબારી (આલેચ, બરડા અને ગીર જંગલના નેસ વિસ્તારમાં)

(૨૧) રથવા

(૨૨) સીદી (અમરેલી, ભાવનગર, જામનગર, જુનાગઢ, રાજકોટ, સુરેન્દ્રનગર જિલ્લાઓમાં)

(૨૩) વાઘરી (કચ્છ અને સુરેન્દ્રનગર જિલ્લાઓમાં)

(૨૪) વારલી

(૨૫) વીટોલિયા, કોટવાળિયા, બરોડિયા

(૨૬) બરડા

(૨૭) બાવચા, બામચા

(૨૮) ચારણા (આલેચ, બરડા અને ગીરના નેસ વિસ્તારમાં)

(૨૯) ભરવાડ

## 14.6 ગુજરાતની મુખ્ય આદિવાસી જાતિઓ

### 14.6.1 દુબળા (હળપતિ)

દુબળા આદિવાસીઓ મુખ્યત્વે સુરત જિલ્લામાં વસે છે. ઉજળિયાતોમાં ખેડૂ તરીકે કામ કરતા હોવાથી તેઓને ‘હાળી’ કે ‘હળપતિ’ પણ કહેવામાં આવે છે. દુબળા આદિવાસીઓની કુલ ૨૦ ઉપજાતિઓ છે. તેમાંથી મુખ્ય ત્રણ ઉપજાતિઓ છે. (૧) તળાવિયા, (૨) બોહરિયા અને (૩) ખારચા વગેરે.

દુબળા શબ્દ એ ‘દુર્બળ’ ઉપરથી ઉપસી આવેલો છે. ‘દુબળા’ એટલે શરીરે નબળા એ શબ્દથી સૂચવાય છે કે, એ લોકો નિર્માલ્ય છે. તેઓ ગરીબાઈ અને ગુલામીથી દબાયેલા છે અને સ્વતંત્ર જીવન જીવવાને અશક્ત છે.

સંસ્કૃતમાં દુર્બળ શબ્દનો અર્થ 'નબળા' કે 'માય કાંગલો' થાય છે. તે ઉપરાંત 'નાનો' કે 'ઠીંગણો' એવો અર્થ પણ થાય છે. દુબળા લોકોમાં તાકાતનો કંઈક અભાવ જોવા મળે છે ખરો. તે મુખ્યત્વે પોષણની ઉણપને લીધે છે પરંતુ તેમની સરેરાશ ઉંચાઈ અને બાંધો એવા નથી કે, તે પ્રદેશના અન્ય લોકોની  સરખામણીમાં એમને નબળા, નાના કે ઠીંગણા કહી શકાં પરંતુ દુબળાઓ શારીરિક શ્રમમાં અન્ય જ્ઞાતિના, પ્રદેશના મજૂરો કરતા ઉતરતા હતા એવું શ્રી પી.જી. શાહ તેમના અભ્યાસમાં જણાવે છે. દુબળા શબ્દનો અન્ય અર્થ મુનિ પુણ્યવિજયજીએ આપ્યો છે તે મુજબ સંસ્કૃત શબ્દ 'દુર્વલ' ઉપરથી તેનો અર્થ 'વળે નહિ' તેવો થાય છે એટલે કે, જે જલદી માની જાય નહિ, તેવો જક્કી મનનો એવો અર્થ પણ થાય છે.  જો આ અર્થ લઈએ તો તે દુબળા લોકોના ગુણોને વધારે બંધબેસતો આવે છે. દુબળા આદિવાસીઓનો વિસ્તૃત અભ્યાસ કરનાર શ્રી પી.જી. શાહે આ જાતિ વિશે જાત નિરીક્ષણને આધારે કેટલાક નિષ્કર્ષો રજુ કર્યા છે. સ્વભાવનું જક્કીપણું દુબળાઓમાં સર્વવ્યાપી છે પછી તે પુરુષ હોય, સ્ત્રી હોય કે બાળક હોય. જો અમુક દિવસે કામ નહિ કરવાનો નિર્ણય કરે તો તેનો વિચાર બદલવાનું સામાન્ય રીતે મુશ્કેલ પડે છે. એ જ રીતે અમુક કામ કરવાનો નિશ્ચય કરે તો એ કામ છોડાવવું પણ એટલું જ મુશ્કેલ હોય છે.

દુબળાઓનો પોશાક ઉજળિયાતો જેવો જ હોય છે. પુરુષો ધોતી, ખમીસ અને ટોપી પહેરે છે. જયારે સ્ત્રીઓ ઘાઘરાનો કછોટો મારે છે, સાડી તથા કાંચળી પહેરે છે. દુનિયાની અન્ય સ્ત્રીઓની માફક તેઓને આભૂષણ પ્રિય હોય છે. ગળામાં દરિયાની કોડીઓના હાર, કાનમાં ચોકડી આકારના એરિંગ અને પગમાં કડલા પહેરે છે. દુબળા આદિવાસીઓ પોતાની આગવી બોલી કે ભાષા બોલે છે અને તેઓનું કંઠસ્થ સાહિત્ય તેઓની બોલાતી બોલીમાં હોય છે. તેઓ ગાયને પવિત્ર માને છે.

દુબળા આદિવાસીઓમાં મોટાભાગે મા-બાપની પસંદગીથી લગ્નો કરવામાં આવે છે. તેઓમાં ઘરજમાઈ, છૂટાછેડા અને પુનર્લગ્નનો રીવાજ પણ પ્રચલિત છે.

મૃત્યુ પછી અગ્નિદાહ અને દાંટવાના બંને રિવાજો પ્રચલિત છે. દિવાળીના દિવસોમાં એ લોકો સ્મશાનમાં જઈને મૃતાત્માઓની શાંતિ માટે પૂજા પાઠ કરે છે. પૂર્વજોની યાદમાં 'ખતરા' સ્થાપે છે તથા ચૈત્ર અને મહા માસમાં તેઓના ખાસ ભગતો પાસે શ્રાદ્ધની વિધિ કરાવે છે. આમ પૂર્વજોની શ્રદ્ધા ધરાવે છે.

દરેક ગામમાં એક ગામ આગેવાનને 'મુખી' તરીકે નક્કી કરવામાં આવે છે. મુખીને મદદરૂપ થવા માટે તેઓ મતાધાર પણ નક્કી કરે છે. આ બંને આગેવાનો ગામના સામાજિક, ધાર્મિક પ્રસંગોમાં હાજરી આપે છે અને પોતાની જવાબદારી

નિભાવે છે. સામાજિક ઝઘડાઓ દૂર કરવા માટે ન્યાયાધીશનું કામ પણ તેઓ જ કરે છે.

તેઓના મુખ્ય દેવી-દેવતાઓમાં મેલડી, જોગણી, શિકોતરી અને કાકા બળિયા છે. તેઓ હનુમાનજીને પણ માને છે. તેઓના મુખ્ય તહેવારોમાં દિવસો, દિવાળી, રક્ષાબંધન, નવરાત્રિ અને હોળી છે. આ તહેવારોમાં તેઓ દેવતાને પશુ બલિ ચઢાવે છે. હોળીના સમયે તેઓ 'ઘેર' નૃત્ય કરે છે. નૃત્યના અલગ અલગ પ્રકારને તેઓ 'ચાળો' કહે છે.

**14.6.2 ઘોડિયા**

આદિવાસી જાતિમાં ઘોડિયા ખાસ કરીને સુરત જિલ્લામાં વસે છે અને વસ્તીની દૃષ્ટિએ તેઓ ત્રીજું સ્થાન ધરાવે છે. ઘોડિયા આદિવાસીઓ હળપતિની જેમ મેદાનમાં વસે છે. મહારાષ્ટ્રના ધુલિયા જિલ્લામાંથી આવીને ગુજરાતમાં વસ્યા હોવાથી, તેઓનું નામ ઘોડિયા પડ્યું છે. તેઓ પોતાને મહારાષ્ટ્રથી આવેલા રાજપૂતોના વંશજ માને છે આથી તે ગુજરાતના બીજા આદિવાસીઓથી પોતાને ઊંચા માને છે. તેઓના પહેરવેશમાં પુરુષો ધોતી, ખમીસ અને પાઘડી અથવા ટોપી પહેરે છે જયારે સ્ત્રીઓ લાલ કે કાળા રંગનો સાડલો અને કાંચળી પહેરે છે. સાડલો ઘણો લાંબો હોવાથી, ચણિયાનો ઉપયોગ કરવામાં આવતો નથી. તેઓ પગમાં સળા, બાહુમાં કડા, કાનોમાં એરિંગ, ગળામાં મણકાની માળા અને રેણ કરેલા રૂપિયાનો હાર પણ પહેરે છે. તેઓની બોલીને ઘોડિયા કહેવામાં આવે છે. આ બોલીમાં મરાઠીની અસર વરતાય છે. વ્યવસાયમાં તેઓ મુખ્ય ખેતી સાથે જોડાયેલા જોવા મળે છે. દરેક ઘોડિયા કુટુંબો જમીન માલિક હોય છે. તેઓમાં આજે તો શિક્ષિતોનું પ્રમાણ પણ વધારે જોવા મળે છે.

દરેક ગામમાં એક મુખી અને એક મતાદાર હોય છે. મુખીને તેઓ નાયક અને મતાદારને કારભારી તરીકે ઓળખે છે. નાયક મોટા ભાગે વારસાગત જ હોય છે. નાયક અને કારભારી ગામના સામાજિક, ધાર્મિક પ્રસંગોમાં અને ઉત્સવોમાં સાથે મળીને ઉજવણી કરે છે અને સામાજિક પ્રશ્નો કે અન્ય સમસ્યાઓ દૂર કરવાનો અને ન્યાય કરવાનો હક પણ તેઓ ભોગવે છે. લગ્ન માતા-પિતાની અને છોકરા-છોકરીની પસંદગી બંને રીતે કરવામાં આવે છે. કન્યાના પિતાએ વરના પિતાને દહેજ આપવું પડે છે. લગ્ન નાયક જાતિનો ભગત કરાવે છે. ઘરજમાઈ, છૂટાછેડા અને પુનર્લગ્નનો રિવાજ પણ પ્રચલિત છે.

મરણ વિધિમાં ખાસ કરીને શબને ઢોલ-ત્રાંસના સન્માન સાથે સ્મશાને લાવવામાં આવે છે અને અગ્નિદાહ આપવામાં આવે છે. મૃત્યુના ત્રણ વર્ષ પછી સામૂહિક શ્રાદ્ધની વિધિ કરવામાં આવે છે. આ વિધિને 'પરજણ' કહે છે. પૂર્વજોની યાદમાં 'ખતરા' મૂકે છે.

તેઓ ધાર્મિક દષ્ટિએ અલગ-અલગ દેવી-દેવતાઓને માને છે. તેમાં મુખ્ય દેવી-દેવતા ગોહલીમાડી, લીમાડી, કાળો કાકર, દેવ શામળો, ભરમ દેવ, નારદેવ, ચોસઠ જોગણી, શીતળા અને અગાસી માતા છે. માણસ કે પાલતું પશુની બીમારી સમયે આ દેવી-દેવતાઓની મન્નત (માનતા) માનવામાં આવે છે.

તહેવારોની ઉજવણીમાં હોળી, દિવાસો, વાઘબારસ અને દિવાળી તેઓના મુખ્ય તહેવારો છે. તહેવારો સમયે પશુ બલિ ચઢાવવામાં આવે છે. દેવ-દેવીઓના ગીતો ગાવામાં આવે છે અને નાચવામાં આવે છે.

### 14.6.3 ચૌધરી

ગુજરાતના આદિવાસીઓમાં દક્ષિણ ગુજરાતમાં વસતા ચૌધરીઓ સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક દષ્ટિએ આગવું સ્થાન ધરાવે છે. ઓકાપુરી, ચોધરા વાલવાડા અને બોંડા ચોધરા તેમ મુખ્ય વિભાગો હતા. ચોકાપુરીયા તેમના સમાજમાં ઊંચા અને પાવાગઢીયા પણ કહેવાય છે.

ચૌધરી પાવાગઢથી આવીને સુરતમાં વસ્યા છે. તેઓ પોતાને રાજપૂત વંશના માને છે. તેઓની મુખ્ય ત્રણ ઉપજાતિઓ છે. (૧) પાવાગઢિયા, (૨) ટાકરિયા અને (૩) વલવાઈ.

ચૌધરી શરીરે ગોરા હોય છે. તેઓની સ્ત્રીઓ અન્ય આદિવાસી સ્ત્રીઓ કરતાં રૂપવતી જોવા મળે છે. પુરુષો સાફા બાંધે છે, ખમીસ અને ધોતિયું પહેરે છે. જયારે સ્ત્રીઓ સાડલો, કાંચળી અને ચણિયો પહેરે છે. સ્ત્રી-પુરુષ બંને કાનમાં એરિંગ પહેરે છે. હાલ તે પુરુષોમાં ઓછું પ્રમાણ જોવા મળે છે. પુરુષો હાથમાં કડું, આંગળીએ વીંટીઓ અને કાનમાં વાળી પહેરે છે. તેઓની બોલી-ભાષાને ચૌધરી બોલી કહે છે. આજે તો ચૌધરી આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ વધારે છે.

લગ્ન માટે વર-કન્યા ઉંમર લાયક થાય છે, ત્યારે લગ્ન ગોઠવવામાં આવે છે. વરનો પિતા કન્યાના પિતાને દહેજ આપે છે, ત્યારે જ લગ્ન થાય છે. વરની સુહાગણ બહેન જ લગ્નની વિધિ કરાવે છે. અન્ય આદિવાસીઓની જેમ ચૌધરીમાં પણ ઘર જમાઈ, છૂટાછેડા, પુનર્લગ્ન વગેરે સામાજિક રિવાજો પ્રચલિત છે. મરેલી વ્યક્તિને

બાળવા કે દાટવામાં આવે છે. મરેલી વ્યક્તિની યાદમાં માટીના ઘુમ્મટવાળું સ્મૃતિ ચિન્હ્ મૂકવામાં આવે છે.

ચૌધરી આદિવાસી વિવિધ દેવ-દેવીઓને માને છે અને સામાજિક-ધાર્મિક પ્રસંગે ભોગ ચડાવે છે. તેઓના મુખ્ય દેવ-દેવીઓમાં કાક બળિયા, સૂરજ દેવ, પાળિયા દેવ, ધરતી માતા, ભવાની અને શીમળીયા દેવ છે. હોળી, દિવાસો અને દિવાળી તેઓના મુખ્ય ઉત્સવો છે. તેઓનો મુખી આ ઉત્સવો ઉજવવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. ગીતો અને નૃત્યોમાં તેઓના સામાજિક-સાંસ્કૃતિક વારસો સચવાયેલો છે.

### 14.6.4 ધાનકા

ધાનકા આદિવાસીઓની વસ્તી વડોદરા જિલ્લાના ડભોઇ, સંખેડા, તીલવાડા, છોટા ઉદેપુર, ભરૂચ જિલ્લાના રાજપીપળા, જાંબુઘોડા, સુરતના નિઝર અને ઉચ્છલ તાલુકાઓમાં વસવાટ કરે છે.

ધાનકા આદિવાસીઓમાં પ્રચલિત દંતકથા પ્રમાણે તેઓ પાવાગઢના ચૌહાણ રાજપૂત હતા. પતઈ રાજાના પતન પછી તેઓએ જંગલો અને પહાડોમાં આશરો લીધો અને જંગલી ધાન્ય ઉપર નિર્વાહ કરવા લાગ્યા એટલે તેઓનું નામ ધાનકા પડ્યું. તેઓ ખાસ કરીને છોટાઉદેપુરના વિભાગોમાં અને રાજપીપળાના વિભાગોમાં વસે છે. તેઓ ભીલોની જ ઉપજાતિઓ છે. તેઓની મુખ્ય ત્રણ ઉપજાતિઓ છે (૧) તડવી, (૨) વળવી અને (૩) તેતરિયા.

તેમના પહેરવેશમાં ખાસ કરીને સ્ત્રીઓનો પહેરવેશ ચણિયો અને ચોળી છે. જયારે પુરુષોનો પહેરવેશ ખમીસ, લંગોટી અને પાઘડી છે. બહારગામ જાય, ત્યારે સ્ત્રીઓ સાડલો અને પુરુષો ધોતિયું પહેરે છે. પરણેલી સ્ત્રીઓ ગળામાં રૂપાની હાંસળી પહેરે છે. ધાનકાનો મુખ્ય વ્યવસાય ખેતી અને મજૂરી છે. મોટાભાગનાં કુટુંબો ગરીબીની રેખા નીચે જીવે છે. સંકલિત આદિજાતિ વિકાસ યોજના દ્વારા સરકાર તેઓની આર્થિક સ્થિતિ સુધારવા સતત પ્રયત્નશીલ છે.

તેઓ જુવારનો રોટલો અને દાળનો મુખ્ય ખોરાક તરીકે ઉપયોગ કરે છે. લગ્ન માતા-પિતા નક્કી કરે છે. કન્યાના પિતાને દહેજ આપવાનો રિવાજ છે. લગ્ન એક જ ગોત્રમાં થતું નથી.

મરણ વિધિમાં શબને બાળવા કે દાટવામાં આવે છે.

ધાર્મિક બાબતની વાત કરીએ તો ગણપતિ, હનુમાન, મેલડી, વાઘદેવ, ડુંગદેવ વગેર તેઓના મુખ્ય દેવ-દેવીઓ છે. તહેવારોમાં હોળી, દિવાળી, દિવાસો જેવા પર્વો સમયે દેવી-દેવતાને ભોગ ચઢાવવામાં આવે અને ગીતો ગાવામાં આવે છે.

### 14.6.5 કુંકણા અથવા કોંકણા

આદિવાસી જાતિમાં કુંકણા અથવા કોંકણા મૂળ કોંકણથી આવીને સુરત જિલ્લામાં વસ્યા છે. જેથી તેઓને કોંકણા કહેવામાં આવે છે. તેઓના ગીતો, બોલી અને પહેરવેશમાં પણ કોકણ પ્રદેશ અને સંસ્કૃતિની અસર જોવા મળે છે. કેટલાક કોંકણા પોતાને કુનબી તરીકે ઓળખાવે છે. તેઓ મહારાષ્ટ્રના થાણા અને નાસિક જિલ્લામાંથી આવીને અહી વસવાટ કરેલ છે. કુનબી કે કણબીનો અર્થ જોઈએ તો ખેડૂત એવો થાય છે. તેઓ રંગે શ્યામ હોય છે.

તેઓ પહેરવેશમાં પુરુષો ઘરમાં લંગોટ પહેરે છે. સ્ત્રીઓ લાંબો સાડલો પહેરે છે. બહાર ગામ જતા સમયે સ્ત્રી-પુરુષ બંને પુરા વસ્ત્રો પહેરે છે. આભૂષણમાં સ્ત્રીઓ કોડીઓ, શંખ અને છીપોની માળાઓ પહેરે છે. આ ઉપરાંત ચાંદીના ઘરેણા પણ તેઓ પહેરે છે. સ્ત્રીઓ ફૂલોની શોખીન હોય છે. બહાર જતી વખતે તેઓ અંબોડામાં ફૂલ અવશ્ય લગાવે છે. બોલીમાં કોંકણીની સ્પષ્ટ અસર જોવામાં આવે છે. તેઓના ઘર શંકુ આકારના હોય છે.

તેઓનો મુખ્ય વ્યવસાય ખેતી છે. આ ઉપરાંત શિકાર અને માછલી પકડવાનો પણ વ્યવસાય કરે છે. તેઓમાં લગ્ન મોટા ભાગે પુખ્તવયની ઉંમરે થાય છે. કન્યાને વરના ઘરે આમંત્રીને લગ્ન કરવામાં આવે છે. લગ્ન તેઓનો જાણકાર માણસ કરાવે છે. તેમનામાં છૂટાઉછેડા, પુનઃ લગ્ન અને ઘર જમાઈ જેવા સામાજિક રિવાજો પ્રચલિત છે.

મૃત્યુ વિધિમાં શબને બાળવામાં આવે છે. કુટુંબનો મુખ્ય માણસ મરે તો તેની રૂપાની મૂર્તિ બનાવવામાં આવે છે અને પછી તેમને પૂજવામાં આવે છે.

તેઓની ધાર્મિક માન્યતાની વાત કરીએ, તો તેઓના મુખ્ય દેવતા હનવત અને વાઘ દેવ છે. હનવત (હનુમાનજી)ને તેલ-સિંદૂર ચઢાવવામાં આવે છે. વાઘ દેવની પ્રતિકૃતિ લાકડા પર ખોદીને ઉભી કરવામાં આવે છે. શમી વૃક્ષની નીચે તેઓ પથ્થરની સ્થાપના કરે છે અને ભરમ દેવના રૂપે પૂજે છે. આ દેવોને માટીના ઘોડા ચઢાવવાનો રિવાજ છે.

તેઓના મુખ્ય તહેવારો દિવાળી અને હોળી છે. તહેવારો પર કોંકણા ભવાડાના વેશ ભજવે છે. પર્વો સમયે થતા નૃત્યોમાં તાડફા નૃત્ય, થાડીકુંડી નૃત્ય અને માંદળ નૃત્ય મુખ્ય છે. તેઓના નૃત્યો વેગ બળવાન હોય છે.

**14.6.6 વારલી**

આદિવાસી જાતિઓમાં વારલી જાતિના આદિવાસીઓ પણ જોવા મળે છે. 'વારલ'નો અર્થ થાય છે જમીનનો ટુકડો.

જે આ જમીનને ખેડે અથવા તો આ જમીનને ખેડવાવાળા લોકોને 'વારલી' તરીકે ઓળખવામાં આવે છે.

વારલી આદિવાસીઓ મુખ્યત્વે ડાંગ જિલ્લામાં વસે છે. ડાંગમાં વારલી જાતિ કુણબી અને ભીલ જાતિ વચ્ચે સાંકળ રૂપ હતી. વારલીઓ કુણબીઓ સાથે જ ડાંગમાં બહારથી આવ્યા હતા. વારલી ભીલો કરતા વધુ પ્રગતિશીલ છે. ધર્મની રીતે તેઓ નિસર્ગ શક્તિપૂજા, નદી-નાળા, તળાવ, ટેકરા, વાદવને પૂજે છે. પાણદેવ (ઇન્દ્ર) એમના ખાસ દેવ નાગપૂજા ડાંગમાં ખાસ કરે છે. વારલીઓની ચિત્રકલા આજે ચિત્રકારો અને કલાકારોને પ્રભાવિત કરી રહી છે.

પુરુષો માથા ઉપર સાફો બાંધે છે અને કમરમાં લાલ, લીલા રંગના ફૂમતાવાળી લંગોટી પહેરે છે. સ્ત્રીઓ લાલ અથવા કાળા રંગનો સાડલો પહેરી કછોટો મારે છે. સ્ત્રીઓ ચણિયો પહેરતી નથી. બહાર ગામ જતા સમયે કાંચળી પહેરે છે. સ્ત્રીઓ ઘરેણાંની ખૂબ જ શોખીન હોય છે. કોણીથી કાંડા સુધી સ્ત્રીઓ સીસા અને પિતળની વીસ ચૂડીઓ પહેરે છે. ગળામાં કાચના મણકાના હાર પહેરે છે.

તેઓ પોતાના મુખ્ય વ્યવસાય ખેતીની સાથે-સાથે જંગલમાંથી મધ, ગુંદર, મહુડા, કોલસા વગેરે પેદાશો એકઠી કરીને બજારમાં વેચીને જીવન જરૂરિયાતોની ચીજ-વસ્તુઓ મેળવે છે. તેઓના ગામ અકેન્દ્રિત રીતે વિસ્તરેલા હોય છે અને ઘર શંકુ આકારના હોય છે. ઘરમાં માટી અને એલ્યુમિનિયમના થોડા વાસણો, ખેતીના થોડા ઓજારો અને અનાજ ભરવાની વાંસની કોઠીઓ હોય છે. તેઓનો મુખ્ય આહાર નાગલી છે.

વારલી આદિવાસીઓમાં બહુપત્ની પ્રથા છે. આ ઉપરાંત 'ખંધાડ'નો રિવાજ પણ પ્રચલિત છે. 'વારલી'માં વર કન્યાની સગાઈ થવાની સાથે ગૃહ સંસાર શરૂ થાય છે. લગ્ન આર્થિક અનુકૂળતાએ કરવામાં આવે છે.

મૃત્યુ વિધિમાં શબને સ્નાન કરાવીને સિંદૂર લગાવવામાં આવે છે. મૃત્યુના ચોથા દિવસે પિંડ આપીને સંબંધીઓને ભોજન આપવામાં આવે છે. હીરવા દેવ, ભરમ દેવ અને ચૈડા દેવ તેઓના મુખ્ય દેવો છે. તેઓના મુખ્ય પર્વોમાં હોળી, દિવાળી અને દશેરા છે. તેઓ તહેવારોમાં ગીતો ગાઈ અને નૃત્ય કરી ઉજવે છે.

### 14.6.7 ગામીત

ગામ વસાવીને એક સ્થાને સ્થિર થયા એટલે તેઓને ગામીત વસાવા કહેવામાં આવે છે. તેઓને ગાવીત અથવા માવચી તરીકે પણ ઓળખવામાં આવે છે. તેઓ મહારાષ્ટ્ર અને ગોવા જેવાં પ્રદેશોમાંથી સ્થળાંતર કરી, ગુજરાતમાં આવ્યા હોવાનો એક મત છે. તેઓ 'ગાવીત' કે 'માવચી' તરીકે પણ ઓળખાય છે. તેમની પેટા-જાતિઓમાં પડવી, વલવીનો સમાવેશ થતો હતો. આમાં વલવી સૌથી ઉતરતા ગણાતા. ગામીત મૂળ ભીલની જ એક પેટાજાતિ મનાય છે. જે ભીલો ગામ વસાવીને એક ઠેકાણે સ્થિર થાય તે ગામીત વસાવા કહેવાયા. તેમની પોતાની આગવી ભાષા ગામીત ભાષા તરીકે ઓળખાય છે.

તેઓ પહેરવેશમાં સ્ત્રીઓ માટે લાવેલા કપડાનો એક છેડો ફાડીને પુરુષ પોતાની લંગોટી બનાવે છે. સ્ત્રીઓ કમરની નીચે કછોટો મારીને સાડી પહેરે છે. લગ્ન થઈ ગયા પછી સ્ત્રીઓ કાંચળી પહેરે છે. ગળામાં પથ્થરના મણકાની માળાઓ પહેરે છે. પગમાં કડલા પહેરે છે. વ્યવસાયમાં ખેતી એ મુખ્ય છે. આ ઉપરાંત ખેત મજૂરી કરીને પણ પોતાનું જીવન ચલાવે છે. તેઓ ગામીત બોલી બોલે છે.

કન્યાના પિતાને દહેજ આપ્યા પછી વર પક્ષ કન્યાના પિતાના ઘેર જાન લઈને જાય છે. આખી રાત ગીતો ગાય છે અને નાચે છે. સવારે વર કન્યાને કેડમાં બેસાડી નાચે છે. વરના હાથમાં તલવાર હોય છે અને કન્યાના હાથમાં મ્યાન હોય છે. આ વિધિ પૂરી થયા પછી લોક સમુદાય સામૂહિક ભોજન કરે છે. આ રીતે વિવાહ વિધિ પૂરી થાય છે. પૈસા ના હોય તો વર સસરાના ઘેર ખંઘોડિયા તરીકે રહે છે. દહેજના પૈસા પુરા થયા પછી તેનું લગ્ન કરવામાં આવે છે. તેઓ શબને બાળે છે અને મરનારની સાથે તેની કામકાજની ચીજ-વસ્તુઓ પણ ચિતામાં બાળે છે. ગાવલી, વાઘ દેવ અને અષ્ટંબા તેઓના દેવતા છે. જાતિપંચ તેઓના સામાજિક અને ધાર્મિક રીત-રિવાજોનું નિયમન કરે છે.

### 14.6.8 નાયક - નાયકડા

નાયક અથવા નાયકડા ભીલની જ એક ઉપજાતિ છે. તેઓ સુરત, પંચમહાલ અને વડોદારમાં વસે છે. તેઓ ચાંપાનેર હિન્દુ રાજાઓના લશ્કરમાં હોવાની માન્યતા

છે. તેઓની મુખ્ય ત્રણ ઉપજાતિઓ છે. (૧) ઊંચા, (૨) નીચા અને (૩) ચોળીવાળા.

આ ઉપરાંત તેઓ અનેક પેટાજાતિઓમાં વહેંચાયેલા હતા. જેમાં દમારા, તડવાલા, અનાસા, બામણા, ધાનકા વગેરે સામાન્ય અટકો છે. પંચમહાલમાં તેમની ચાર અગ્રીમ સતાઓ શિવરાજપુર (હાલોલ), ગડુલા (છોટાઉદેપુર), સાગટાળા (દેવગઢ બારિયા) અને ડાંડીયા પુરા (જાંબુ ઘોડા)માં હતી. નાયકડાઓ મુખ્યત્વે ખેતી, ખેતમજુરી, જંગલ ખાતા કે નાની ફેક્ટરીઓ સાથે વ્યવસાયી રીતે સંકળાયેલા હતા. ગુજરાતમાં આર્થિક, સામાજિક, શૈક્ષણિક તમામ ક્ષેત્રે પછાત જાતિઓમાં નાયકડા આદિવાસીઓનો સમાવેશ થાય છે.

પહેરવેશમાં પુરુષો કમરની નીચે લંગોટ પહેરે છે. સ્ત્રીઓ ચણિયો અને ચોળી પહેરે છે. કાનમાં વાળી, ગળામાં મણકાના હાર અને હાથે ધાતુની ચૂડીઓ પહેરે છે.

લગ્ન માટે કન્યા વરના ઘરે જાય છે અને વરનો પિતા કન્યાના પિતાને દહેજ આપે છે. લગ્ન તેમની જાતિનો માણસ કરાવે છે. ઘર જમાઈ, પુનઃ વિવાહ અને છૂટાછેડાના સામાજિક રિવાજો પ્રચલિત છે. શબને દાટવા અને બાળવાના બંને રીત-રિવાજો જોવા મળે છે. તેઓમાં સામૂહિક શ્રાદ્ધ 'પરજણ'નો રિવાજ છે. મરનારની સ્મૃતિમાં 'ખતરાં' સ્થાપવાનો રિવાજ છે.

ધાર્મિક બાબતમાં ડુંગર દેવ, વહેવારિયો દેવ, ઝાંપલિયો દેવ, કણાય માતા, હજુરી માતા, વેરાઈ માતા, ખેડબાઈ માતા અને શીપરી માતા વગેરે નાયકોનાં મુખ્ય દેવ-દેવીઓ છે. ઉપરાંત પીઠોરો બાબો તેઓનો મુખ્ય મેલો દેવ છે. તેઓ હોળી, દિવાળી, નવરાત્રી અને દશેરાના પર્વો સમયે પોતાના વિવિધ દેવ-દેવીઓ અને ગોત્ર દેવ-દેવીઓને પૂજે છે અને ભોગ ચઢાવે છે.

### 14.6.9 ઢોર કોળી

આદિવાસીઓમાં ઢોર કોળીને 'કોલચા' અથવા 'કોલછા' પણ કહે છે. આ લોકો વાંસના ટોપલા ટોપલી બનાવતા હોવાથી, તેઓને 'ટોકરે કોળી' તરીકે પણ ઓળખવામાં આવે છે. તેઓની વસ્તી સુરત જિલ્લામાં છે.

પહેરવેશમાં પુરુષ માથે કપડાનો એક ટુકડો બાંધે છે અને કમરમાં લંગોટ પહેરે છે. સ્ત્રીઓ માથે ઓઢણી, કમરે ચણિયો અને છાતી પર ચોળી પહેરે છે. સ્ત્રીઓ કાનમાં વાળી, ગળામાં કાચના મણકાની માળાઓ અને હાથમાં ચૂડીઓ પહેરે છે. તેઓનો મુખ્ય વ્યવસાય ટોપલા બનાવવાનો તથા જંગલ અને ખેત મજૂરીનો છે. તેઓ કાચી ઝૂંપડીઓમાં વસવાટ કરે છે. તેઓની બોલી કોંકણીને મળતી આવે છે.

વરનો પિતા કન્યાના પિતાને દાપુ (એક પ્રકારનું દહેજ) આપે છે, ત્યારે લગ્ન થાય છે. લગ્ન વિધિ જાતે જ કરે છે. તેઓમાં બહુપત્નીત્વનો રિવાજ છે. મૃત્યુ વિધિમાં શબને બાળવામાં આવે છે. પ્રેત ભોજનનો રિવાજ તેઓમાં પ્રચલિત છે. તેઓના મુખ્ય દેવ ડુંગર દેવ, વાઘ દેવ અને હિરવા દેવ છે. ઢોર કોળી નૃત્યના ભારે શોખીન હોય છે.

**14.6.10 કોટવાળિયા**

કોટવાળીયાને વિરોળીયા, બરાડિયા અથવા વાંસ ફોડા તરીકે પણ ઓળખવામાં આવે છે. તેઓની વસ્તી સુરત જિલ્લામાં છે. તેઓના પારંપરિક વ્યવસાય ટોપલા બનાવવાનો હોવાથી, તેઓને વાંસ ફોડા કહેવામાં આવે છે. કોટવાળિયા ખાસ કરીને જે સ્થાનેથી વાંસ મળે, ત્યાં વસે છે. બીજા આદિવાસીઓ તેઓને નીચા ગણે છે અને તેમની સાથે સામાજિક વ્યવહાર રાખતા નથી.

પહેરવેશમાં તેઓની સ્ત્રીઓ તેમના લાક્ષણિક પોષાક તથા આભૂષણો, સફેદ છીપલાની માળા, પિતળની વાળી તથા ધાતુના કડાનો ઉપયોગ કરે છે. કોંકણા નૃત્યના ઘણાં શોખીન છે. દોહેડીયા, બાવડીયા, પારણીયા એમના જાણીતા નૃત્ય પ્રકારો છે. તેઓની જીવનશૈલી વિશિષ્ટ ઢબની હતી. તેઓનો મુખ્ય વ્યવસાય વાંસકામ  છે. આ સ્વતંત્ર ગૃહ ઉદ્યોગમાં પૂરું કુટુંબ કામ કરે છે અને ટોપલા, સૂપડાં અને ઝાડું બનાવીને ઉજળિયાત વસ્તીમાં જઈને વેચે છે.

તેઓની સ્વતંત્ર બોલી નથી. જેમની સાથે વસે છે તેમની બોલી બોલે છે. લગ્ન તેઓ સાદગીથી કરે છે. લગ્ન માટે કન્યા વરના ઘેર જાય છે. ઘર જમાઈ, પુનઃ વિવાહ, છૂટાછેડા જેવા સામાજિક રિવાજો પ્રચલિત છે. શબને દાટે છે.

તેઓનું જાતિપંચ સામાજિક અને ધાર્મિક વ્યવહારોનું નિયમન કરે છે. ગોવાળ દેવ, હિમારિયો દેવ આહીર દેવ, કાકા બળિયા અને દેવડી તેમના દેવ-દેવી છે. તેઓ મંત્ર-તંત્રમાં પણ માને છે. હોળી, દિવાળી, નરક ચતુર્દશી તેઓના મુખ્ય તહેવારો છે. દોહેડિયા, બાવડિયા, પારણિયા તેઓના નૃત્યના મહત્વના પ્રકાર છે. તેઓ પ્રસંગોપાત નૃત્ય કરે છે.

**14.6.11 કાથોડી**

આદિવાસીઓમાં કાથોડીને 'કાતકરી' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ બંને નામ તેઓના કાથો પાડવાના વ્યવસાયમાં આવ્યાં છે. તેઓની બે પેટાજાતિઓ પણ છે. તેમાં (૧) ઢોર કાથોડી અને (૨) સોન કાથોડી. તેઓની વસ્તી ખાસ કરીને સુરત જિલ્લા અને સાબરકાંઠા જિલ્લામાં છે.

તેઓ કાથોડી ગામથી દૂર જંગલમાં વસે છે અને ભટકતું જીવન જીવે છે. તેઓ મુખીને નાયક કહે છે અને મતાદારને કારભારી કહે છે. આ બંને તેઓની જાતિપંચના આગેવાન છે અને તેઓ ધાર્મિક, સામાજિક વ્યવહારોનું નિયમન કરે છે અને મુખ્ય વ્યવસાય કાથો અને કોલસો પાડવાનો છે.

પહેરવેશમાં પુરુષો લંગોટી પહેરે છે અને સ્ત્રીઓ સાડીનો કછોટો મારે છે. સ્ત્રીઓ ગળામાં મણકાની માળાઓ પહેરે છે. હાથે ધાતુ અને કાચની ચૂડીઓ પહેરે છે. કાનમાં વાળીઓ પહેરે છે. તેઓ ઘાસની ઝૂંપડીઓમાં વસે છે. તેઓ મિશ્ર આહારી છે. ધાર્મિક રીતે એ તેઓના મુખ્ય દેવ હિંદિયા દેવ, શિવચ્યા, ભીલ દેવ, વાઘ દેવ અને દેવી કાકબળિયા છે. હોળી અને વાઘ બારસ તેઓના મુખ્ય તહેવારો છે. તેઓ પોતાને હનુમાનના વંશજ હોવાનું માને છે. મૃત્યુ થયા પછી શબને સળગાવે છે. મૃત્યુ સમયે તેઓ થાળી કથા કરે છે. આ કથા તેઓ જીવાત્માના મોક્ષ માટે ગાય છે.

**14.6.12 બામચા અથવા બાવચા**

આદિવાસીઓમાં બામચાઓની મુખ્ય વસ્તી વડોદરા અને અમદાવાદના શહેરી વિસ્તારમાં છે. બામચા શહેરમાં મજૂરી અને સફાઈ કામદારોનું કામ કરે છે. તેઓમાં બહુપત્નીત્વનો રિવાજ પ્રચલિત છે. બામચાઓમાં ઘર જમાઈ, પુનઃ લગ્ન અને છૂટાછેડાના સામાજિક રીત-રિવાજો પ્રચલિત છે. લગ્નની વિધિ કરાવનારને ‘કોટવાળા’ કહેવામાં આવે છે.

તેઓ રામ-કૃષ્ણ ઉપરાંત વાઘ દેવ, કાકબળિયા, કાલિકા, ચામુંડા વગેરે દેવ-દેવીઓની પૂજા કરે છે. તેઓ નૃત્યના શોખીન છે.

**14.6.13 પોમલા**

આદિવાસીઓમાં પોમલા ખાસ કરીને શહેરોમાં વસે છે. તેઓની બોલી ‘તેલુગૂ’ ને મળતી આવે છે. તેઓનું મૂળ સ્થાન દક્ષિણ ભારત છે અને મુખ્ય વ્યવસાય ટોપલા બનાવવાનો છે. બામચા લક્ષ્મીદેવીને પૂજે છે. બાકીના સામાજિક રિવાજો અન્ય આદિવાસીઓ જેવા છે.

**14.6.14 પારધી**

પારધીઓની વસ્તી કચ્છ જિલ્લામાં અને પંચમહાલના દાહોદના ફતેપુરા તાલુકામાં પણ પારધી વસવાટ કરે છે. ‘પારધ’ નો અર્થ ‘શિકાર કરવો’ થાય છે. આના આધારે તેઓને પારધી કહેવામાં આવે છે. તેઓની કુલ છ ઉપજાતિઓ છે. તેમાં (૧) પારધી, (૨) ફાંસી, (૩) હરણ, (૪) મીર, (૫) કોરચાર અને (૬)

વાઘરી. તેઓ ખાસ કરીને બોર, શમી, આંબો વગેરે વૃક્ષોને પોતાના ગોત્ર દેવ માને છે. એક જ ગોત્રના પારધીઓ એક બીજા સાથે લગ્ન સબંધ બાંધતા નથી.

તેઓમાં લગ્ન પુખ્ત ઉંમરે કરવામાં આવે છે. વરનો પિતા કન્યાના પિતાને દહેજ આપે છે, ત્યારે લગ્ન થાય છે. દહેજના પૈસા ન હોય તો છોકરો મજૂરી કરવા સસરાને ઘેર રહે છે. દહેજના પૈસા ભરપાઈ થાય, ત્યારે કન્યાનો પિતા લગ્ન ગોઠવે છે. તેઓમાં દિયરવટુ, પુનઃ લગ્ન, વિધવા વિવાહ છૂટાછેડા વગેરે સામાજિક રિવાજો પ્રચલિત છે.

તેઓનો વ્યવસાય પક્ષી પકડવા અને ગામનું રખવાળું કરવું વગેરે છે.

પારધીઓના મુખ્ય દેવી પાવાગઢની કાલિકા છે. મુખ્ય તહેવારો હોળી અને દશેરા છે. તેઓના જાતિ આગેવાનને ‘નાયક’ કહેવામાં આવે છે.

**14.6.15 સીદી**

સીદી મૂળ પૂર્વ આફ્રિકાના નિવાસી છે. તેઓને રાજપીપળાની પાસે આવેલી રતનપુરની અકીકની ખાણોમાં કામ કરવા માટે લાવવામાં આવ્યા હતા. અત્યારે તેઓની વધુ વસ્તી સૌરાષ્ટ્રમાં છે. તેઓની બે ઉપજાતિ છે. તેમાં (૧) વિલાયતી અને (૨) મુવાલદ.

ભારતના અન્ય આદિવાસીઓ કરતાં સીદીઓ મૂળભૂત રીતે જુદાં પડે છે કારણ કે, મૂળ નિવાસીઓ તરીકે ઓળખાતા આદિવાસીઓ ગુજરાતના પૂર્વ પટ્ટીમાં વસે છે. જયારે નીગ્રોઈટ વંશના સીદીઓ જૂનાગઢ,

ગીર સોમનાથ, માંગરોળ અને અન્ય વિસ્તારોમાં વસે છે. વળી શારીરિક બાંધો અને રીત રિવાજોના સંદર્ભમાં તો તેનો અન્ય આદિવાસી જૂથો કરતાં સર્વથા નોખાં છે.

ભારતમાં સીદીઓનો ઇતિહાસ ખાસ જૂનો નથી. ‘સીદી’ અથવા ‘હબસી’ મૂળ પૂર્વ આફ્રિકાથી આવી રાજપીપળા પાસે આવેલ રતનપુરની અકીકની ખાણોમાં કામ કરતાં હોવાના પ્રમાણો મળે છે. તેઓના મૂળ પુરુષ બાવા ઘોર હતા જે અકીક ઉદ્યોગના પ્રણેતા ગણાય છે. તેઓ પોતાના મૂળ વતન તરીકે આફ્રિકાને માને છે અને પોર્ટુગીઝ દ્વારા ૧૭ મી સદીના અંત ભાગમાં ગુલામ તરીકે લવાયા હતા.

સિદીઓ ફકીરોના રૂપમાં ભીખ માંગવાનો ધંધો કરે છે. સારંગી જેવું વાદ્ય ‘ઝૂન ઝૂન’ કહેવાય છે. જે તેમની માતા મિસરાનું વાદ્ય છે. જ્યારે મોટો ઢોલ બાબા ઘોરનું વાદ્ય ગણાય છે.

તેઓ 'સોમાલી' ભાષા બોલે છે. પુખ્ત ઉંમરે લગ્ન કરે છે. કન્યાના પિતાને દહેજ આપ્યા પછી લગ્ન થાય છે. સીદી ઈસ્લામ ધર્મના સુન્ની પંથને માનતા હોવા છતાંય લગ્ન વિધિ કરાવવા માટે બ્રાહ્મણને બોલાવે છે. તેઓના ધાર્મિક વિધિ વિધાનો હિંન્દુ ધર્મને મળતા આવે છે. સીદી નાચ-ગાનના ભારે શોખીન છે. 'ધમાલ નૃત્ય' તેઓનું ખ્યાત છે. આ નૃત્યમાં હબસી સંસ્કૃતિના દર્શન થાય છે.

## 14.7 આદિવાસીઓની સામાજિક વ્યવસ્થા

ગુજરાતના આદિવાસીઓમાં પિતૃ સ્થાનીય, પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે. દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ વિવિધ કુળોમાં વહેંચાયેલા જોવા મળે છે જ્યારે ઉત્તર ગુજરાત તેમજ પંચમહાલના આદિવાસીઓમાં અલગ-અલગ અટક જોવા મળે છે. સામાન્ય રીતે તેમનામાં કુળ યા ગોત્ર બ્હિલગ્ન પ્રથા કે ગ્રામ બ્હિલગ્ન પ્રથા જોવા મળે છે. લગ્ન ખાસ વિધિસર જોવા મળે છે. ગુજરાતના આદિવાસીઓમાં પ્રચલિત લગ્ન પ્રકારોમાં માતા-પિતા અને વર કન્યાની સંમતિથી લગ્નને સૌથી વિશેષ પ્રાધાન્ય આપવામાં આવે છે તેમજ પલાયન લગ્ન તેમજ કેટલીવાર માતા-પિતાની વિરુદ્ધ અને ક્યારેક વર કન્યાની વિરુદ્ધ પણ થતા હોય છે. અપહરણ લગ્ન તથા હઠ લગ્ન પણ જોવા મળે છે. આદિવાસીઓમાં બહુપત્ની લગ્નપ્રથા પ્રચલિત છે. પુનઃ લગ્નની પુરુષ તથા સ્ત્રી બંનેને છૂટ હોય છે. દહેજ બધામાં લેવાય છે. આદિવાસીઓમાં પુરુષની બરોબરીમાં સ્ત્રીને હક્ક હોય છે. પાત્ર પસંદગીનો અધિકાર સ્ત્રીને પણ છે.

તેમના પહેરવેશમાં દરેક વિસ્તાર પ્રમાણે અલગ-અલગ જોવા મળે છે. નર્મદા નદીથી ઉત્તરની આદિવાસી જાતિઓમાં સ્ત્રીઓમાં મોટી ઘેરનો ચણિયો મુખ્ય વસ્ત્ર છે. ઉત્તર ગુજરાતમાં ઉપરના ભાગમાં ઝુલરી પહેરે છે. પરણીત સ્ત્રીઓ લૂગડું પહેરે છે. ઉત્તર ગુજરાતના ભીલો ધોતિયું, ખમીસ, ફાળિયું પહેરે છે. મધ્ય ગુજરાતના પંચમહાલમાં કાળી બંડી અને લુંગી જેવા જાડા કપડાનો ઊંચો પોતડો પહેરે છે. છોટા ઉદેપુર બાજુ પુરુષો લંગોટી પહેરે છે. ઉપર ખમીસ અને માથે હજુરિયો પહેરે છે. ઉત્તર ગુજરાતની સ્ત્રીઓ હાથ ઉપર કાંડાથી માંડીને બાવળા સુધી બલૈયા અને પગમાં પિત્તળના કે રૂપાના ઘરેણાં પહેરે છે. તેનું વજન આશરે ચાર-પાંચ કિલો ગ્રામ થાય છે. જયારે દક્ષિણ ગુજરાતમાં સાડી જ મુખ્ય વસ્ત્ર છે. સ્ત્રીઓ મોટી સાડી કછોટો મારીને પહેરે છે. ઉપર કબઝો પહેરે છે. દક્ષિણ ગુજરાતના આદિવાસી પુરુષો ધોતિયું, ચડ્ડી કે લેંઘો, ઉપર ખમીસ માથે ફેંટો કે ટોપી પહેરે છે. સ્ત્રીઓ ગળામાં પથ્થરના ઘરેણાં પહેરે છે. ઉત્તર પૂર્વ અને મધ્ય ગુજરાતના આદિવાસીઓ મુખ્યત્વ મકાઈ,

અડદ, તુવેર, મગ ખાય છે. દક્ષિણ ગુજરાતમાં વાલ, ચોખા, તુવેર, જુવાર માછલી વગેરે મુખ્ય ખોરાક છે.

## 14.8 આર્થિક વ્યવસ્થા

ગુજરાતના આદિવાસીઓનો મુખ્ય વ્યવસાય ખેતી છે. સાથે-સાથે ખેત મજૂરી માછલાં પકડવાં, જંગલ મજૂરી, શિકાર વગેરે કામ કરે છે. ભીલો તથા ડાંગના ડાંગિયા દાઝીયું એટલે કે ઝાડ-પાન બાળી રાખ કરી, દાણા છાંટી પાક ઉગાડવા જેવી પ્રાથમિક ખેતી કરતા હતા. દક્ષિણ ગુજરાતના કોટવાળિયાઓ માત્ર વાંસકામ ઉપર ગુજરાન ચલાવે છે. કાથોડી લોકો કાથો પાડવાનું, કોલઘા લોકો જંગલમાં કોલસા પાડવાનું કામ કરે છે. અતુલ, બારડોલી, મઢી, વ્યારા વગેરેમાં કારખાનાંઓમાં મજૂરી કરવા માટે પણ જાય છે. ૧૯૮૧ પ્રમાણે ખેતી કરનાર ૪૫.૯૪ % ખેત મજૂરી, ૪૦.૧૧ % ગૃહઉદ્યોગ, કારખાનામાં ૦.૮૨ % અને કામ કરનારા ૧૩.૧૩ % છે. આ સિવાય ઋતુ પ્રમાણે છૂટક મજૂરી, રસ્તા મજૂરી, રેલવે કામની મજૂરી, બાંધકામના કાર્યમાં પણ તેઓ જોડાયા છે. આજે શિક્ષણના પણ વિવિધ ક્ષેત્રોમાં જોડાયા છે તેમજ નોકરીમાં પણ જોડાયા છે.

## 14.9 શિક્ષણ અને સંસ્કૃતિ

આદિવાસીઓમાં આઝાદી પહેલા શિક્ષણનું પ્રમાણ પાંચ ટકા કે, તેથી પણ ઓછું હતું. સ્ત્રીઓમાં તેથી પણ ઓછું શિક્ષણ હતું. છતાં પણ વડોદરા રાજ્યના તાબામાં આઝાદી પહેલા સોનગઢમાં એક ઘોડિયા છાત્રાલય ખુલ્યું હતું જેમાં રહીને કેટલાક આદિવાસીઓએ શિક્ષણ લીધું હતું. આ ઉપરાંત ડાંગના આહવામાં રાજકુમાર છાત્રાલય છે, જે ડાંગના રાજાઓના સંતાનોના શિક્ષણના હેતુથી ચાલતું હતું. આઝાદી પહેલા ગાંધી વિચારથી પ્રેરાઈને ઠક્કરબાપાએ પંચમહાલમાં આદિવાસીઓનું કાર્ય કરવાના હેતુથી દાહોદમાં 'ભીલ સેવા મંડળ' દ્વારા અને જુગતરામ દવેએ સુરત જિલ્લામાં વેડછીમાં 'રાનીપરજ સેવા સભા' દ્વારા શિક્ષણને આધારે ૧૯૨૦-૨૧માં સમાજ સેવાનું કામ શરૂ કરેલું. ઇ.સ. ૧૯૮૧ના અહેવાલ પ્રમાણે રાજ્યમાં આદિવાસીઓમાં સાક્ષરતાનું કુલ પ્રમાણ ૨૧.૧૫ % છે. તેમાં પુરૂષોમાં ૩૦.૪૧ % છે. જયારે સ્ત્રીઓમાં ૧૧.૬૪ % છે.

## 14.10 સારાંશ

ભારતભરમાં આદિવાસીઓની વસ્તી જોવા મળે છે. આદિવાસી સંસ્કૃતિનું સ્વરૂપ અનિવાર્ય જરૂરિયાતોના તાણાવાણામાંથી સર્જાયું છે. આદિવાસી સમૂહો મોટે ભાગે સાંસ્કૃતિક તત્વોમાંથી પ્રભાવિત થયા છે. આદિમનુષ્ય પ્રાકૃતિક જીવન જીવતો

હતો. તેઓનું જીવન પ્રકૃતિ સાથે જોડાયેલું છે. આદિવાસીઓમાં રીત-રિવાજો, પરંપરાઓ, તહેવારો, ખાન-પાન, પોશાક, સમૂહજીવન વગેરેમાં વિવિધતા જોવા મળે છે.

ટૂંકમાં આદિવાસીઓનો ઐતિહાસિક સાંસ્કૃતિક વારસો વિવિધ રંગીન રહ્યો છે.

પરિણામે ૧૯મી સદીથી લઇ આજ દિન  સુધી માનવ વિદ્યાઓમાં આદિવાસી અભ્યાસ રસપ્રદ સંશોધન ક્ષેત્ર બની રહ્યું છે. આજે આદિવાસી સંસ્કૃતિમાં વ્યાપક પરિવર્તન જોવા મળે છે.

## 14.11. ચાવીરૂપ શબ્દો

**(૧) હળપતિ**

આદિવાસીઓ મુખ્યત્વે સુરત જિલ્લામાં વસે છે. ઉજળિયાતોમાં ખેડૂત તરીકે કામ કરતા હોવાથી, તેઓને 'હાળી' કે હળપતિ પણ કહે છે. તેમને 'તલાવીયા' પણ કહેવામાં આવે છે.

**(૨) વારલી**

આદિવાસીઓમાં વારલી પણ જોવા મળે છે. 'વારલ' નો અર્થ થાય છે 'જમીનનો ટૂકડો' જે જમીનને ખેડે અથવા તો આ જમીનને ખેડવાવાળા લોકોને 'વારલી' તરીકે ઓળખવામાં આવે છે.

**(૩) શ્રદ્ધા**

દેવ દેવીઓની પૂજામાં શ્રદ્ધા અને વિશ્વાસ રાખવો

**(૪) ગામનો મુખી**

ગામનો રખેવાળ કે ગ્રામધ્યક્ષ, ગામધણી

**(૫) ખમીશ** - ખુલતું અને કફ કોરવાળું પહેરણ

## 14.12.  તમારી જાતને ચકાસો

**(જોડકાં જોડો)**

| | |
|---|---|
| (૧) ચૌધરી | (૧) કચ્છ જિલ્લામાં |
| (૨) કોળી | (૨) બરડા અને ગીર જંગલના નેસ વિસ્તારમાં |
| (૩) રબારી | (૩) ડાંગ જીલ્લામાં |
| (૪) કુનબી | (૪) સુરત અને વલસાડ જિલ્લામાં |

**બહુવૈકલ્પિક પ્રશ્નો**

(૧) ભારતની ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આદિવાસીઓના કેટલા વિભાગો જોવા મળે છે ?

(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ

(૨) આદિવાસીઓ દેશના કેટલા ટકા ભૂ-ભાગમાં વસે છે ?

(A) ૧૯% (B) ૨૯% (C) ૩૯% (D) ૪૯%

(૩) દેશમાં ભિન્ન -ભિન્ન જનજાતિઓના લગભગ કેટલા સમુદાયો વસે છે ?

(A) ૨૦૦ (B) ૩૦૦

(C) ૪૦૦ (D) ૫૦૦

(૪) ગુજરાતના આદિવાસીઓનો જીવન વ્યાપાર મુખ્યત્વે શાના પર નિર્ભર છે ?

(A) જંગલો (B) હીરા

(C) ખેતી (D) પશુપાલન

(૫) દુબળા આદિવાસીઓ મુખ્યત્વે ક્યાં જિલ્લામાં વસે છે ?

(A) જૂનાગઢ (B) અમરેલી

(C) વલસાડ (D) સુરત

(૬) દુબળા આદિવાસીઓની કુલ કેટલી ઉપજાતિઓ છે ?

(A) ૧૦ (B) ૨૦ (C) ૩૦ (D) ૪૦

(૭) આદિવાસીઓમાં સામૂહિક શ્રાદ્ધની વિધિ કરવામાં આવે છે તેને ક્યા નામે ઓળખાવે છે ?

(A) શ્રાદ્ધ (B) સામુહિક શ્રાદ્ધ

(C) પરજણ (D) એક પણ નહિ

(૯) 'વારલ' નો શું અર્થ થાય છે ?

(A) વિરતા (B) જમીનનો ટૂકડો

(C) પશુઓના સમૂહ (D) એક પણ નહિ

(૧૦) ભીલની જ એક ઉપજાતિ કઈ છે ?

(A) ધોડિયા (B) ધાનકા

(C) નાયકડા (D) વારલી

(૧૨) આદિવાસીઓમાં ઢોર કોળીને ક્યા નામે ઓળખે છે ?

(A) કોલચા (B) ચીન

(C) ગામીતી (D) કાથોડી

(૧૩) સીદી મૂળ ક્યાંના નિવાસી છે ?

(A) જાપાન (B) ચીન

(C) ન્યૂયોર્ક (D) પૂર્વ આફ્રિકા

**સ્વાધ્યાય(સૈદ્ધાંતિક અને પ્રાયોગિક)**

(૧) આદિવાસી સંસ્કૃતિની વિવિધ વિભાવનાઓ વિશે નોંધ લખો.

(૨) ગુજરાતના મુખ્ય આદિવાસી જાતિઓ વિશે વિસ્તારથી નોંધ લખો.

(૩)આદિવાસીઓની સામાજિક વ્યવસ્થા વિશે નોંધ લખો.

## 14.13. સંદર્ભ અને વિશેષ વાચન


- વાઘેલા અરૂણ, ગુજરાતની આદિવાસી સંસ્કૃતિ, પાર્શ્વ પબ્લિકેશન અમદાવાદ, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૩
- પટેલ (ડૉ.) ભગવાનદાસ, આદિવાસી ઓળખ, માહિતી ખાતું ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ૧૯૯૫
- વાઘેલા અરુણ, સાંસ્થાનિક ગુજરાતની આદિવાસી રાજ્ય અમદાવાદ
- કુંવર (ડૉ) અમૃતભાઈ, આદિવાસી ઉત્સવો લોકનૃત્યો-લોકગીતોનો દશ્ય-શ્રાવ્ય અભ્યાસ પાર્શ્વ પબ્લિકેશન અમદાવાદ
- ખારોડ (સં) મેઘના, ગુજરાતના લોક નૃત્યો, માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ૨૦૨૦-૨૧
- આદિજાતિઓના શૈક્ષણિક-સામાજિક અને આર્થિક ઉત્કર્ષની યોજના, માહિતી નિયામક, ગુજરાત રાજ્ય ,ગાંધીનગર
- જાદવ (સં) જોરાવરસિંહ, ગુજરાતનો લોકકલા વૈભવ, માહિતી નિયામક ગુજરાત રાજ્ય , ગાંધીનગર ,૨૦૧૯-૨૦
- પટેલ (ડૉ.) ભગવાનદાસ, આદિવાસી સાંસ્કૃતિક વારસો, માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- ઓઝા દિગંત અને આયંગર (ડૉ.) સુદર્શન, ગુજરાત એક સરવૈયુ, નવ ભારત સાહિત્ય મંદિર અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ઓક્ટોબર ૨૦૦૨
- ધન્ય ગુર્જરી કેન્દ્ર પ્રકાશન - ૧ ગુજરાત, ગુજરાત વિશ્વ કોશ ટ્રસ્ટ પ્રકાશન અમદાવાદ, ચોથી આવૃત્તિ - ૨૦૧૩
- વ્યાસ રજની, ગુજરાતની અસ્મિતા, અક્ષર પ્રકાશન અમદાવાદ, પાંચમી આવૃત્તિ - ૨૦૧૨

# એકમ - 15

# ગુજરાતના નૃત્યો, ગરબા, રાસ હાલેણી, અન્ય લોક નૃત્યો

## :: રૂપરેખા ::

**15.0** ઉદ્દેશો

**15.1** પ્રસ્તાવના

**15.2** લોક નૃત્યનો વિકાસ

**15.3** ગરબા

**15.3.1** ગરબી

**15.4** રાસ

**15.4.1** રાસડો

**15.5** આલેણી-હાલેણી નૃત્ય

**15.6** ગુજરાતના અન્ય લોકનૃત્ય

**15.6.1** ગોફ ગૂંથણ

**15.6.2** ધમાલ નૃત્ય

**15.6.3** પઢાર નૃત્ય

**15.6.4** ટિપ્પણી નૃત્ય

**14.6.5** ડાંગી નૃત્ય

**15.6.6** હાલી નૃત્ય

**15.6.7** ભીલ નૃત્ય

**15.6.8** માંડવી અને જાગ નૃત્ય

**15.6.9** ઠગા નૃત્ય

**15.6.10** મેરાયો નૃત્ય

**15.6.11** કોબી નૃત્ય

**15.6.12** મેર નૃત્ય (મહેર રાસ)

**15.6.13** ઢોલો રાણો

**15.6.14** અશ્વ નૃત્ય

**15.6.15** હીંચ - હમચી

**15.7** ગુજરાતમાં અન્ય લોક નૃત્યની વિવિધતા

**15.8 સારાંશ**

**15.9 ચાવીરૂપ શબ્દો**

**15.10 તમારી જાતને ચકાસો**

**15.11 સંદર્ભ અને વિશેષ વાચન**

## 15.0 ઉદ્દેશો

- વિદ્યાર્થીઓ તથા આવનારી પેઢી ગુજરાતની લોક સંસ્કૃતિથી પરિચિત થાય.
- વિદ્યાર્થીઓ ગરબા વિશે જાણે.
- વિદ્યાર્થીઓ હાલેણી નૃત્યથી પરિચિત થાય.
- વિદ્યાર્થીઓ લોક નૃત્યને સમજે અને વ્યવહારમાં ઉપયોગ કરે.
- વિદ્યાર્થીઓ વિવિધ આદિવાસી નૃત્યોનો પરિચય કેળવે.

## 15.1 પ્રસ્તાવના

પ્રાચીન સમયથી લોકનૃત્યોનું પ્રમાણ ભારતીય સંસ્કૃતિ પર ખૂબ જ રહ્યું છે. નૃત્ય એ જીવનનો આવિર્ભા છે, અભિવ્યક્તિ છે, નાટ્ય કલાના ઉદ્ભવનો વિમર્શ કરતા વિદ્વાનોને તેના બીજા ગીત-સંગીત અને નૃત્યમાં પડેલા જોવા મળે છે.

માનવીના મનમાં ખાસ કરીને આનંદ અને શોકનો અતિરેક થાય છે, ત્યારે તેનાં શરીરમાં રહેલી ઊર્મિઓ અને લાગણીઓ તાલબદ્ધ રીતે બહાર નિકળવા મથે છે. તે સમયે શરીરનું હલન-ચલન તાલબદ્ધ રીતે થતું હોવાના કારણે નૃત્યનું સર્જન થયું હશે.

વર્ષો પહેલા મનુષ્ય જયારે પશુ અવસ્થામાં હતો, ત્યારે તેની પાસે ઊર્મિઓ તથા લાગણીઓ વ્યક્ત કરવા માત્ર વાણી હતી પરંતુ શબ્દો જેવું કંઈ નહોતું. તેથી જીવનની બધી લાગણીઓ, સંજ્ઞાઓ દ્વારા અથવા તો પશુપંખીના જેવા અવાજ દ્વારા વ્યક્ત કરતો, એ સિવાય લાગણીઓ કે ઊર્મિઓ ઠાલવવા બીજા કોઈ પ્રકારનું સાધન તે સમયે તેની પાસે ન હતું. એથી શરીરના હલન ચલન દ્વારા એણે પોતાની લાગણીઓ વ્યક્ત કરવા માંડી, એમાંથી નૃત્ય અવતર્યું. લોકનૃત્ય એ ગુજરાતની એક આગવી ઓળખ છે. રાસ એ મુખ્યત્વે લોકનૃત્ય છે.

## 15.2 લોકનૃત્યનો વિકાસ

ચોસઠ કલાઓમાં નૃત્ય કલા ક્ષેત્રે ગુજરાતના લોકજીવનની ઝાંખી કરાવતા નૃત્યો દેશ વિદેશમાં ખૂબ જ લોકપ્રિય બન્યાં છે.

લોકનૃત્ય એ આદિવાસી નૃત્યનું સંવર્ધિત સ્વરૂપ છે. લોકનૃત્ય શીખવા માટે કોઈપણ જાતની ખાસ તાલીમ લેવી પડતી નથી. લોકો અનુકરણ કે, સંસ્કારથી શીખે છે. લોકનૃત્યમાં સમૂહમાં ભેગા થઈ સહુ એકસરખી ક્રિયા કરવા પ્રયત્ન કરે છે. લોકનૃત્ય શરીરના સાદાં હલનચલનથી અને પ્રાકૃતિક જોમ તથા જોશથી ઘડાયેલું છે.

ભારતમાં જેટલા પ્રદેશો છે, તેટલા નૃત્યો છે. કાશ્મીરથી માંડીને કન્યાકુમારી તથા સૌરાષ્ટ્રથી આસામ સુધી પ્રસરેલા પ્રદેશોમાં વિવિધ પ્રકારના લોકનૃત્યોનો સમાવેશ થાય છે. જેવો પ્રદેશ અને જેવું વાતાવરણ તેવી જ અસરો ત્યાંના લોકનૃત્યમાં પડેલી જણાય છે. બધાં લોકનૃત્યોમાં એક પ્રકારનું સામ્ય હોવા છતાં પણ ભાષા, રીતિ રિવાજ, પોશાક અને કુદરતી વાતાવરણ વગેરેની ભિન્ન-ભિન્ન અસરોને લીધે. દરેક પ્રદેશનું નૃત્ય વિવિધ સંગીત અને વિવિધ પ્રકારમાં આપણા દેશમાં નજરે પડે છે.

ગુજરાતમાં આદિવાસી નૃત્ય કે લોકનૃત્ય પ્રણાલી વિશિષ્ટ રીતે પાંગરી છે. આજે પણ તે લોકનૃત્યો ખાસ કરીને ગરબા, ગરબી, રાસ-રાસડા, ટિપ્પણી કે મટકી એમ અનોખી રીતે અસ્તિત્વમાં છે. આવા લોકનૃત્યો કે શાસ્ત્રીય નૃત્યની પૃષ્ઠભૂમિ ધર્મ રહ્યું છે. સમાજ તેના વિવિધ વિભાગોનું દર્પણ બનતું રહ્યું છે. કૃષ્ણના સમયથી દ્વારકા-સૌરાષ્ટ્રમાં નૃત્યની શરૂઆત થઈ અને એ પછી નૃત્ય આગળ વધ્યું, તે સમયે પંજાબ, દિલ્હી, મથુરામાં નૃત્ય હતું પણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ત્યાર બાદ આવેલું.

શ્રી કૃષ્ણના પૌત્ર અનિરુદ્ધે આસામના શોણિતપુરના રાજા બાણાસુરની કન્યા ઉષા સાથે લગ્ન કર્યું અને એ રીતે છેક ભારતના પૂર્વના પ્રદેશનો પશ્ચિમના પ્રદેશ સાથે સાંસ્કૃતિક સંબંધો બંધાયા હતા. સાંસ્કૃતિક દૃષ્ટિએ પણ આ લગ્ન ફળદાયી નીવડ્યું. ઉષાએ દ્વારકામાં આવી લાસ્ય નર્તન ત્યાંની ગોપ કન્યાઓને શીખવ્યું હતું અને ત્યાંથી તે અનેક પ્રદેશોમાં વિસ્તાર પામ્યું હતું એટલે મહાભારતના કાળથી તે છેક સોળમી સદીના શ્રીકંઠ કવિના સમય સુધી સૌરાષ્ટ્ર લાસ્યનર્તન માટે વિખ્યાત હતું.

## 15.3 ગરબા

ભારતનો લોકપ્રિય ધાર્મિક લોકનૃત્યનો ઉત્સવ છે. ગરબા મુખ્ય ગુજરાતમાં જોવા મળે છે. છેલ્લા પંદર હજાર વર્ષની પરંપરાથી પ્રાપ્ત થયેલી ગુજરાતની આગવી કળા તે ગરબા છે. આસો માસની એકમથી નવ દિવસ સુધી નોરતાંનો ઉત્સવ ઉજવાય છે.

ગરબો શબ્દનાં અર્થ બાબતે આપણા વિદ્વાનો વચ્ચે ભિન્નતા પ્રવર્તે છે. નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા, કેશવ હર્ષ ધ્રુવ, વિજયરાય વૈદ્ય અને કે.કા.શાસ્ત્રી જેવા વિદ્વાન સર્જકોએ ગરબાના અર્થ વિશે સ્પષ્ટતા કરવાનો પ્રયત્ન કર્યો છે. કેશવહર્ષ ધ્રુવે થોડું ઘણું અર્થઘટન કરી આપ્યું છે જ્યારે કે.કા.શાસ્ત્રીએ તે બાબતે આમ જણાવ્યું છે :

'ગરબો શબ્દ દીપગર્ભ ઘ્ટ : પૈકીના ગર્ભમાંથી હું લવ છું. ગર્ભ શબ્દનો અર્થ ઘડો અથવા ઘડું એવો થાય છે. છિદ્રવાળા ઘડાને ગરબો કહે છે. "અખંડ ઘડામાં છિદ્ર પડાવવા તેને ગરબો કોરાવવો કહે છે. ગર્ભમાં એટલે કે મધ્યમાં દીવાવાળા ઘડાને આજે પણ ગરબો જ કહેવામાં આવે છે.'

તેથી ગરબો શબ્દનું મૂળ સંસ્કૃત શબ્દ "ગર્ભદીપ" માનવામાં આવ્યો હોય એવું અનુમાન કરી શકાય. દીપગર્ભ ઘટા એ પ્રયોગમાં ઘટાનો અર્થ દીપગર્ભાએ વિશેષણ દ્વારા થવા લાગ્યો. કાળક્રમે દીપગર્ભા શબ્દમાંથી પૂર્વપદ દીપનો લોપ થતાં ગર્ભા શબ્દ રહ્યો અને તેના પરથી ગરભો થઈ અને ગરબો શબ્દ અસ્તિત્વમાં આવ્યો. આ રીતે ગરબો શબ્દ કાણાંવાળા માટીના કે ધાતુના ઘડા માટે રૂઢ બન્યો. આ ગરબો દૈવી શક્તિનું પ્રતિક બન્યો.

### 15.3.1 ગરબી

ગરબો એ સ્ત્રીઓનું નૃત્ય છે, તો ગરબી એ પુરૂષોનું નૃત્ય છે. સાદાં પગલાં અને તાળીઓથી સમૂહમાં ગીત ગાતાં ગાતાં પુરૂષો વર્તુળમાં આ નૃત્ય કરે છે. ગુજરાતના ભક્તકવિ દયારામે કૃષ્ણને ઉદ્દેશીને ગરબીની રચનાઓ કરેલી, વલ્લભ કવિએ પણ માતાની ગરબી રચી હતી.

ગુજરાતમાં લગભગ આદિજાતિના ૨૯ સમુદાયો વસે છે. જે સમુદાયમાં ગુજરાતની ઉત્તરે અરવલ્લી પહાડની હારમાળાઓમાં, પૂર્વમાં સાતપુડા અને વિંધ્ય પહાડની શિખરાવલીમાં અને દક્ષિણમાં સહયાદ્રિની પર્વત શ્રેણીઓમાં આદિવાસીઓનું નિવાસ સ્થાન છે. આ પૂરો ભૂમિ ભાગ લગભગ ૨૦ હજાર માઈલ એરિયામાં ફેલાયેલો છે.

ભારતની આદિવાસી જાતિઓમાંની એક મુખ્ય જાતિ છે. વસ્તી ગણતરીની દ્રષ્ટિએ ગૌડ અને સંથાલ આદિવાસીઓ પછી ભારતમાં તેમનું સ્થાન છે. ભીલ દેશના ચાર રાજ્યો ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં વસે છે.

## 15.4 રાસ

રાસ એ મુખ્યત્વે હલ્લીસક અને લાસ્ય નૃત્યમાંથી રાસનૃત્યનો જન્મ થયો. રાસ અથવા દાંડિયા રાસ ભારતના ગુજરાત અને રાજસ્થાન રાજ્યોના લોકનૃત્યનો એક પ્રકાર છે. રાસ એ બે પ્રકારે જોવા મળે છે. તેમાં (૧) હલ્લિસક રાસ અને (૨) દંડ અથવા દાંડિયા રાસ. અત્યારના સમયમાં માત્ર દાંડિયા રાસ. આ પહેલા આ પ્રકારના રાસ સ્ત્રી-પુરુષો સાથે કરતાં હશે કારણ કે, શ્રીકૃષ્ણની લીલાના રાસ ગોપ-ગોપીઓ ભેગાં મળીને કરતાં. મુસ્લિમ સમય પછીથી શાસકોની બીકને કારણે સ્ત્રીઓ રાસ રમતી

અટકી ગઈ. વર્તમાનમાં આ રાસ જોવા મળે છે. સૌરાષ્ટ્રમાં ૧૪મી કે ૧૫મી સદીથી નરસિંહ ભગત, મીરાં વગેરેની અસરને કારણે વૈષ્ણવ ધર્મમાં શ્રીકૃષ્ણ રાસનો સજીવ કરવા પ્રેર્યા.

રાસ નામ સંસ્કૃત શબ્દ ''રાસ'' પરથી આવ્યો છે. રાસ મૂળ પ્રાચીન સમયમાંથી મળે છે. જે કૃષ્ણની રાસલીલા સાથે સંબંધિત છે.

લેખક રજની વ્યાસના મત પ્રમાણે દાંડિયા રાસ એ સૌરાષ્ટ્રનું સર્વોત્તમ નૃત્ય છે.

### 15.4.1 રાસડો

રાસડો પણ ખૂબ જાણીતું લોકનૃત્ય છે. જ્યારે રાસડામાં નૃત્ય કરતાં લોકસંગીત મુખ્ય સ્થાને છે. રાસડા એ તાલી-રાસનો એક પ્રકાર છે. જે ત્રણ તાલીમાં લેવાય છે. પહેલાના સમયમાં પશુપાલન અને ખેતીનો વ્યવસાય કરતી કોમોમાં પણ રાસડા વિશેષ લેવાતા હતા. કોળી અને ભરવાડ કોમમાં સ્ત્રી-પુરુષો રાસડા લે છે. સૌરાષ્ટ્રનું ગ્રામ લોકજીવન આ રાસડે ઝિલાઈ રહ્યું છે.

## 15.5 આલેણી-હાલેણી નૃત્ય

આ નૃત્ય વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાના તડવી આદિવાસી જાતિની કન્યા નૃત્ય વસંતઋતુના આગમનને વધાવવા માટે કરે છે. હાલેણીમાં નાચનાર એકબીજાને ખભે હાથ મૂકી, ગોળાકાર ફરીને ગીતો ગાતાં ગાતાં નાચે છે. તેને હાલેણી કહે છે.

આ નૃત્ય સ્ત્રીઓ કરે છે અને ક્યારેક પુરુષો અને સ્ત્રીઓ બંનેનું નૃત્ય પણ જોવા મળે છે. સ્ત્રીઓ અને પુરુષો પોતાના જુદાં-જુદાં વર્તુળો બનાવી પોત-પોતાના અલગ-અલગ જૂથો બનાવીને નાચે છે. હાલેણીને લોકબોલીમાં 'આલેણી' પણ કહે છે. હાલેણીના જુદાં-જુદાં પ્રકારો છે. તડવી જાતિની યુવતીઓ વસંતઋતુમાં રોળાગીત ગાઈને હાલેણી નાચે છે, તેને 'રોળા' કહે છે. ભીલ યુવતીઓ પણ વસંત ઋતુમાં ગીત ગાતાં જાય છે અને હાલેણી નાચે છે અને તે સમયે ઢોલની પણ જરૂર પડતી નથી. પુરુષો ખાસ કરીને લગ્ન પ્રસંગે જ હાલેણી નાચે છે. પાલ પ્રદેશમાં પુરુષોના હાલેણી નૃત્યને રોળા રમવા કહે છે. હાલેણી નાચતી વખતે એક હાથ ખંભે અને બીજો હાથ સાથીદારની કેડે કંદોરા પેઠે વીટાળે છે. વચમાં હોય તેના બંને હાથ આગળ-પાછળના સાથની કેડે સાંકળ પેઠે વીટળાયેલા રહે છે.

હાલેણી નૃત્ય ઘણું પ્રાચીન નૃત્ય છે. નાચનાર એકબીજાની કેડે હાથના કંદોરા વીટે છે, એવું ચિત્ર રાધા અને કૃષ્ણનું મળે છે. એક-એક રાધા અને એક-એક કાન્હા એકબીજાની કેડે કંદોરા વીટીને ગોળાકાર નાચે છે. જેના ઉલ્લેખો શ્રી મંજુલાલ રે.

મજમુદારે આપ્યા છે. 'રાસક' એ પ્રાચીન નૃત્ય કહેવામાં આવે છે. તેના ત્રણ પ્રકાર જોવા મળે છે. તેમાં (૧) લત્તા રાસક (૨) દંડ રાસક અને (૩) મંડલ રાસક અથવા તો તાલી રાસક કે તાલ રાસક પણ કહે છે અને આમાં જે દંડ રાસક છે તે દાંડિયા રાસ, તાલરાસક તે તાળીઓના તાલે ખેલાતો રાસ અને લત્તા રાસકમાં બબ્બેના યુગલમાં ગૂંથાઈને લતા જેમ વૃક્ષને વીંટાઈ જાય છે, તે રીતે ગૂંથાઈને રમાતો રાસ.

ખાસ કરીને આમાં પશ્ચિમના બોલડેન્સનું સ્મરણ આ પ્રકારથી થાય છે. આ લતારાસકનું ચિત્ર બારમાં કે તેરમાં સૈકામાં લખાયેલ બાલગોપાલ સ્તુતિ ગ્રંથમાં છે.

પ્રાચીન ચિત્રમાં રાધા-કૃષ્ણને જોડીને નાચતાં બતાવ્યાં છે પરંતુ આ હાલેણી નૃત્યમાં સ્ત્રી-પુરુષો એકબીજાની કેડે હાથ વીંટીને નાચતાં નથી. સ્ત્રી-પુરુષો અલગ-અલગ નાચે છે. હાલેણી નૃત્ય મોટાભાગે ઢોલ શરણાઈની મદદ વિના નાચે છે પરંતુ મોટાભાગે લગ્નના દિવસોમાં ઢોલ-શરણાઈના વાદ્ય વપરાય છે. હાલેણી નૃત્યમાં ગીતો પણ ગવાય છે.

આમ, હાલેણી નૃત્ય ખૂબ પ્રાચીન છે અને તેનું વિશેષ મહત્વ જોવા મળે છે.

## 15.6 ગુજરાતના અન્ય લોક નૃત્ય

યુગોથી માનવ જીવનને આત્મ કલ્યાણ સાથે જોડવા, જીવનમાં સાત્વિક વિચારોને બળ આપવા, ભારતીય સંસ્કૃતિની પૃથ્વી ઉપરની અમૂલ્ય ભેટ એટલે લોકવિદ્યા. આ લોકવિદ્યા સાથે સંકળાયેલ ઉત્સવો, તહેવારો, લોકનૃત્યો અને તેમની સાથે ગવાતાં લોકગીતો એ જે તે જનસમુદાયનું જીવન દર્પણ છે. આમ, ગુજરાતમાં વિવિધતા ધરાવતા અનેક નૃત્યો જોવા મળે છે.

### 15.6.1 ગોફ ગૂંથણ

હવે લોકનૃત્યને માણવાની સમાજની રુચિ પણ વધી છે અને લોકનૃત્યો પાદર કે ચોરા-ચોકમાંથી ખસેડાઈને રંગભૂમિનું પ્રદર્શન બન્યાં છે.

ગોફ ગૂંથણ અથવા ગોફ ગૂંથન એ રાસ જેવું છતાં થોડું જુદા પ્રકારનું આ એક જાણીતું નૃત્ય છે. આમાં રંગીન કપડાંની પેટીઓ કે જાડી દોરીઓ છત ઉપરની કોઈ એક કડીમાંથી પસાર કરી, ગુચ્છામાં બાંધી એનો એક-એક છેડો નીચે સમૂહમાં ગોળ ઊભેલા નૃત્યકારો એક હાથમાં પકડી બીજા હાથમાં દાંડિયો પકડી વેલ આકારમાં એક અંદર અને એક બહારથી જઈ ગોળ ફરતાં-ફરતાં ગીત ગાતાં ગાતાં નૃત્ય કરે. આ નૃત્યમાં થતાં વ્યવસ્થિત હલન ચલનને કારણે ઉપર રહેલી દોરીઓની સુંદર ગુંથણી બંધાય છે, ફરી નૃત્યક કરતાં ઊંચી દિશામાં વળી નૃત્ય કરતાં કરતાં ગૂંથણી છોડના

જાય છે. ગૂંથણી એ આ નૃત્યનું મુખ્ય અંગ બને છે, એની સુંદર રંગબેરંગી ગૂંથણી અને છૂટતી ગૂંથણ બંને નૃત્ય સાથે ખૂબ જ આકર્ષક લાગે છે. આ નૃત્ય મુખ્યત્વે પુરુષો કરે છે, છતાં હવે સ્ત્રીઓ પણ ભાગ લે છે.

### 15.6.2 ધમાલ નૃત્ય

સૌરાષ્ટ્રમાં જાફરાબાદ પાસે આવેલ જંબુસર ગામમાં સદીઓનું ધમાલ નૃત્ય પરંપરાગત નૃત્ય છે. જેને ધમાલ તરીકે ઓળખવામાં આવે છે. આ સીદીઓ છેલ્લા ત્રણસો વર્ષથી અહીં વસવાટ કરે છે. તેઓ મૂળ આફ્રિકાના વતનીઓ અને ધર્મે મુસલમાન છે. આમ, ગીતની સાથે ધમાલને જોઈએ તો હાસ્યનિશ્રિત ભયાનક લાગે વિચિત્ર મુખમુદ્રામાં પ્રયત્ન તો બધા 'કથકલી' જેવા હોય છે. મુખના એક-એક અવયવનું ચલન સીદીઓ કરે છે. નેણ હલાવે, ડોળા હલાવે, નાક ને કાન પણ હલાવે, ગાલની પેશીઓ અને હોઠ પણ હલાવે અને સાથે-સાથે વિચિત્ર અવાજો પણ કરે, એમના શરીરની છટા, વર્ણ અને હાવભાવની એકરૂપતા જંગલના જીવનની યાદ આપે છે.

આફ્રિકામાં વસતા આદિવાસીઓ શિકાર કરવા જતાં પહેલાં તથા શિકાર મળ્યા પછી આનંદમાં આવી જે પ્રકારનું નૃત્ય તથા જેવા હાવભાવ કરે છે, તેની ઝાંખી સીદી લોકોના ધમાલ નૃત્યમાં દેખાય છે. વર્ષો પહેલા રાજવીઓ પણ ધમાલ નૃત્યને પ્રોત્સાહન આપતા. સ્ત્રી-પુરુષોની અલગ-અલગ ટુકડી સમૂહમાં જુદી-જુદી પદ્ધતિએ નૃત્ય કરતા જોવા મળે છે. તેઓના મોટા ઢોલને 'મુસીરો' નાની ઢોલકને 'ધમાલ' અને સ્ત્રીઓના વાજીંત્રોને 'માયમીસરા' અથવા સેલાની તરીકે ઓળખવામાં આવે છે. ખાસ કરીને પીરના વાર તહેવારમાં ધમાલ વધારે જોવા મળે છે.

### 15.6.3 પઢાર નૃત્ય

આ નૃત્ય ગુજરાતમાં સુરેન્દ્રનગર જિલ્લાના નળ સરોવરના કાંઠે વસનાર પઢારો હોડી ચલાવતા હોય તેવી મુદ્રામાં આ નૃત્ય કરે છે.

પઢારોનું જીવન અનેક વિશિષ્ટતાવાળું છે. પઢાર રાસમાં સાગરકાંઠાના લોકોની જિંદગીની અસરોમાં હલેસાં મારવા, દરિયાના મોજાં પ્રસારવા વગેરે દ્રષ્ટિગોચર થાય છે. તેના રાસનર્તનમાં માછલી સાગરનાં મોજાઓમાં ઊંચી નીચી તરે સરે અને વળાંક લે છે તે પ્રકારે રમાય છે. હલ્લીસક નૃત છે. પઢારોના રાસ નૃત્યની શિસ્ત સૌરાષ્ટ્રની અન્ય કોમોના રાસનર્તનમાં સર્વોપરી છે.

### 15.6.4 ટિપ્પણી નૃત્ય

ગીર સોમનાથ પાસે વેરાવળ અને ચોરવાડની ખારવણ બહેનો ટિપ્પણી નૃત્ય કરે છે. ટિપ્પણી એ સૌરાષ્ટ્રનું શ્રમહારી નર્તન છે. પહેલાના સમયમાં ઓરડા, ઓસરી, મેડી, મંદિર વગેરેમાં ભોંય પર લાદી જડવામાં આવતી ન હતી જ્યાં સુધી માટી લીસી ન થાય, ત્યાં સુધી ટિપ્પણી ચાલતી હતી. તેને 'છો' પણ કહેવામાં આવતો. ચૂનાથી છોને ધરબવામાં આવતી, ધરબી ધરબીને નકાર થાય ત્યાં સુધી છો ધરબવામાં આવતી. આ ભોંયને છોને ધરબે તેને ધ્રાબો કહેવામાં આવતો. ધરબવું એટલે ટીપવું, આ ટીપવાની ક્રિયામાંથી નર્તન, સંગીત અને ગીતનો ત્રિવેણી સંગમ થતાં શ્રમ જીવનનાં આનંદમાંથી ટીપ્પણી લોકનર્તનનો પ્રાર્દુભાવ થયો. ગુજરાતના લોકનૃત્યમાં જો કોઈ ઉત્સવ, પર્વ, ધર્મ સાથે સંબંધ ન હોય તેવું શ્રમપ્રધાન નર્તન હોય તો તે ફક્ત ટીપ્પણી નૃત્ય છે. જે દૈનિક શ્રમજીવનની વાસ્તવિક કામગીરી સાથે સંકળાયેલું ભારતનું એક માત્ર લોકનૃત્ય છે.

### 15.6.5 ડાંગી નૃત્ય

ગુજરાતની  દરેક આદિજાતિઓમાં પોતાનો આગવો નૃત્ય પ્રકાર છે. દા.ત. પંચમહાલના ભીલોમાં તલવાર અને ગફુલી નૃત્ય તેવી જ રીતે ડાંગી આદિવાસીઓમાં પિરામીડ નૃત્ય ખૂબ જ જાણીતું છે. દક્ષિણ ગુજરાતના ડાંગી લોકનૃત્યોમાં ગજબની સ્ફૂર્તિ જોવા મળે છે.

દક્ષિણ ગુજરાતના આદિવાસી સમાજમાં કાહલ્યાનૃત્ય, ઠાકર્યાનૃત્ય, માદળનૃત્ય, પાવરીનૃત્ય, ઢોલનૃત્ય, ભાયેંનૃત્ય, પેરનેનૃત્ય જેવા જ્ઞાતિગત લોકનૃત્યો ખૂબ જ જાણીતા છે. આ દરેક નૃત્યના ઉદ્ભવ પાછળ કોઈને કોઈ દંતકથા જોડાયેલી છે. આદિવાસીઓમાં નૃત્ય એ તેમના રોજિંદા જીવનનું અભિન્ન અંગ છે.

ડાંગીનૃત્ય 'ચાળો' તરીકે ઓળખાય છે. ડાંગી નૃત્યમાં ૨૭ જાતના તાલ છે. તેઓ ચકલી મોર, મરઘી, જેવાં પંખીઓ તથા કાચબા જેવા પ્રાણીઓની નકલ નૃત્ય સ્વરૂપે દેખાડે છે. ડાંગ દરબાર દરમિયાન કરતા આ નૃત્યમાં માળીનો ચાળો નૃત્યમાં ડાંગી પુરુષો ગોળાકાર ઊભા રહી જાય છે. તેમના ખભા પર બે જુદી-જુદી સ્ત્રીઓનો એક-એક પગ હોય છે. થાપી, ઢોલક, મંજિરા કે પાવરી મુખ્ય વાજિંત્રો છે.

### 15.6.6 હાલી નૃત્ય

સુરત અને તાપી જિલ્લાના દુબળા આદિવાસીઓ આ નૃત્ય કરે છે. આ નૃત્યમાં ખાસ કરીને અલગ-અલગ વાર્તાના પ્રસંગ હોય છે. આ નૃત્યમાં બે ટુકડીઓ હોય છે. તેમાં એક સ્ત્રી અને એક પુરુષ એવી ગોઠવણીમાં એકબીજાની કમ્મર પર હાથ રાખીને

નૃત્યની પ્રસ્તુતિ કરે છે અને સાથે-સાથે ઢોલ અને થાળીઓ કે પુંગીની અથવા ભૂંગળીનો સૂર કાઢી સાથે આપવામાં આવે છે. પુરુષો માથા પર સફેદ ફેંટો બાંધે છે અને કછોટો મારેલું ધોતિયું પહેરે છે. બાકીનું શરીર ખુલ્લું રાખેલું હોય છે. સ્ત્રીઓ રંગબેરંગી સાડીઓ કછોટા બાંધી પહેરે છે. હાલી નૃત્યના  ગીત ગાનારને કવિઓ કહેવામાં આવે છે.

### 15.6.7 ભીલ નૃત્ય

લોક નૃત્ય શીખવા માટે કોઇ પ્રકારની તાલીમની જરૂર નથી. તે અનુકરણ અને ધાર્મિક વિધિઓ દ્વારા પેઢી દર પેઢી વારસા તરીકે અવતરતું રહે છે.

પંચમહાલ જિલ્લાના આદિવાસી ભીલોનું આ નૃત્ય છે. ભીલ નૃત્યો પૈકી યુદ્ધ નૃત્ય વિશેષ જાણીતું છે. ભરૂચ જિલ્લામાં આ નૃત્યને ‘આગવો’ કહે છે. આ નૃત્ય પુરુષો જ કરે છે. નૃત્ય કરતી વખતે તીરકામઠાં, ભાલા વગેરે સાથે રાખે છે અને પગે ઘૂંઘરા બાંધે છે અને ચિચિયારી પાડીને નૃત્ય કરે છે.

### 15.6.8 માંડવી અને જાગ નૃત્ય

આ નૃત્ય ઉત્તર ગુજરાતમાં નવરાત્રી દરમ્યાન બહેનો સાથે માંડવી કે જાગ મૂકીને આ નૃત્ય કરે છે. જાગ નૃત્ય ખાસ કરીને જવરને બાજોઠ પર રાખી માથે મૂકીને જનોઇ શ્રીમંત કે નવરાત્રી પ્રસંગે આ નૃત્ય કરવામાં આવે છે.

### 15.6.9 ઠાગા નૃત્ય

ઠાગા નૃત્ય એ ઉત્તર ગુજરાતના ઠાકોરોનું આગવું લોકનૃત્ય છે. તેઓ ખાસ કરીને હોળીના તહેવાર નિમિત્તે હાથમાં ધોકા અને તલવારો લઇને આ નૃત્ય કરે છે. સૌરાષ્ટ્રના લોકમેળાઓમાં શુરાઓના તલવાર રાસમાં જે ખમીર અને જોમ જોવા મળે છે તે ઠાકોરોના ઠાગ નૃત્યમાં જોવા મળે છે. કોઇ પ્રસંગ સમયે અથવા તહેવારોમાં ઠાકોરો ઊંચી એડીના લટકીવાળા બુટ, ગળે હાંસડી, કાનમાં મરકી, પગમાં તોડા પહેરીને હાથમાં ખુલ્લી તલવાર લઇને જીવન મોતનો સંગ્રામ ખેલતા હોય તે રીતે નૃત્ય કરે છે.

### 15.6.10 મેરાયો નૃત્ય

મેરાયો નૃત્ય બનાસકાંઠા જિલ્લાના વાવ તાલુકા તેમજ અન્ય વિસ્તારોમાં ભરાતા લોકમેળાઓમાં ઠાકોરો દ્વારા કરતા નૃત્યને મેરાયો નૃત્ય તરીકે ઓળખવામાં આવે છે. સરખડ અથવા ઝૂઝાળી નામના ઊંચા ઘાસમાંથી તોરણ જેવા ઝૂમખા ગૂંથીને આ મેરાયો બનાવવામાં આવે છે. આ ઝૂમખાઓને ‘નાગલી’ તરીકે પણ ઓળખવામાં

આવે છે. આવા અનેક ઝૂમખાં તૈયાર કરીને એક લાકડીની આસપાસ, એક ચોરસ પાટીયાને આધારે લટકાવવામાં આવે છે અને ઉપરના ચાર છેડાઓ પર મોર-પોપટ બેસાડવામાં આવે છે. બધા ઝૂમખાની વચ્ચે દીવડાની વ્યવસ્થા હોય છે. એક વ્યક્તિ કમ્મરે ભેટમાં નાળિયેર કાછલી બાંધે છે. તેમાં મેરયાને ફેરવવામાં આવે છે અને ત્યારબાદ તેમાં મોર-પોપટ પણ ફૂટવા માંડે છે. આ બધા ઘુમાવતી ટોળી મેળાના સ્થળે જાય છે. સાથે-સાથે ફૂકવાનો ઢોલ વાગે છે. આ રીતે મંડળી આવે છે અને પછી ખુલ્લી તલવારો પટાબાજી બે મોટિયાર એક બીજા પર વાર કરે છે અને પોતાનો બચાવ કરે છે. ઢીચણિયે વળી જાય છે. આગળ વધે છે, પાછા પડે છે, સૂઈ જાય છે, ચિત્તાની જેમ તરાપ પણ મારે છે. એકબીજાની ગરદન પર તલવારો ઝીંકે છે. જોનારને હૃદય થંભી જતું હોય એવું લાગે છે. ત્યાં એકાએક બંને લડવૈયા સામ-સામે એકબીજાને ભેટી પડે છે. એ સમયે હુડિલા ગાવામાં આવે છે. આ હુડીલા એ બનાસકાંઠા વિસ્તારનું શૌર્યગાન છે.

### 15.6.11 કોળી નૃત્ય

પઢારો જેવી જ સ્ફૂર્તિ ધરાવતા સૌરાષ્ટ્રની કોળી જાતિમાં આ નૃત્ય પ્રચલિત છે. ભરત ભરેલી છત્રી આ નૃત્યનું ખાસ આકર્ષણ છે. તરણેતરના મેળામાં આ નૃત્ય જોવા મળે છે તેમજ ઉત્સવ સમયે આંખમાં સૂરમો માથે લાલ મધરાસિયો, આંટીવાળી ગોળ પાઘડી અને કેડે રંગીન ભોટ, હાથમાં છત્રીઓ ઝુલાવતો જાય અને નૃત્યમાં સામેલ થતો જાય. અહીં કોળીનું રંગલાપણું જોવા મળે છે અને ખાસ તરણેતરના મેળામાં કોળીઓ જોડાય છે અને નૃત્ય પણ કરે છે. સાથે-સાથે કોળી સ્ત્રીઓ પણ ત્રણ તાળીના રાસ રમે છે.

### 15.6.12 મેર નૃત્ય (મહેર રાસ)

મેર નૃત્ય પોરબંદરની આજુબાજુના વિસ્તારમાં વસતા મેર જ્ઞાતિના લોકોમાં જોવા મળે છે. આ નૃત્યમાં લડાયક, ખમીર અને આકર્ષક બાહુબળ નિરાળું છે. ઢોલ અને શરણાઇ પણ એમના શૂરાતનને બિરદાવતાં હોય તેમ લાગે. મેર રાસમાં લોકોનાં પગલાં લસતા નથી, ઢોલના મણીયારાના તાલે તાલે તાલબદ્ધ, શિસ્તબદ્ધ સૈનિકના પગલાં ઉપડે એમ એ ઉપડે છે. તીરછાં તોળેલાં શરીર અને દાંડિયા તલવારના ઝાયાની જેમ વીઝાય છે. એક સાથે ચાળીસ ચાળીસ આદમીનાં મરદાનગીભર્યા મરોડો ખેંચાઇ છે. ક્યારેક ક્યારેક એકથી દોઢ ફૂટ જેટલાં ઊંચા તેઓ ઊછળે છે ત્યારે અનોખું દૃશ્ય ખડું કરે છે.

આ નૃત્યની વિશિષ્ટતામાં ગીતોના શબ્દો ગવાતાં નથી, પરંતુ એકથી વધુ ઢોલ મણીયારો તાલ વગાડતા અને એકથી વધુ શરણાઈઓ સૂરમાં મણીયારો ગાતી હોય છે. આ રાસની શરૂઆત ગુલાલની ડમરી ઉડાડીને કરે છે.

### 15.6.13 ઢોલો રાણો

આ નૃત્ય ગોહિલવાડ પંથકના કોળીઓના લોક નૃત્યનો અનોખો પ્રકાર છે. જ્યારે ખેતરમાં પાક તૈયાર થાય અને તેને ખળામાં લાવવામાં આવે છે ત્યારે ગોહિલવાડની કોળી સ્ત્રી-પુરુષો હાથમાં સૂપડાં, સૂપડિયું, સાવરણી, સૂડલાં, ડાલાં, સાંબેલું વગેરે લઈને અનાજ ઊપણતાં-ઊપણતાં, ઝાટકતાં વર્તુળાકારે મોજીરા કાંસી જોડા અને તબલાંના તાલે નાચે અને ગાય છે. ભાવનગરની ઘોઘા સર્કલની મંડળી આ નૃત્ય માટે જાણીતી છે. ઢોલોરાણો નર્તન કરતાં રાય ઢોલોરાણો ખાંડે ચીખલાંને ઓલી ગૌમતી આવ્યા મગ ડાળ્ય ગીત મંજીરા કાંસીજોડો ને તબલાંને તાલે તાલે ગાતાં હોય છે. જે લતા રાસકનો પ્રકાર છે, તેને ઢોલોરાણા નર્તન કહે છે.

### 15.6.14 અશ્વ નૃત્ય

અશ્વ નૃત્ય ઉત્તર ગુજરાતના કોળીઓનું લોક નૃત્ય છે. કારતક માસની પૂર્ણિમા (પુનમ)ના દિવસે ગામના યુવાન અને ઘરડા પુરુષો પોત-પોતાના ઘોડા સાથે હાથમાં તલવાર લઈને ભેગા થાય છે. પછી ગામને પાદર ઘોડા દોડાવે છે. આ નૃત્ય પ્રસંગે વાતાવરણમાં શૌર્યરસ જોવા મળે છે.

### 15.6.15 હીચ-હમચી

હીચ સ્ત્રી જાતિના તાલ અને તેમાં થતાં લોકનૃત્યનો પ્રકાર હીચ ત્રણ-ત્રણ માત્રાના બે ખંડ ધરાવતો કુલ છ માત્રાનો તાલ છે. તેમાં તાલની સાથે, ઢોલીડા ઢોલ વગાડ મારે હીચ લેવી છે, જેવાં ગીતો સાથે લોકનૃત્ય થાય છે.

હમચી રાંદલનો ઘોડો ખૂંદવામાં ઘોડાની જેમ બહેનો બબ્બે પગે ઠેકતી ઠેકતી કૂદ લઈ હાથની તાળી પાડતી ગાય છે. તેને હમચી ખૂંદવી કહેવામાં આવે છે. હમચીમાં હમીચી ખૂંદું છું વારી વારી ભાઈને ઘરે સોનીડા આવે એવાં ગીતો ગવાય છે. આનંદ-ઉત્સવ ઉજવાય છે. હીચ હીચનૃતમાં નર્તનની ગતિ હિંચકાનાં હિલોળા, ફંગોળ લોલકની ગતિ લીલા જેવી હોય છે. તેમાં તાલની ગતિ અતિ ત્વરિત હોય છે.

## 15.7 ગુજરાતમાં અન્ય લોકનૃત્યની વિવિધતા

ગુજરાતમાં જેટલી વિવિધતા આદિજાતિ, લોકભાષા અને વસ્ત્રો વગેરેમાં છે, એટલી જ વિવિધતા તેના લોકગીતો, લોકઉત્સવો, લોકમેળાઓ અને લોકનૃત્યોમાં છે.

લોકનૃત્ય એ લોક સંસ્કૃતિની ધરતી પર ઉગાડવામાં આવતો અમૂલ્ય પાક છે. લોકનૃત્યોનો, લોકઉત્સવો અને ધાર્મિક પરંપરાઓ સાથે પ્રાચીન સંબંધ છે. ગુજરાતનું ભવ્ય લોકજીવન લોકનૃત્યોથી ભરેલું જોવા મળે છે.

અનેક લોકનૃત્યો ગુજરાતમાં જોવા મળે છે તેમાં રૂમાલ નૃત્ય મહેસાણા જિલ્લાના ઠાકોર હોળી તથા મેળાના પ્રસંગે હાથમાં રૂમાલ લઇને નૃત્ય કરે છે. વણઝારાનું બેડા નૃત્ય વણઝારી બહેનો માથે સાત-સાત બેડાં લઇને નૃત્ય કરે છે તેમજ વણઝારાઓનું હોળી નૃત્ય ગુજરાતમાં વસતા મારવાડીઓ હોળી વખતે પુરુષો ખભે મોટું મૃદંગ મૂકીને વગાડે છે અને સ્ત્રીઓ હાથમાં રૂમાલ લઇને નૃત કરે છે. ભરવાડોમાં ડોકા અને હુડા રાસ પણ જાણીતો છે. સૌરાષ્ટ્રના ભરવાડો હાથમાં પરોણા કે પરોણીઓ લઇને ડોક રાસ કરે જ્યારે હુડા રાસમાં ભરવાડ અને ભરવાણો ઢોલના તાલે સામસામાં હાથના તાલ અને પગના ઠેકા વડે સંઘ નૃત્ય કરે છે. મરચી નૃત્ય લગ્ન પ્રસંગે તુરી સમાજની બહેનો તાળી પાડ્યા વગર, હાથની અંગ ચેષ્ટાઓ દ્વારા નૃત્ય કરે છે. ડુંગરેવ નૃત્ય ડાંગના આદિવાસીઓનું લોકનૃત્ય છે. ઘેરીયા નૃત્ય દક્ષિણ ગુજરાતના દુબળા આદિવાસીઓનું લોકનૃત્ય છે. ડાંગ જિલ્લાના આદિવાસીઓનું ચાળો નૃત્ય. ધરમપુર વિસ્તારના આદિવાસીઓનું શિકાર નૃત્ય. પંચમહાલના ભીલોનું યુદ્ધ નૃત્ય.

આમ ગુજરાત તેના લોકનૃત્ય માટે ખૂબ જાણીતું છે.

## 15.8 સારાંશ

લોકનૃત્યો એ આપણી સંસ્કૃતિનું મહત્વનું અંગ છે. વર્ષો પૂર્વે નદી કિનારે જ્યારે સંસ્કૃતિનું પારણું બંધાયું ત્યારે લોકનૃત્યોનો પણ જન્મ થયો હશે એવું કહી શકાય. લોકનૃત્યોમાં શાસ્ત્રીય નૃત્ય કે સમૂહ નૃત્યની નૃત્યકલાથી તદ્દન ભિન્ન લક્ષણવાળાં લોકજીવનના પરંપરાગત લોકપ્રિય લોકનર્તનો છે. તેને શીખવા માટે ખાસ તાલીમની આવશ્યકતા રહેતી નથી. નાચવું તે પ્રાણીમાત્રનો એક સહજ સ્વભાવ છે. દરેક પશુ, પક્ષી અને પ્રાણી નાચે છે. માનવ હંમેશા નર્તનશીલ રહ્યો છે. નૃત્ય એ ઊર્મિ, સંવેદનાનો સાહજિક પ્રતિભાવ છે.

આમ ગુજરાતના લોકનૃત્યનું પણ વિશેષ મહત્વ જોવા મળે છે.

## 15.9. ચાવીરૂપ શબ્દો

**લોકનૃત્ય :** સમૂહમાં ભેગા થઇ સહુ એકસરખી ક્રિયા કરવા પ્રયત્ન કરે છે.

**ગરબો : દીપગર્ભ ઘટ :** ઘડો અથવા ઘડું એવો થાય છે, છિદ્રવાળા ઘડાને ગરબો કહે છે.

**રાસ :** રાસ નામ સંસ્કૃત શબ્દ રાસ પરથી આવ્યો છે. રાસ મૂળ પ્રાચીન સમયથી મળે છે જે કૃષ્ણની રાસલીલા સાથે સંબંધિત છે.

**ટિપ્પણી :** પહેલાના સમયમાં ઓરડા, ઓસરી, મેડી, મંદિર, ભોંય વગેરે પર લાદી ન હતી ત્યારે તળીયાના ભાગને ટિપ્પવામાં આવતો તેના પરથી ટિપ્પણી.

## 15.10. તમારી જાતને ચકાસો

**(જોડકાં જોડો)**

| | |
|---|---|
| (૧) હાલી નૃત્ય | (૧) ઉત્તર ગુજરાતના કોળીઓનું નૃત્ય |
| (૨) અશ્વ નૃત્ય | (૨) સુરત અને તાપી જિલ્લાના ડુબળા આદિવાસીઓનું નૃત્ય |
| (૩) ડોકા અને હુડા રાસ | (૩) સૌરાષ્ટ્રના જાફરાબાદ પાસે આવેલ જાંબુસરના સીદીઓનું નૃત્ય |
| (૪) ધમાલ નૃત્ય | (૪) સૌરાષ્ટ્રના ભરવાડનો રાસ |

**બહુવૈકલ્પિક પ્રશ્નો**

(૧) કુલ કેટલી કલાઓ છે ?

(A) ૩૮ (B) ૪૦ (C) ૬૦ (D) ૬૪

(૨) નોરતા કયા માસમાં ખુબ ધામધુમથી ઉજવવામાં આવે છે ?

(A) શ્રાવણ (B) પોષ

(C) આસો (D) કાર્તિક

(૩) હલ્લીસક અને લાસ્ય નૃત્યમાંથી કયા નૃત્યનો જન્મ થયો છે ?

(A) ગરબી નૃત્ય (B) રાસ નૃત્ય

(C) ટીપ્પણી નૃત્ય (D) એકપણ નહિ

(૪) દાંડિયા રાસ એ સૌરાષ્ટ્રનું સર્વોત્તમ નૃત્ય છે કોનો મત છે ?

(A) રજની વ્યાસ (B) ડૉ.રાધાકૃષ્ણન

(C) કૌમુદી મુનશી (D) વલ્લભ મેવાડા

(૫) હાલેણી નૃત્યને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?

(A) આવેલી (B) આલેણી

(C) આપેરણી (D) એકપણ નહિ

(૬) હાલેણી નૃત્ય માટે કોણ જાણીતું છે ?

(A) ભીલ આદિવાસી (B) સૌરાષ્ટ્રના સીદીઓ

(C) તડવી જાતિની કન્યા (D) એકપણ નહિ

(૭) સૌરાષ્ટ્રના જાફરાબાદ પાસે આવેલ જાંબુસરના સીદીઓ કયા નૃત્ય માટે જાણીતા છે ?

(A) ધમાલ નૃત્ય (B) ગોફ ગૂંથણ

(C) ટીપ્પણી નૃત્ય (D) ઢોલો રાણો નૃત્ય

(૮) હોડી ચલાવતા હોય તેવી મુદ્રામાં કયું નૃત્ય કરવામાં આવે છે ?

(A) ધમાલ (B) પઢાર

(C) ડાંગી (D) ટીપ્પણ

(૯) ચોરવાડની ખારવણી બહેનો કયા નૃત્ય માટે જાણીતી છે ?

(A) હુડો (B) ધમાલ

(C) પાવરી (D) ટિપ્પણી

(૧૦) ઉત્તર ગુજરાતના ઠાકોરોનું આગવું લોકનૃત્ય કયું ?

(A) ઠાગા (B) માંડવી

(C) મેર (D) ઢોલોરાણો

**સ્વાધ્યાય(સૈદ્ધાંતિક અને પ્રાયોગિક)**

(૧) હાલેણી નૃત્ય વિશે નોંધ લખો.

(૨) ગરબા અને રાસ વિશે વિસ્તારથી ચર્ચા કરો.

(૩) આદિવાસી નૃત્યની વિવિધતા વિશે નોંધો.

(૪)કોઈપણ ચાર લોકનૃત્ય વિશે નોંધ લખો.

## 15.11. સંદર્ભ અને વિશેષ વાચન


- ગુજરાતનો પુરાતત્વીય વારસો, માહિતી ખાતુ ગુજરાત રાજ્ય, વર્ષ ૨૦૧૫-૧૬
- ઓઝા દિગંત, આયંગાર (ડૉ.) સુદર્શન, ગુજરાત એક સરવૈયું, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ઓક્ટોબર-૨૦૦૨
- ઇતિહાસ સંસ્કૃતિ લોકો ગુજરાત તમામ રાજ્યને જાણો, Parragon Publishing India Private Limited, Noida,૨૦૧૫
- વ્યાસ રજની, ગુજરાતની અસ્મિતા, અક્ષર પ્રકાશન, અમદાવાદ, પાંચમી આવૃત્તિ, ૨૦૧૨

- પરમાર શ્રી જયમલ, લોક સાહિત્ય તત્વદર્શન અને મૂલ્યાંકન, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૧
- સંપાદક પાઘડાર સંજય, પટેલ અજય, ડાકડિયા હિરેશ, ગુજરાતનો સાંસ્કૃતિક વારસો, યુવા ઉપનિષદ પબ્લિકેશન, સુરત
- (સંપાદક) બ્રહ્મભટ્ટ પ્રિ.સુભાષ, માધવ હર્ષદેવ, પંડ્યા જાગૃતિ, સંસ્કૃત સાહિત્ય અને ચોસઠ કળાઓ, શ્રી એચ.કે.આર્ટસ કૉલેજ, અમદાવાદ
- ડૉ.હસુતાબેન શશીકાંત સેદાણી, ગુજરાતની લોકસંસ્કૃતિ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, તૃતિય આવૃત્તિ, ૨૦૧૫
- વાઘેલા અરૂણ, ગુજરાતની આદિવાસી સંસ્કૃતિ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, ચોથી આવૃત્તિ, ૨૦૨૨
- કુંવર (ડૉ.) અમૃતભાઇ ઝેડ, આદિવાસી ઉત્સવો લોકનૃત્યો-લોકગીતોનો દૃશ્ય-શ્રાવ્ય અભ્યાસ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૪
- સંપાદક પટેલ (ડૉ.) ભગવાનદાસ, આદિવાસી ઓળખ, માહિતી ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, વર્ષ ૧૯૯૯

એકમ - 16

# વિલુપ્ત થઈ રહેલી કેટલીક કલાઓ

:: રૂપરેખા ::

**16.0** ઉદ્દેશો

**16.1** **પ્રસ્તાવના**

**16.2** **કલાનો અર્થ**

**16.3** **વિવિધ કલાઓ**

**16.4** **કલાની વિવિધ વ્યાખ્યાઓ**

**16.5** **વિલુપ્ત થતી કલાઓ**

**16.6** **લુપ્ત થતી કલાઓને બચાવવાના પ્રયત્નો**

**16.7** **સારાંશ**

**16.8** **ચાવીરૂપ શબ્દો**

**16.9** **તમારી જાતને ચકાસો**

**16.10** **સંદર્ભ અને વિશેષ વાચન**

## 16.0 ઉદ્દેશો

- વિદ્યાર્થીઓ વિવિધ કલાઓ વિશે જાણે.
- લોક નૃત્ય કલાથી પરિચિત થાય.
- કલામાં આવેલ પરિવર્તનો વિશે જાણે.
- કલાના મહત્વથી માહિતગાર થાય.
- લુપ્ત થતી કલાઓ વિશેની સમજ કેળવે.

## 16.1 પ્રસ્તાવના

ભારત વર્ષના ઇતિહાસમાં નજર કરતાં ખ્યાલ આવે છે કે ભારત કલા, સંસ્કાર અને સંસ્કૃતિના મહત્વનું સ્થાન રહ્યું છે. કળા શબ્દ સાંભળતાની સાથે જ માનવીના માનસ પર શિલ્પકળા, સ્થાપત્યકળા, ચિત્રકળા, સંગીત કળા વગેરે જેવી વિવિધ-વિવિધ કળાઓ પ્રત્યક્ષ થાય છે. પ્રાચીન ભારતીય સાહિત્યમાંથી આપણને ચોસઠ કલાઓ જેવી કે હસ્તકલા, કારીગરી, ચિત્રકલા, સ્થાપત્ય કલા, સંગીત કલા વગેરે વિશે જાણવા મળે છે. આપણા દેશની વિશિષ્ટતા વણાટકામ, ભરતકામ,

મોતીકામ, માટીકલા, ધાતુ ઉપરનું નકશીકામ અને આભલા કામ વગેરે હસ્તકલાઓમાં રહેલી છે.

સાહિત્યકલામાં વિવિધ સાહિત્યનો વિકાસ વર્ષોથી જોવા મળે છે. સંગીતમાં શાસ્ત્રીય સંગીત, તાલ, લોકવાદ્યો અને તેની વિવિધ તંતુવાદ્યો રાવણ હથ્થો, જંતર, સુરંદો, ઢોલ સોઘડિયું, નગારું, નિશાન ડંકા, તબલા, ત્રાંસા, ખંજરી અને ડફ, ડમરું, ડાકલું અને ડુગડુગી, ખજવાજ, કુંડી, માદળ, વેણું, મોરલી, શરણાઇ, શંખ, ભૂંગળ, પાવરી, ભાડયું, રણશિંગું, મંજીરા, માણ કાંસીજોડા, ઝાંઝ, કારતાલ, દાંડિયા, ઝાલર, ઘંટ, થાળી, ઘુંઘરા વગેરે જોવા મળતા હતા. આજના સમયમાં તેમાં ઘણા વાદ્યો લુપ્ત થવાને આરે છે.

લોકનૃત્યની વાત કરીએ તો અનેક પ્રકારના લોકનૃત્ય જોવા મળે છે. રાસ, ગોફગુંથન, રાસડો, ગરબો, ગરબી, ટિપ્પણી નૃત્ય, પઢાર નૃત્ય, હાલીનૃત્ય, મેરનૃત્ય, ડાંગી નૃત્ય, ભવાઇ વગેરે જોવા મળે છે. જો કે તેનું પ્રમાણ પણ આધુનિક યુગમાં ઓછું થવા લાગ્યું છે.

ઉપરોક્ત તમામ કળાની વિવિધ બાબતોનો એક સમયે ખૂબ જ સારા પ્રમાણમાં ફેલાવો થયો હતો પરંતુ આજના સમયે તે અમુક કળાઓ લુપ્તતા તરફ જઇ રહી છે.

## 16.2 કલાનો અર્થ

કલાનો અર્થ આજના સમયમાં તો ચિત્ર-શિલ્પ કે નૃત્ય-ગીત પૂરતો મર્યાદિત થતો જોવા મળે છે. અલબત્ત એની પણ પૂરી પ્રશંસા પ્રાચીન સમયમાં કરી છે.

ગળાાલકત્રદ્દક ત્રદ્દકલઃ જીકજીઅ્રૂર્સ્ર્ થ્ગાત્રદ્દકર્સ્ર્વલ ભળ્ ??

થ્ગાકશ્વહ્યકગકશ્વ્. કશ્વભ બ્લઅર્સ્ર્ બ્નશ્કબ્ડકદÐ Ðત્ધ્ડકષ્ટલશ્વ ॥

કલા શબ્દના અનેક અર્થો પ્રાચીન ભારતમાં થયા છે અને એનો સંગ્રહ જુદા-જુદા કોશગ્રંથોમાં થયો છે. આ સહુનું સુભગ સંકલન આપણને ભગવદ્ ગો મંડલમાં પ્રાપ્ત થાય છે.

## 16.3 વિવિધ કલાઓ

આપણા પ્રાચીન ગ્રંથોમાં ૬૪ કલાઓનો જુદાં જુદાં ગ્રંથોમાં ઉલ્લેખ જોવા મળે છે. કેટલાક ગ્રંથોમાં ૭૨ કે ૮૧ ના ઉલ્લેખો પણ જોવા મળે છે પરંતુ શુદ્રાચાર્યના નીતિસારના ચોથા અધ્યાયના ત્રીજા પ્રકરણમાં કળાઓનો ઉલ્લેખ કરેલો છે. અનેક

કથાઓ મુજબ કલાઓ અનંત છે પણ તેમાં ૬૪ કળાઓ મુખ્ય છે. તેનું લક્ષણ બતાવતાં શુક્રાચાર્ય લખે છે કે જેને એક મુંગો વ્યક્તિ પણ ટકી શકે તે કલા છે.

નરેશ શ્રી વિરચિત શિવતત્વ રત્નાકરમાં મુખ્ય ૬૪ કળાઓનો ઉલ્લેખ આપવામાં આવ્યો છે જે નીચે મુજબ છે.

૧. ઈતિહાસ ૨. આગમ (શાસ્ત્ર) ૩. કાવ્ય ૪. અલંકાર ૫. નાટક ૬. ગાયન ૭. કવિત્વ ૮. કામશાસ્ત્ર ૯. દ્યુત (જુગાર) ૧૦. દેવ ભાષા વિજ્ઞાન ૧૧. લિપિકર્મ ૧૨. વાચન ૧૩. ગણના (ગણતરી) ૧૪. વ્યવહાર ૧૫. સ્વર શાસ્ત્ર ૧૬. શકુન શાસ્ત્ર

૧૭. સામુદ્રિક શાસ્ત્ર ૧૮. રત્ન શાસ્ત્ર ૧૯. ગજ અશ્વરથ કૌશલ ૨૦. મલ્લ શાસ્ત્ર ૨૧. રસોઈ શાસ્ત્ર ૨૨. ભુરુદ દોહન (બાગવાની) ૨૩. ગન્ધવાદ ૨૪. ધાતુવાદ ૨૫. રસ સબંધી-રવનિવાદ ૨૬. બિલવાદ ૨૭. અગ્નિ સંસ્તમ્ભ ૨૮. જલ સંસ્તમ્ભ ૨૯. વાણી સંસ્તમ્ભ ૩૦. ઉંમર સંસ્તમ્ભ ૩૧.વશીકરણ ૩૨. આકર્ષણ ૩૩. સંમોહન ૩૪. વિદ્રેષણ ૩૫. ઉચ્ચાટન ૩૬. મારણ ૩૭. કાલ વંચન ૩૮. પરકાયા પ્રવેશ ૩૯. પાદુકા સિદ્ધિ ૪૦. વાણી સિદ્ધિ ૪૧. ગુટિકા સિદ્ધિ ૪૨. જાદુ ૪૩. યંજન ૪૪. પટદ્દ્રિષ્ટિ વંચન ૪૫. સ્વવંચન ૪૬. મણિમોતી ઓષધાદિની સિદ્ધિ ૪૭. ચોરકર્મ ૪૮. ચિત્રક્રિયા૪૯. લોહક્રિયા ૫૦. અહમક્રિયા-પથ્થરક્રિયા ૫૧. માટી ક્રિયા ૫૨. દારૂ ક્રિયા ૫૩. વૈણું ક્રિયા ૫૪. ચર્મ ક્રિયા ૫૫. અંબર ક્રિયા

૫૬. ઉત્તમ વસ્ત્ર ક્રિયા ૫૭. અદશ્યકરણ ૫૮. દન્તીકરણ ૫૯. મૃગયા વિધિ ૬૦. વાણિજ્ય ૬૧. પશુપાલન ૬૨. કૃષિ ખેતી ૬૩. આસવકર્મ ૬૪. લાવ કૂકડો અને ભેષ વગેરેનું યુદ્ધ કૌશલ્ય

શુક સારિકા પ્રલાયન

વિવિધ ઉલ્લેખોમાં કલાના અલગ-અલગ ઉલ્લેખો જોવા મળે છે.

## 16.4 કલાની વિવિધ વ્યાખ્યાઓ

કળાનો વિશિષ્ટ ગુણધર્મ તે એ કે સાચી અને સારી કળામાં નૈતિક મૂલ્યોનું તિરોધાન વિલિનીકરણ કે નિગરણ થતું હોય છે. કલાત્મક્તા પોતે જ માનવ ચેતનાનું સમુન્નયન કરનારી એક એવી શક્તિ છે જેમાં અનૈતિકતા કે અનિષ્ટતા તત્વને સ્થાન રહેતું નથી. - બોદલેર

કલા એવી હોવી જોઈએ જેમાં ચેતનાત્મક લય ઉપરાંત તેમાં ગહન વિચારોનું પ્રતિબિંબ હોય જો આમ થાય તો જ તેમાંની કલાની વિશાળતા તેમજ નૈતિક તથા

બૌદ્ધિક વિકાસનો પરિચય પ્રેક્ષકોને થઇ શકે. -
સુભાષ શાહ

લોકોનું આરાધન કરવું એ રાજાની પેઠે કલાનો પણ ધર્મ છે. - જ્યોતીન્દ્ર દવે

કલયતિ આ કલા આત્માને ખીલવે, પ્રફુલ્લ કરે, સંતૃપ્ત કરે એવી પ્રક્રિયાને કલા તરીકે ઓળખવાની પ્રથા સ્થપાઇ. - કનુ નાયક

જીવનનો સદાચાર એ એક સર્વોચ્ચ જીવનકલા છે જે કલા ધર્મ, નીતિ અને સદાચારને પોષક નથી તે સાચી કલા નથી. - કાકા કાલેલકર

કલા કલ્યાણની જનેતા છે. કલાનો પહેલો કલાકાર સૃષ્ટિના રચયિતા પરમેશ્વર કે ઈશ્વર છે. તેનું મુખ્ય કારણ એ છે કે જગતના તમામ પદાર્થોમાં કલાનો વાસ રહેલ છે. કલા શબ્દની સંસ્કૃત ભાષા ૐૐ ધાતુ પરથી બનેલો છે. તેનો અર્થ કરવું કે પ્રેરિત કરવું કે પ્રેરણા આપવા માટે (પ્રેરિત કરનાર) એવો થાય છે. જેમાં 'કલ' શબ્દ એક ગતિશીલ ધ્વનિ છે તેવી જ રીતે કલા પણ એક લયબદ્ધ અભિવ્યક્તિ છે. કલાનો અર્થ માત્ર આનંદ નથી પણ સૌંદર્યની અભિવ્યક્તિ દ્વારા સુખ, આનંદ કે આનંદ પ્રદાન કરવાનો છે.

આજના સમયમાં વિવિધ ક્ષેત્રોમાં અનેક પરિવર્તનો આવ્યા છે અને તેના કારણે અમુક પ્રાચીન કળાનો વિલુપ્ત થવા લાગી છે. આપણી કલા પરંપરાની જાળવણી કરવી એ દરેકની ફરજ છે પરંતુ આજના સમયે અમુક કળાઓનું મહત્વ ઓછું થવા લાગ્યું છે.

## 16.5 વિલુપ્ત થતી કલાઓ

ગુજરાતમાં પણ આગવી લોક સંસ્કૃતિ અને કલા વારસો જોવા મળે છે. ગુજરાતમાં સૌરાષ્ટ્ર, કચ્છના કણેકણમાં લોકકલાઓની મહેક જોવા મળે છે અને તે ગુજરાતની લાક્ષણિકતા છે. વિવિધ લોકકલા ગુજરાતની પ્રજામાં પ્રાંગરી છે. લોક સંસ્કૃતિમાં સમાવિષ્ટ એવા મેળાઓ, જન્માષ્ટમી અને નવરાત્રિ જેવા લોકઉત્સવો, લોકઘરોમાં જોવા મળતા કષ્ઠકલાના નમૂનાઓ અને રાચરચીલું વિવિધ જગ્યાએ જોવા મળતું લીંપણ, ભરતકામમાં જોવા મળતું ખાપું અને આભલાનું કામ, ઘર અને શણગારનું હીર ભરત, કચ્છી કમાંગરી સલાટી શૈલીના ભીતચિત્રો, દક્ષિણ ગુજરાતના રાઠવા આદિવાસીઓના પિઠોરાના રંગબેરંગી ચિત્રો, દેવીપૂજકોનું માતાના ચંદરવાનું છાપકામ, કાચ પરનું ચિત્રકામ (ગ્લાસ પેન્ટિંગ) પોથી ચિત્રની પરંપરા, આલેખ ચિત્ર, કલાત્મક ધાતુના વાસણો કોઠી કોઠલા પરના લીંપણ અને લોકજીવનને મનોરંજન પુરું પાડતા લોકનૃત્યો, ભવાઇ, કઠપૂતળી, વાદી, મદારી, નટબજાણિયા,

ભાંડ, રાવણ હથ્થાવાળા તૂરી-બારોટ અને રામલીલાની સાથોસાથ જનજીવનને સંસ્કારનાર લોકસાહિત્ય સંતવાણી, લોકસંગીતની વિવિધતાથી સમૃદ્ધ એવી લોકપરંપરા એક સમયે ખૂબ જ સારા પ્રમાણમાં વિકસી હતી. આવી વિશિષ્ટતા ધરાવતા અનેક કલાકારો ગામડાઓ અને નગરોમાં ફરીને આ કલાઓથી લોકોને પ્રભાવિત કરતા હતા અને પોતાનો જીવનનિર્વાહ ચલાવતા હતા.

પ્રાચીન સમયથી લોક સંસ્કૃતિના અલગ-અલગ ક્ષેત્રોનો સારા પ્રમાણમાં વિકાસ થયો હતો. ગુજરાત રાજ્યની રચના થતાં અન્ય ખાતાઓની જેમ માહિતી ખાતું, યુવક સેવા અને સાંસ્કૃતિક ઉપક્રમે યુવક મહોત્સવ, શરદોત્સવ, સંસ્કૃતિ કુંજ, ઉત્સવ જેવા ઉત્સવો અને રાસ-ગરબાની સ્પર્ધાઓ અને કલાકારો બહાર આવ્યા. આ સંસ્થાઓ દ્વારા કલાકારોનું અન્ય રાજ્યોમાં આદાન-પ્રદાન થવા લાગ્યું.

કલાઓને પ્રોત્સાહન આપવા માટે સૌરાષ્ટ્રમાં નાની મોટી ૧૦૦ ઉપરાંત રાસમંડળીઓ અને દક્ષિણ ગુજરાતમાં આદિવાસી લોકનૃત્ય મંડળીઓ અસ્તિત્વમાં આવી. ગુજરાત ટૂરિઝમ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, દર્પણ, શ્રેયસ પ્રતિષ્ઠાન, આઈ.એન.ટી. ગુજરાત લોકકલા ફાઉન્ડેશન જેવી સંસ્થાઓ તરફથી લોક ઉત્સવો યોજવાના શરૂ થયા. ભારત સરકારની યોજનાઓ અન્વયે વિવિધ જગ્યાએ લોક-કલાના કલાકારો વિવિધ જગ્યાઓએ જવા લાગ્યા. અમેરિકા, ઈંગ્લેન્ડ, રશિયા, મસ્કત વગેરે દેશોમાં જઈને ગુજરાતની લોકકલાનો ડંકો વગાડ્યો. ગુજરાતની રચના બાદ રાજ્યમાં ભવાઈ કલાકારોના સંઘની સ્થાપના થઈ. ભવાઈ કલાકારોની કલા ૫૦૦ વર્ષ જૂની ગણાય છે. જયશંકર સુંદરી, બાબુભાઈ વ્યાસ, કાશીરામભાઈ વ્યાસ જેવા અનેક ભવાઈ કલાકારો બહાર આવ્યા. ઈરાન, ઈરાક જેવા દેશોમાં ભવાઈ વેશો રજૂ કરવામાં આવ્યા. ઊંઝામાં ભવાઈના આદ્યપિતા અસાઈતના નામે અસાઈત સાહિત્ય સભા શરૂ થઈ. વિસનગરમાં શ્રી ચીમનલાલ નાયક અને કૈલાશ પંડ્યાની રાહબરી નીચે ભવાઈ તાલીમ કેન્દ્ર સ્થપાયું.

કુદરતી સૌંદર્ય અને પ્રકૃતિની ગોદમાં વસવાટ કરતા આદિવાસીઓ પાસે પરંપરાગત આગવી નૃત્ય કળા છે. ધીમે-ધીમે આ કળાઓ બહાર આવી અને સંસ્કાર યોજિત સ્પર્ધાઓને કારણે આહવા, દેડિયાપાડા, અલગાવાડી, ગારેબડી ગાઢવી, સાબરકાંઠા અને બનાસકાંઠાની મંડળીઓ બહાર આવી જાંબુરમાં વસતા સીદીઓના ધમાલ નૃત્ય પણ ગીરમાં આવતા પ્રવાસીઓ નિહાળતા થયા. શિયાળ અને નાની કઠેચીની પઢાર રાસ મંડળીઓ દિલ્હી સુધી જતી આવતી થઈ.

ધીમે-ધીમે વર્ષો જૂની આ પરંપરાની યશસ્વી સિદ્ધિ હોવા છતાં સમય ઝડપથી સરવા લાગ્યો. પ્રચાર અને પ્રસાર માધ્યમોને કારણે પશ્ચિમની સંસ્કૃતિનું આક્રમણ પ્રબળ

બન્યું. સમૂહ માધ્યમો ઊંડાણના ગામડાં સુધી પહોંચ્યા. નવા પ્રકારના મનોરંજનો માણવાની ઊત્કંઠાને કારણે ગ્રામ્ય પ્રજાને પરંપરિત લોકકલાઓમાંથી રસ અને રુચિ ઘટવા માંડયા પરિણામે ગુજરાતની ધરતીની ધૂળમાં રમવાવાળા વાદી, મદારી, નટ, બજાણિયા, કઠપૂતળી, રામલીલા, ભવાઈવાળા, લોકજાદુગરો, બહુરૂપી, ભાંડ, રાવણ હથ્થાવાળા, ઢોલ, શરણાઇ અને મશક વાજાવાળા નોબત શરણાઈવાળા કલાકારો જેમણે પેઢી પરંપરાથી લોકકલાના મૂલ્યવાન વારસાને જીવની જેમ જતન કરીને જાળવી રાખ્યો હતો એ કલાકારો આજે હામ અને હિંમત હારી બેઠા છે. સૌરાષ્ટ્રની જે ભવાઈ માટેની મંડળી હતી એ પણ ધીમે-ધીમે સમયના વહેણ સાથે ભાંગી પડી. વિવિધ કલાઓ ગામડાઓમાં રજૂ કરતા પરંતુ નટ અને નટના ખેલ સાવ જ ભુલાઇ ગયા છે. ગુજરાત જેવા સમૃદ્ધ ગણાતા રાજ્યમાં નટ-બજાણિયાની ૨-૩ મંડળીઓ રહેવા પામી છે. અવશેષરૂપે રહેલી મંડળી પાસે સારી વેશભૂષા કે વાદ્યો ન હોવાથી તે લધરવધર જોવા મળે છે અને આજની પેઢીને તેમાં રસ પણ નથી. નટ-બજાણિયા કલાકારો આર્થિક બેહાલીમાં જીવન જીવી રહ્યા છે.

રોટલો રળવા માટે એક ગામથી બીજે ગામ ભટકતાં વાદી, મદારી, કઠપૂતળીના કલાકારો અને રાવણ હથ્થાવાળા તૂરી બારોટોની પણ આ હાલત છે. પર્યાવરણ અને જંગલ ખાતાના કાયદાને કારણે તેઓ સાપ, સસલાં, અજગર, માંકડાં, નોળિયા, રીંછ, ઘુવડ, શેળા, શાહુડી વગેરે પ્રાણીઓને પકડી શકતાં નથી. પકડે તો ગુનો બને છે. આથી મદારીઓ પોતાના બાપદાદા વખતથી ચાલતો આવતો મનોરંજનનો કસબ મૂકીને નાના-મોટા અન્ય ધંધાઓ કરવા લાગ્યા છે. આથી જ માઠી દશા કઠપૂતળીના ખેલ કરનાર કલાકારોની પણ છે. બત્રીસ પૂતળીના ખેલમાં બરકત આવતી ન હોવાથી તેઓ હવે કપડાના હાથી, ઘોડા, પોપટ, ઘૂઘરા કઠપૂતળીઓ પોપટસેરો અને કાષ્ઠ કોતરણીવાળી મૂર્તિઓ બનાવીને ઠેર-ઠેર વહેંચવા લાગ્યા છે. આજે અસંખ્ય કલાકારોની આવી દશા જોવા મળે છે જેમણે પેઢી પરંપરાથી લોકકલાના મૂલ્યવાન વારસાને કાળજાના કટકાની જેમ જતન કરીને સમાજમાં જીવતો રાખ્યો છે. તેઓ પોતાના જીવન સંઘર્ષથી થાક્યા છે. સરકાર, સંગીત, નાટક, અકાદમી અને વેસ્ટ ઝોન કલ્ચર, સેન્ટર આ દિશામાં કાર્યરત છે અને કામગીરી કરે છે. પણ વિલુપ્ત થઇ રહેલા આ લોકકલા વારસાને પ્રજાકીય સહકારથી જાળવી શકાય જો આવું શક્ય બને તો કદાચ થોડી બચેલી કળાઓ જે વિલુપ્ત થઇ રહી છે તેમને બચાવી શકાય.

ગુજરાત લોકકલા ફાઉન્ડેશન એક લાખ રૂપિયાના નવ ઍવોર્ડ પ્રતિવર્ષે દબદબાપૂર્ણ સમારંભમાં એનાયત કરે છે. કલાકારોને સતત કાર્યક્રમો મળતા રહે. કાર્યક્રમો રજૂ કરવાની એમને તાલીમ, સારી વેશભૂષા અને વાજિંત્રો મળતાં રહે એ માટે પ્રયત્નો કરે છે અને સંસ્થાનું પોતાનું લોકકલા સંશોધન કેન્દ્ર છે. જેમાં લોકસંસ્કૃતિ, લોકકલાઓ

અને લોક કલાકારો અંગે સંશોધન ચાલતું રહે છે. આમ પ્રતિવર્ષ લોકચિત્રકારોના ચિત્રો પસંદ કરી દીપોત્સવી કાર્ડસ પ્રગટ કરે છે જે દેશ-પરદેશમાં ખૂબ જ લોકપ્રિય બન્યાં છે. લોકસંસ્કૃતિ અને કલાવારસાની ધરતી ગણાતા ગુજરાતના લોકજીવનમાંથી આજે પરંપરિત લોકકલાઓ ઝડપથી વિલુપ્ત થવા માંડી છે. જંતરવાદની કલાને જંતર ગયું. સીદીકભાઇ જતની સાથે સુરંદાવાદન ગયું નટ-બજાણિયાનું 'ટિંગર નયરંગ' ગયું. જૂના ૩૬૦ જેટલા વેશમાંથી આજે પરાણે ૨૦ થી ૨૫ વેશો બચ્યા છે. ભવાઇના નૃત્યો ગયાં. સુલેમાન જુમાની સાથે નોબતવાદન ગયું. પ્રોત્સાહનના અભાવે એમની પાછળ કોઇ તૈયાર ન થયું. આજે વડોદરાના ધાર્મિકલાલ પંડ્યા પ્રેમાનંદની આખ્યાન પરંપરાના છેલ્લા પ્રતિનિધિ છે. મોંમાંથી જીવતા સાપ વીંછી કાઢનાર ધ્રાંગધ્રાના સમજુનાથ મદારી મદારીકળાના છેલ્લા પ્રતિનિધિ છે. આ કલા વિલુપ્ત થવા પામી છે.

## 16.6 લુપ્ત થતી કલાઓને બચાવવાના પ્રયત્નો

લોકકલાના રક્ષણ માટે વિવિધ કાર્યક્રમો હાથ ધરી શકાય લુપ્ત થતી જતી લોકકલાઓને જો જાળવી રાખવી હશે તો તેની તાલીમ માટે મહાવિદ્યાલય કે તાલીમ કેન્દ્રો ઊભા કરવા પડશે.

આપણા વાદી, મદારી, નટ-બજાણિયા, ભવાઇ અને રામલીલાના કલાકારો, બહુરૂપીઓ, કઠપૂતળીવાળા, માણભટ્ટ ઢાઢીલીલા કરનારા, ડાક અને નોબતવાદકો જેવા કલાકારો પર દસ્તાવેજીય ફિલ્મો વિડિયો કેસેટ્સ અને સી.ડી.ઓ  તૈયાર કરી શકાય અને કલા વારસાને જાળવી શકાય લોક વાદ્યો માટે સંગ્રહાલય ઊભું કરી શકાય લોકકલાઓ અને લોકકલાકારો પર સચિત્ર સંશોધનાત્મક ગ્રંથો તૈયાર કરાવી શકાય.

ગુજરાત લોકસંસ્કૃતિની ભૂમિ છે. આગવા સંસ્કારો છે. આજે ગુજરાતમાં લોક સંસ્કૃતિની અમુક કલાઓ વિલુપ્ત થવા લાગી છે. તેમને બચાવવા માટે દેશના દરેક નાગરિકે પ્રયત્ન કરવો જોઇએ તો જ આપણે તેનું જતન અને રક્ષણ કરી શકીશું.

## 16.7 સારાંશ

માનવ જીવનની જેમ કળાનો ઉદય રહસ્યમય છે. માનવજીવનના વિકાસના પ્રથમ તબક્કામાં કળાનો જન્મ કાર્ય કરવા અને તેની વાત અન્ય લોકો સુધી પહોંચાડવા માટે કલાનો જન્મ થયો હોવાનું મનાય છે. આદિકાળથી ગુફાઓ અને ખડક ચિત્રો અદિમાનવની કળા રસને છતી કરે છે. આ કળાકૃતિઓને જોઇને આજ સુધીના માનવીની પ્રગતિનો ખ્યાલ આવે છે. આદિકાળથી કલાના અવશેષો મળે છે. મનુષ્યએ પથ્થરોમાંથી શસ્ત્રો બનાવ્યા ઓજારો બનાવ્યા વગેરેની માહિતી પ્રાપ્ત થાય

છે. સમયના વહેણની સાથે કલાના સાધનોમાં ખૂબ જ પરિવર્તનો આવ્યા અને ખૂબ જ પ્રમાણમાં વિવિધ કલાનો વિકાસ થયો લોકો ફુરસદના સમયે અને મનોરંજન માટે પણ કલાકારોની વિવિધ કલાને નિહાળતા હતા અને ધીમે-ધીમે આ કલાઓ વિલુપ્ત થવા લાગી એ ચિંતાનો વિષય છે.

## 16.8. ચાવીરૂપ શબ્દો

- **નાટ્ય :** નાટ્ય એટલે જે જે નર્તનમાં રસની પ્રધાનતા હોય છે તેને નાટ્ય કહેવામાં આવે છે.
- **લોકનૃત્ય :** સામાન્ય જન સમુદાયોનાં લોકનૃત્ય તરીકે પ્રચલિત છે.
- **તંતુ વાદ્યો :** જે વાદ્યો દોરી, તંતુ અથવા તારથી વાગે તેને તંતુ વાદ્યો કહેવાય છે.
- **રાવણહથ્થો :** રાવણહથ્થો આપણા દેશનું અત્યંત પુરાતન વાદ્ય મનાય છે. લંકાપતિ રાવણ જ્યારે સાધુના વેશમાં વનમાં સીતાનું હરણ કરવા ગયો ત્યારે તેના હાથમાં જે વાજિંત્ર હતું તેનો ‘રાવણ હસ્તવીણા’ તરીકે ઉલ્લેખ થયો છે.
- **જંતર :** સૌરાષ્ટ્ર અને કચ્છના ચારણોમાં જંતર દૈવી વાદ્ય તરીકે વાધારે જાણીતું છે. જૂના જમાનામાં લોકવાદ્યોનાં વૃંદગાનમાં જંતરનું સ્થાન મહત્ત્વનું ગણાતું. જંતર એ રુદ્રવીણાનું અતિ પ્રાકૃત સ્વરૂપ છે.
- **સુરંદો :** સુરંદો ભારતનું પરંપરિત લોકવાદ્ય છે. કોઇક એને સોરંદો પણ કહે છે. સારંગીમાંથી આ વાદ્યની ઉત્પત્તિ થઇ હોવાનું ભગવદ્ગોમંડલકારે નોંધ્યું છે.
- **ઢોલ :** અવનદ્ધ વાદ્યોમાં સૌથી જાણીતું ઢોલ છે. ગુજરાત કે ભારતમાં જ નહિ પણ વિશ્વભરમાં આ વાદ્ય જોવા મળે છે. જૂના કાળમાં ઢોલ રણવાદ્ય તરીકે વપરાતો હતો.
- **ભવાઇ :** ભવાઇ એ નૃત્યનાટ્યનો ગુજરાતી પ્રકાર છે. ભવાઈ શબ ‘ભવ’ એટલે વિશ્વ જગત અથવા સર્વકાળ, આઈ એટલે માતા અહી જગતની માતા એટલે કે જગદંબા ગણી છે. ભવાઈમાં અંબાની ભક્તિને કેન્દ્રમાં રાખી નાટક ભજવવામાં આવે છે.
- **રામલીલા :** રામલીલા એ ભવાઈની જેમ લોકનાટ્ય નૃતકલાનો એક વિશિષ્ટ પ્રકાર છે. રામલીલાનું લક્ષ્ય સામાન્યતઃ લોક શિક્ષણ સાથે મનોરંજન દ્વારા રામાયણના પાત્રો પ્રજા સમક્ષ રજૂ કરવાનું અને એમ કરી પ્રજાને ધર્માભિમુખ કરવાનું છે.
- **મદારી :** માંકડા રીંછ વગેરેનો ખેલ કરનાર કલંદર
- **કઠપૂતળી :** કષ્ઠની પૂતળી કે રમકડું (જેને તાર કે દોરી બાંધી ખેલ કરાય છે.) બીજાની દોરવણી કે દોરી સંચારથી વર્તનાર.

- **વાદી :** સાપ, વીંછી નોળીયા વગેરેને પકડી લોકોમાં એના ખેલ કરનાર.
- **નટ-બજાણિયા :** વાંસની ઘોડી પર દોરડું બાંધી તેના પર ચઢીને વિવિધ પ્રકારના મનોરંજન ખેલ કરનાર.
- **જાદુ :** કાર્યકારણનો સંબંધ સ્પષ્ટ રીતે ન સમજાય તેવી વિસ્મયજનક અને પ્રભાવશાળી ઘટનાઓને હાથચાલાકી અને યાંત્રિક સાધનોની મદદથી દર્શાવીને પ્રેક્ષકને મંત્ર મુગ્ધ કરવાની કરામત.

## 16.9. તમારી જાતને ચકાસો

### (જોડકાં જોડો)

| | |
|---|---|
| ૧. ધ્રાંગધ્રાના કલાકાર | ૧. સાપ, વીંછી, નોળીયા પકડનાર |
| ૨. વાદી | ૨. રાવણ હથ્થો |
| ૩. તંતુવાદ્ય | ૩. જે તારથી વાગે |
| ૪. અત્યંત પૌરાણિવાદ્ય | ૪. સમજુનાથ મદારી |
| ૫. જંતર | ૫. દૈવી વાદ્ય |

### બહુવૈકલ્પિક પ્રશ્નો

૧.લાકડા પર કોતરણી કરેલ કામને કઇ કલા કહે છે ?

(A) ધાતુકલા (B) મોતીકલા

(C) માટીકલા (D) કાષ્ઠકલા

૨.ગુજરાતમાં ભવાઇ કલા કેટલા વર્ષ જૂની ગણાય છે ?

(A)૩૦૦ (B)૪૦૦ (C) ૫૦૦ (D) ૬૦૦

૩.જયશંકર સુંદરી કઇ કલા સાથે સંકળાયેલા છે ?

(A) ભવાઇ (B) નાટક

(C) રામલીલા (D) એકપણ નહિ

૪.ધમાલ નૃત્ય માટે કોણ જાણીતું છે ?

(A) સીદી (B) પીઠોરો

(C) ભીલ (D) એકપણ નહિ

૫.ગુજરાત લોકકલા ફાઉન્ડેશન કેટલા રૂપિયાનો ઍવોર્ડ આપે છે.

(A)પચાસ હજાર (B) એક લાખ

(C) બે લાખ (D) ચાર લાખ

૬.મદારી કળાના જાણીતા સમજુનાથ કયા શહેરના છે ?

(A) અમદાવાદ (B) મોરબી

(C) રાજકોટ (D) ધ્રાંગધ્રા

૭. જે વાદ્ય તાર કે દોરીથી વાગે છે તે.

(A) જંતુ (B) તંતુ વાદ્ય

(C) રાવણ હથ્થો (D) વાંસળી

૮.માકડા રીંછ વગેરેનો ખેલ કરાવનાર ?

(A) તંતુવાદક (B) ખેલાડી

(C) જાદુગર (D) મદારી

**સ્વાધ્યાય(સૈદ્ધાંતિક અને પ્રાયોગિક)**

૧.વિલુપ્ત થતી કળા વિશે ટૂંક નોંધ લખો.

___________________________________________

___________________________________________

___________________________________________

___________________________________________

___________________________________________

૨.કોઇ પણ સંગીતના પાંચ વાદ્યો વિશે નોંધ લખો.

___________________________________________

___________________________________________

___________________________________________

___________________________________________

___________________________________________

૩.વિવિધ કલાકારોનો પરિચય લખો.

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

## 16.10. સંદર્ભ અને વિશેષ વાચન


- ઓજા દિગંત, આયંગાર (ડૉ.) સુદર્શન, ગુજરાત એક સરવૈયુ, નવ ભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ઑક્ટોબર, ૨૦૦૨
- ધન્ય ગુર્જરી કેન્દ્ર પ્રકાશન, ૧ ગુજરાત, વિશ્વ કોશ ટ્રસ્ટ પ્રકાશન, અમદાવાદ. ચોથી આવૃત્તિ, ૨૦૧૩
- ગુજરાત લોકનૃત્યો, માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ૨૦૨૦-૨૧
- (સંપાદક) જાદવ જોરાવરસિંહ, ગુજરાતનો લોકકલાવૈભવ, માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ૨૦૧૯-૨૦
- વ્યાસ રજની, ગુજરાતની અસ્મિતા, અક્ષર પ્રકાશન, અમદાવાદ, પાંચમી આવૃત્તિ, ૨૦૧૨
- પરમાર જયમલ, લોક સાહિત્ય તત્વદર્શન અને મૂલ્યાંકન, ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૧
- પટેલ કૌશિક, ભુવા જીજ્ઞેશ, ગુજરાતનો સાંસ્કૃતિક વારસો કલા/ધર્મ/સંસ્કૃતિ, વલ્ડ ઇન બૉક્સ, ભાવનગર, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૯
- સેદાણી હસુતાબેન, ગુજરાતની લોકસંસ્કૃતિ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ ૬, તૃતીય આવૃત્તિ, ૨૦૧૫
- ગઢવી કલાભાઇ પિંગળશીભાઇ, સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ, પ્રથમ આવૃત્તિ, ઓગસ્ટ, ૨૦૦૨

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

978-93-5598-923-9